## કવર પેજ

**ચિત્ર : સવિ સાવરકર**


**“ગૉડ ઑન ક્લાઉડ”**

ચિત્રકાર સવિ સાવરકરે ધર્મવિચાર, ધર્મનું રાજકારણ અને જ્ઞાતિપ્રથાને વિષય બનાવીને અનેક ચિત્રો સરજ્યાં છે. પારંપરિક શૈલીનો ચીલો છોડીને એમણે આપણી સાંસ્કૃતિક ઊણપો વિશે પ્રશ્નો ઊઠાવ્યા છે.

પ્રસ્તુત રેખાંકનમાં આકાશ તરફના આંગળી-ચિંધામણનાં અનેક અર્થઘટન થઈ શકે. ધર્મ સામે કદી ન પૂછાયેલા પ્રશ્નોએ જે મૌનની સંસ્કૃતિનું નિર્માણ કર્યું છે તેનાંથી સામાજિક-સાંસ્કૃતિક શોષણનો પ્રવાહ સતત વહેતો રહ્યો છે. આવી કલાકૃતિઓ અને કલાકારો આ મૌનની દીવાલો ભેદીને કલા દ્વારા ક્રાન્તિની કેડી કંડારી રહ્યા છે.



**આધુનિકતાની ખોજમાં - પુસ્તિકા - 5**




# ધર્મ વિચાર, ભક્તિપ્રવાહ અને આધુનિકતા

•

**: લેખન :**

**સરૂપ ધ્રુવ**

•

**: પ્રકાશન :**

**‘દર્શન’**

**અમદાવાદ**

# ધર્મ વિચાર, ભક્તિપ્રવાહ
# અને
# આધુનિકતા

•

: લેખન :

સરૂપ ધ્રુવ

•

: પ્રકાશન :

'દર્શન'

અમદાવાદ

**DHARMA VICHAR, BHAKTI PRAVAH ANE ADHUNIKATA**

**by Saroop Dharuv**

©'દર્શન'

**આવૃત્તિ- 1**

| | | |
|---|---|---|
| **વર્ષ** | : | 2014 |
| **નકલ** | : | 750 |

| | | |
|---|---|---|
| **સહયોગ રાશિ** | : | Rs. 125.00 |
| **વિદ્યાર્થીઓ અને યુવા કાર્યકર્તાઓ માટે** | : | Rs. 60.00 |
| **આવરણ અને ડીઝાઈન્સ** | : | જ્યોતિ ઝેવિયર |
| **કોમ્પ્યુટર ટાઈપ સેટીંગ** | : | કે. શ્રીનીવાસ |
| **લે-આઉટ** | : | ઈશ્વરભાઈ પ્રજાપતી |
| **મુદ્રક** | : | સત્યમ્ પ્રિન્ટ, (PH) 2658 5012 |

**પ્રકાશક-વિતરક:** **'દર્શન'**, 19-બી, વીશ્વનગર સોસાયટી,
વીશ્વકર્મા સોસાયટીની બાજુમાં, જીવરાજ પાર્ક,
અમદાવાદ-380 051

| | | |
|---|---|---|
| **ફોન નંબર** | : | 079-26620484 |
| **ઈ-મેઈલ** | : | darshan.org@gmail.com |

# અમે આભારી છીએ

- 'દર્શન' દ્વારા આયોજીત 'આધુનિકતાની ખોજમાં' વિચાર-વિમર્શ સભાઓમાં સહભાગી થયેલ સૌ સાથીઓના તથા તેમાં રજૂઆત કરનાર -પ્રો. મધુસૂધન બક્ષી, પ્રો. ગણેશ દેવી, પ્રો. ખાખા, ડો. તૃપ્તિ શાહ, ડો. સુધા વાસન, સુશ્રી. ગેબ્રિયેલ ડિટ્રીચ, બિ. સુભાષ ગાતાડે, બિ. આનંદ તેલતુંબડે, ડો. મિલિંદ બોકીલ, શ્રી. અચ્યુત યાજ્ઞિક, ડો. રવિ સિંહા, ડો. સંજય કુમાર, બિ. ભાર્ગવ, બિ. અલ્તાફ, બિ. શ્રીનિવાસ રાવ, ડો. ઉમાશંકર તિવારી, બિ. ઈશ્વર પ્રજાપતિ, બિ. અંજલી સિન્હા, પ્રો. માધવી, સુશ્રી. પર્સીસ જીનવાલા પ્રો. દિનેશ શુક્લ, શ્રી. પ્રકાશ ન. શાહ, ફા. પી.ડી. મેથ્યૂ, ફા. સબાસ્ટીયન વાઝાપલ્લી, શ્રી. ઈરફાન એન્જીનીયર, શ્રી મિહિર દેસાઈ, શ્રી. આનંદ યાજ્ઞિક, પ્રો. યોગેન્દ્ર માંકડ.
- ન્યૂ સોશિયાલિસ્ટ ઈનિશિયેટીવ અને ઈન્સાફ
- નિયતિ ગાંધી, કે.શ્રીનિવાસ અને પૂરવ પરમાર.

**આ પુસ્તક માટે આર્થિક સહયોગ આપનાર :**

- Mensen met een Missie (હેગ - નૅધરલેન્ડ)
- Tejender Singh Memorial Trust

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ભૂમિકા | ધર્મવિચાર, ભક્તિપ્રવાહ અને આધુનિકતા | 1 |
| પ્રકરણ-1 | માનવસભ્યતાનો વિકાસ, ઈશ્વરવિચાર અને ધર્મવિચાર | 4 |
| પ્રકરણ-2 | ધર્મનું સંસ્થાકરણઃ પરિબળો અને પ્રક્રિયા | 13 |
| પ્રકરણ-3 | વિદ્રોહનાં વમળો | 42 |
| પ્રકરણ-4 | ભક્તિપ્રવાહ | 63 |
| પ્રકરણ-5 | ''ભૂતળ ભક્તિ પદારથ મોટું!'' | 76 |
| પ્રકરણ-6 | એક નવો અધ્યાય | 87 |
| પ્રકરણ-7 | જ્ઞાનપ્રકાશ યુગનું અનુસંધાન - હિંદુસ્તાનમાં | 102 |
| પ્રકરણ-8 | હિંદનું સ્વાધીનતા આંદોલન, ધર્મવિચાર અને ભક્તિપ્રવાહની અસરો | 121 |
| પ્રકરણ-9. | વર્તમાન સાંસ્કૃતિક કટોકટી અને આધુનિકતા | 130 |
| પ્રકરણ-10. | ત્યારે કરીશું શું ? | 143 |
| પરિશિષ્ટ -1 | કેટલાક શબ્દો, તેના અર્થો અને અર્થઘટન | 148 |
| પરિશિષ્ટ -2 | યુરોપના અને ભારતના જ્ઞાનપ્રકાશ, ધર્મસુધારણા અને નવજાગરણ સમયના કેટલાક ધર્મ ચિંતકો | 152 |
| પરિશિષ્ટ -3 | સંદર્ભ-સૂચિ | 177 |


ધર્મ વિચાર, ભક્તિપ્રવાહ અને આધુનિકતા

**"આધુનિકતાની ખોજમાં"**

# પ્રસ્તાવના

આપણી આસપાસના આજના સામાજિક-સાંસ્કૃતિક પરિવેશ ઉપર નજર નાંખીએ તો શું દેખાય છે? એ જ સદીઓ પુરાણી પરંપરાઓ અને વિધિવિધાનો, કહેવાતી આધુનિકતાનો વેશ ધારણ કરીને ઘોંઘાટતાં રહે છે. જ્ઞાતિગત ભેદભાવો, સ્ત્રી-પુરૂષ અસમાનતાઓ અને કટ્ટર બનતી જતી સાંપ્રદાયિકતા પણ જાણે સમાજને કોઠે પડવા માંડી છે. આધુનિકતાએ આપણને આપેલો રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતાનો ખ્યાલ પણ હવે તો હિંસક બની રહ્યો છે. તો વળી બીજી તરફ આર્થિક વિકાસનો વર્તમાન ખ્યાલ ગરીબ અને મધ્યમવર્ગના ગળે ગાળિયો બનીને ભીંસાઈ રહ્યો છે. ગામડાં ગૂંગળાઈ રહ્યાં છે, ગળચાઈ રહ્યાં છે. નગરો શહેરો બની રહ્યાં છે અને શહેરો મેગાસીટી, મેટ્રોઝ બની રહ્યાં છે. રોજ-બ-રોજ બજારમાં ઠલવાઈ રહ્યાં છે — અદ્યતન ટેક્નોલોજી ધરાવતાં રિમોટ્સ, સેલફોન્સ, આઈ પેડ્સ અને કૈં કેટલાંયે સાધન-સરંજામો. આપણે આજની આ વિરોધાભાસી જિંદગીને અને આપણા આ યુગને 'આધુનિક' કહીએ છીએ.

શું આજનો આ વાસ્તવ ખરેખર આધુનિક છે ? આધુનિકતા એટલે શું ? છેલ્લાં છસ્સો વર્ષથી માનવી આધુનિકતા માટે મથામણો, સંઘર્ષો કરતો આવ્યો છે. એ સંઘર્ષોમાંથી એણે ઘણું હાંસલ પણ કર્યું છે. સામંતી અર્થવ્યવસ્થાને બદલે મૂડીવાદી અર્થવ્યવસ્થા, રાજાશાહીને બદલે પ્રજાતાંત્રિક રાજ્ય વ્યવસ્થા, રજવાડાંને બદલે રાષ્ટ્ર વિશેનો ખ્યાલ, ધર્મ આધારિત જીવનને અને સમાજને બદલે ક્રમશઃ વિજ્ઞાન આધારિત જીવન અને સમાજ ભણી

આગળ વધતો માનવી. પરંપરાગત જ્ઞાતિ આધારિત, ધર્મ - સંપ્રદાય આધારિત મંડળો - સમુદાયોને બદલે વિચારો, પ્રવૃત્તિઓ અને વ્યવસાયો આધારિત મંડળો, એસોસિએશનો, ટ્રેડ યૂનિયનો, ક્લબો જેવાં અદ્યતન સમુદાયો રચતો થયેલો માનવી. સાર્વજનિક અને વિજ્ઞાન આધારિત શિક્ષણ મેળવતો થયેલો માનવી. આ અને આવું ઘણુબધું આધુનિકતા માટેની સફર દરમ્યાન માનવીએ, એટલે કે આપણે અને માનવસમાજે હાંસલ તો કર્યું છે. અને આમ છતાંયે શરૂઆતમાં જેની વાત કરી એવો વિરોધાભાસી વાસ્તવ - સામાજિક - સાંસ્કૃતિક પરિવેશ કેમ? અને એથીયે મોટો અને ગંભીર સવાલ તો એ કે એ પરિવેશ સામેનો આપણો અવાજ, આપણા સવાલો ક્યાં?

આધુનિકતા માટેની સફરમાં ક્યાં ચૂક કરી છે આપણે? શું ચૂક કરી છે આપણે? આજે એ તપાસ આપણે માટે અનિવાર્ય બની ગઈ હોય એવું નથી લાગતું? એ તપાસ માટે આપણે ફરીથી યાદ કરવું પડશે, સમજવું પડશે —આધુનિકતા એટલે શું? આધુનિકતાનાં પાયાગત મૂલ્યો અને માપદંડો ક્યાં? આધુનિક માનવ સંબંધો એટલે કેવા સંબંધો? આધુનિક સામુદાયિક-સામાજિક સંબંધો એટલે કેવા સંબંધો? આધુનિક જીવનશૈલી કોને કહેવાય? વિજ્ઞાન અને પ્રકૃતિ વચ્ચેનો આધુનિક સંબંધ કેવો હોઇ શકે? આધુનિક પ્રજાતંત્ર એટલે કેવું પ્રજાતંત્ર? આધુનિકતામાં બજારની ભૂમિકા શું અને કેટલી? અને સૌથી મહત્ત્વનો સવાલ તો એ તપાસવો પડશે કે, માનવસમાજને અમીર-ગરીબમાં વહેંચતી મૂડીવાદી અર્થવ્યવસ્થાઓ અને પ્રતીકાત્મક પૂરવાર થઇ રહેલી વર્તમાન પ્રજાતાંત્રિક રાજ્યવ્યવસ્થાઓ આપણને સાર્થક આધુનિકતા સુધી પહોંચવા દેશે?

આ પુસ્તિકા શ્રેણી પાછળનો અમારો ઉદ્દેશ આવા સવાલોને સમજવાનો -તપાસવાનો છે. 'દર્શન' સાંસ્કૃતિક પરિવર્તન માટે પ્રતિબદ્ધ સંગઠન છે; એથી અમારી આવી તપાસ અમારી ફરજ પણ છે. અમે શરૂઆત કરી રહ્યાં છીએ. આશા છે, આપ પણ અમારી સાથે જોડાશો.

**હિરેન ગાંધી - ડૉ. સરૂપ ધ્રુવ**



# ધર્મ વિચાર, ભક્તિપ્રવાહ અને આધુનિકતા

## ભૂમિકા

- અમે 'આધુનિકતાની ખોજ' શરૂ કરી ત્યારે, યુરોપનાં જ્ઞાનપ્રકાશ યુગ, પ્રબુદ્ધતા, ધર્મસુધારણા, ધર્મનિરપેક્ષતા, માનવકેન્દ્રિતા, પ્રગતિશીલતા, વૈજ્ઞાનિક અભિગમ... વગેરે વિશે ચર્ચા છેડી હતી. કેટલાક વિદ્વાનોએ સવાલ ઉઠાવ્યો હતો કે, ''આપણે ત્યાં પણ સંસ્થાગત ધર્મો, કર્મકાંડ, અંધશ્રદ્ધા અને સંકુચિત સામાજિક માળખાં સામે વિરોધ થયો જ હતો; અને તે પણ યુરોપના જ્ઞાનપ્રકાશ યુગથીએ પહેલાં. ભક્તિ આંદોલનને કારણે આપણે ત્યાં પણ આધુનિકતાનાં કેટલાંક મૂલ્યો આવ્યાં જ હતાં. એનું મૂલ્યાંકન પણ થવું જોઇએ.''
- અલબત્ત, આ ટકોરમાં વજૂદ હતું. મતલબ કે આ દેશમાં ઉઠેલા વિદ્રોહના સૂર સંભળાવા જોઇએ. 'પોતપોતાની આધુનિકતાઓ'ની વાત કરતાં હોઇએ ત્યારે એનું યથોચિત મૂલ્યાંકન થવું જોઇએ. આમ તો સાહિત્યિક અધ્યયનોમાં ભક્તિઆંદોલન વિશે ઘણું અને ઘણી વાર કહેવાતું રહ્યું છે પણ અમે માનીએ છીએ કે કોઇ પણ સાંસ્કૃતિક માધ્યમ કે 'આંદોલન' તરીકે ઓળખાતા પ્રવાહો પોતાનાં આર્થિક-રાજનૈતિક પરિબળોને કારણે સર્જાતાં હોય છે. એને એ ભૂમિકા સાથે જ નાણવાં-પ્રમાણવા પડે એ સંદર્ભે અહીં આવા પ્રયાસની શરૂઆત કરી છે.

- આ દેશના ધર્મવિચાર અને ધર્માચરણ સામે ભક્તિપ્રવાહે ઉગામેલી મુઠ્ઠીની વાત કરીને, એની તાસીર સમજવાની કોશીશ કરી છે. યુરોપના જ્ઞાનપ્રકાશની સાથે એનું તુલનાત્મક મૂલ્યાંકન કરવાના અમારા પ્રયાસને કારણે જે તથ્યો હાથ લાગ્યાં છે તે બહુ સ્પષ્ટ રીતે ઉજાગર કરે છે કે, માત્ર સામાજિક-સાંસ્કૃતિક સાહસોને 'આંદોલન' શી રીતે કહેવાય? એવાં સાહસોમાં આંદોલનનો અંશ હોય છે પણ સામૂહિક, ઝૂઝારુ યત્નો કરતાં વ્યક્તિગત ચેતનાનો પ્રભાવ વધારે જોવા મળે છે. વળી સામાજિક પરિવર્તન માટે જે તે સ્થળ-કાળની વાસ્તવિક સ્થિતિ-આર્થિક અને રાજકીય જમીન પરિપક્વ હોવી ઘટે, ત્યારની ઉત્પાદન પ્રણાલિ, ઉત્પાદન અને વિતરણની સ્થિતિ, ઉત્પાદન સંબંધો મતલબ કે શ્રમિકો અને માલિકો, શોષિતો અને શોષકો વચ્ચેના સંઘર્ષો અને એનાંથી જાગેલી વર્ગીય ચેતના, એને પરિણામે જાગેલા સંઘર્ષો મૌજુદ હોવાં જોઇએ – તો જ પરિવર્તન આવ્યું કહેવાય… આંદોલનો દરમ્યાન વ્યૂહરચનાત્મક સંઘર્ષોથી ક્રાંતિ પણ આવી શકે. સાંસ્કૃતિક-સામાજિક આંદોલનોનાં કૂળ અને મૂળ કંઇક આવાં હોય.

- નોંધપાત્ર હકીકત એ છે કે, યુરોપમાં 15-16મી સદીમાં માત્ર ધર્મસુધારણાના પ્રયાસોથી જ નહિ, પણ તે સમયે થયેલી વૈજ્ઞાનિક પ્રગતિ, ઔદ્યોગિકીકરણ, યંત્રીકરણ, મૂડીવાદ, સ્વતંત્રતા-સમાનતા-બંધુતા-ધર્મનિરપેક્ષતા જેવાં લોકશાહી મૂલ્યો… વગેરે વિચાર સંપૂટ અને આચરણની હિંમત એકઠાં થયાં ત્યારે આધુનિકતા આવી હતી એમ કહેવાય.

- એ જ 15 / 16 મી સદીમાં આપણું ભક્તિ આંદોલન કઇ આર્થિક-રાજકીય-સામાજિક વાસ્તવિકતાઓ વચ્ચે પાંગર્યું હતું એ તપાસીએ તો આપમેળે સમજાઇ જાય કે એક કાળે બ્રાહ્મણધર્મ અને બ્રાહ્મણવાદ સામે પડકાર ફેંકનારા ભક્તિપ્રવાહની ગતિ પછીના કાળમાં કેવી રહી? 19મી સદીના સુધારાયુગમાં ક્યા મુદ્દે સુધારા થયા અને ક્યાં જઇને અટકી ગયા?





સંસ્થાનવાદી શાસકોએ કેટલી પ્રગતિશીલતા અને કેટલો જ્ઞાનપ્રકાશ અહીં ફેલાવા દીધો અને ક્યાં એની મહેરબાની સમેટી લીધી? પુનરૂત્થાનવાદી સુધારકોએ રાષ્ટ્રવાદને કેવી રીતે નિપજાવ્યો ને ફેલાવ્યો; જેનાં પરિણામે '47માં મળેલી રાજકીય આઝાદી અને આપણી લોકશાહીએ મૂળ લોકશાહીનાં કેટલાં વચનો નિભાવ્યાં અને કેટલાં તોડયાં… આ સઘળી તરતપાસ કરીએ તો જાણે એ જ હાથ લાગે છે કે આધુનિકતાનો એજન્ડા આપણે ખરેખર અધૂરો છોડ્યો છે. આ કવાયત પછી એ પણ મનમાં જાગ્યું છે કે આપણું ભક્તિઆંદોલન પૂર્વઆધુનિકતા સાથે સળવળ્યું હતું તે અનુઆધુનિકતામાં ઠરીઠામ થયું છે… આ એક સવાલ જ નહિ, મોટો પડકાર પણ છે.

- આમ, સદંતર વિશ્લેષણાત્મક અભિગમ સાથે આધુનિકતાની ખોજમાં એક વણખેડાયેલી કેડી ઉપર પગલાં માંડ્યાં છે –અનેક સવાલોનું ભાથું લઇનેસ્તો!

**પ્રકરણ-1**

# માનવસભ્યતાનો વિકાસ, ઇશ્વરવિચાર અને ધર્મવિચાર

ઉત્ક્રાન્તિની પ્રક્રિયામાં એક ચોક્કસ તબક્કે માનવીનો ઉદ્‌ભવ થયો. પોતાની સદંતર આદિમ અવસ્થામાંથી બહાર આવીને, બે પગ અને ટટ્ટાર કરોડરજ્જુ ઉપર ઊભા થયેલા માનવસમાજની વય, આજે લગભગ પંદરેક હજાર વર્ષની થવા જાય છે. પરંતુ આપણે જેને ‘માનવ સભ્યતા’ કહીએ છીએ તે દસબાર હજાર વર્ષથી જૂની નથી.

લાખેક વર્ષ જૂનાં માણસોએ ‘સભ્ય’ બનતાં પહેલાં પ્રકૃતિ સાથે ખાસ્સો સંઘર્ષ કરવો પડ્યો હતો. ખુલ્લા આકાશ નીચે, ગુફાઓમાં કે ગાઢ જંગલોમાં વસતાં માણસોએ જે રીતે કુદરતી બનાવોને બનતાં ઝીલ્યાં, ત્યારથી જ એની પ્રકૃતિ સાથેની મૂઠભેડ શરૂ થઇ ગઇ. ઉદાહરણ તરીકે, રાત્રિનો અંધકાર, દિવસનો પ્રકાશ, તડકો, ઠંડી, હિમવર્ષા, દાવાનળ, ભૂકંપ વાવાઝોડાં, વાદળોની ગર્જના, વરસાદ, વિવિધ ઋતુઓના પલટા, વિવિધ કદમાં ફેલાયેલું પાણી, જીવડાંથી માંડીને હાથી જેવડાં પ્રાણીઓ અને બુલબુલથી માંડીને બાજ જેવડાં પક્ષીઓ... વગેરેથી એને ભયમિશ્રિત વિસ્મય થયો. વળી જ્યારે એના દેહ સાથે અવનવી પ્રક્રિયા થઇ ત્યારે આ ભય અને વિસ્મય સાથે અપાર જિજ્ઞાસા પણ જોડાઇ; જેમ કે પોતાના દેહમાંથી પોતાના જેવા જ બાળકનો જન્મ,





વૃદ્ધાવસ્થા, કુદરતી મૃત્યુ, આકસ્મિક મૃત્યુ, રોગ, પીડા... વગેરે. આ તમામ પ્રાકૃતિક આક્રમણો સામે ટકી રહેવા એણે ખાસ્સી લડત આપી: એને વિશેની સાચી સમજણ ખિલે તે પહેલાં! આ આક્રમણોથી બચવા એણે ગુફાવાસ કે તદ્દન પ્રાથમિક પ્રકારના પથ્થર કે લાકડાનાં કે વૃક્ષની બખોલના છાયાવાસ બનાવ્યાં. ઝાડની છાલ કે ચામડાંમાંથી વસ્ત્ર(વલ્કલ) બનાવ્યાં. કાચા માંસને બદલે શેકેલું માંસ ખાતાં થયાં. ધારદાર પથ્થરથી, આક્રમણ કરનારાં હિંસક જાનવરોનો સામનો કરતાં થયાં. આમ તદ્દન પ્રાથમિક કક્ષાની જીવન જરૂરિયાતથી પ્રેરાઇને આવી પ્રાથમિક કક્ષાની સભ્યતા શરૂ થઇ. મહત્વનો મુદ્દો એ છે કે માનવ સભ્યતાનો વિકાસ પણ માનવસમુદાયે પોતાની વધતી જતી અને બદલાતી જતી જરૂરિયાતો સંતોષવા માટે કર્યો.

ધીમેધીમે સાદાં સાધનો-ઓજારો-હથિયારોના વપરાશે એનો વિકાસ થવા માંડ્યો. પ્રકૃતિ એની દુશ્મન તો હતી પણ ધીમેધીમે વિકાસના બદલાતા તબક્કે પ્રકૃતિ એની સાથી, એની શિક્ષક પણ બનતી ગઇ. પ્રકૃતિના નિયમોને અનુસરવાની સૂઝ આવી, અનુકરણ કરીને નવાં સાધનો રચવાની શરૂઆત થઇ. જેને કારણે પ્રાથમિક અવસ્થાના જડ-એકધાર્યા-ભારે પરિશ્રમ કરતાં ઓછા શ્રમથી માણસે વધુ સગવડ મેળવવા માંડી. શ્રમ અને સાધનોનો ઉપયોગ —એ માનવસભ્યતાના વિકાસની મુખ્ય ચાવીઓ બન્યાં... જે આજે પણ છે જ. પ્રકૃતિ સામેનું સુરક્ષાતંત્ર રચાતું ગયું તેમ માણસ વિકાસ તરફ આગળ વધતો ગયો. અલબત્ત, આ પ્રક્રિયા પણ સેંકડો, હજારો વર્ષ ચાલી અને એનું પરિણામ કંઇ એક વત્તા એક બરાબર બે જેવું ચોક્કસ નહીં હોય. અજમાયેશ, અખતરા, નિષ્ફળતા, સફળતાની મથામણો કરતાં કરતાં માણસો ‘સભ્ય’ બનતાં ગયાં. મતલબ કે, કુદરત ઉપર યથાશક્તિ-મતિ કાબૂ મેળવતાં ગયા અને પોતાની જિંદગી સહજ-સરળ બનાવતાં ગયાં. સાથે સાથે પોતાની શક્તિ અને ક્ષમતાનો, પોતાની નિર્બળતા અને મર્યાદાનો અંદાજ પણ મેળવતાં થયાં.

## ઇશ્વર વિચાર (ઇશ્વર વિશેનો વિચાર)

... આમ છતાં, પેલી પ્રાથમિક અવસ્થાવાળી મૂંઝવણ-ભય-વિસ્મય લગભગ બરકરાર રહ્યાં. વળી સવાલો પણ ઊઠ્યા, કે આ બધું કોણ કરે છે?... અને કેમ? આ સવાલોના જવાબ શોધતાં શોધતાં એમણે સાદી ધારણાઓ કરવા માંડી કે નક્કી કોઇ ‘ગેબી શક્તિ’ છે જે આ બધું કરી રહી છે! એ ગેબી શક્તિ રહસ્યમય જગ્યાએ રહે છે અને બધું સર્જન-વિસર્જન કરતી રહે છે. આ પૃથ્વીનાં વિવિધ સ્થળોએ વિખરાયેલી-વહેંચાયેલી ને વસતી થયેલી માણસજાતે પોતાના લગભગ એક સરખા અનુભવોને વિશે ધારણાઓ ઉપરાંત ફળદ્રુપ કલ્પનાઓ પણ કરવા માંડી;જે ભૌગોલિક અંતરને કારણે વૈવિધ્યપૂર્ણ હોવા છતાં આશ્ચર્યકારક રીતે સમાન પણ હતી. માણસે પેલી ગેબી શક્તિને નામ આપ્યાં —ઇશ્વર, પરમેશ્વર, સર્જનહાર, પિતા... વગેરે... જે હજી તો અમૂર્ત હતી- રહસ્યના પડદા પાછળ હતી- અગમ્ય હતી.

શરૂશરૂમાં તો — આજથી 5/6 હજાર વર્ષ પૂર્વે, પેલાં પ્રાકૃતિક તત્વોને જ માણસે ઇશ્વર, દેવ, ભગવાન, સર્જનહાર બનાવ્યાં હતાં. જગતની પ્રાચીનતમ સભ્યતાઓ - ભારત, ગ્રીસ, સુમેર, માયા, મિસર વગેરેમાં ધર્મવિચાર તપાસો તો જેવા મળે છે કે તેમણે અગ્નિ, પાણી, સૂર્ય, ચંદ્ર, વૃક્ષો વગેરેની પ્રાર્થનાઓ કરી છે, અનુભવજન્ય અને કલ્પનાપ્રચૂર વર્ણનો પણ કર્યાં છે. એક જ ઉદાહરણ જોઇશું તો આ સામ્યનો ખ્યાલ આવી જશે -ભારતની ભાષાઓમાં સૂર્ય નામે ઓળખાતો દેવ જેમ પ્રકાશ, ઊર્જા, ચેતના, જાગૃતિ, ઉષ્મા આપે છે માટે પૂજાય છે તે જ રીતે મિસરમાં સૂર્યને રા’ કહેતા, ગ્રીસમાં જુપિટર, રોમમાં એપોલો... વગેરે નામે પૂજાતો.

સ્તુતિઓની સાથોસાથ દેવાર્પણ / ઇશ્વરને નૈવેદ્ય ધરાવવાનો વિધિ શરૂ થયો અને પરંપરા બન્યો જે આજ સુધી અકબંધ છે. આ દેવાર્પણ માનવસમાજની વિકસતી જતી સભ્યતા સાથે સંકળાયું છે તે નોંધપાત્ર છે. ઉત્પાદન પ્રણાલિ, ઉત્પાદનનાં સાધનોથી મળતું ઉત્પાદન —તેના સંચય-તેના ઉપયોગ સાથે સંકળાયેલું આ દેવાર્પણ માનવજીવન સાથે વણાઇ ગયેલું છે.





- સાદાં સાધનોથી માણસોએ ખેતી શરૂ કરી હતી. જમીનમાંથી ઊગી નીકળેલાં અનાજનાં ડૂંડાં, સભાનતાપૂર્વક વાવેલા અનાજનાં કણસલાં, જળાશયોમાંથી પકડેલાં માછલાં, શિકાર કરીને મેળવેલું પશુમાંસ... વગેરે ખાદ્યનો ઉપભોગ કે ઉપયોગ કરતાં પહેલાં, એ જેણે મોકલી આપ્યું છે તેવી પેલી પરમશક્તિને ધન્યતા અને આભારવશ અર્પણ કરવું એ દેવો પ્રત્યેનું ઋણ વાળવાની રીત હતી. સાવ આરંભકાળે ઉત્પાદનને ચમત્કારની જેમ ઝીલીને, અહોભાવની આ સાદી અભિવ્યક્તિ બની હતી.

- ધીમેધીમે ઉત્પાદનના એ ચમત્કારની પાછળ પોતાનો શ્રમ, પોતાની આવડત અને પોતાની જરૂરિયાત જોડાયેલી છે, એ માણસોની જાણ બહાર ન રહ્યું, છતાં આભારવશ પેલો અર્પણવિધિ ચાલુ રહ્યો.

- માણસો શરૂઆતમાં તો પોતાના કબીલામાં જ આ વિધિ કરતા હતા. ખુલ્લા આકાશ નીચે, ડુંગરની ટોચે કે વહેતાં-છલકતાં જળાશયોને કાંઠે. જગતભરની પ્રાચીન સભ્યતાઓમાં, આશ્ચર્યજનક રીતે આ વિધિનું સામ્ય ખાસ નોંધાયું છે.

- સમય વીતતો ગયો તેમ તેમ, ઠરીઠામ થતી જતી માણસજાતે પેલા ‘ચમત્કાર’નું સાતત્ય નોંધ્યું. કૃપાળુ કુદરતના નિયમો સમજાયા. બદલાતી ઋતુઓની સ્થળકાળ ઉપર પડતી અસરો નોંધી અને ઉત્પાદનની વધઘટ પણ નોંધી. સાથોસાથ વાવાઝોડાં-ભૂકંપ-દરિયાઇ તોફાનો જેવી કુદરતી આપત્તિની જીવન અને ઉત્પાદન ઉપર પડતી માઠી અસરો પણ નોંધી.

- બુદ્ધિપૂર્વક વિચારી શકતા માણસોએ ઇશ્વરનો આભાર માનવાની સાથે સાથે એ જ પરમશક્તિ પાસે જીવનજરૂરિયાતની માંગણી કરવા અને આફતોથી રક્ષણ મેળવવા પણ એ જ દેવાર્પણ-વિધિ શરૂ કર્યો. કૃતજ્ઞતા અને યાચના- બંને ભાવનાઓ સાથે માણસે ઇશ્વરવિચારને સાંકળ્યો. માણસજાતે જાણે ઇશ્વર સાથેનો પોતાનો સંબંધ નક્કી કરી દીધો. અલબત્ત, સંબંધનો આ એક પ્રકાર હતો.

આમ, અર્પણવિધિનું એક ચક્ર / સાયકલ બન્યું - ભારતની ભાષાઓમાં એને ‘યજ્ઞચક્ર’ કહે છે. જે આગળ જતાં બ્રાહ્મણધર્મનું મુખ્ય તત્વ, ઓળખચિહ્ન બન્યું. દુનિયાભરના ધર્મોમાં કોઇ ને કોઇ નામ-રૂપ સાથે આ યજ્ઞચક્ર જીવંત છે.

- અહીં સવાલ થવો જોઇએ કે જીવનજરૂરિયાતોને સંતોષવા માટે આજના યુગમાં તો વિજ્ઞાન અને વૈજ્ઞાનિક તકનીકનાં પરિણામે શોધાયેલાં હજારો યંત્રો-સાધનોનો ઉપયોગ કરીને, મબલખ સંસાધનો સાથે, માણસજાત પોતાની નજર સામે, આધુનિક જીવનનો આનંદ માણી રહી છે, છતાં પેલા ‘પ્રાથમિક ચમત્કાર’ને માન્ય રાખીને પરંપરા ચાલુ રાખવાનું શું કારણ છે? વળી, બીજો મુદ્દો એ પણ છે કે હજારો વર્ષ પહેલાં તો લોકો ભોળી શ્રદ્ધાથી પ્રેરાઇને સાદગીપૂર્વક આ વિધિ કરતા હતા, પણ આજે 21 મી સદીમાં જે રીતે, જે પ્રકારના અર્પણવિધિ ચાલે છે એમાં કદાચ ભોળી શ્રદ્ધા નથી એમ ન કહીએ પણ દંભ, દેખાદેખી અને પૈસાનો દુરુપયોગ થાય છે તેને વાજબી ગણી શકાય?

- શરૂશરૂમાં ખુલ્લી જગ્યા કે ઘરઆંગણે થતા અર્પણવિધિ જ્યારે ‘યજ્ઞ’ બન્યા ત્યારે લોકો પોતે જ આ વિધિ કરી લેતા પણ પછી જેમ જેમ ઉત્પાદન વધતું ગયું, ધાન્ય વગેરેનો સંચય વધતો ગયો એટલે અર્પણવિધિના જથ્થા અને ઉત્સવોમાં વધારો થતો ગયો. અર્પણવિધિ ધીમેધીમે અંગત મટીને સાર્વજનિક બનતો ગયો. એને માટે આખા સમુદાયો કે જનપદો / ગ્રામ એક સાથે હાજર રહી શકે, વિધિ અને ઉત્સવમાં ભાગ લઇ શકે એવી વિશાળ જાહેર જગ્યાઓ નક્કી થવા લાગી અને એવા ઉત્સવો લોકો માટે જીવનરસ મેળવવાના મોકા બનતા ગયા. પેલી ગેબી શક્તિ હવે આદર, યાચના, કૃતજ્ઞતાની સાથોસાથ સામુદાયિક જીવનના આનંદનું કેન્દ્ર પણ બનતી ગઇ.

- આ તો સમુદાયોના ઇશ્વર સાથેના સંબંધ / વહેવારની વાત થઇ. ઇશ્વર સાથે લોકો અભિપ્સાથી પ્રેરાઇને પણ જોડાવા લાગ્યા હતા. મોટે ભાગે





સમુદાયો નહીં પણ વ્યક્તિઓની આ જિજ્ઞાસાપ્રેરિત અભિપ્સા હતી. સૃષ્ટિનું રહસ્ય, સર્જનહારનું રહસ્ય, માનવજીવન અને મૃત્યુનો ભેદ પામવા આવી વ્યક્તિઓએ ચિંતન, મનન, ધ્યાન જેવા રસ્તા લીધા, દુનિયાની ભીડભાડથી દૂર જંગલ ને પહાડોના એકાંતમાં ગયા, કેટલાક સરખા પ્રશ્નો ને જિજ્ઞાસા ધરાવતા લોકોએ મંડળો રચીને ચર્ચાઓ કરી... એમની ખોજ ઊંડી ઉતરતી ગઇ, વિસ્તરતી ગઇ. જો કે જરૂરી નહોતું કે એ લોકો વિધિઓથી અળગા રહેતા હોય. આવા જ્ઞાનીઓ સમુદાયના વડીલો, માર્ગદર્શકો તરીકે પણ જાણીતા થયા.

- જનસાધારણની ઇશ્વર વિશેની જિજ્ઞાસા સંતોષવા આ શાણા પુરૂષો આગળ આવ્યા. આગળ જતાં યજ્ઞચક્રની વ્યવસ્થા સંભાળતા થયા, વિધિવિધાન કરતા થયા. જનસાધારણના ઇશ્વર સાથેના સંબંધના મધ્યસ્થી થયેલા આ શાણા પુરૂષો વિવિધ સમુદાયોમાં ઋષિઓ, ઉદ્‌ગાતાઓ, પૈગમ્બરો, ગુરૂઓ અને પુરોહિતો તરીકે સ્થાપિત થયા. વિધિઓ કરાવવા એ લગભગ એમની આજીવિકા બનતી ગઇ કેમ કે અર્પણના આંશિક કે પૂરા હિસ્સા ઉપર એમણે અધિકાર મેળવી લીધો.

- બીજી તરફ માનવસમુદાયોએ જરૂરિયાતો પૂરી પાડતા શ્રમ ઉપરાંત, વધારે મેળવવા પણ શ્રમ કરવા માંડ્યો. ઓજારો (સાધનો) પણ વધતાં ગયાં હતાં અને ઉત્પાદન પણ વધી રહ્યું હતું. માણસે પશુપાલન અને ખેતી ઉપરાંત જીવનજરૂરિયાત માટે અને સુખસગવડ માટેનાં સાધનો ઘડવા માંડ્યાં. કાપડ, મકાન, વાસણો, રમકડાં, ઘરેણાંનું ઉત્પાદન, વિક્રય(વેચાણ), વિનિમયની પદ્ધતિઓ દ્વારા ફેલાતું ગયું અને સંપત્તિનો ખ્યાલ વિકસતો ગયો. જમીન, ખેતર, પશુધન અને ઉત્પાદનનું સાધન મનાતી સ્ત્રી સુદ્ધાં –સંપત્તિ ગણાવા લાગ્યાં. જેમ જેમ આવડત વિકસતી ગઇ, ઉત્પાદન વધતું ગયું, માલિકી અને સંપત્તિથી સમાજરચનામાં પણ પરિવર્તન આવ્યું. સમુદાયો અલગ થવા લાગ્યા. કબીલામાંથી કુટુંબો બન્યાં. અંગત સંપત્તિને કારણે હવે અસલામતી અને ભય જાગ્યાં હતાં જે પેલા

કુદરતી રહસ્યોના અકળપણાથી જાગેલી લાગણીઓથી જુદાં હતાં. સંપત્તિ લૂંટાવાનો ડર, જાન ગુમાવવાનો ભય... માણસને માણસનો ભય લાગવો શરૂ થયો. પરસ્પર દુશ્મનાવટ અને હિંસકતાનો દૌર શરૂ થયો. આવી અરાજકતાનું વાતાવરણ પૃથ્વીના અલગ અલગ વિસ્તારોમાં ફેલાયું જેનું નિયંત્રણ કરવું જરૂરી હતું, જેથી માનવસમાજનો વધુ વિકાસ થાય. નિયંત્રણ માટે નિયમો જોઈએ. આવા નિયમો કોણ ઘડે, જે નિયંત્રિત પણ કરતા હોય છતાં સભ્યતાને વિકસવાની મોકળાશ રહે? —પેલા શાણા પુરૂષોસ્તો!

પરિણામે પેલા પુરોહિતો ધીમેધીમે નિયમકર્તા, કાયદા ઘડનારા અને કાયદાનો અમલ કરાવનારા બનતા ગયા. તેમણે ઘડેલા કાયદાઓને આચાર-સંહિતા કે દંડનીતિ કહેવા વધુ ઉચિત છે. જગતભરની સભ્યતાઓ આ તબક્કામાંથી પસાર થઈ હતી.

## ધર્મવિચાર

ક્રમશઃ સમાજને સુચારુરૂપે ચલાવવાની આ નીતિ એક વ્યવસ્થામાં પરિણમી અને નિયમો તે 'ધર્મ' કહેવાયા. પેલા પુરોહિતો પેલા યજ્ઞચક્ર, અર્પણવિધિ, સામાજિક કાનૂનો, સદાચાર વગેરેને એકમેક સાથે સાંકળતા ગયા અને છેવટે 'ધર્મ' નામનું એક તત્ત્વ-(જે જગતની દરેક ભાષાઓમાં વિવિધ નામથી ઓળખાયું) કહો કે વિચારો અને આચારોનો એક સંપૂટ આકાર લેતો ગયો અને ફેલાતો ગયો.

ઉદાહરણ તરીકે, આજે યહૂદી, ખ્રિસ્તી અને ઇસ્લામ- એ ત્રણે અલગ અલગ ધર્મો તરીકે ઓળખાય છે, તે પાળનારા લોકો, સભ્યતાના આરંભકાળે એક જ કહેવાય તેવા ભૌગોલિક વિસ્તારમાં જીવતા હતા. એ સમાજના શાણા પુરુષ મોશે / મૉઝિઝ / મૂસાએ પોતાના સમાજને નિયંત્રણમાં રાખવા, સદાચારી બનાવવા, નીતિમાન અને પ્રેમાળ બનાવવા જે દસ કાયદા ઘડ્યા તેને 'ઈશ્વરના આદેશ' રૂપે ઓળખાવ્યા, જેથી લોકો એને આદરપૂર્વક માન્ય રાખે. એ જ પ્રમાણે મધ્યએશિયાની ઉચ્ચ ગણાતી સુમેરિયન સભ્યતાના શાણા





પુરુષ હમ્મુરાબીએ ઘડેલી કાનૂન-સંહિતા આગળ જતાં ધર્માજ્ઞાઓ બની. ભારતવર્ષમાં પણ એ જ રીતે મનુએ 'માનવ ધર્મશાસ્ત્ર' ઉર્ફે 'મનુસ્મૃતિ' આપી. ત્યાર પછી પતંજલિ, પરાશર, યાજ્ઞવલ્ક્ય વગેરેએ આપેલી સ્મૃતિઓ પણ ધર્માજ્ઞાઓ તરીકે સ્થાપવામાં આવી. એમની પછીના કાળમાં ચાણક્યે વિકસતી જતી સભ્યતાના નમૂના જેવું 'અર્થશાસ્ત્ર' આપ્યું, જેણે ઘણી નવી નીતિઓની સાથોસાથ પેલી સ્મૃતિઓને બહાલી આપે તેવા નિયમો પણ આપ્યા. સરવાળે, બધાં શાસ્ત્રો કે ધર્માજ્ઞાઓ એનાં મૂળમાં સમાજ વ્યવસ્થાનાં નીતિનિયમો હતા. જો કે આ નિયમોએ સમાજને વ્યવસ્થિત બનાવવામાં અને પછીથી આગવી સંસ્કૃતિઓ ખિલવવામાં (-અને રૂંધવામાં પણ) મોટો ફાળો આપ્યો એમ કહેવાય છે.

જગતભરના આવા શાણા પુરૂષોએ (અલબત્ત, સ્ત્રીઓએ નહિ) 'ધર્મ' વિશે જે કંઈ વિચારો આપ્યા, તેના આધારે ધર્મની વ્યાખ્યા બંધાતી ગઈ —ધર્મ એટલે જે ધારણ કરે છે તે. મતલબ કે જે પરિબળ માનવસમાજને ધારી રાખે છે- ટકાવી રાખે છે તે. માનવસમાજની સ્થિરતાના પાયામાં જવાબદાર પરિબળ તરીકે 'ધર્મ' કેન્દ્રમાં છે. ધર્મ સમાજનાં નૈતિક ધોરણો ઘડે છે અને આચાર-વિચારને સંચાલિત કરે છે. આ આચારસંહિતામાં, પેલા શાણા પુરુષોએ નક્કી કરેલા માપદંડો અનુસાર નૈતિકતા, પ્રામાણિકતા, પાપ, પુણ્ય, દુરાચાર, સદાચાર વગેરે મૂલ્યોનો સમાવેશ થાય છે. ઉપરાંત માનવજીવનને લગતાં રહસ્યો અને સર્જન-વિસર્જનના ખ્યાલોનો પણ સમાવેશ થાય છે.

ઈશ્વર વિશેની ધારણાઓની પરંપરા બની અને એ પરંપરાનું આચરણ પણ 'ધર્મ' કહેવાય છે. વળી ઈશ્વર તે નિયમધર્મનું પાલન કરનારને સુફળ આપે છે અને ન કરનારને દંડે છે... દુઃખી કરે છે. મતલબ કે સૃષ્ટિના ધારક-મારક-તારક-ઉદ્ધારક ઈશ્વર છે. જે ઈશ્વરને માને છે તે આસ્તિક છે, ધાર્મિક છે; સ્વાભાવિક રીતે ધર્મનું પાલન ન કરનાર, ઈશ્વરમાં ન માનનાર નાસ્તિક છે.

અહીં સુધી આવતાં આપણે, જગતભરની વિવિધ છતાં અંશતઃ સામ્ય ધરાવતી માનવસભ્યતાઓ, આર્થિક પ્રવૃત્તિઓ, સર્જનહાર વિશેની જિજ્ઞાસા, ધારણા અને

કલ્પનાઓ વિશે ધર્મના સર્વસાધારણ (જનરલ) સ્વરૂપ વિશે વાત કરી.

આ ધર્મવિચાર અને આચારસંહિતાનું શાસન આશ્ચર્યજનક રીતે સર્વત્ર લગભગ સમાન જોવા મળે છે કે, 'માણસ માત્ર રોટલાથી નથી જીવતો... એને કંઇક અકળની ભૂખ પણ હોય છે.' (નૉટ બાય બ્રેડ અલોન)

મજાની વાત છે કે હજ્જારો વર્ષથી, ભરેલા પેટવાળાઓ અને ખાલી પેટવાળાઓ ધર્મની એક જ નાવડીમાં પ્રવાસ કરી રહ્યાં છે! કેમ, ક્યારે અને કેવી રીતે- એની વિશ્લેષણાત્મક તપાસ આપણી આધુનિકતાની ખોજનું મહત્ત્વનું પ્રસ્થાન બની રહેશે.





**પ્રકરણ -2**

# ધર્મનું સંસ્થાકરણઃ પરિબળો અને પ્રક્રિયા

## સર્વસાધારણ (જનરલ) ચિત્ર

સમજી શકાય તેવું છે કે ધર્મનું સંસ્થાકરણ થયું તે પહેલાંના તબક્કામાં પ્રાથમિક સ્વરૂપની સમાજવ્યવસ્થા તો શરૂ થઈ જ ગઇ હતી. કબીલામાં વસતાં લોકો ખેતી, પશુપાલન ઉપરાંત હાથકારીગરીનાં કામ પણ કરતાં થયાં હતાં અને આ તમામ તેમની આર્થિક પ્રવૃત્તિઓ હતી એ આગળ જોયું. મિલકત, માલિકીભાવ શરૂ થયો. માલિકીની ચીજો, જમીન-ખેતર વગેરે સંપત્તિ કહેવાઇ અને અંગત સંપત્તિનો ખ્યાલ કબીલાઓ વચ્ચે શરૂ થયો. વિવિધ પ્રકારના શ્રમ તો કબીલાનાં સભ્યો પોતે કરી લેતા હતા અને ઉપજ, આવક-બધાં વહેંચી લેતા હતા.

પણ સ્વાભાવિક રીતે જ, નાના પાયાના સહિયારા શ્રમને કારણે ઉત્પાદન વધતું ગયું, ઉપયોગમાં લીધા પછી પણ વધેલી સામગ્રીને કારણે સંપત્તિનો ખ્યાલ દૃઢ બનતો ગયો. સંપત્તિ સાથે સત્તાનો ખ્યાલ પણ નાના પાયે શરૂ થયો. કબીલાની અંદરો અંદર, અન્ય કબીલા સાથે નાના મોટા ઝઘડા, સંઘર્ષો પણ શરૂ થયા. સંસ્કૃતિએ જાણે કરવટ બદલી.

વધી રહેલા ઉત્પાદનને હજી વધારે વધારવા અને વધુ ને વધુ અધિશેષ(નફો) મેળવવા વધારે શ્રમની જરૂર પડી. જેની પાસે સંપત્તિ હતી તેમણે પોતાને ત્યાં શ્રમ

કરવા શ્રમિકોને રાખ્યા. અધિશેષની ઇચ્છા સાથે કરાવાતા માનવશ્રમ સાથે શ્રમિકોનું શોષણ સ્વાભાવિક રીતે સંકળાયેલું છે. માનવસમાજને વિભાજિત કરનારાં પરિબળો છે સત્તા અને સંપત્તિ. એમાં જ્યારે આર્થિક શોષણ ભળે છે ત્યારે બહુ ચોક્કસ રીતના ઉત્પાદન સંબંધો ઊભા થાય છે. જેમાં શોષકો અને શોષિતો વચ્ચે વર્ગભેદ ઊભો થાય છે. વિકસતી જતી માનવસભ્યતામાં આ રીતે, પ્રાથમિક અવસ્થાના 'વર્ગભેદ'ની શરૂઆત થઇ. આના અન્ય પુરાવા મળી જ શકે પણ એક હાથવગું ઉદાહરણ છે લોથલની નગર-રચનાનું. ઇ.પૂ. 3500 (BC) થી ઇ.પૂ. 1500 -1000 (BC) દરમ્યાન વિકસેલી આ માનવસભ્યતા- જે હડપ્પા સંસ્કૃતિના નામે જાણીતી છે- તેનું ગુજરાતના પશ્ચિમકિનારે આવેલું આ બંદર હતું. ત્યાં વહાણવટા માટેનું બંદર હતું. જ્યાં નગરની બજાર, ગોદામો, શંખ-અકીક-હાથીદાંતમાંથી ઘરેણાં બનાવવાની નાની કારખાનાભઠ્ઠી, સ્નાનાગારની સાથોસાથ માનવ-રહેઠાણના મહોલ્લાઓ પણ છે —જ્યાં ઘરનાં નાનાં-મોટાં કદ ઉપરથી, વર્ગભેદના આધારે રચાયેલ નિવાસભેદનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. સમાજના અમીર અને ગરીબ વર્ગની જીવનપદ્ધતિ કેટલી ભેદભાવભરી હશે તે પણ સમજાય છે. આ પ્રકારની આર્થિક ભિન્નતા વિકસતી જતી માનવ સભ્યતાની આર્થિક સ્થિતિ અને આર્થિક સંબંધો, સભ્યતાના વિકાસના સહજ અને અનિવાર્ય પાસાં હતાં.

આર્થિક અને સામાજિક વ્યવસ્થાના આ ભેદભાવો ધર્મભાવના સાથે કેવી રીતે જોડાયા એ રસપ્રદ છે.

આર્થિક પ્રવૃત્તિ, સામાજિક જીવન આગળ તો વધતાં જતાં હતાં પણ પેલી તરફ કુદરતી આપત્તિઓ અને શારિરીક વિટંબણાઓથી તો માણસજાત પિડાતી જ હતી. એની સામે આ કોયડાઓના ઉકેલ ભાગ્યે જ હતા. પેલા શાણા પુરુષો અસંખ્ય અનુભવો અને પ્રાકૃતિક ઘટનાઓના સાતત્ય વગેરે ઉપરથી કુદરતી રહસ્યોનો કંઇ કંઇ તાગ મેળવતા થયા હતા. પણ જ્ઞાનની પણ એક સત્તા હોય છે; જે છોડવાની એમની ઇચ્છા નહોતી. એક તરફથી હજી પણ કુદરતની અકળ લીલાઓથી અજાણ અને ભયભીત માણસજાતને કોઇક આધાર તો જરૂરી જ હતો; જે આ પુરોહિતો





/ ગુરુઓ દ્વારા એમને સાંપડતો રહેતો હતો. માર્ગદર્શન ઉપરાંત દેવાર્પણની વ્યવસ્થા સુદ્ધાં પુરોહિતોના હાથમાં હતી જે પણ માણસજાત માટે ખૂબ મોટું આશ્વાસન હતું.

બીજી તરફ, સમાજના એક વર્ગના શ્રમના પરિણામે બીજા વર્ગની સંપત્તિ વધતી જતી હતી. પેલી આભારની ભાવનાથી સંપત્તિને માટે દેવાર્પણ જરૂરી હતું. વળી આગળ જોયું તે મુજબ, દૈવી શક્તિ /ઇશ્વર પાસે, પોતાની સમૃદ્ધિ ટકી રહે અને સંપત્તિ વધતી જાય, સુખસગવડ મળતાં રહે, પરિવારનાં આરોગ્ય અને ખુશાલી સલામત રહે વગેરે ઇચ્છાઓ પૂરી થાય એ માટેની યાચના પણ ઇશ્વરને કરવાની હતી. તે માટે પણ દેવાર્પણ જરૂરી હતું. ધર્મગુરૂઓ આમ, અનિવાર્ય બનતા ગયા.

આચારપાલન, વિધિઓનું પાલન —જે પછીથી 'કર્મકાંડ' નામે ઓળખાયું, નાના મોટા સામાજિક અપરાધોનું દંડવિધાન પણ ધર્મગુરૂઓના હાથમાં હતું. હજી રાજ્ય કે રાજા વગેરેની વ્યવસ્થા નહોતી શરૂ થઇ પણ ગ્રામના વડા તરીકે ધર્મગુરૂઓ જ હતા; ગ્રામોના અન્ય અધિકારીઓની નિમણૂંક વગેરે પણ ધર્મગુરૂઓ દ્વારા જ થતી; જે ભૂમિકા આગળ જતાં બળવત્તર બનતી ગઇ. જ્યારે રાજાશાહી / સામંતવાદના રાજકીય તબક્કામાં માણસજાત આગળ વધી ત્યારે પૃથ્વીના અમુક પ્રદેશો(દેશો)માં ધર્મગુરૂઓ જ 'રાજા'ની ભૂમિકા નિભાવવા માંડ્યા. પણ વધારે તો ધર્મગુરૂઓ રાજાઓની પસંદગી કરતા રહ્યા- 'કિંગમેકર' બનતા ગયા.

અર્પણવિધિ મેળા તો બન્યા જ હતા, હવે તેને માટે સ્થાનકો બનતાં ગયાં. જગતમાં વિવિધ સ્થળે પથરાયેલા ધર્મ અને ધર્મગુરુઓએ ચોક્કસ ભૌગોલિક વિસ્તારોને પોતપોતાના તાબામાં લીધા. સ્થિર મથક માટે આર્થિક સ્થિરતા જોઇએ અને નિયમિત આર્થિક આવક માટે સ્થિર મથક જોઇએ. સુવ્યવસ્થિત ધાર્મિક વ્યવહારો માટે ધર્મગુરુઓએ સ્થિર મથકો-નામે દેવાલયો-મંદિરો-ચર્ચ અને પાછલા તબક્કામાં જમાતખાના, વિહાર, દેરાસર વગેરે બંધાવવા માંડ્યાં. જનસાધારણને પણ આમાં સવલત અને સલામતી લાગી. પોતાની અધિશેષ સંપત્તિ —ક્યારેક તો એ પણ નહીં; પેટે પાટા બાંધીને પણ દેવસ્થાનો માટે ફંડફાળો આપતા થયા. પૃથ્વી ઉપર વિશાળ દેવસ્થાનોનો એ જમાનો હતો. ધર્મગુરૂઓ એના માલિક, રખેવાળ,

કર્તાહર્તા બન્યા. સત્તા સાથે સંપત્તિ મેળવવાની શરૂઆત તો થઇ ગઇ હતી; હવે એ દ્દઢીભૂત બની. સ્થાનકોને 'સંસ્થાઓ'માં બદલાતાં વાર ન લાગી. માનવસભ્યતાના વિકાસનાં આ સ્વાભાવિક પરિણામો હતાં.

સરવાળે માનવસભ્યતા એક એવા વળાંક ઉપર આવીને ઊભી કે ધર્મગુરૂઓ અને તેમની સત્તા, તેમનું માર્ગદર્શન અને તેમના ધર્માદેશો સામાજિક વ્યવસ્થાનાં અનિવાર્ય અંગો બની ગયાં. રાજકીય વ્યવસ્થા માટે નિર્ણાયક પરિબળો બની ગયાં. આર્થિક વિકાસ ઉપર પણ એમની દેખરેખ અને એમનો હિસ્સો મજબૂત થતાં ગયાં. માનવસભ્યતાનો વિકાસ ઝડપભેર થતો ગયો!

માનવ ચેતનાના વિકાસમાં શ્રદ્ધા અને અહોભાવ, ઈશ્વરવિચાર અને સદાચાર માટે પણ માર્ગદર્શન અને નિયંત્રણની પ્રક્રિયા સ્વાભાવિક હતી. ભાવનાઓને અને વ્યાવહારિક જીવનને સુનિશ્ચિત દિશા આપવાની આ સહજ પ્રક્રિયામાં, માર્ગદર્શકોની ભૂમિકા જરૂરી હતી પણ પોતાની ધર્મસત્તા-ધનસત્તા અને રાજ્યસત્તા ઉપરની પકડનો લાભ તેમણે જે રીતે લીધો, તે સમસ્યારૂપ બન્યો.

વિશ્વના ખૂણે ખૂણે આ પરિઘટના ઘટી. ક્યાંક થોડી વહેલી, તો ક્યાંક થોડી મોડી... પણ ધર્મ, ધર્મગુરુઓ અને ધર્મના સંસ્થાકરણનો આ સાર્વત્રિક ચિતાર છે.

ક્રમશઃ પશ્ચિમમાં અને પછી ભારતમાં આ પ્રક્રિયા કેવી રીતે અને ક્યા સ્વરૂપમાં થઇ તે તપાસવું આપણી ખોજનું આગલું પગલું બનશે.

## યુરોપમાં ધર્મનું ચરિત્ર અને તેનું સંસ્થાકરણ

આમ તો માનવસભ્યતામાં, પ્રાચીન અને મહાન સંસ્કૃતિ ધરાવતા પૂર્વના-મધ્યપૂર્વના અને સુદૂર પૂર્વના ગણાતા દેશોમાં સામાજિક-આર્થિક અને ધાર્મિક/સાંસ્કૃતિક વિકાસ પહેલાં થયો હતો. ધર્મનું સંસ્થાકરણ પણ જરા અલગ રીતે સુમેર, મિસર, ચીન, ભારતમાં વહેલું થયું હતું. પણ યુરોપના બર્બર કહેવાતા દેશોમાં જે રીતે સભ્યતા અને સંસ્કૃતિની તરાહો વિકસી, તેને વિશે અને તેનાં પરિબળો વિશે પહેલાં વાત કરીશું, કેમ કે એ અંધારઘેરાં પરિબળોને ઓળંગીને





આધુનિકતા પહેલી ત્યાં આવી. વળી સંસ્થાકરણનું ખૂબ જ મુખર અને શોષક માળખું પણ યુરોપમાં સ્થાપાયું હતું; જે હાલ પર્યંત મૌજુદ હોવા છતાં આધુનિકતાએ એને કેવું નિસ્તેજ બનાવ્યું, એ પણ આપણી 'ખોજ'માં જાણવા જેવી હકીકત છે. તો, યુરોપમાં આધુનિકતાનો નવોદય થયો ત્યાં સુધી કેવી સ્થિતિ હતી તેનું ચિત્ર કંઇક સમજવા જેવું છે.

કહેવાય છે કે ભૌગોલિક રીતે શીતકટિબંધમાં યુરોપના 80% દેશો આવેલા છે; ત્યાં માનવ-સભ્યતાનો ઉઘાડ, ઉષ્ણકટિબંધમાં આવેલા પ્રાચીન સંસ્કૃતિસભ્યતાથી સભર દેશો કરતાં મોડો નીકળ્યો હતો. એટલે તો એ તથ્યને ગમે તેટલું વિવાદસ્પદ બનાવ્યું હોય પણ એની તાર્કિકતા નક્કર છે કે, હજારો વર્ષ પહેલાં, ઠંડા પ્રદેશોમાંથી પોતાના કબીલાઓ સાથે ઘોડા અને અન્ય દૂધાળાં ઢોરોને સાથે લઈને અસંખ્ય માનવસમુદાયો ગરમ પ્રદેશો, ચરાઉ જમીનો અને સભર જળાશયોની ખોજમાં ઉષ્ણકટિબંધના વિસ્તારો તરફ ધાડાબંધ ઉતરી આવ્યાં હતાં.

છતાં એ ઠંડા પ્રદેશોમાં આછી પાતળી માનવસ્તી હતી તે, સભ્યતાની પ્રાથમિક અવસ્થામાંથી બહુ ધીમી ગતિએ બહાર આવી હતી. પરંતુ પેલા બાકી રહેલા 20% વાળા સમશીતોષ્ણ કે માફકસરની આબોહવાવાળા પ્રદેશો જે ઇટલી, ગ્રીસ અને સ્પેન જેવા દેશો તરીકે જાણીતા થયા, ત્યાંની સભ્યતા વહેલી ખિલી; એટલું જ નહિ, જગતની મહાન સભ્યતા-સંસ્કૃતિમાં તેની ગણતરી થવા લાગી હતી.

કોઈપણ પ્રદેશની આબોહવાને કારણે એની આર્થિક પ્રવૃત્તિઓ અને જીવનશૈલી-ખોરાક, પોષાક, રહેઠાણ વગેરેનું ઘડતર થતું હોય છે એ જાણીતી હકીકત છે. અને જ્યાં ખેતી, પશુપાલન, વણાટ, માનવ રહેઠાણો અને રાચરચીલાં બનાવવાની કારીગરી વગેરે આર્થિક પ્રવૃત્તિની શરૂઆત થઇ ગઇ હોય, ત્યાં માનવસભ્યતાનો વિકાસ થતો જ રહે. અગાઉ જોયું તેમ, ઠરીઠામ થતી જતી માનવસભ્યતામાં પ્રાથમિક સ્વરૂપે ધર્મશ્રદ્ધાની અભિવ્યક્તિની શરૂઆત થઇ ચૂકી હતી.

રોમ અને ગ્રીસની પ્રજાએ /શાણા પુરૂષોએ, માનવીના ભય-વિસ્મય-જિજ્ઞાસા

અને અભિપ્સાને પારખીને પ્રકૃતિ-દેવતાઓની સ્થાપના કરી દીધી હતી. શરૂઆતમાં ‘આકાશમાં’ રહેનારા એ દેવોની સ્તુતિઓ, અર્પણવિધિ તો શરૂ થઇ જ ગયાં હતા. આ દેવો નિશ્ચિતરૂપે ભવ્ય, મહાન, કર્તાહર્તા અને નિયંતાઓ હતા. ધર્મગુરૂઓ પણ વિવિધ ભૂમિકા ભજવતા- યાજ્ઞિકો (અર્પણ- વિધિ કરાવનારા), માર્ગદર્શકો અને ભવિષ્યવેત્તાઓ હતા. હા, આ વિશિષ્ટ સંસ્થા હતી- આ પ્રદેશોની સમૃદ્ધ અને કર્મઠતા(મહેનતુપણું) એ, આ સમાજના વિકાસને એક ચરમ પર લાવી મૂકેલો. પણ કુદરતી પરિબળોને સર્વોપરિ માનતી આ પ્રજાએ પોતાના શાણા પુરૂષોની દરેક વાતને માથે ચડાવી હતી. પાપ-શાપ, બલિ, પૂજાઓ, પ્રાર્થનાઓ… તમામ એમના શ્રમ અને સમૃદ્ધિનાં ચાલકબળો હતાં. ‘આકાશમાંના દેવો’ જાણે એમની સમાજવ્યવસ્થાના ભાગ હતા. ત્યાંનાં કથા-કાવ્યો-નાટકો-સાહિત્યમાં પણ એમનો મહિમા થતો રહેતો હતો. પુરાકલ્પનો(મિથ)થી ભરપૂર એમનું જીવન ધર્મકેન્દ્રી હતું.

પણ એક નોંધપાત્ર હકીકત એ બની કે ધર્મગુરૂઓ અને રાજ્યકર્તાઓ અલગ હતા. રાજ્ય / રાજા જેવા ખ્યાલો પાછળથી આવ્યા. કદાચ આ દેશોમાં વિશ્વનાં પહેલાં ગણરાજ્યો હતાં. લોકતંત્ર, ચૂંટણી જેવી વ્યવસ્થા પહેલવહેલી આ દેશોમાં હતી. અલબત્ત, એનાથી સમાજવ્યવસ્થામાં ખાસ ફરક નહોતો. સતત યુદ્ધરત આ પ્રજાઓમાં સ્ત્રીઓ અને ગુલામોનું શોષણ થતું જ હતું. ભવિષ્યવેતા દેવીઓ સ્ત્રીઓ જ હતી પણ વેશ્યાવૃત્તિ પણ ફાલીફૂલી હતી. પિતૃસત્તા અને વર્ગભેદમૂલક આ સમાજોમાં ધર્મગુરૂઓનું મહત્ત્વ ખૂબ હતું પણ જુલિયસ સિઝરે પ્રથમ ‘સમ્રાટ’ બનીને (ઇ.પૂ. 100) રાજ્યસત્તાને સર્વોપરિ બનાવી. અલબત્ત, સમ્રાટોએ ધર્મગુરૂઓને ધીમેધીમે ધૂળ ચાટતા કર્યા અને પ્રજાનું અપાર શોષણ કર્યું ત્યારે આટલા બધા દેવોમાંથી સભ્યતા, સંસ્કૃતિ અને માનવતાને બચાવવા, આકાશમાંથી કોઇ ન ઉતર્યું —વેદિઓ માંથી કોઇ બહાર ન આવ્યું!

એવે સમયે બાકીના યુરોપમાં માનવસભ્યતાની એંધાણીઓ હતી; આજના બ્રિટનમાં પથ્થરયુગનાં અમુક ખંડેરો મળે છે તે દેવસ્થાનો હોવાની વધુ શક્યતા છે. બાકી ઇ.પૂ. નાં થોડાંક વર્ષો પહેલાંની વિગતોમાં પશુપાલન અને ખેતી, શિકાર અને





હાથવણાટ જેવી આર્થિક પ્રવૃત્તિઓની માહિતી મળે છે. ધર્મ વિશે ખાસ જાણકારી મળતી નથી; જે એક પ્રકારનો ઐતિહાસિક અંધારપટ સૂચવે છે.

આ તરફ એશિયાના, જ્યુડિયા પ્રદેશોમાં જગતના કદાચ પ્રથમ સંસ્થાગ્રસ્ત ધર્મ-યહૂદી ધર્મની આણ વરતતી હતી. ત્યાર પહેલાં જનસાધારણમાં ‘પૅગન’ —અનેક દેવોની પૂજા ચાલતી હતી, પશુ-પક્ષી-દેવીઓની મૂર્તિઓ પૂજાતી હતી. બલિદાનો પણ અર્પણ થતાં પણ સામાજિક અનાચાર અને અરાજકતાથી સમાજ ડામાડોળ હતો. ત્યારે મૉઝિઝે ‘દેવોની દસ આજ્ઞાઓ’ના સહારે સમાજવ્યવસ્થાને નિયંત્રિત કરી. એકદેવવાદનો પ્રચાર કર્યો. ઈશ્વર એક અને નિરાકાર છે જેવો સિદ્ધાંત સ્થાપ્યો; જેણે પછીનાં સમયમાં આવનારા ધર્મોની પરિભાષા નિશ્ચિત કરી આપી; જે ગ્રીસ અને રોમથીયે પહેલાંની સભ્યતાનો તબક્કો હતો.

માનવસમાજ સાદાં સાધનોથી ખેતી કરતો હતો. પશુપાલન અને વણાટકામ પણ થતું હતું. વિનિમય ઉપરાંત નાણું પણ ચલણમાં હતું. સભ્યતાનો વિકાસ થતો ગયો હતો. એની સાથોસાથ યહૂદીધર્મ પણ મોટી સંસ્થા બનતો ગયો હતો. જેરૂસલેમનું મહામંદિર એમના નિરાકાર યહોવાહને પશુ-પક્ષીના વિવિધ બલિ અર્પણ કરવાનું મોટું મથક બન્યું હતું. જન્મથી માંડીને મરણ, અને મરણોત્તર વિધિઓ કરવા પડતા હતા. પ્રાર્થનાઓ દાનપેટીમાં નાણું નાખ્યા વગર સ્વીકારાતી નહોતી. આ બધા વિધિ કરાવવા રબ્બીઓ (ધર્મગુરૂઓ) હતા. ઉપરાંત ઇશ્વરની આજ્ઞાઓનું વાંચન, ધર્મોપદેશ અને આચાર સંહિતાનું પાલન કરાવવું, ધર્માજ્ઞાઓનું ઉલ્લંઘન કરનારને દંડ કરવો… વગેરે પણ એ ધર્મગુરૂઓની જ સત્તા હતી.

યહૂદિયા ઉપર, તે સમયે રાજ્યસત્તા તો રોમની હતી. રોમન સૂબો(ગવર્નર) સત્તા ચલાવતો પણ મહામંદિરની અંદર તેની કોઇ સત્તા નહોતી. આથી આંતરિક રીતે ધર્મસત્તાનું દમન અને બહાર રોમનોનો જુલમ- યહૂદિયાની પ્રજા ઘંટીના બબ્બે પડ વચ્ચે પિસાઇ રહી હતી. જમીનની માલિકી આ બંને સત્તાધારીઓ અને એમની સાંઠગાંઠ સાથે જીવતા જમીનદારો-ઉમરાવોના હાથમાં રહેતી. ઉપજનો કર પણ પ્રજાએ બેવડો આપવો પડતો- “રાજાનું તે

રાજાને અને ઈશ્વરનું તે ઈશ્વરને'' અર્પણ કરવું તેવી ધર્માજ્ઞા હતી; જે અનુલ્લંઘનીય હતી. રાજકીય રીતે સંસ્થાન બનેલા આ દેશે ધર્મસત્તા અને ધર્મસંસ્થાની વ્યાખ્યા આકારવા માંડી. પ્રજા હતાશાને કારણે વધુ ધર્માભિમુખ બની.

દરેક વ્યવસ્થા, દરેક સંસ્થાના માળખાની અંદર આંતર્વિરોધો જાગે જ છે. મૉઝિઝ પછી એવા અનેક સત્તાવાર અને બિનસત્તાવાર ધાર્મિક અને સામાજિક નેતાઓ થયા જેમણે ધાર્મિક શોષણ, ધર્મગુરૂઓનાં પાખંડ અને જનસાધારણની ગુલામીનો ઉગ્ર ભાષામાં અને હિંમતભરી વર્તણૂંક સાથે વિરોધ કર્યો હતો.

પણ પ્રજા તો હજી ગરીબી અને ગુલામીમાં જીવતી હતી. વર્ગભેદ ઘૂંટાતો જતો હતો. આર્થિક પ્રવૃત્તિઓમાં વિવિધ કારીગરીનો વ્યવસાય વધ્યો હતો પણ કારીગરોની હાલત ખેતમજૂરથી વિશેષ બહેતર નહોતી. અલબત્ત, પેલું મહામંદિર સુવર્ણજડિત થતું જતું હતું.

એવે વખતે, એ જ ગરીબ શ્રમજીવી વર્ગમાંથી, એમના એક પ્રતિનિધિએ ધર્મના સંસ્થાકરણ અને વ્યાપારીકરણ સામે ચાબૂક વિંઝી પડકાર કર્યોઃ ''મારા પિતાના ઘરને શાનું બજાર બનાવી બેઠા છો?'' કદાચ પહેલી વાર ધર્મના બજારીકરણ સામે કોઈએ જાહેરમાં વિરોધ પોકાર્યો હશ! એ હતા ઈસુ ખ્રિસ્ત, જેમના નામે નવો ધર્મ સ્થપાયો.

ઈસુએ પરાંપરાગત ધર્મગુરૂઓએ દેખાડેલા સ્વર્ગના સ્વપ્નની સામે નવું સ્વપ્ન મૂક્યું- 'પ્રભુના રાજય'નું. જેમાં સામાજિક ન્યાયનો સંદેશ છે; જે માણસના વર્તમાનને સમાધાનલક્ષી, વિનમ્ર, અહિંસક, ઉત્તેજનારહિત બનાવે છે. અર્થિક ભિન્નતાને ચિંધે તો છે પણ ગરીબોની ચેતના જગાડીને સંઘર્ષ માટે પ્રોત્સાહિત નથી કરતો.

બીજી તરફ, યહૂદિયા વગેરે એશિયાના દેશોમાં લાંબા સમય સુધી લગભગ પ્રાથમિક અવસ્થાનાં સાધનો દ્વારા ખેતી-પશુપાલન-મચ્છીમારી-વણાટ અને સાદાં સાધનો બનાવવાની કારીગરી ઉપરાંત ઉત્પાદનક્ષમતા ખાસ વધી નહોતી. લાંબા





સમય સુધી ગરીબોની ગરીબી યથાવત્ રહી હતી. ગરીબોને ખ્રિસ્તીધર્મ ગમતો હતો કેમકે એ એમની પીડાની વાત કરતો હતો; પણ એ પીડામાંથી મુક્તિ કેવી રીતે મેળવવી એનો સાચો રસ્તો-સંઘર્ષનો રસ્તો નહોતો ચિંધતો. પીડાને દિલાસો આપવાનું કામ કરતો હતો. ધર્મ ગરીબપક્ષી હતો પણ ગરીબીનો મહિમા કરનારો પણ હતો. ઈશ્વરના પુત્ર મનાયેલા ઈસુ ઉપર તમામ પીડાઓ ઓવારી દઈ, ઉદ્ધારની અપાર શ્રદ્ધા સાથે, લગભગ શરણાગત અવસ્થા સ્વીકારીને, વ્યવહારૂ જગતમાં સદાચાર, પરોપકાર, નૈતિકતા અને ક્ષમાનાં મૂલ્યો આપીને માણસજાતનું ઘડતર કરવાની નેમ સાથે દેશ-વિદેશમાં આ ધર્મ ફરી વળ્યો અને માનવસભ્યતાની ક્રૂર, ઉદ્દામ, બર્બર ભાવનાઓનું નિયંત્રણ કરવાની સાથોસાથ, એક જાતની બેવડાં ધોરણની નીતિની સંસ્કૃતિ વિકસાવતો રહ્યો.

કારણ કે યુરોપમાં જઈને સંસ્થાગ્રસ્ત બનેલા આ ધર્મે ધર્મસભા-ચર્ચને સત્તાધારી અને સમૃદ્ધ બનાવવામાં કશી જ કસર નહોતી છોડી. મબલખ ઉત્પાદન મેળવવા અઢળક જમીનો હતી, નાનાં રાજ્યો સાથે યુદ્ધો કરીને પણ કબજે કરવા ધર્મગુરૂ / પાદરીઓ નાનાંમોટાં સૈન્યો રાખતા અને મોટાં રાજ્યોના પ્રિયપાત્ર બનીને એમના સૈન્યો દ્વારા આસાપાસ ચડાઈઓ કરાવીને એક કાંકરે બે પક્ષી મારતા રહેતા. પ્રજા સતત યુદ્ધના ભયમાં ફફડતી. ખેતરોમાં અને નગરોના બાંધકામક્ષેત્રે ગુલામગિરી કરી વેઠ-વૈતરાં કરતી. કહેવાય છે કે યુરોપ બર્બરયુગમાંથી માંડ બહાર આવેલું. કોઈ બિહામણા કારાગાર જેવું વાતાવરણ ચોફેર હતું. હજારો ગુલામોના શ્રમથી ચણાયેલાં નગરોની ફરતે કિલ્લાઓ અને ખાઈઓ ખડકાયાં હતાં. રજવાડાંનાં આંતરિક યુદ્ધો ચાલુ જ રહેતાં. પ્રજા ગરીબી ઉપરાંત ગંદકી અને રોગચાળાનો ભોગ બનતી રહેતી. કોલેરા, પ્લેગ જેવી મહામારીઓનો ભોગ આ 'માનવજંતુડાં' જ વધારે બનતાં.

નવાં બનતાં નગરો, મહાકાય વહાણો, તોતિંગ કિલ્લા, ભવ્ય દેવળો... બધાંનું બાંધકામ આ ગુલામોની કાળી મજૂરી ઉપર જ રચાયું. હજી શહેરોમાં ગલીચ વિસ્તારો નહોતા બન્યા પણ અંધારિયા, કંગાળ ગામડાંમાં વસતાં આ શ્રમિકોનો પોતાના સમયનાં ઉત્પાદન કે સુખસવલતો કશા ઉપર મુદ્દલેય અધિકાર નહોતો.

બસ, તેમનો ધર્માધિકાર અકબંધ હતો; અલબત્ત તે પણ પાદરીઓની મહેરબાનીની રાહે! કેમ કે આ દુખિયારાં એમની ધર્મસભાઓમાં કાણી કોડી પણ આપી શકે તેમ નહોતા. પણ ધર્મસભાને અને રજવાડાંને આ અસંખ્ય માનવ સમુદાયની જરૂર હતી- આ કંગાળો એમને માટે વગર પગારનું લશ્કર હતાં. ધર્મસભાની સત્તાને ટકાવી રાખવા યુદ્ધો કરવાં એ તે સમયની માનસિકતા અને વાસ્તવિકતા હતી. ચર્ચની ચુંગાલમાં જ યુરોપનો મધ્યકાળ આગળ ધપતો રહ્યો.

## ધર્મસત્તા અને ધર્મયુદ્ધો

ઈસુના મરણને છ સદીઓ વીતી ગઇ હતી. યુરોપની ધર્મસભા સત્તા અને સમૃદ્ધિની ટોચ ઉપર હતી. ત્યારે પશ્ચિમ એશિયામાં એક નવી સભ્યતા, નવા ધર્મના ઝંડા સાથે ઉભી થઇ. હેતુ તો માનવસભ્યતાને વાસ્તવિક વિટંબણાઓમાંથી ઉપર ઉઠાવીને; વિનમ્ર, શુદ્ધ, શાંત અને સમાનતાપૂર્ણ બનાવવાનો હતો. સૂત્ર હતું શાંતિ અને ગૅબમાંની પરમશક્તિના મહિમાનું. એ મહિમાનો ફેલાવો દુનિયા આખીમાં થાય અને માનવમાત્ર, એ શાંતિના ઝંડા નીચે આવીને સમાધાન મેળવે, એવી અભિપ્સા, પેલી આધ્યાત્મિક અભિપ્સાથી બિલકુલ ઓછી નહિ, એવા ઈસ્લામની સ્થાપના ઈસુની સાતમી સદીમાં થઇ. વ્યવહારૂ જીવનમાં આ ધર્મ કેટલાક મહત્ત્વના ફેરફારો લઇને આવ્યો. એની સ્થાપના થઇ ત્યારે યુરોપમાં ખ્રિસ્તીધર્મ છવાઇ ચૂક્યો હતો. આ તરફ, ભારતવર્ષમાં બ્રાહ્મણધર્મ એની કીર્તિના શિખરે હતો. એ બંને, મોટા ગજાના ધર્મોમાં આર્થિક ભેદભાવ અને ભારતનો વર્ણભેદ -બે મુખ્ય ચાલકબળો હતાં જે ધર્મોની સાથે જ સંકળાઇ ચૂક્યાં હતાં. ઈસ્લામ પાસે વાતાવરણ તો સામંતી હતું. માલિક અને ગુલામનું હતું. આર્થિક સંબંધો પણ ભેદભાવસૂચક જ હતા. વર્ગો વચ્ચેનું અંતર ઘટાડીને, અલ્લાના દરબારમાં સૌ સરખા-એવી સમાનતા લાવવાની કોશીશ શરૂ થઇ. પોતાનો ધર્મભાઇ ભૂખ્યો ન સૂએ, લાચાર ન રહે, એવી જોગવાઇ પણ ધર્માદેશોમાં થઇ. કમાણીમાંથી અમુક ટકાની જકાત(દાન) અન્ય જરૂરતમંદો માટે વાપરવી, વ્યાજ ન લેવું, કરવેરા નિયમિત ભરવા અને ધર્મ(દીન) માટે વખત આવ્યે




ફના થઇ જવું- જેવાં મૂલ્યોનું પાલન કરવું એ 'ધર્મ' બન્યો. સદાચાર અને સાદગીભર્યું જીવન આદર્શ મનાયું.

પણ એક વાત પેલી પ્રાચીન માળખાંની, જેમનીતેમ રહી- રાજા એ જ ધાર્મિક વડો બન્યો. મધ્યયુગનાં સેંકડો વર્ષો ધર્મના ફેલાવા માટે યુદ્ધો કરવામાં ગયાં. સત્તા અને સંપત્તિની ફાળ લાંબી ને લાંબી થતી ગઇ.

પેલી તરફ યુરોપમાં આ નવા ધર્મ માટે એક પ્રકારનો ભય પેદા થયો. યુરોપના નાના-મોટા દેશોના રાજાઓ અને વિવિધ ચર્ચના પાદરીઓ એક થયા. ઈસ્લામિક દેશો પેલી તરફ લાખોની ફોજ સાથે તૈયાર થયા. યુરોપે પોતાના દેશ અને ધર્મને બચાવવા ધર્મયુદ્ધ(ક્રૂઝેડ)ની શરૂઆત કરી. અઢીસો-ત્રણસો વર્ષ ધર્મયુદ્ધો ચાલ્યાં. યુરોપના રાજાઓ અને ધર્મગુરૂઓની હાર થઇ; તેમણે પીછેહઠ કરવી પડી. સ્પેન જેવો દેશ ઈસ્લામિક સત્તા હેઠળ ગયો. દેખીતી રીતે બંને ધર્મ પાળનારાઓના દેશોમાં મોટા પાયે આર્થિક-સામાજિક નુકસાન થયું પણ એક નવી સંસ્કૃતિનો જન્મ પણ થયોઃ બાયઝેન્ટાઇન.

જો કે એ વળાંક આવતાં પહેલાં યુરોપનાં અંધારાં ઑર ઘેરા બન્યાં. હારેલા રાજાઓ અને પાદરીઓની ધોંસ પ્રજા ઉપર ભારે પડી. રાજાઓ અને પાદરીઓએ મળીને કર અને દંડના ભારથી પ્રજાને કચડી નાખી. ધર્મ વિરૂદ્ધ જે જાય તેને વીણીવીણીને જીવતા સળગાવાતા, શૂળીએ લટકાવાતા. આ તરફ લાંબા સમય સુધી ચાલેલાં ધર્મયુદ્ધોએ ખેતી-વેપાર-કારીગરી ઉપર કારમા ઘા કરેલા. પ્રજા દિશાહીન બનેલી, ગરીબો કંગાળ બનેલાં. કંઇક અંશે ઈસ્લામિક સંસ્કૃતિ અને જ્ઞાનનો પ્રભાવ પણ છવાયો. સૃષ્ટિના સર્જન વિશે, સાદા પ્રાકૃતિક નિયમો વિશે, ખગોળ અને પૃથ્વીના વ્યાપ વિશે નવા વિચારો તરતા થયેલા. આજ સુધી પાદરીઓએ ઠસાવેલી કથાઓની કલ્પનાઓ સામે સવાલો ઉઠવાની હજી વાર હતી પણ પ્રસૂતિ વગેરે સાથે સંકળાયેલા શરીર વિજ્ઞાન, ગણિત, રસાયણ જેવા માનવલક્ષી જ્ઞાન-વિજ્ઞાનનો ફેલાવો થવા માંડ્યો હતો; જે સ્વાભાવિક રીતે ચર્ચ સામે ઉભો થયેલો નવો ખતરો હતો.

સમાજ-રાજ્ય વ્યવસ્થા અને ચર્ચની પિતૃસત્તાત્મક જોહુકમી સામે છૂટાછવાયા અવાજો ઉઠતા થયા હતા. ચર્ચ દ્વારા સાદા વિજ્ઞાન, ચિકિત્સા, ખગોળ વગેરેના જાણકારોની શોધ કરીને એમને દેહાંતદંડની સજા કરવામાં આવતી. ડાકણની શોધ(વીચ હંટીંગ)અને દેહાંતદંડ(ઇન્ક્વીઝીશન)ના નામે ચોમેર ધાર્મિક હિંસાનો આતંક ફેલાયો હતો.

આપણે બહાદૂર મહિલા જોન ઓફ આર્ક અને વૈજ્ઞાનિકો કોપરનિકસ, બ્રૂનો, ગૅલિલિયોનાં નામ જાણીએ છીએ જેમને આ ધર્માંધ હિંસકતા અને અત્યાચારોના ભોગ બનવું પડયું હતું. આ સમયે કેટલાક પાદરીઓ 'પાપવિમોચન-પત્રિકાઓ' વેચતા અને ધર્મભીરૂ ખ્રિસ્તીઓ મોંમાગ્યા દામ આપીને પાપમાંથી મુક્તિ મેળવતા. મૂળ ખ્રિસ્તી ધર્મમાં જેને 'મેલા દેવ' કે 'મેલી વિદ્યા' કહે છે એવાં ભૂત-પિશાચ-ડાકણ વગેરેની બાધાનું નિવારણ કરવાના વિધિઓ પણ પાદરીઓ કરાવતા અને નાણાં કમાતા. મધ્યકાળનું યુરોપ રાજકીય-ધાર્મિક-સામાજિક અને આર્થિક અંધાધૂંધીનો અડ્ડો બની ગયું હતું. આર્થિક ધ્રુવીકરણ ચરમ સીમાએ પહોંચ્યું હતું. કંગાળ અને ધર્મભીરૂ પ્રજાજનોની પીડા અને આક્રોશ એવાં ધરબાઇને રહેલાં કે વિસ્ફોટ માટે બસ, એક જ તણખાની જરૂર હતી.

## ધર્મસુધારણા

આ ચિંગારી ચેતવવાની શરૂઆત, 14મી સદીના ઉદયકાળમાં એક નાનકડા તણખાએ ભભૂકીને કરી.

ઇ. 1381માં, ઇંગ્લંડના ચર્ચની અંદરનાં વિદ્રોહી પરિબળો સમું પાદરીઓનું એક જૂથ ઊભું થયું; જે ધનસત્તા, ધર્મસત્તા અને રાજ્યસત્તાથી વેગળું હતું. એ ગરીબો-શ્રમિકોના વિરાટ સમૂહને લઇને લંડનના કિલ્લા ઉપર ધસી ગયું. રાજા, સામંતો અને પાદરીઓનું તરકટી ત્રેખડ આ પ્રચંડ આક્રોશથી ડરીને કિલ્લામાં છૂપાયું. છેવટે હુમલાની ગંભીરતા જોઇને તેમણે કિલ્લા ઉપર સફેદ ઝંડો ફરકાવીને સુલેહ કરી. વાટાઘાટો કરીને શ્રમિકોની માંગણીઓનો સ્વીકાર પણ કર્યો અને ચર્ચના ભ્રષ્ટાચારને કાબૂમાં લેવાનું વચન પણ આપ્યું. દેખીતી રીતે આને શ્રમિકો-ગરીબો





અને ગરીબતરફી પાદરીઓની જીત ગણી શકાય, પણ સાથે સાથે એક લોકક્રાન્તિનું બાળમરણ થયું એમ પણ કહેવું જોઇએ. કારણ કે કંઇક અંશે પાદરીઓની નેતાગિરીને કારણે ચર્ચ સામે આંદોલન ઉગ્ર ન બની શક્યું. કંગાલોની કંગાલિયતમાં ધાર્મિક શોષણ જ નહિ, આર્થિક શોષણ અને ગુલામીનો પણ મોટો ફાળો હતો. જ્યાં સુધી ઉગ્રપણે સામંતી પ્રથા નાબૂદ ન થાય, આર્થિક વ્યવસ્થા ન બદલાય ત્યાં સુધી પરિવર્તન શક્ય નથી એ સત્યનું સમર્થન આ કિસ્સામાં જોવા મળે છે, કેમ કે પેલા શ્રમિકોને ચપટીક લાભ મળ્યા હશે પણ સમગ્ર શોષણ તો ચાલુ જ રહ્યું!

1381થી 1384 દરમ્યાન ચાલેલી આ ઝૂંબેશે, યાતનાઓનાં કાળાં વાદળાંની પાછળ એક રૂપેરી કિનાર જરૂર બતાડી... શ્રમિકો સંગઠિત થઇને આંદોલન કરી જ શકે. રાજ્યસત્તા અને ધર્મસત્તા એનાથી ચોક્કસ ભયભીત થઇ શકે. આ અગ્રગામી આંદોલને, ત્રણ સદી પછી આવનારી ફ્રાન્સની મહાક્રાન્તિ માટે જાણે દિશાઓ ખોલી આપી; જેણે સામંતવાદ, રાજાશાહી, પાદરીશાહી અને સર્વાંગી શોષણ સામે ભીષણ હુમલો કરીને યુરોપનો અને વિશ્વનો ઇતિહાસ પલટી નાખ્યો હતો.

આ ઘટના પછી, ચર્ચની અમર્યાદ સત્તા અને ભ્રષ્ટાચાર સામે આંતરિક વિરોધ ફરી એક વાર જાગ્યો. યુરોપમાં આધુનિકતાનાં પગરણ થયાં તે પહેલાં ધર્મસુધારણાનો તબક્કો આવ્યો હતો. કેટલાક પાદરીઓ જ ચર્ચનું માળખું સુધારવા, બદલવા આગળ આવ્યા; જે પ્રક્રિયામાંથી ચર્ચમાં જ નવો પંથ શરૂ થયો. 'પ્રોટેસ્ટંટ'; જેનો સ્થાપક માર્ટિન લૂથર પોતે જ એક પાદરી હતો. તેણે ઇસુના જન્મ સાથે જડાયેલી કપોળકલ્પનાઓ અને બીજા ચમત્કારોને પડકાર્યા. પાદરીઓ માટેનાં મૂળભૂત વ્રતોમાં ફેરફાર કર્યા. જેનાથી ખાસી ઉથલપાથલ મચી અને નવી ધર્મસભાની રચના થઇ. સોળમી સદીની આ ઘટનાએ જર્મની અને પછી યુરોપની ધર્મસત્તાને ખાસ્સો ફટકો માર્યો.

પરિસ્થિતિ બદલવાની કોશીશથી કેટલાંક વમળો ઊઠયાં એ દસ્તાવેજી તથ્યો છે; પણ આખેઆખી ધર્મસત્તા અને સામંતવાદ, જે રીતે 19મી સદીમાં જોખમમાં મૂકાઇ

ગયાં તેવું 15-16મી સદીના પ્રબોધનકાળમાં(રેનેસાઁ) નહોતું બન્યું. એનું મુખ્ય કારણ એ હતું કે રાજકીય, આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક વ્યવસ્થાઓ એકમેક સાથે સંકળાયેલી હોય છે; એટલે કોઇ એક જ વ્યવસ્થામાં બદલાવની કોશીશોથી પૂરું પરિવર્તન ના આવે. સાથોસાથ, તમામ બાહ્ય અને આંતરિક પરિબળો પણ પરિપક્વ બનવાં જોઇએ; જેને કારણે અરાજકતા સરજાય, ઉથલપાથલો થાય-મોટા પાયે સંઘર્ષ થાય, કદાચ એ લોહિયાળ પણ હોય... તો જ સમૂળી ક્રાન્તિ આવે.

ઇ.સ. 14 મીથી 19મી સદીનાં પાંચસો વર્ષ દરમિયાન, યુરોપમાં આ તમામ પરિબળો પરિપક્વ થઇ ગયાં હતાં. વળી એ દરમ્યાન ફ્રાન્સની રાજ્યક્રાન્તિ પણ થઇ ચૂકી હતી અને સ્વતંત્રતા-સમાનતા-બંધુતાના નારા સાથેની બુર્ઝવા લોકશાહી પણ આકાર લઇ રહી હતી.

માનવચેતનાએ મોટી ફલાંગ ભરી હતી. પ્રબોધન અને ધર્મસુધારણાની સાથે વૈજ્ઞાનિક અને ટેક્નોલોજિકલ પ્રગતિ પણ થઇ હતી. ઔદ્યોગિકીકરણ(ઇન્ડસ્ટ્રીયલાઇઝેશન) થતાંની સાથે ઉત્પાદન પ્રણાલિ, બજારતંત્ર અને ઉત્પાદન સંબંધો પણ બદલાયા. એની સાથે મૂડીવાદ આવ્યો. મૂડીવાદ સાથે પૂંજીપતિઓ અને શ્રમિકો એમ બે વર્ગમાં સમાજ વહેંચાયો. બે વર્ગ તો પહેલાં પણ હતા પણ વર્ગીય ચેતના નહોતી વિકસી. શ્રમિકોના શ્રમના જોરે નફો કમાતા માલિકો, વચેટિયાઓ અને શ્રમજીવીઓ વચ્ચેના ઘર્ષણે જે માનસિકતા પેદા કરી તેણે નવી વર્ગીય ચેતના વિકસાવી. આ ઘર્ષણથી જે તણખા ઉડયા, તેણે માત્ર અર્થવ્યવસ્થા જ નહિ, રાજ્ય અને ધર્મસત્તા ઉપર પણ તેજાબી છંટકાવ કર્યો. શિક્ષણ અને વૈજ્ઞાનિક પ્રગતિ સાથેના જીવનના બદલાયેલા અભિગમે આ ચેતનાને તીવ્ર બનાવી. છેવટે બૌદ્ધિક ક્રાન્તિ થઇ. વ્યવસ્થાઓ સામે સવાલો ઉઠયા. વ્યૂહરચનાઓ થઇ. સંગઠનો બન્યાં... સરવાળે, જ્ઞાનપ્રકાશ અને પ્રબોધન(રેનેસાં અને એનલાઇન્ટનમેંટ)ની મશાલનાં અજવાળાંએ ચર્ચની સત્તા અને સામંતવાદી રાજ્યસત્તાના અંધકારને હટાવ્યો.





સામંતવાદના અસ્ત સાથે લોકશાહીના પ્રાથમિક રૂપનો સઘળે સ્વીકાર થયો. લોકશાહીમાં સ્વતંત્રતા, સમાનતા, બંધુતાની સાથે ધર્મનિરપેક્ષતા પણ એટલું જ અગત્યનું મૂલ્ય બન્યું.

આ તમામ પરિબળોને કારણે યુરોપમાં આધુનિકતાનો યુગ શરૂ થયો. એક એવા વિચારસંપૂટને યુરોપનાં પ્રજાજનોએ ધીમેધીમે સ્વીકારવા માંડ્યો, જેણે માણસજાતની વિકાસયાત્રાને ચોક્કસ મુકામે લાવી મૂકી. નવી ચેતનાએ નવાં પરિબળોમાં નવો આકાર લીધો. સૃષ્ટિનું રહસ્ય, માનવજન્મ-મરણનું રહસ્ય, વૈજ્ઞાનિક શોધખોળો અને અવિરત ખોજના પરિણામે નવો અર્થ લઇને સમજાયું. પરિણામે માનવનું મહત્ત્વ, એના શ્રમનું મહત્ત્વ, એની સિદ્ધિઓનું મહત્ત્વ સમજાયું. માનવકેન્દ્રિતા અને વૈજ્ઞાનિક અભિગમને કારણે ચમત્કારો, અંધશ્રદ્ધા, ધાર્મિક કપોળકલ્પનાઓ જેવાં ધર્માધારિત-ધર્મગુરૂઓ દ્વારા-ધર્મગ્રંથો દ્વારા ઠસાવવામાં આવેલાં તત્વોની અસરો ધીમેધીમે ઘસાતી ગઇ. બુદ્ધિનિષ્ઠા અને આત્મપ્રશ્નેયતા જેવાં મૂલ્યોને કારણે સમાજજીવન ધીમે ધીમે પલટાતું ગયું.

નવા જન્મેલા નાગરિકધર્મ, ધર્મનિરપેક્ષતા વગેરે આધુનિકતાનાં મૂલ્યો સામે પેલો પરંપરાગત ખ્રિસ્તીધર્મ લગભગ ઝૂકી ગયો.

અલબત્ત, એવું નથી કે યુરોપમાં ધર્મ સદંતર નાબૂદ થઇ ગયો... બલ્કે ધર્મ શ્રદ્ધા લગભગ અંગત બાબત બની છે, રોજીંદા જીવનમાં એનું ખાસ સ્થાન નથી રહ્યું અને જૂની પરિપાટી મુજબ પ્રાર્થના-અર્પણ વગરે પણ અંગત કે નહિવત્ થઇ ગયાં છે. મુખ્ય મુદ્દો તો 'રાજ્ય'નો છે. રાજ્ય-ન્યાયતંત્ર વગેરે રાજકીય માળખાં ધર્મનિરપેક્ષ-ધર્મથી અળગાં બન્યાં છે. મતલબ કે પાદરીઓ કિંગમેકર મટી ગયા છે. દંડસંહિતા ઘડનારા-ન્યાય કરનારા અને 'પાપ'ના નામે જુલમ કરનારા પાદરીઓની સત્તા લોકશાહીના આગમનથી નાબૂદ થઇ ગઇ છે. એવું પણ નથી કે ચર્ચ (ધર્મસભા; મકાન નહિ) ને તાળાં વાગી ગયાં હોય! બલ્કે આધુનિક સમયમાં જનસાધારણની અભિપ્સા ને જિજ્ઞાસાને સંતોષવા ધર્મસભાએ પણ નવાં નામ-રૂપ અપનાવવા પડ્યાં છે. ખ્રિસ્તીધર્મનાં મૂળ મૂલ્યોને બરકરાર રાખીને પણ, જનસાધારણની વચ્ચે જવું પડ્યું છે. સ્વર્ગમાં નહિ કે પ્રલયકાળના ચુકાદા(લાસ્ટ

જજમેન્ટ) વખતે પણ નહિ; આ જ જગતમાં અને વર્તમાનકાળમાં જ વાસ્તવિક વિપત્તિઓને દૂર કરવા વ્યવહારૂ હસ્તક્ષેપ કરવાની ફરજ પડી છે. પાયાની જીવનજરૂરિયાતો અને મૂળભૂત માનવઅધિકારો માટે સંઘર્ષરત પણ બનવું પડ્યું છે. યુરોપના નવા માનવ પાસેથી ખસીને ત્રીજા વિશ્વના દેશોમાં જવું પડ્યું છે; તે પણ જૂનાં મહોરાં તજીને-નવા, માનવીય ચહેરાને લઇને!

અધૂરામાં પૂરું, બબ્બે વિશ્વયુદ્ધો અને નાનાં મોટાં ગૃહયુદ્ધો, ઓળખના રાજકારણપ્રેરિત હિંસા અને આતંકવાદે પણ નવા માનવીની, કોઇ પરમ તત્ત્વ ઉપરની શ્રદ્ધાના ચૂરેચૂરા કરી નાખ્યા છે. પોકળ અને પાંગળી ધર્મશ્રદ્ધાના વિકલ્પની ખોજમાં એને આધુનિકતાનાં મૂલ્યો મળ્યાં છે. સાથે સાથે વૈશ્વિક બનેલા મૂડીવાદે, વિકસતા જતા બજારે, વ્યક્તિગત ભૌતિક સુખ અને સગવડની ઇચ્છાએ અને ઇચ્છાઓને પૂરી કરવાના પ્રયાસોએ ઘડેલા આર્થિક સંબંધોએ સમાજરચના ઉપર પણ ઉંડી અસરો કરી છે.

છેલ્લી બે-અઢી સદીઓના આ પ્રયાસોએ 'ધર્મ' સામે મોટું પ્રશ્નચિહ્ન ખડું કર્યું છે. ખાસ તો સંસ્થાગત ધર્મના હાથ હેઠા પડયા છે એમ કહી શકાય.

જો કે આધુનિક સમાજો ગણાતા યુરોપ-અમેરિકાનાં દેશોમાં 'પ્રજાકીય સહિષ્ણુતા' ઘટતી ગઇ છે, એ નોંધવું જોઇએ. છેલ્લા બે'ક દાયકામાં, વૈશ્વિકરણ સામે અમુક રીતના વિરોધો હિંસક પણ બન્યા છે એ સાચું, પણ પશ્ચિમના દેશોમાં આને આતંકવાદ ઠરાવીને, એ આતંકવાદના વિરોધને નામે ઇસ્લામ વિરોધી વલણો અને વર્તણૂંક પેદા થયાં છે. એ જાણે સવાલ ઊભા કરે છે કે આ તે કેવી ધર્મનિરપેક્ષતા? અથવા આ તે કેવી આધુનિકતા... જે સામાજિક પૂર્વગ્રહો જગાડે? આવા સવાલોનો સામનો કરવો પડે એવું પણ બને.

અહીં આપણો સવાલ એ હોવો જોઇએ કે ભારતમાં, આપણે જેને હિંદુધર્મ કહીએ છીએ તે, મૂળે બ્રાહ્મણધર્મ - સંસ્થાગત બન્યો હતો? એની ગતિ સ્થિતિ કેવી રહી? એના માળખા સામે કોઇ વિદ્રોહ થયો છે? જો હા-તો કેવો અને કેવી રીતે? અને





શું એની અસરો આજે પણ મોજુદ છે? વગેરે... આગામી ખંડમાં આપણે આ સવાલમાં ઊંડાં ઉતરીશું.

## ભારતના સંદર્ભમાં ધર્મનું સંસ્થાકરણ

### હિંદુધર્મ કે બ્રાહ્મણધર્મ?

વર્ષોથી આ દેશમાં પ્રવર્તમાન મુખ્ય ધર્મને 'હિંદુ ધર્મ' કહેવામાં આવે છે. મજાની વાત તો એ છે કે એ તો આ ધર્મને બહુ પાછળથી મળેલું નામ છે; તે પણ અન્યધર્મીઓએ આપેલું નામ. આ દેશમાં વહેતી સિન્ધુ નદી-જે ઉત્તરથી પશ્ચિમે વહીને, અરબી સમુદ્રમાં મળતી હતી-નીચે પશ્ચિમથી આ દેશમાં વેપારાર્થે, સત્તા ને સંપત્તિ માટે લગભગ પંદરસો વર્ષ પહેલાં જે સમુદાયો આવતા હતા, તેમની ભાષામાં 'સિન્ધુ'નો ઉચ્ચાર 'હિન્દુ' કરતા. તેમણે હિન્ધુ / દુ નદીની પૂર્વે વસતા, આ ભૂપ્રદેશના લોકોને 'હિન્ધુ/દુ' તરીકે ઓળખ્યા અને હિન્દુ લોકો જે ધર્મ પાળતા તેને 'હિંદુધર્મ' તરીકે ઓળખ્યો. ઇસુની 6ઠી સદીથી આ સમજણ વિકસતી ગઇ. આ લોકોને આ ભૂપ્રદેશમાં 'મ્લેચ્છ' કે 'યવન'ના નામે ઓળખવામાં આવતા.

બાકી તો આ દેશનો વર્ચસ્વશાળી અને ધર્મનું સ્થાપન-સંચાલન કરનાર જે સમુદાય હતો, તે બ્રાહ્મણોના નામથી 'બ્રાહ્મણધર્મ' તરીકે ઓળખાવો જોઇએ; તે ધર્મને બ્રાહ્મણો પોતે 'સનાતન' ધર્મ કહેતા. સનાતન એટલે શાશ્વત, ચિરંતન.

શરૂઆતમાં જ સ્પષ્ટતા કરવી જોઇએ કે જેમ મધ્યએશિયા, યુરોપના દેશોમાં યહૂદી ખ્રિસ્તી, ઇસ્લામ વગેરે ધર્મો જે રીતે સંસ્થાકૃત થયા તે રીતે સનાતન કે બ્રાહ્મણધર્મનું સંસ્થાકરણ નથી થયું. એનાં કારણો અને પરિણામો આગળ ઉપર જોઇશું. વળી એ રીતે બ્રાહ્મણધર્મની સ્થાપના 'આ કે તે સમયે' નથી થઇ, એના સ્થાપક 'અમુક કે તમુક' પણ નહોતા અને એના સિદ્ધાંતો કે ધર્માદેશો 'ફલાણા-ઢીંકણા' ગ્રંથમાં જ સમાયેલા છે એવું પણ નથી. બ્રાહ્મણધર્મે, સભ્યતા અને સંસ્કૃતિના જીવંત પ્રવાહમાંથી આકાર લીધો હતો. એનું સાતત્ય એ જ એની

પ્રાચીનતા છે. જેમ જેમ આ ભૂપ્રદેશની માનવસભ્યતા આગળ વધતી ગઇ તેમ તેમ જે જે ભાવનાઓ અને કાર્યો ખિલતાં ગયાં, વિચારો અને આચારો વિકસતા ગયા તેને પછીથી 'ધર્મ' કહેવામાં આવ્યા; તે વિશે આપણે 'સર્વસાધારણ ધર્મવિચાર' પ્રકરણમાં જોયું. એ રીતે જોતાં, આ ધર્મ જીવનશૈલીમાં વણાઇ ગયેલો અથવા જીવનશૈલીરૂપે જ વિકસ્યો એમ કહી શકાય. એટલે જ એનું સ્વરૂપ અને ચરિત્ર શરૂઆતથી જ લવચીક(ફ્લેક્સીબલ) અને મોકળું છે; છતાં એક ચોક્કસ પળે એમાં જડતા અને દઢાગ્રહિતા આવ્યાં. આ બંને તાસીર તપાસવાથી આપણી 'ખોજ'ની દિશા નક્કી થવાની છે.

આ બ્રાહ્મણધર્મની શરૂઆત પહેલાં, આ ભૂપ્રદેશમાં પણ માનવસભ્યતા હતી. ખાસી વિકસિત હતી. એ ઇ.પૂ. 3500 થી 5000 વર્ષ પહેલાંની વસાહતોનાં ખંડેર, આજના પાકિસ્તાનમાં મોંહે-જો-દડો અને હડપ્પામાં મળ્યાં. ત્યાર પછી પશ્ચિમભારતના દરિયાકિનારાના પ્રદેશો -લોથલ, રોઝડી, રંગપુર, ધોળાવીરા વગેરે સ્થળે તથા મધ્યભારતના ડુંગરાળ વિસ્તારોમાં પણ મળી આવ્યાં છે. આ પ્રજાઓ વેપારવણજ, ખેતીપશુપાલન, કાપડવણાટ, વહાણવટું, નાના ઉદ્યોગો- વગેરે કરતી હતી તેની સાબિતી આપતા અવશેષો, ખોદકામમાં મળ્યા છે. ત્યાંથી મળતી માટી વગેરેની મુદ્રાઓ, તક્તીઓ ઉપર કોઇ શિંગડાના મુગટધારી પુરુષની નિશાની મળે છે, જે તે સભ્યતાના 'દેવ' હોવાની શક્યતા છે. વળી એવાં મુદ્રા-તકતી વગેરે ઉપર જે લિપિ ચિતરાઇ છે તે હજી સુધી સંશોધકો દ્વારા ઉકેલી શકાઇ નથી. આથી ધર્મવિચાર કે આચાર વિશે વધુ જાણવા મળ્યું નથી.

**ત્યાર પછી, આર્યો અહીં આવ્યા (આશરે ઇ.પૂ. ૩૫૦૦) અને ગંગા-યમુનાનાં મેદાનોમાં પોતાની વસાહતો વસાવી. હિમાલયના તળેટી વિસ્તારમાં પણ વસ્યા. દરમ્યાન જે મૂળનિવાસી પ્રજાઓ હતી તેમની સંસ્કૃતિ ટકી કે કેમ એના નક્કર પુરાવા મળ્યા નથી પણ મોટેભાગે, માનવમાં આવે છે કે મૂળનિવાસીઓને આર્યોએ સંઘર્ષો કરીને હરાવ્યા-ખદેડ્યાં અને કવચિત્ લગ્ન સંબંધે બંધાઇને**





**મિશ્ર પ્રજાનું નિર્માણ પણ કર્યું હતું. જેમ પ્રજાતિઓનું મિશ્રણ થયું, તેમ ધર્મશ્રદ્ધામાં પણ આદાનપ્રદાન થયું જ હશે. એ સમયની મૌખિક પરંપરામાંથી આવું તારણ કાઢી શકાય.**

આપણે આગળ જોઇ ગયા કે આર્યોના સમયમાં વૈદિક ધર્મની શરૂઆત થઇ, જેને બ્રાહ્મણધર્મનો પૂર્વજ-ધર્મ કહી શકાય. વૈદિક ધર્મમાં પ્રકૃતિદેવતાઓ અને તેમની સ્તુતિ-પ્રાર્થનાઓ હતાં એ આપણે જોઇ ગયાં. ધીમેધીમે હિમાલયની તળેટી, ગંગા-યમુનાનાં મેદાનોમાં સ્થાયી થતી જતી આર્યટોળીઓ નાનાં જનપદ(ગામડાં) વસાવીને રહેવા માંડી. છૂટીછવાઇ સ્તુતિ-પ્રાર્થનાઓ સુગ્રથિત થઇને 'વેદ'રૂપે રચાઇ. અલબત્ત, મૌખિક પરંપરામાં જ રચાયેલા વેદો, મૌખિક પરંપરામાં જ સચવાયા, પેઢી દર પેઢી ધર્મવિચાર તરીકે આગળ વધતા ગયા.

ઠરીઠામ થવાને કારણે, પેલું 'યજ્ઞચક્ર' પણ સ્થિર બન્યું. અર્પણવિધિ, યજ્ઞ, તે માટેની વેદી- વગેરે વ્યક્તિગત કાં તો જનપદમાં સામૂહિક રીતે સાદા વિધિથી કરવાની શરૂઆત થઇ. ચારે વેદોની અલગ અલગ ભૂમિકા બની. યાદ રાખવું ઘટે કે ચારેય વેદો ક્રમશઃ રચાયા છે — વિકસતી જતી સભ્યતા માટે રચાયા છે. ઋગ્વેદ જૂનામાં જૂનો છે; જેમાં પેલી પ્રાથમિક શ્રદ્ધાનાં પ્રતીક સમી પ્રકૃતિદેવતાઓની સ્તુતિ-પ્રર્થનાઓનો સંગ્રહ છે અને દેવતાઓ પાસે સલામતી અને ધન-ધાન્ય-ફળ-ફૂલની સમૃદ્ધિની, ક્લેશરહિત જીવનની માંગણીઓ છે. યજુર્વેદમાં પ્રત્યેક પ્રકૃતિદેવતાને પ્રસન્ન કરવા, માંગણી કરવા અને આભાર માનવા જે યજ્ઞ કરવા પડે તેનાં વિધિ-વિધાન અને મંત્રોનું નિરૂપણ છે. સામવેદમાં એ મંત્રો કેવી રીતે ઉચ્ચારવા જોઇએ એની પદ્ધતિ આપવામાં આવી છે. મૌખિક પરંપરા દ્વારા એ ઉચ્ચારણોને ચુસ્તપણે પાળવામાં આવે છે. અને અથર્વવેદમાં આર્યોના આર્યેતર પ્રજાઓ સાથેના સંપર્કને કારણે મળેલી વિદ્યાઓ, ધર્મભાવના, વિધિ-વિધાનના મંત્રોનો સંગ્રહ છે. વેદો જેમ એક સાથે નથી રચાયા, તેમ જ કોઇ એક વ્યક્તિ દ્વારા નથી રચાયા. અનેક ઋષિઓએ, જેમને 'ઉદ્‌ગાતા' કહેવાતા તેમણે રચેલા છે. વ્યક્તિગત પ્રસિદ્ધિ અહંકાર તરફ દોરી જાય છે એવું ભારતીય સંસ્કૃતિમાં

માનવામાં આવતું હોવાથી, વેદો ઇશ્વરસર્જિત છે એમ કહેવાયું છે. પછીના સમયમાં બાઇબલ, કુરાન, તૌરાહ... તમામ ધર્મસાહિત્યને ''ઇશ્વરસર્જિત'' કહેવામાં આવ્યું છે, પણ હકીકતે તમામ ધર્મશાસ્ત્રો માનવસર્જિત જ છે.

વેદકાળમાં જ આર્યો અને અંશતઃ આર્યેતર પ્રજાઓના મિશ્રણ દ્વારા સમાજવ્યવસ્થા તો વ્યવસ્થિત થવા જ માંડી હતી. તેનાં મૂળમાં રહેલી તત્કાલીન આર્થિક પ્રવૃત્તિઓ વિશે ટૂંકમાં સમજીએ તો, આર્યો હવે જમીન, ખેતર, ગૌચર ધરાવતા થયા હતા. ખેતી અને પશુપાલન એમની મુખ્ય આર્થિક પ્રવૃત્તિઓ હતી. જીવનજરૂરિયાતનાં સાદાં સાધનો બનાવવાંની કારીગરી પણ શરૂ થઇ હતી. હરાવેલા આર્યેતરોને આર્યોએ દાસ-ચાકર-ગુલામ બનાવ્યા હતા. જેઓ આર્યોનાં ખેતરોમાં, ઘરોમાં, જનપદોમાં-ખેતમજૂર, ઘરનોકર, કારીગર વગેરે શ્રમનાં કામ કરતા હતા. સમાજવ્યવસ્થા માલિક અને શ્રમિક(ગુલામ), એમ બે વિભાગોમાં વહેંચાવા લાગી હતી.

## આર્થિક ભેદભાવ અને વર્ણભેદ

શ્રમિક અને માલિકના રૂપે વહેંચાયેલા સમાજમાં એક નવો ભેદભાવ પણ શરૂ થયો હતો. આ દેશના મૂળનિવાસીઓ મધ્યમકદનાં, ઘઉવર્ણા કે શ્યામ ચામડી ધરાવતા અને ઘેરા રંગના વાળ-આંખો ધરાવનારા હતા; જ્યારે આગંતુક પ્રજાઓ ઊંચા-પ્હોળા-કદાવર બાંધાની, ગૌરવર્ણની અને ભૂખરા-સોનેરી-કત્થઇ વાળ-આંખો ધરાવતી હતી. આર્યોએ શારિરીક સૌન્દર્યના આધારે માણસોની ઉચ્ચાવચતાના નવા માપદંડો બનાવ્યા. ગૌર-કદાવર વગેરે —'સુંદર' અને તેથી 'ઉચ્ચ' કહેવાયા અને 'મધ્યમ કદ'ના અને 'ઘઉંવર્ણ' તે 'કુરૂપ' અને 'હીન' કહેવાયા. ગૌરવર્ણના આર્યો જે ભાષા બોલે તે 'દેવભાષા-સંસ્કૃત' અને હીન ગણાતા આર્યેતરોએ તે નહિ જ બોલવાની અને 'પ્રાકૃતો' બોલીઓ' અણઘડ બોલી જ બોલવાની. આમ આર્યોનું સમાજિક વર્ચસ્વ વધતું ગયું, કેમ કે એમની આર્થિક સમૃદ્ધિ પણ વધતી ગઇ હતી અને એ સમૃદ્ધિના પાયામાં હતાં આર્યેતર શ્રમિકોનો અથાક શ્રમ અને તેમનું અપાર શોષણ. આ રીતે અહીં આર્થિક ભેદ અને વર્ણભેદ, આર્થિક અને સામાજિક-બેવડા શોષણનાં પરિબળો બન્યાં.





ધર્મ સાથે એ કેવી રીતે જોડાયાં તે જાણવું રસપ્રદ હકીકત છે. શ્રમ વિકસ્યો તેમ તેમ શ્રમનું વિભાજન થતું ગયું. વેદોના રચનાકાર અને યજ્ઞવિધિ કરાવનાર ઋષિઓ-ઉદ્‌ગાતાઓએ આ વિભાજનનું નિયમન કરવાની જવાબદારી લીધી. ઋગ્વેદની અમુક ઋચાઓમાં સૃષ્ટિના સર્જનનું રહસ્ય વર્ણાવાયું છે. પૃથ્વી-આકાશ-પાણી વગેરેની વિશાળતાનું વર્ણન થયું છે. ક્યાંય રૂઢિજડ ધર્મનું રૂપ નથી મળતું. પરંતુ એ જ ઋગ્વેદમાં મંત્ર રચાયો કે સ્રષ્ટા એવા બ્રહ્મપુરુષના મુખમાંથી બ્રાહ્મણો પેદા થયા છે, જેમણે વેદોનું રક્ષણ, યજ્ઞનું નિયમન, વિદ્યા આપવાનું અને ધર્મનં સંચાલન કરવાનું કામ કરવાનું છે અને તેઓ મુખમાંથી પેદા થયા હોવાને કારણે સમાજમાં સર્વશ્રેષ્ઠ સ્થાન ભોગવશે. ક્ષત્રિયો યજ્ઞપુરુષના બાહુ (હાથ)માંથી પેદા થયા છે અને તેમણે સમાજનું રક્ષણ કરવાનું છે, વખત આવ્યે શત્રુ સામે યુદ્ધ પણ કરવાનું છે. તેમનું સમાજમાં દ્વિતીય સ્થાન રહેશે. વૈશ્યો યજ્ઞપુરુષના પેટમાંથી પેદા થયા છે તેથી એ સમુદાય, સમાજનું પેટ ભરવાનું કામ -કૃષિ, વેપાર વગેરે કરશે અને ત્રીજું સ્થાન શોભાવશે. અને શૂદ્રો-એટલે કે આર્યેતર ગુલામો-મિશ્ર લગ્નથી ઉપજેલા વર્ણસંકરો, હીન લોકો સમાજનાં હીન-મેલાં-નીચાં કામ કરશે, બાકીનાં ત્રણ વર્ણોની સેવા કરશે ને હંમેશાં એમના હાથ નીચે રહેશે કેમ કે તેઓ, યજ્ઞપુરુષના પગમાંથી પેદા થયા છે.

બસ, આ આ મંત્રોને વેદવાક્ય કહ્યા, બ્રહ્મવાક્ય કહ્યા અને એનું ઉલ્લંઘન કરવાની કોઇ જ છૂટ ન અપાઇ અને આ ''માનવસર્જિત'' શ્રમવિભાજન ભારતીય સમાજવ્યવસ્થાનું મૂળભૂત તત્ત્વ બની ગયું, ધર્માચરણની ધરી બની ગયું, સંસ્કૃતિનો સ્રોત બની રહ્યું એમ કહેવાય છે, પણ આપણી ખોજના સંદર્ભે, સદંતર શોષણમૂલક આર્થિક પ્રવૃત્તિ બની; જેણે સમાજમાં આર્થિક સંબંધો નિર્ધારિત કર્યા અને આર્થિક ભેદભાવોને એક નવો વળાંક આપીને જડબેસલાક બનાવ્યા એમ કહેવાય.

'શ્રમવિભાજન' આમ તો સભ્યતાના વિકાસ માટે, સમાજની આર્થિક પ્રગતિ માટે, સામાજિક સ્થિરતા માટે અને તેથી કરીને સુચારુ સમાજ-સંચાલન માટે એક ખૂબ અસરકારક અને વિચારપૂર્ણ વ્યવસ્થા તરીકે વિદ્વાનો દ્વારા વખાણાતું આવ્યું છે; પણ એને કારણે જ વર્ગીય હિતો અને અમાનુષી ભેદભાવોને પ્રોત્સાહન

મળ્યું. 'વર્ણ'માંથી જ્ઞાતિઓ જન્મી, એમાંથી પેટા જ્ઞાતિઓ જન્મી. પાંચેક હજાર વર્ષ દરમ્યાન થયેલી આ પ્રક્રિયામાં વધતી જતી વસ્તી, મિશ્રલગ્નો અને જ્ઞાતિબદ્ધ લગ્નો જેવાં સામાજિક વાસ્તવોએ સભ્યતાના વિકાસની તરાહોને વિચિત્ર રીતે મચડી નાખી.

અમુક વિદ્વાનો કહે છે કે શ્રમવિભાજનથી વિકાસનું પ્રમાણ અને સમતુલા જળવાય છે, તો સામે સવાલ એ થાય છે કે એના કારણે, ભારતીય સંદર્ભમાં જે રીતે જન્મથી જ જ્ઞાતિ / વર્ણ મળે છે એ માન્યતાને વળી ધાર્મિક માન્યતા(ટેકો) મળી તેને કારણે એ ઉચ્ચાવચતાનો મિનારો તોડવાનો વિચારમાત્ર અધાર્મિક અને અસંસ્કારી કહેવાયો; પરિણામે શોષણ ટકી રહ્યું- તેનું શું? વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિ પ્રથાએ હજારો વર્ષથી આ દેશને અન્યાય, અત્યાચાર અને બર્બર માનસિકતામાં જકડ્યો છે, તો સામે પક્ષે શોષિતોની માનસિકતામાં લાચારી અને પરાધીનતા જેવાં તત્ત્વોએ એમનું હીર ને ખમીર હણી લીધાં છે. પોતાના શોષણ વિશેની જાગૃતિ અને પ્રતિકાર કરવાની હિંમત પણ નથી રહ્યાં.

આ આર્થિક-સામાજિક શોષણને જાણે સાહજિક હોય તે રીતે ધર્માજ્ઞાઓથી સાંકળવામાં આવ્યું. 'વેદો' પછી 'સ્મૃતિ ગ્રંથો'ના સમયમાં 'મનુસ્મૃતિ'માં મનુએ આ ભેદભાવોને સામાજિક અને ન્યાયિક ચોકઠાંમાં બદ્ધ કર્યા. જેમ કે, લગ્ન સંબંધો ફક્ત પોતાનાં વર્ણ અને જ્ઞાતિમાં જ બાંધવા, ખાનપાનના વહેવાર પણ એ જ રીતે હોવા જોઇએ વગેરે. દંડનીતિમાં પણ આ ઉચ્ચાવચતાને જ અનુસરવામાં આવી. ભયાનક અપરાધની સજા બ્રાહ્મણો માટે હળવામાં હળવી રાખવામાં આવી; જ્યારે નજીવા ગુનાસર શૂદ્રોને દેહાંતદંડ સુદ્ધાં મળતો! 'કારણ કે, બ્રાહ્મણો સમાજના કર્તાહર્તા હતા- પવિત્ર હતા- યજ્ઞપુરુષના મુખમાંથી જન્મેલા... અને આ સઘળા નિયમ-કાનૂન-સિદ્ધાંત યાને 'ધર્મ'ના ઘડવૈયા પણ એ લોકો જ હતા. વેદો અને સ્મૃતિગ્રંથોને ધાર્મિક ઉપરાંત સામાજિક વ્યવસ્થાના ગ્રંથો તરીકે માન્ય રખાય છે.

પછીના કાળમાં ચાણક્યના 'અર્થશાસ્ત્રે' આ ભૂમિકા ભજવી. જેમાં દેશની આર્થિક પ્રવૃત્તિઓ, ક્ષમતા, બજારની રણનીતિઓ, રાજા અને વેપારીના અધિકારો અને





ફરજો ઉપરાંત, ઉત્પાદન સંબંધોની વાત પણ તે સમયની પરિભાષામાં થઇ; જેમાં એ જ –વર્ણવ્યવસ્થા મુજબ, વંશપરંપરા મુજબના શ્રમને બહાલી અપાઇ અને શૂદ્રોની ગુલામીને બરકરાર રખાઇ. સરવાળે આર્થિકનીતિઓ પણ આ કહેવાતી ધાર્મિક આજ્ઞાઓને અનુસરે તેવી વ્યવસ્થા રચાઇ.

આ તમામ શોષક અર્થવ્યવસ્થા-રાજ્યવ્યવસ્થા અને સમાજવ્યવસ્થાની અમાનવીય અને અન્યાયકર્તા તરાહોને, સંપૂર્ણ માન્યતા તો ત્યારે મળી, જ્યારે બ્રાહ્મણધર્મના સર્વમાન્ય અને પૂજ્ય ધર્મગ્રંથ ભગવદ્‌ગીતામાં એને બહાલી મળી. કહેવાય છે કે ભગવદ્‌ગીતા શ્રીકૃષ્ણે પોતે રચી છે- જેમાં તે કહે છે કે "ચારેય વર્ણોનું સર્જન મેં કર્યું છે!" –બસ, સ્વયં ભગવાને જે વ્યવસ્થા સર્જી તેનું ઉલ્લંઘન શી રીતે કરાય?!

બ્રાહ્મણધર્મનો ખૂબ જાણીતો અને આજ સુધી ટકી ગયેલો 'કર્મનો સિદ્ધાંત' પણ શ્રમવિભાજન-વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિપ્રથાને વળી આગવી રીતે ટેકો આપે છે. બ્રાહ્મણધર્મે પુનર્જન્મ અથવા જન્મ-જન્માંતરનો સિદ્ધાંત પણ તરતો મૂકેલો; જે તમામ હિંદુઓ લગભગ માન્ય રાખે છે. પુનર્જન્મ અને કર્મનો સિદ્ધાંત એકમેક સાથે સંકળાયેલા છે. આ કર્મ એટલે કામ, કામકાજ, શ્રમ નહિ; પણ નસીબ-નિયતિ; આ જન્મે કરેલાં સારાં કામનું સારું ને નઠારાં કામનું નઠારું ફળ આવતા જન્મે મળનાર છે- તે સિદ્ધાંતને કારણે સ્વાભાવિક રીતે શ્રમિકોની પીડા અને શોષણ યથાવત્ રહ્યાં.

જે રીતે જ્ઞાતિવ્યવસ્થા ચાલી રહી છે એમાં, શૂદ્રો તો પછીના સમયમાં ધીમેધીમે કારીગર વર્ગમાં ગયા અને થોડીઘણી સ્વીકૃતિ પણ મેળવી. પણ જે શ્રમિકો, કહેવાતાં 'મેલાં કામ' કરતાં તેમને 'પંચમ' કહ્યા, વર્ણોની બહાર રાખ્યા અને સદંતર અસ્પૃશ્ય-અછૂત રાખ્યાં. શૂદ્રો-વૈશ્યો વચ્ચે ક્યારેક વ્યવસાયલક્ષી ભેળસેળ પણ થતી રહી છે, પણ પંચમનું કામ તો પંચમ જ કરી રહ્યાં છે હજારો વર્ષથી.

## સંસ્થા વગરનું સંસ્થાકરણ

જ્ઞાતિપ્રથા વધારે ચુસ્ત બની. આમ તો વ્યવસાયને કારણે જ્ઞાતિઓનું ગઠન થયું હતું પણ ક્યારેક સ્થળાંતરને કારણે, ક્યારેક લગ્નસંબંધમાં લીધેલી થોડીક છૂટછાટને

કારણે, ક્યારેક સામાજિક બહિષ્કારને કારણે અને ક્વચિત્ આર્થિક ઉન્નતિ (અપવર્ડ મોબિલિટી) ને કારણે જ્ઞાતિઓ વધતી ગઇ, પેટાજ્ઞાતિઓ બનતી ગઇ અને માનવ સમાજ વિસ્તરતો ગયો, વહેંચાતો ગયો અને એ ખંડિતતામાંય નાનાં નાનાં વર્તુળો સર્જાતાં ગયાં. પ્રત્યેક વર્તુળ(જેને શબ્દશઃ 'ગોળ'નામે ઓળખવામાં આવે છે — ગુજરાતીમાં)ની પોતાની વ્યવસ્થા સરજાતી ગઇ. બંધારણ, પંચ, નિયમ-કાનૂનો, આચાર-વિચારો, રીત-રિવાજો... અને ગોળ કે કુળનાં અલગ કુળદેવતાઓ પણ સરજાતાં ગયાં. પ્રત્યેક જ્ઞાતિનાં પંચો અને બંધારણ દ્વારા આ સઘળાંનું નિયમન-નિયંત્રણ થતું ગયું. એ પછી કહેવાતા ઉપલા વર્ણો હોય કે કહેવાતા મધ્યમ અને કહેવાતા નીચલા વર્ણો હોય- પ્રત્યેક વર્ણમાંથી અસંખ્ય જ્ઞાતિઓ અને તેની મજબૂત વ્યવસ્થાઓ ઘડાતી ગઇ.

યાદ રહે, ધર્મ એ જ્ઞાતિ નથી. પણ પ્રત્યેક જ્ઞાતિ સાથે ધર્મ અને તેના પેટા પંથો સંકળાયેલા છે. અમુક જ્ઞાતિએ અમુક જ દેવી દેવતાની પૂજા કરવી એવું પ્રાચીનકાળમાં હતું પણ ધીમેધીમે એમાં સંયોજન-વિઘટન થતા રહ્યાં છે (પરમ્યુટેશન-કોમ્બીનેશન). એક જ દાખલો જોઇએઃ વૈશ્ય વર્ણમાંથી 'વણિક' કે 'વાણિયા' જ્ઞાતિ નિપજી. વેપારવણજ સાથે જોડાયેલી આ જ્ઞાતિનાં ધીમે ધીમે વ્યવસાયલક્ષી વર્તુળ અલગ થવા લાગ્યાં; જેમ કે ઝવેરી, પરીખ, સોની જેવાં વર્તુળો, જે અલગ છે છતાં સંકળાયેલા છે- મોટેભાગે સોનાચાંદીના દાગીના, હીરા-મોતી વગેરે નંગોની પરીક્ષા-વેચાણ અને સ્થાનિક ઉપરાંત અન્ય દેશપ્રદેશોમાં તેનો વેપાર. ધર્મની દષ્ટિએ આ ત્રણે વર્તુળ હિંદુ / બ્રાહ્મણ ધર્મ પણ પાળે છે અને તેમાં પાછા જે સંપ્રદાયો અને પંથો બન્યાં તેનું અનુસરણ પણ કરે જ છેઃ આ લોકો હિંદુ / બ્રાહ્મણ ધર્મના મુખ્ય પ્રવાહ સમો 'વૈષ્ણવ' — કૃષ્ણભક્તિ) ધર્મ પાળે છે, તો કેટલાંક વર્તુળ વળી એમાંથી જ સુધારેલો (રિફોર્મ્ડ) સ્વામીનારાયણ સંપ્રદાય અનુસરે છે જે તાત્ત્વિક રીતે તો કૃષ્ણભક્તિનો જ મહિમા કરે છે. તો વળી આ ત્રણે વણિક પેટાજ્ઞાતિઓ જૈનધર્મ પણ પાળે છે; જે બ્રાહ્મણધર્મની સામે, ઠેઠ ઇ.પૂ. છઠ્ઠી સદી દરમ્યાન માથું ઉંચકીને ખડો થયો છે અને સૈદ્ધાંતિક રીતે પણ જુદો છે. વળી જ્ઞાતિઓ





અને પેટાજ્ઞાતિઓ આંશિક રીતે પ્રાદેશિક હોય છે પણ મૂળમાં પ્રત્યેક પ્રદેશમાં મૂળ વર્ણવ્યવસ્થા તો એક જ છે —બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને પંચમ.

ધર્મવિચાર સાથે આટલા વિસ્તારથી જ્ઞાતિવિચાર કરવો બહુ જરૂરી છે. એક તો, પ્રત્યેક જ્ઞાતિની આંતરિક માળખાંગત વ્યવસ્થાને કારણે વ્યવસાયો વહેંચાયા- વહેંચાતા રહ્યા છે અને આર્થિક પ્રવૃત્તિ એ રીતે ચાલતી રહી છે. આર્થિક વિકાસ થતો રહ્યો અને જ્ઞાતિ વિષયક ઉચ્ચાવચતાને કારણે ધનિક-શ્રમિક સંબંધો ભેદભાવસૂચક જ રહ્યા પણ ગુજરાત-રાજસ્થાન જેવા પ્રદેશોમાં (જે છેક 12 મી સદી સુધી એકાકાર રહ્યા છે)'મહાજન' સંસ્કૃતિ ફેલાઇ; જેમાં ધનિકો શ્રમિકો પ્રત્યે દયા-કરૂણાથી વર્તે અને એમને 'યોગ્ય' જીવનજરૂરિયાતની ચીજો પણ આપતા રહે. જે પ્રવર્તમાન માલિક અને વેઠિયા મજૂરના સંબંધો કરતાં વધુ માનવતાપૂર્ણ દેખાય છે. આને કારણે ઉત્પાદન ક્ષમતા અને સંપત્તિ સંચયનું પ્રમાણ વધે છે, પરિણામે ગુજરાતની (રાજસ્થાનની પણ) વ્યાપારી સંસ્કૃતિ અને સમૃદ્ધિની બોલબાલા થાય છે. આ સફળતાનો યશ ધાર્મિકતા અને ઇશ્વરપ્રીતિ સાથે જોડવામાં આવે છે. સંસ્કૃતિનું સ્વરૂપઘડતર ધર્માચરણ દ્વારા થાય છે એવી સાધારણ માન્યતા હોવાથી આવો પ્રચાર-પ્રસાર સદીઓથી થતો રહ્યો છે અને લોકલાગણી પણ એ જ કહે છે. લોકમાનસ પણ આવી શ્રદ્ધાથી જ ઘડાતું રહે છે.

સરવાળે, અહીં ધર્મે પ્રબોધેલી અને ધર્મે ટકાવેલી જ્ઞાતિવ્યવસ્થા પોતે એક એવી આર્થિક-સામાજિક વ્યવસ્થા બની રહી કે જેને કારણે આ દેશની સંસ્કૃતિ ચાલી રહી છે અને અન્ય ધર્મ-સંસ્કૃતિઓ —યહૂદી, ખ્રિસ્તી, ઇસ્લામ-ની જેમ બ્રાહ્મણ / હિંદુ ધર્મે કોઇ ઔપચારિક સંસ્થાઓ, માળખાં બનાવવાની જરૂર જ નથી પડી; જ્ઞાતિ જ સંસ્થા છે, જે ધર્મને પણ ટકાવી રાખનારું મોટું પરિબળ બની રહી છે.

આ દેશમાં આધુનિકતાનાં મૂલ્યોને પ્રવેશવા અને ટકવા માટે, લોકશાહીના સાચા સ્વરૂપને સ્થાપવા માટે જ્ઞાતિસંસ્થા એક મોટામાં મોટું અવરોધક પરિબળ છે એટલું કહીને મુદ્દો સમેટીએ.

## સંસ્થાકરણનું આગવું સ્વરૂપ

સંસ્થા વગર પણ ધર્મનો પ્રસાર પ્રચાર થઈ શકે એનું દૃષ્ટાંત છે બ્રાહ્મણધર્મે કરેલો શ્રાવ્ય એવાં સમૂહ માધ્યમોનો મબલખ ઉપયોગ.

આપણી શ્રુતિસંસ્કૃતિની પરંપરા ખૂબ જાણીતી છે. વેદકાળ દરમ્યાન ગુરૂકુળોમાં, કિશોર-યુવાન વિદ્યાર્થી સમુદાયોને વેદનું અધ્યયન કરાવાતું અને મૌખિક પરંપરામાં વેદો ગવાતા ગવાતા જીવંત રહ્યા. ભારતભરનાં ગુરૂકુળોએ આ શ્રુતિ પરંપરા જાળવી, ચાલુ રાખી, આગળ ધપાવી. એક તબક્કે 'વેદો'નું બીજું નામ જ 'શ્રુતિ' પડી ગયું.

સ્મૃતિઓ, બ્રાહ્મણગ્રંથો... વગેરે પણ આ જ પરંપરામાં શિખવાતાં રહ્યાં, સમજાવાતાં રહ્યાં અને જીવંત પરંપરા બનતાં ગયાં. લેખનકળા શરૂ થઈ ગઈ હતી પણ શિક્ષણપદ્ધતિ અને પ્રસાર પદ્ધતિ તો મૌખિક જ રહી.

કર્મકાંડના વિધિઓ દરમ્યાન આ જ્ઞાન સિદ્ધાંતો મૌખિકપણે જ અમલમાં મૂકવામાં આવતા અને એને માટે ખાસ બ્રાહ્મણ યાજ્ઞિકો-પુરોહિતોની મંડળી દેશમાં ચારે દિશાએ પહોંચી જતી અને ધર્માદેશો ફેલાવતી રહેતી. સેંકડો વર્ષ સુધી આ દેશના જનસાધારણનાં કાન-મન-ચિત્ત-હૃદયમાં આ શાસ્ત્રવચનો રેડાતાં રહ્યાં. અલબત્ત, બધું જ ફક્ત સંસ્કૃત ભાષામાં જ હતું. એટલે શાસ્ત્રીઓ-પુરાણીઓ જેટલું અને જેવી રીતનું આપે તેટલું જ લોકોને મળતું. પાપ-પુણ્ય, સ્વર્ગ-નર્ક, દાન-ધર્માદો, તીર્થયાત્રા, સારા-માઠા પ્રસંગનાં વિધિ-વિધાનો... વગેરે જનસાધારણના જીવનમાં દૃઢ થતું રહ્યું. કહો કે, જીવનશૈલીમાં ઓતપ્રોત થતું રહ્યું.

પછીના કાળમાં પુરાણકથાઓ, મહાકાવ્ય-કથાઓ, વ્રતકથાઓ વગેરે પણ આ જ રીતે અપાતી રહી-ફેલાતી રહી-જીવતી રહી અને બ્રાહ્મણધર્મને જીવતો રાખતી રહી. આપણે જાણીએ છીએ કે આ દેશમાં જનસાધારણને વ્યવસ્થિત શિક્ષણ તો આજે પણ નથી મળી રહ્યું, તો પ્રાચીન કે મધ્યકાળની તો વાત જ શી કરવાની?! છતાં કહેવાતા નિરક્ષર, અશિક્ષિત જનસાધારણને હંમેશાં પુરાણકથાઓ,





અવતારકથાઓ, દેવ-દેવીઓનાં ચરિત્રો-ચમત્કારો, અઘરાં ગણાતાં ઉપનિષદનીયે કેટલીક રસપ્રદ કથાઓ, રામાયણ-મહાભારતની સળંગસૂત્ર વાર્તાઓ ખબર છે. પરંપરાએ એમને સંભળાવ્યે રાખી છે અને જનસાધારણ ઝીલતાં રહ્યાં છે. સાચા અર્થમાં બ્રાહ્મણધર્મ (અને અન્ય ધર્મો પણ) મૌખિક પરંપરા દ્વારા જ ફેલાયો છે.

મધ્યકાળ પછી, દેશભરની સ્થાનિક ભાષાઓમાં રામાયણ-મહાભારતનાં રસપ્રદ ભાષાંતરો થતાં રહ્યાં છે, કથાગીતો રચાતાં રહ્યાં છે. ઉપરાંત, લોકનાટકોએ પણ એનો ભરપેટ ઉપયોગ કર્યો છે- કહો કે, ધર્મકથાઓએ પોતાનાં માધ્યમ તરીકે કથાગીતો અને લોકનાટકોનો ખૂબ અસરકારક રીતે ઉપયોગ કર્યો છે. ભીંતચિત્રોમાં પણ ધર્મકથાઓ જ ચિતરાઈ છે. પર્વતોની ગુફાઓમાં, દેવસ્થાનો અને સભાગૃહોમાં અને મોટાં લોકોનાં નિવાસસ્થાોમાં પણ ધર્મકથાઓ ચોમેર ફેલાઈ છે.

ખરેખર, આ દેશમાં, બ્રાહ્મણધર્મે પ્રાચીનકાળથી, મધ્યકાળ સુધી કોઈ સંસ્થા સ્થાપ્યા વગર જ ધર્મને માનવજીવનમાં દૃઢીભૂત કરી દીધો હતો.

સાધારણ રીતે, માત્ર ભયમાંથી મુક્તિ યાચવી, જીવનજરૂરિયાતોની માંગણી કરવી અને મળ્યા પછી આભાર માનવા સિવાય પણ માણસનો ઈશ્વર સાથેનો સંબંધ એક બીજા સ્તર ઉપર પણ બંધાયેલો હતોઃ સર્જનહાર અને સૃષ્ટિનાં રહસ્યોની ખોજ કરવી અને એ 'સત્ય' પામવા તપ-સાધના-એકાંતવાસ વગેરે જેને 'આધ્યત્મિકતા' કહેવાય છે, તેનો અધિકાર પણ બ્રાહ્મણોએ પોતાના હાથમાં રાખ્યો હતો. ઉપર જણાવેલી સાધના મોટેભાગે તો બ્રાહ્મણો જ કરતા, કવચિત્ ક્ષત્રિયવર્ણને એ છૂટ હતી. પણ વૈશ્યો, શૂદ્રોને સાધના કરતાં નોંધવામાં નથી આવ્યા. પંચમનો તો ત્યાં પ્રવેશ સુદ્ધાં નહોતો. અભિપ્સા કે જિજ્ઞાસા પણ શૂદ્રો કે પંચમે વ્યક્ત કરવાની છૂટ નહોતી.

આ મુદ્દાને વિગતવાર વર્ણવવાની જરૂર એટલે પડી કે આગળ જતાં જ્યારે બ્રાહ્મણધર્મ સામે અલગ અલગ રીતે વિરોધના સૂર ઉઠ્યા ત્યારે બ્રાહ્મણ સિવાયનાં વર્ણોના ધર્માધિકારનો મુદ્દો પણ મહત્ત્વનો હતો. વળી આપણી આ પુસ્તિકામાં જે ભક્તિપ્રવાહ વિશે વાત કરવાનાં છીએ તે પણ, શૂદ્રો અને અતિશૂદ્રો જે આજે

વિવિધ કારીગર જાતિઓ(ઓ.બી.સી.) અને દલિતો (એસ.સી) તરીકે જાણીતા છે તેવા સમુદાયનો બ્રાહ્મણધર્મ સામેનો વિદ્રોહ અને પોતાના ધર્માધિકાર વિશેની દૃઢ માંગણી રૂપે જ અભિવ્યક્ત થયો હતો.

જો કે ત્યારે પણ એક-બે અપવાદ સિવાય, સમાજનાં આ શોષિતોએ ફક્ત ધર્માધિકારની જ માંગણી કરી હતી અથવા તો પોતાની અભિપ્સાના બળે પોતાનો ઈશ્વર આગવી રીતે સરજી લીધો હતો.

- ધર્મે આ એટલું સચોટ રીતે કર્યું છે- કહો કે ધર્મ દ્વારા થતું આવ્યું છે કે, એની પાછળનું શોષણ જોવાને બદલે માણસજાત સલામતી, આશ્વાસન, કૃતજ્ઞતા અને ક્વચિત્ પલાયન પણ મેળવતી રહી છે. શ્રદ્ધા, ઉર્મિલતા, મમત્વ જેવી ભાવનાએએ ધર્માચરણને 'સહજ' બનાવ્યું છે અને લગભગ અનિવાર્ય' પણ.

- જીવનમાં ઓતપ્રોત થઈ ગયેલી ધર્મભાવનાએ, માત્ર જનસાધારણને જ નહિ; કહેવાતા ઉપલા-સંપન્ન વર્ગને પણ એટલા ધર્માધારિત બનાવ્યાં છે કે તેમણે ધર્મભાવના ઉપર ક્યારેય બૌદ્ધિક વિચાર, પ્રશ્નો કે તર્ક કરવાનું સાહસ કર્યું નથી.

- જે કંઈ વિરોધના સૂર ઉઠ્યાં છે તેમણે પણ મૂળગામી વિચાર કરવાના જે કંઈ થોડાઘણા પ્રયાસો કરીને સમગ્ર ધર્મભાવનાને નવેસરથી, નવાં નામરૂપ સાથે જીવનદાન જ આપ્યું છે. આગળનાં પ્રકરણોમાં આવા પ્રયાસોની તપાસ કરીશું.

- અહીં આવતાં એક-બે વિશેષ મુદ્દા ઉપર ભાર મુકવો જરૂરી લાગે છેઃ પ્રાચીનકાળથી તે મધ્યકાળ સુધી, અને પછી પણ... આ દેશનું મુખ્ય ઉત્પાદન, ખેતી, પશુપાલન, કારીગરીઓ અને બાંધકામ કળા સુધી સીમિત રહ્યું છે. ઉત્પાદનનાં સાધનો પણ સાદાં, હાથબનાવટથી બનાવેલાં રહેલાં છે. તે કાળમાં લગભગ તો સંપૂર્ણપણે વરસાદી ખેતી થતી હતી. ઉત્પાદન





મર્યાદિત પ્રમાણમાં થતું હતું. સ્વાભાવિક રીતે, માલિક અને શ્રમિક વચ્ચેના સંબંધો એક તો શોષણમૂલક વર્ગભેદ આધારિત હતા; ઉપરાંત જ્ઞાતિવ્યવસ્થાની ઉચ્ચાવચતા પણ એમાં મોટો ફાળો આપતી હતી. પરિણામે સામંતી માનસિકતા અને સામંતી અર્થવ્યવસ્થા ઉપરાંત રાજ્યવ્યવસ્થાને કારણે ધર્મવિચાર પણ કુંઠિત હતો એમ કહી શકાય. એ બંધિયાર વાતાવરણમાં વિદ્રોહની કાંકરી કોણે ફેંકી- ક્યારે ફેંકી અને એનાંથી કેવાં વમળો સરજાયાં તે આપણી ખોજનું આગલું પ્રસ્થાન થશે.

**પ્રકરણ-3**

# વિદ્રોહનાં વમળો

કોઇ પણ વ્યવસ્થા પોતાના જન્મની સાથે જ, પોતાના અંતનાં પરિબળોને સાથે લઇને ગોઠવાતી હોય છે. માનવસમાજનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે કોઇ પણ વ્યવસ્થા- પછી એ રાજકીય હોય, આર્થિક હોય, સામાજિક કે ધાર્મિક હોય; કદી એના એ રૂપે ટકી નથી રહેતી. એમાં આવનારા બદલાવો પણ અટકીને નથી રહેતા.

પણ આપણે અહીં અફસોસ સાથે નોંધવું પડે છે કે, આ ભૂપ્રદેશ-ભારતવર્ષમાં ઇ.પૂ. 6ઠ્ઠી-7મી સદી આવતાં સુધીમાં સુસ્થાપિત થયેલી ધાર્મિક પરંપરાઓ, ઇશ્વર વિચાર વગેરે કાળક્રમે મજબૂત બનતાં ગયાં, અવનવા ઉમેરા સાથે, રૂપાંતરિત થતાથતાં વધુ ને વધુ છવાતાં ગયાં. આમ છતાં દુન્યવી દુઃખોથી ત્રસ્ત દુનિયાના પ્રશ્નો કંઇ દૂર નહોતા થયા; બલે વધતા ગયા હતા. સૃષ્ટિના રહસ્યને જાણવા, દુઃખો દૂર કરીને સુખની ખોજમાં ધર્મના પંથે અને એવો પંથ છોડીને પણ કેટલાક લોકોએ વ્યક્તિગત પ્રયાસો કરવા માંડયા હતા; જે ધર્મજડ સમાજનાં બંધિયાર પાણીમાં ફેંકાયેલી નાની-શી કાંકરીઓથી માંડીને મોટા પથ્થર સુધ્ધાં ફેંકીને નાનાં મોટાં વમળો સર્જવાનું સાહસ હતું.

ઉત્તર-વેદકાળમાં, જામતા જતા વૈદિક ધર્મ-યજ્ઞચક્ર-વિવિધ અર્પણ-બલિઓ અને કર્મકાંડો સામે, બ્રાહ્મણોની વધતી જતી સત્તા સામે, જનસાધરણની દયનીય દશા





સામે, વર્ણવ્યવસ્થાની જડતા સામે અજંપો જાગ્યો હતો. અપૂર્ણ રહેલી અભિપ્સા સાથે જવાબોની શોધમાં નવી દિશાઓની ખોજનો ગાળો શરૂ થયો હતો.

## વેદાન્ત નામે વિકલ્પ

વેદનો જ્યાં અંત આવ્યો તે વેદાંત- એમ સાદો અનુવાદ કરીને કહી શકાય... પણ એ અંત નહોતો; નવી વિચારધારામાં એનું રૂપાંતરણ હતું એમ કહેવું જોઇએ. અલબત્ત, આ વિચારક્રાન્તિ હતી, જે વૈદિક ધર્મ અને ત્યાર પછી આવનારા રૂઢીચુસ્ત બ્રાહ્મણધર્મના સંક્રાંતિકાળે થઇ હતી. જ્યારે ઉપનિષદો રચાયાં તે સમયે વૈદિક વર્ણવ્યવસ્થા, યજ્ઞચક્ર, કર્મકાંડો અને પ્રકૃતિતત્ત્વોમાંથી ઉભાં કરવામાં આવેલાં અનેક દેવી-દેવતા સામે પ્રશ્નો તરતા થયા. કેટલાક વિચારપ્રધાન પુરૂષોએ ઇશ્વર સાથેનો સંબંધ અલગથી સ્થાપવાની શરૂઆત કરી. વેદોના ચીલે ચાલીને ધર્માચરણ કરવાને બદલે અભિપ્સાનું વૈચારિક વિસ્તરણ કર્યું. તે શબ્દશઃ 'વેદાંત.' બ્રાહ્મણોની સત્તા નક્કર આકાર લેતી જતી હતી ત્યારે એમના જ અંતર્વિરોધો સમા ઋષિઓએ એકાંત-ચિંતન, ચર્ચા, સંવાદ અને નિસ્પૃહી પર્યટનો દ્વારા આ વિચારધારા શરૂ કરી જેમાં જીવ (મનુષ્ય), જગત અને સ્રષ્ટા(ઇશ્વર) વિશેનું ગાઢ ચિંતન શરૂ થયું હતું. ખાસ તો સૃષ્ટિના સર્જનનું પ્રયોજન, એમાં વળી મનુષ્યના સર્જનની ભૂમિકા, જીવન-મૃત્યુ અને મૃત્યુ પછીની ગતિના રહસ્ય વિશેની ચર્ચા કેન્દ્રમાં હતી. ઉપનિષદો પણ ક્રમશઃ રચાયાં છે પણ એના સર્જકો નિશ્ચિત છે. એ રીતે વ્યક્તિગત વૈચારિક પ્રક્રિયાનું અહીં મહત્ત્વ છે.

ઉપનિષદોમાં 'આદર્શ' પુરુષ'ની પરિકલ્પના પણ આપવામાં આવી છે. એ પુરુષ(ઋષિ) જગતના મામલાઓમાં દખલ નથી કરતો. આસપાસની ઉથલપાથલો અને ભાવાવેગો પ્રત્યે નિર્લેપ રહે છે. ધર્મ પ્રત્યે પણ ઉદાસીન હોય છે. દેવતાઓ અને પ્રકૃતિનાં મૂળ તત્ત્વોથી પણ પર હોય છે. એ 'બ્રહ્મ' સાથે તાદાત્મ્ય અનુભવે છે- આ બ્રહ્મ નિત્ય અને અવિનાશી છે. 'માનવી' જ આવો 'આદર્શ પુરુષ' બની શકે છે. આવી આધ્યાત્મિક વ્યક્તિ માનવજન્મની સાર્થકતા પૂરવાર કરી શકે છે. આમ, ઉપનિષદે માનવ મહિમા કરી, માનવીને સૃષ્ટિના કેન્દ્રમાં સ્થાપ્યો. જે એના પોતાના જ કાળમાં નહિ; અમુક અંશે આજે પણ પ્રસ્તુત લાગે.

'આત્મા' વિશેનો ખ્યાલ પણ ઉપનિષદોમાં મૌલિક રીતે પ્રગટ થયો છે. આત્મા એ જ બ્રહ્મ છે અને બ્રહ્મ એ જ આત્મા છે. આત્મા એ પ્રત્યેક જીવ / વ્યક્તિનો આંતરિક અહમ્ (ઓલ્ટર ઇગો) છે. બ્રહ્મ અને આત્માની એકતાની વાત કરવામાં આવી છે. જો કે 'બ્રહ્મ' એક અમૂર્ત અને અવૈજ્ઞાનિક વિચાર માત્ર છે એ યાદ રહે.

જગત સતત પરિવર્તનશીલ હોય છે. આ પરિવર્તનની અસર સમગ્ર ચેતન અને જડ પદાર્થો ઉપર થતી જ રહે છે. વ્યક્તિ અને સમાજના આધ્યાત્મિક વિશ્વ ઉપર પણ પરિવર્તનનો પ્રભાવ રહે જ છે.

ઉદ્દાલક નામના ઉપનિષદ્કારે વિશ્વની ઉત્પત્તિને લગતું ચિંતન ખૂબ જ મૌલિક રીતે કર્યું. તેમણે હિંમતપૂર્વક જાહેર કર્યું કે મૂળ સર્જનશક્તિ તો પ્રકૃતિમાં જ રહેલી છે. વિશ્વમાં જે કંઇ છે તે બધું, ભૌતિક તત્ત્વોની પેદાશ છે. વિશ્વના સર્જનમાં દેવોની કોઇ જ ભૂમિકા નથી. દેવો નહિ પણ માનવી પોતે જ પોતાનાં કૃત્યોની મૂલવણી કરવા સક્ષમ છે. માનવી જીવન પ્રવાહને સમજવાની શક્તિ ધરાવે છે. ઉદ્દાલકનાં આ વિધાનોને સ્વયંભૂ પ્રકારના ભૌતિકવાદ વિશેના ચિંતનના પ્રથમ ઉદ્ગારોનું સન્માન બક્ષવામાં આવે છે. જો કે આ ચિંતનને લોકપ્રિય બનવા દેવામાં નથી આવ્યું.

આ અને આવી બીજી ઘણી અમૂર્ત લાગતી વિભાવનાઓ અને આદર્શો દ્વારા ઉપનિષદોની દાર્શનિક પદ્ધતિએ પહેલીવાર ધારણાઓ-કલ્પનાઓને સ્થાને તાર્કિકતા પ્રસ્તુત કરી. ઉપનિષદના તર્કવાદ અને અધ્યાત્મવાદે વૈદિક-બ્રાહ્મણિક ઇશ્વરવિચાર અને ધર્મવિચારની સામે નવો વિકલ્પ આપ્યો- વિદ્રોહી મિજાજની સાથોસાથ. આ પ્રકારની જ્ઞાનધારા જનસાધારણને પહોંચે એવી નહોતી, એમને ધર્મ કે ઇશ્વરનો આ પર્યાય ગળે ઉતરે તેમ પણ નહોતો. ભય અને માંગણીથી ઘડાઇ ચૂકેલી, રૂઢ થઇ ચુકેલી જૂની ધાર્મિકતાથી ટેવાયેલા જનસાધારણ કરતાં વધુ વિકસિત ચેતના ધરાવતા કેટલાક લોકો સુધી જ આ વિચારો પહોંચી શક્યા અને કર્મકાંડ વગેરેના સ્થાને ચિંતનને સ્થાપી શક્યા.

છતાં, પારંપરિક ધાર્મિકતા અને ધર્મવિચાર-આચારની સામે ઉપનિષદોએ જે નવી





આબોહવા ફેલાવી તેણે આ દેશનાં અન્ય વિદ્રોહી ધાર્મિક-સામાજિક પરિબળો ઉપર લાંબા ગાળાની અને ઘેરી અસર કરી. ઉપનિષદકાળ પછી તરત આવનારા શ્રમણપંથો - જૈન અને બૌદ્ધ ધર્મ ઉપરાંત લોકાયતો અને આજીવકો ઉપર પણ આ તત્ત્વજ્ઞાનની તત્કાલીન અસરો જોવા મળે છે. વળી છેક ઇસવીસનની 16મી સદીમાં આવનારા ભક્તિ-સૂફી પ્રવાહો ઉપર પણ ઉપનિષદ્ના તત્ત્વજ્ઞાન, માનવકેન્દ્રિતા અને અધ્યાત્મ તથા બ્રહ્મવિચારના પ્રભાવો પડ્યા.

આમ છતાં માત્ર જનસાધારણ જ નહિ; તમામ લોકો બ્રાહ્મણધર્મના વિકલ્પ તરીકે ઉપનિષદો તરફ વળ્યાં હોય એવું ન બન્યું. એ માત્ર એની કઠિન ભાષા કે નવીન વિચારોનું જ પરિણામ નહોતું; પણ ઉપનિષદકારોએ જનસાધારણ સુધી પહોંચવાની નેમ રાખી હતી કે કેમ, એ પણ એક મહત્ત્વનો સવાલ છે.

વળી તમામ ઉપનિષદો સંસ્કૃતભાષામાં જ હતાં અને એનું સ્વરૂપ (ફોર્મેટ) ભલે સંવાદ, વાતચીત, કથનનું હોય પણ એ દુર્બોધ જ ગણાય છે.

વળી જીવનના રોજિંદા પ્રવાહમાં ઉપયોગી થાય એવું કશું બોધક તત્ત્વ એમાં નહોતું. લોકો ધર્મના જે વારસાથી ટેવાઇ ગયા હતા / અને છે… તેવી કોઇ આજ્ઞા-આચારસંહિતા કે પાપ-શાપની વાતો પણ એમાં નહોતી.

તદુપરાંત અમુક અપવાદરૂપ લેખનને બાદ કરતાં, ઉપનિષદોએ વેદોની કેટલીક દૃષ્ટાંતકથાઓનાં અર્થઘટનો કર્યાં હતાં, વિસ્તરણ કર્યાં હતાં. અને સૌથી વધુ નવાઇની વાત એ હતી કે ઉપનિષદના ઋષિઓએ 'કર્મવાદ'ને બહાલી અપીને આગળ વધાર્યો હતો. 'આદર્શ માનવી' ની વાત તો કરી હતી પણ ધીમેધીમે રૂઢ થતી જતી જ્ઞાતિપ્રથાનો વિરોધ નહોતો કર્યો; એટલું જ નહિ એનાં દૂષણો સુદ્ધાં ચિંધી બતાવ્યાં નહોતાં. જ્યાં સુધી વર્ણવ્યવસ્થા, કર્મવાદ, પુનર્જન્મ જેવાં તત્ત્વો યથાવત્ રહેતાં હોય ત્યાં સુધી પેલા રૂઢ વૈદિક -બ્રાહ્મણધર્મની કાળમીંઢ દીવાલની કાંકરીએ કેમ કરીને ખરે?!

સાથે સાથે એવાં આર્થિક કે રાજકીય પરિબળો પણ પરિપક્વ નહોતા થયાં. ખેતી-પશુપાલન-કારીગરી અને આંતરિક વેપાર સિવાય નવી આર્થિક પ્રવૃત્તિઓ કે સામંત-

શ્રમિક સિવાયના નવા આર્થિક સંબંધો પણ નહોતા બદલાયા. સામંતવાદ યથાવત્ હતો. ત્યાં શ્રમિકોની ચેતના સળવળે એવા કોઇ નવા પ્રવાહો કે તણખા પ્રગટવાનો સવાલ જ નહોતો. સમાજવ્યવસ્થા પણ 'જૈસે થે' હતી. ફક્ત ઉપલા વર્ગના ક્ષત્રિયો, બ્રાહ્મણોની અમર્યાદ સત્તા અને વધતી જતી સંપત્તિથી અસ્વસ્થ હતા અને ગૂંગળામણ અનુભવી રહ્યા હતા; ત્યાં નવી ચેતના સળવળી અને બ્રાહ્મણધર્મને હચમચાવે એવી પરિઘટનાઓ બની.

## નવા ચીલા, નવા પંથ, નવી ચેતના

ઉપનિષદ્ કાળની સાથોસાથ અને પછી તરતના ગાળામાં, અંશતઃ ઉપનિષદ્‌ની પ્રેરણાથી અને આંતરિક અભિપ્સાથી ખેંચાઇને કેટલાક લોકો, નવી ખોજમાં નીકળી પડ્યા હતા. એવા ચિંતકોનું આચારણ પણ અ-પૂર્વ અને અસામાન્ય હતું. જીવન અને સમાજ પ્રત્યેનો એમનો અભિગમ અલગ હતો. આ ચિંતકોએ કોઇ ધર્મ-સંપ્રદાય સ્થાપવાની કે નવા દેવો ઘડવાની કે દેવાલયો બંધાવવાની ઇચ્છા સાથે નવા વિચારો નહોતા ફેલાવ્યા; બલ્કે માણસજાતને અનેક પ્રકારના અન્યાયો અને વંચનાઓથી મુક્ત કરાવવાની ભાવનાથી, એક મોક્ષ / મુક્તિના આશયથી અને સંસારના સત્યને પામવાની ઝંખનાથી નવેસરથી ચિંતન શરૂ કરેલું.

## શ્રમણપંથો

ઇ.પૂ. 500-600 વર્ષથી યે અગાઉ આ નવચેતનાનો ઉદ્‌ગમ થયો હતો. બ્રાહ્મણો-પુરોહિતોની એમણે જાતે લાદેલી શ્રેષ્ઠતાનો નકાર કરનારા, આત્મા, જીવ અને બ્રહ્મની ભૂલભૂલમણીમાંથી બહાર નીકળી ગયેલા, અનેક દેવો અને મૂર્તિપૂજાની પ્રથાને તોડનારા અને ખાસ તો યજ્ઞોના કર્મકાંડ અને એમાં થતા પશુબલિથી માંડીને ક્યારેક થતા નરબલિ સુદ્ધાંની હિંસક પરંપરાનો મક્કમ વિરોધ કરનારા આ વિચારકોને આપણે યુરોપના પેલા 'પ્રબુદ્ધ ચિંતકો' જોડે જરૂર મૂકી શકીએ.

આ ચિંતકોનું જીવન શ્રમણ-પરિવ્રાજકો(ભમતા ભિક્ષુકો)નું હતું. ચિંતન અનાત્મવાદી, નિરીશ્વરવાદી અને અ-વર્ણવાદી(વર્ણ, જ્ઞાતિ, જાતિનો વિરોધ





કરનારું) હતું. આ ચિંતકો પોતે બ્રાહ્મણો નહોતા; મોટે ભાગે ગંગા-યમુનાનાં મેદાનો(મગધ, રાજગૃહી વગેરે) નાં નગરોમાં રહેતા ક્ષત્રિય રાજપુત્રો હતા. પોતાનું ચિંતન, પદયાત્રાઓ કરતાં કરતાં, લોકસંપર્ક કરતાં કરતાં જ્ઞાતિજાતિના બાધ વગર ફેલાવતા રહેતા. ખૂબ મહત્ત્વની વાત એ હતી કે પોતાના વિચારોને તેઓ સ્થાનિક લોકબોલીમાં ફેલાવતા- સંસ્કૃતમાં નહિ.

બ્રાહ્મણો અને બ્રાહ્મણધર્મનું વર્ચસ્વ તોડવાના ઇરાદા વગર જ આ શ્રમણ-વિચારધારાએ અમુક હદે બ્રાહ્મણવાદની ધાર્મિક-આર્થિક-સામાજિક ઇજારાશાહી તોડી એમ કહી શકાય.

આર્થિક રીતે જોઇએ તો, વર્ચસ્વશાળી બ્રાહ્મણો પાસે પુષ્કળ જમીનો અને દૂધાળાં પશું રહેતાં. રાજાઓ તરફથી એ દક્ષિણા / ભેટ વગેરે રૂપે પારંપરિક રીતે મળતાં. જમીનો ઉપર અસંખ્ય શૂદ્રો શ્રમ કરતા અને પશુધનની સાચવણી કરતા. આખાં કુટુંબો આ વેઠ-વૈતરાં કરતાં, પરિણામે શૂદ્રો અને શ્રમિકોમાં અસંતોષ અને પીડા વ્યાપ્ત હતાં. એમને કોઇ ધર્માધિકાર નહોતો અને પૂર્વગ્રહોનાં શિકાર બનેલાં. સામાજિક રીતે પણ બ્રાહ્મણો અને ગણ્યાંગાંઠ્યા ક્ષત્રિય રાજકુટુંબો સિવાય અન્ય નાગરિકોની સંપત્તિ અને સુરક્ષાના પણ ઘણા સવાલો હતા. ક્ષત્રિયોમાંથી જ રાજા બનતા, બ્રાહ્મણો તો કિંગમેકર, પુરોહિત કે રાજગુરુપદે જ રહીને સત્તા મેળવતા અને સત્તાનું સંચાલન કરતા. આમ, બાકીનાં ત્રિવર્ણ અને શ્રમિક શૂદ્રો-પંચમોના અણગમા અને પૂર્વગ્રહના ભોગ બનેલા બ્રાહ્મણોનું આસન શ્રમણપંથોના ઉદયને કારણે હચમચી ઉઠ્યું હતું.

ભારતવર્ષમાં એક નવી ઘટના બની રહી હતી. બ્રાહ્મણધર્મે તરછોડેલાં શ્રમિકો પોતાની અભિપ્સા અને ધર્મજિજ્ઞાસા સંતોષવા શ્રમણો પ્રત્યે જબરજસ્ત રીતે આકર્ષાયાં. આમ તો, પરિવ્રાજક એવા શ્રમણોએ કંઇ પંથો કે સંપ્રદાયો નહોતા સ્થાપ્યા પણ આગળ જતાં આ પ્રબુદ્ધ ચિંતકોને અસંખ્ય નિષ્ઠાવાન અનુયાયીઓ મળવા લાગ્યા. ધીમેધીમે તેમનાં જૂથ બનતાં ગયાં. જૂથોમાંથી 'પંથ' થયા, જે આગળ જતાં સ્વતંત્ર ધર્મ બન્યા. બ્રાહ્મણ ધર્મે તરછોડેલાંઓ સ્વાભાવિક રીતે આ પંથોના અનુયાયી થવા પ્રેરાયાં. નવી ઘટના એ બની કે આવાં હજ્જારો લોકોએ શ્રમણપંથોમાં પ્રવેશ કરવા દીક્ષા લીધી.

નવા વિચારોને વ્યક્ત કરનારા અને બહાલી આપનારા આચારોનો સ્વીકાર કર્યો, એનું પાલન કરવું શરૂ કર્યું. જેના પાયામાં સદાચાર, સંયમ, અહિંસા જેવા આચારો અને કરૂણા, પરોપકાર, અનાસક્તિ જેવી ભાવનાઓનું મિશ્રણ હતું. કોઇ કપરા કર્મકાંડ અને વિધિઓથી મુક્ત એવા આ આચાર-વિચારોનો સ્વીકાર શોષિતો-વંચિતોમાં ઝડપભેર થવા લાગ્યો અને ધીમેધીમે ધર્મવિચારોને વ્યવસ્થિત રીતે સમાજ સુધી પહોંચાડવા આ શ્રમણપંથોનું સંસ્થાકરણ થવા લાગ્યું; જે એક બીજી નવીન ઘટના હતી. દૃઢમૂળ બનેલા બ્રાહ્મણધર્મે કોઇ સંઘ કે સંસ્થા નહોતાં સ્થાપ્યાં તે આપણે જોઇ ગયાં. જ્ઞાતિ પ્રથા જ તેને માટે સંસ્થાની ભૂમિકા ભજવી રહી હતી.

શ્રમણપંથો એ જ્ઞાતિપ્રથાનો જ વિરોધ કરી રહ્યા હતા. વેદો અને ઈશ્વર-વિચારનો વિરોધ કરી રહ્યા હતા તેથી પ્રકૃતિ અને સમાજની વચ્ચે માનવીના અસ્તિત્ત્વના મહત્ત્વની ખોજ નવેસરથી, નવી પદ્ધતિથી કરવાનું તેમને માટે જરૂરી હતું. માનવવ્યવહારના નવા માપદંડો પણ એમણે સ્થાપ્યા. દેવો-અવતાર વગેરેના વિકલ્પે એમણે માનવને સ્થાપ્યો અને જ્ઞાન દ્વારા સત્યની ખોજને પ્રાથમિકતા આપી. આ માટે નવી પદ્ધતિ અખત્યાર કરવાના પ્રયાસરૂપે સંઘ જરૂરી હતા. સ્થાનિક બોલીઓમાં વિચારોને ગ્રંથસ્થ કરવા જરૂરી હતા. આચારોનું પાલન કરીને દૃષ્ટાંત(દાખલા) બેસાડવા જરૂરી હતા. એટલે શરૂઆતથી જ શ્રમણપંથો સંસ્થાગત બન્યા. બે મહત્ત્વના શ્રમણપંથો, જે આગળ જતાં 'ધર્મ' બન્યા અને જેણે ભારતની જ નહિ, જગતના ચિંતનને નવી દિશા ચિંધી તેવા જૈન અને બૌદ્ધધર્મ વિશે વાત કરવી જોઇએ.

## જૈનધર્મ

સમયની દૃષ્ટિએ બંને પંથોમાં, જૈનધર્મ જૂનો છે. આગળ જોયું તેમ, ક્ષત્રિય રાજકુટુંબમાંથી આવેલા ઋષભદેવે શ્રમણ સમુદાયોએ તરતા મૂકેલા તત્ત્વજ્ઞાનને મંડળો રચીને તે દ્વારા વિચારો અને આચાર સંહિતાનો ફેલાવો કરવા માંડ્યો. 'સંઘ'ની શરૂઆત થઇ જેને 'ગચ્છ' કહેવામાં આવે છે. વૈચારિક રીતે, જે ઇન્દ્રિયનિગ્રહ કરે, મનની વાસનાઓને જીતે તે જિન —જૈન કહેવાય. નિરીશ્વરવાદ અને અનાત્મવાદ ઉપરાંત મોક્ષનો સિદ્ધાંત અહીં માન્ય રાખવામાં





આવે છે. 'માનવકેન્દ્રિતા' કદાચ પહેલી વાર, ભારતનાં ધર્મ-તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે કેન્દ્રસ્થાને મૂકાઇ. માણસ પોતે જ નિગ્રહ અને તપના માર્ગે તીર્થંકર —અર્હંત બની શકે અને એ માટે જ્ઞાતિ-જાતિનો કોઇ બાધ ન હોઇ શકે. તર્ક, પ્રાકૃતિક વિજ્ઞાનના સાદા નિયમોનો સ્વીકાર, બુદ્ધિનિષ્ઠા, સમાનતા જેવાં આ ધર્મનાં મૂલ્યો બ્રાહ્મણવાદથી તો ઘણા અલગ અને આગળ હતાં જ; પણ આપણે કહી શકીએ કે ક્યાંક યુરોપે આપેલાં આધુનિકતાનાં મૂલ્યો જાણે ત્યાંથી મેળવ્યાં હોય તેવું યે લાગે છે.

જૈન ધર્મમાં ક્રમશઃ એક સુવ્યસ્થિત માળખું પણ રચાતું ગયું. જેમ કે, જે મનોનિગ્રહ વગેરે તપ કરે છે તે 'શ્રમણ-સાધુ.' તેણે ઘરબાર તજીને, અંગત સંપત્તિ તજીને, કઠિન આચારોનું પાલન કરવાનું રહે છે. સંઘજીવન ફરજિયાત છે. ત્યાર પછી આ ધર્મ પાળનારાં ગૃહસ્થ-સંસારીઓને 'શ્રાવક અને શ્રાવિકા' કહેવાય છે. એમણે પણ આજીવન ધર્માદેશો પાળવા પડે છે અને દૈનિક ધાર્મિક વિધિ પણ કરવા પડે છે. વર્ષ દરમ્યાન વિવિધ પ્રકારના ઉપવાસ, વ્રત, તીર્થયાત્રા વગરે પણ ધર્માચરણનાં ભાગ છે. શ્રમણો અને શ્રાવકો બંનેને માટે ખાન-પાનના અમુક નિયમો અનિવાર્ય છે.

અમુક અંશે પર્યાવરણની જાળવણી અંગેની સમજદારી અને પ્રાકૃતિક ઉપચાર વિદ્યા, ખગોળ અને ભૂગોળનું જ્ઞાન પણ શ્રમણોએ પોતાના સંઘોમાં મેળવ્યું અને આજે પણ મેળવે છે. એમના સત્યની ખોજ બહુ હવાઇ નથી બલ્કે આ જીવનને સદાચાર, સંયમી અને પરોપકારી બનાવીને ઊર્ધ્વીકરણ (સબ્લીમેશન) સાધવાને મહત્વ અપાયું છે. એક રીતે સંયમી ભૌતિકવાદી અભિગમ આ ધર્મનો પ્રાણ છે.

સ્થાપનાનાં અમુક વર્ષો પછી, સૈદ્ધાંતિક અને આચાર વિષયક મતભેદોને કારણે જૈન ધર્મના બે પંથો થઇ ગયા- શ્વેતામ્બર અને દિગમ્બર. તેનાં નામો સૂચવે છે તે મુજબના આચાર શ્રમણોએ ફરજિયાત પાળવાના રહે છે. ઋષભદેવે સ્થાપેલો પંથ આગળ જતાં 'શ્વેતાંબર' ગણાયો. એમાં વધુ વ્યવહારૂ અભિગમ સાથે સાધુ-સાધ્વીઓ સીવ્યા વિનાના સફેદ વસ્ત્રો પહેરે છે અને પગપાળા પ્રવાસો કરીને લોક સંપર્ક જાળવી રાખે છે. સમયાનુસાર, આરોગ્ય અને વૃદ્ધત્વને માન આપીને સાધુ-સાધ્વીઓ કઠોર નિયમોમાં

મર્યાદિત છૂટછાટ પણ લે છે. ગુજરાત-રાજસ્થાનમાં આ પંથનો પુષ્કળ વ્યાપ જોવા મળે છે.

24માં તીર્થંકર ગણાયેલા વર્ધમાન મહાવીરે 'દિગમ્બર પંથ' સ્થાપ્યો. એક રીતે, 'શ્વેતામ્બર' પંથના કેટલાંક આચરણોથી અસંમતિ ધરાવતા મહાવીરે ધર્મને વધુ ચુસ્ત અને વધુ કઠોર નિયમનમાં બાંધીને સેંકડો વર્ષમાં આવેલી શિથિલતાને નાથવાનો પ્રયત્ન કર્યો હતો. ખાસ તો શ્રમણો-સાધુઓ માટે આ આચરણો આદેશવામાં આવ્યાં. એનું નામ સૂચવે છે તેમ, સાધુઓએ નિર્વસ્ત્ર / 'દિગમ્બર' રહેવાનો આદેશ છે. નિજી સંપત્તિ કે વસ્ત્ર પ્રત્યેની જરા સરખી પણ આસક્તિનો ત્યાગ કરવો એ ખરા પરમપદ તરફ જવાનો સાચો માર્ગ છે. વળી વધુ નિર્જન સ્થળે એકાંતવાસ અને લાંબા ગાળા સુધીની સાધના, મૌન... જેવા નિયમોને દઢ કરીને સાધુઓને વધુ અંતર્મુખ કરવાનો આદેશ ઘડ્યો. પરિણામે શ્રમણોનો લોકસંપર્ક ઓછો થયો અને તપ-ત્યાગ-વૈરાગ્યની ભાવનાઓ દૃઢીભૂત થઇ. વળી મહાવીરે સંઘમાં સ્ત્રીઓને સાધ્વી તરીકે પ્રવેશવા ઉપર પ્રતિબંધ મૂક્યો. જો કે ઉગ્ર વાદવિવાદ પછી એ પ્રતિબંધ પાછો ખેંચાયો. સરવાળે શ્રમણોનો સીધો પ્રભાવ સમાજ ઉપર ઓછો થયો હોવા છતાં એમના તપોમય અને વૈરાગી જીવન તથા મહાવીરના જ્ઞાન-આચરણ અને સાર્વત્રિક કરૂણાનો પ્રભાવ ઘેરો-ઉંડો અને ચીરસ્થાયી બન્યો છે. આજે તો એવી સામાન્ય(ગેર) સમજ પણ છે કે જૈનધર્મની સ્થાપના મહાવીરે કરી!

ખેર, ભારતવર્ષમાં બ્રાહ્મણધર્મ સામેનો આ પડકાર પણ ચીરસ્થાયી બન્યો છે. ગુજરાત-રાજસ્થાનની ભદ્રવર્ગીય સંસ્કૃતિ ઉપર તો આચાર-વિચારોની દૃષ્ટિએ ખૂબ પ્રભાવ પાડનારો આ જૈનધર્મ એના કેટલાક સિદ્ધાંતો- અહિંસા, શાકાહારીપણું, વેપારી બુદ્ધિ, મીઠાબોલી સમાધાનવૃત્તિ, બહારની ઉથલપાથલો પ્રતિ નિર્લેપભાવ અને બિનરાજકીયતા(એપોલિટિકલ એટીટ્યૂડ)ને કારણે 'ગુજરાતી સંસ્કૃતિ'નો પર્યાય બની ગયો છે. અલબત્ત, એ ભ્રામક ખ્યાલ છે, એ વાત વળી અલગ છે!

એના ચીરસ્થાયી થવાનાં કેટલાંક કારણો છે-જેમ કે સંઘનું માળખું.





ઉચ્ચાવચતાનો ક્રમ સંઘમાં જે રીતે સમાવાય છે તેને કારણે ગુરૂપરંપરા શરૂ થઇ છે અને લોકસંપર્ક પણ ખાસ્સો થવાથી લોકપ્રિયતા પણ વધી છે. ખાસ તો શ્વેતાંબરપંથીઓએ ટકી જવા માટે, લોકપ્રિય થવા માટે અથવા તો પછી બદલાતા સમય અને રુચિને કારણે બ્રાહ્મણધર્મ અને તેના અન્ય લોકપ્રિય ધર્મ સંપ્રદાયોનાં ઉદાહરણને સામે રાખીને અપનાવેલી સમાધાનવૃત્તિ મોટું પરિબળ છે. દરેક તીર્થંકરે પોતે આપેલા ઉપદેશમાં મૂર્તિપૂજાનો વિરોધ કરેલો, પોતાને કોઇ 'દેવ' કે 'ભગવાન' ન ગણે એનો સ્પષ્ટ આદેશ આપેલો. પણ તીર્થંકરના આદેશને આઘો મૂકીને, અનુયાયીઓ અને કદાચ સાધુઓએ પણ તીર્થંકરો આદિનાથ, નેમિનાથ, મહાવીર વગેરેને માત્ર 'ભગવાન' જ ન બનાવ્યા; એમની ભવ્ય મૂર્તિઓ બનાવી, ભવ્ય દેવાલયો / દેરાસરો બંધાવ્યાં, મોટાં-વિશાળ તીર્થધામો વિકસાવ્યાં અને પર્વો-ઉત્સવોમાં ધૂમ ખર્ચા કરવા માંડ્યા. એક તરફ આત્યંતિક વૈરાગભાવ તો બીજી તરફ આત્યંતિક સંપત્તિનું પ્રદર્શન! સાધુઓનું જીવન અને અનુયાયીઓ (જૈન ગૃહસ્થો) નું જીવન સામસામા છેડાના વિરોધભાસોથી ભરપૂર બન્યું. ઉપલક રીતે પણ જ્ઞાનવાદી, ભૌતિકવાદી અને અંશતઃ વૈજ્ઞાનિક લાગતા આ ધર્મનું સાધારણ ચિત્ર તો માત્ર સૈદ્ધાંતિક રીતે અલગ પણ આચરણમાં બ્રાહ્મણવાદની અનેક મર્યાદાઓને અપનાવનારો, આંતર્વિરોધોથી ભરપૂર ધર્મ જ બની ગયો છે... પેલાં આધુનિકતાની આલેબેલ પોકારતા મૂલ્યો ક્યાંય વિસરાઇ ગયાં હોય તેમ લાગે છે!

આવું કેમ બન્યું હશે? પહેલું તો, એના સ્થાપના - પ્રસારણના સમયની રાજકીય - આર્થિક સ્થિતિ તરફ નજર નાખવી પડે.

## રાજકીય પરિસ્થિતિ

દેશમાં જ્યારે મૌર્યવંશનું શાસન હતું ત્યારે શ્રમણપંથો પાંગર્યા હતા. શ્રમણપંથોનો બ્રાહ્મણોએ ઘોર વિરોધ કર્યો પણ ધીમેધીમે રાજ્યાશ્રય મળતો ગયો હતો. બિંબિસાર, શ્રેણિક વગેરે મગધ / બિહારના શાસકોએ જૈનધર્મનો સ્વીકાર પણ કરેલો. પાછળના સમયમાં 9-10મી સદીમાં ગુજરાતના સોલંકી રાજા કુમારપાળ

અને ત્યાર પછીના કેટલાક શાસકોએ પણ જૈનધર્મ સ્વીકાર્યો અથવા સાર્વત્રિક રીતે જૈનધર્મને માનસન્માન આપેલું અને ઘણા અનુયાયીઓ થયેલા. ઘણા પ્રખર સાધુઓ ગુજરાતમાં સ્થાયી થયા. પરિણામે, સંઘની કામગિરીને પ્રોત્સાહન મળ્યું અને દેરાસરો વગેરે ઠેરઠેર બન્યાં અને સંસ્થાકરણ મજબૂત બન્યું. ધાર્મિક સાહિત્યનું વિપુલ પ્રમાણમાં ખેડાણ થયું.

## આર્થિક સ્થિતિ

જમીનો-ખેતરો તો શરૂઆતના ગાળામાં અને પછી પણ, બ્રાહ્મણો અને ક્ષત્રિય રાજકુટુંબોની માલિકીનાં જ હતાં. શૂદ્રો-શ્રમિકો ત્યાં વેઠ-મજૂરી કરતાં. આ તરફ જૈનધર્મ સ્વીકારનારા મધ્યમવર્ગના લોકો હતા; મતલબ કે ક્ષત્રિયો અને વૈશ્યોમાંથી જૈનધર્મમાં જનારા વધારે હતા. વૈશ્ય વર્ણમાં આર્થિક પ્રવૃત્તિઓનું મિશ્રણ વેદકાળથી જ હતું. ખેતી, વેપારઃ બંનેનો વૈશ્યોની આજીવિકામાં સમાવેશ થતો હતો. પણ બ્રાહ્મણો સાથે સંઘર્ષમાં ઉતરવાને બદલે, 'નવા' જૈન વૈશ્યોએ પોતાની આર્થિક પ્રવૃત્તિઓ 'વેપાર' પૂરતી મર્યાદિત કરવા માંડી. સમાજ ઘણો સ્થિર થઇ ચૂક્યો હતો. વિવિધ કારીગરી, સોના-ચાંદીનો વેપાર, સ્થાનિક તેમ જ બહારનાં રાજ્યોમાં જ નહિ, સમુદ્રમાર્ગે પણ દેશવિદેશમાં વેપારવણજ શરૂ કર્યાં. ઉત્પાદન સંબંધો 'બજાર-સંબંધો' બન્યાં અને જૈન વૈશ્યોના હાથમાં બજારનું નિયંત્રણ આવ્યું. રાજદરબારોમાં શ્રેષ્ઠિઓ(શેઠિયા)ને માન પણ મળતું અને રાજ્યમાં કટોકટી આવ્યે તેમની સહાય અને સલાહ- બંને લેવામાં આવતા. આર્થિક વિકાસ અહીં જરૂર ઊંચી કક્ષાએ પહોંચેલો. એક બીજી, બહુ વિશિષ્ટ બાબત ખાસ ધ્યાન ખેંચે તેવી છે. આપણે આગળ જોયું તેમ, વૈશ્ય અને શૂદ્ર વર્ણો અને એની અંતર્ગત આવેલી જ્ઞાતિઓનું સમાજિક અને આર્થિક સ્થાન(સ્ટેટસ) અદલબદલ થતું(શિફ્ટ) હતું. સ્વાભાવિક રીતે વ્યવસાયો પણ થવા જોઇતા હતા; અને જ્ઞાતિવ્યવસ્થામાં તો પરંપરાગત વ્યવસાય જ ચાલતા આવતા હતા. પણ જૈન ધર્માદેશ મુજબ, જે જૈન હોય તેણે અમુક વ્યવસાય ન કરવા. જેમ કે ખેતી, વૈદક, કુંભારકામ, સફાઇ વગેરે, મચ્છીમારી, દારૂ ગાળવો,





વણાટ, છાપકામ, રંગકામ... વગેરે વ્યવસાયો; જે ખાસ કરીને શ્રમિકો-શૂદ્રો કરતા હતા તેવા માટી વગેરે સાથેના શ્રમને ધાર્મિક રીતે પ્રતિબંધિત કરવામાં આવ્યા. આપણે જાણીએ છીએ કે, બ્રાહ્મણવાદના પૂર્વગ્રહો અને શોષણથી ત્રાસીને ઘણી પંચમ-શૂદ્ર કોમોએ જૈનધર્મ અંગિકાર કરેલો. હવે ધાર્મિક આજ્ઞાથી તેમનો પારંપરિક વ્યવસાય પણ ધર્મ શ્રદ્ધાની સાથે સાથે બદલાયો. (શીફ્ટ થયો). આથી જૈનો 'શ્રમજીવી' ન રહ્યા- નવો 'મધ્યમવર્ગ' ઉભો થયો અને શ્રમનાં 'મેલાં' કહેવાતાં કામો પ્રત્યે બ્રાહ્મણવાદ જેવો જ પૂર્વગ્રહ ઉભો થયો; કહો કે કાયમ રહ્યો, દ્દઢિભૂત થયો. આ શીફ્ટે સમાજ ઉપર લાંબા ગાળાનો પ્રભાવ પાડ્યો છે; જે આજ સુધી બરકરાર છે. ભૌતિકવાદની તદ્દન સ્થૂળ વ્યાખ્યામાં અટવાઇ ગયેલો અને આચાર-વિચાર વચ્ચેના તનાવમાં ફસાયેલો આ ધર્મ, કોઇ રીતે કર્મકાંડ છોડી . શક્યો નથી.

આમ, બ્રાહ્મણવાદના વિરોધમાં ઉઠેલી આ વૈકલ્પિક ધર્મશ્રદ્ધા અને સમાજ-વ્યવસ્થાનો મિજાજ, આમ તો નવી તાજગી લઇને આવ્યો પરંતુ કાળક્રમે આચરણના કેટલાક ચુસ્ત નિયમો અને પાયાની વિચારધારાને બાદ કરતાં મુખ્યપ્રવાહના બ્રાહ્મણધર્મની લગોલગ જઇને બેસી ગયો છે. અલ્પસંખ્યક હોવા છતાં સંસ્કૃતિ ઉપર એક ચોક્કસ પ્રભાવ પાડી રહેલા આ આંતર્‌વિરોધ ધરાવતા સમુદાયે 'મહાજન સંસ્કૃતિ' ઉપરાંત 'બેવડાં ધોરણો'ની સભ્યતા પણ વિકસાવી છે. અહીં ધર્મનું મૂલ્યાંકન કરવાની જગ્યા નથી, પણ એક કાળે જે આધુનિકતાનાં મૂલ્યો સાથે આવેલો તે વૈકલ્પિક ધર્મ, કેવી રીતે કો-ઓપ્ટ થાય છે તે રસપ્રદ છે; અને જો શાસનવ્યવસ્થા અને આર્થિક વ્યવસ્થા સામે બંડ ન પોકારાયું હોય તો એનું વૈકલ્પિક ચરિત્ર પણ મહત્ત્વહીન અને પ્રભાવહીન બને છે તે પણ સમજાય છે. મુખ્યપ્રવાહની આર્થિક વ્યવસ્થામાં જૈનોનો જે ફાળો રહ્યો તે પણ નોંધપાત્ર મુદ્દો બને છે

## બૌદ્ધધર્મ

બૌદ્ધધર્મે, એક વિદ્રોહી શ્રમણપંથ તરીકે, એક વ્યાપક આંતર્‌રાષ્ટ્રીય ધર્મ તરીકે

અને વીસમી ને એકવીસમી સદીમાં (20-21 AD) તેણે હાંસલ કરેલી નવી ભૂમિકા સાથે આ દેશનાં શોષિત સમુદાયનાં સાંસ્કૃતિક - સામાજિક અને રાજકીય તથા આર્થિક વાસ્તવ ઉપર પ્રભાવ પાડીને નવો ઇતિહાસ સરજ્યો છે.

બૌદ્ધધર્મની સ્થાપના પણ ઇ.પૂ. 6ઠ્ઠી સદીમાં થઇ. આજે બિહાર તરીકે જાણીતા વિસ્તારને 'મગધ' કહેતા. ત્યાંનું ગણરાજ્ય વિશાળ હતું. સામ્રાજ્યો સ્થપાયાં પહેલાંનું આ ગણરાજ્ય આમ તો એક તરફ પ્રાથમિક લોકતંત્ર અને બીજી તરફ પ્રાથમિક સામ્રાજ્યવાદી ચરિત્ર ધરાવતું હતું. અહીં શાક્ય સમુદાયના ગણમુખ્યો રાજ કરતા. આમ પણ શાક્યો 'આગંતુક' કહેવાતા. બ્રાહ્મણવાદ-બ્રાહ્મણધર્મ અને વર્ણાશ્રમનો વિરોધ કરનારા શ્રમણપંથો આ જ વિસ્તારના હતા. ક્ષત્રિય તીર્થંકરો પણ મોટાભાગે આ વિસ્તારના હતા. આવા શ્રમણપંથો વચ્ચે ક્યાંક સ્પર્ધાભાવ હતો પણ બ્રાહ્મણવાદ સામે તેઓ એકજૂટ થયા સિવાય પણ લાંબા સમયથી વિરોધ નોંધાવી રહ્યા હતા. બ્રાહ્મણો તેમને અપધર્મીઓ, નાસ્તિકો કહીને વખોડતા અને અંદરખાને ખતરો પણ અનુભવતા.

આ શાક્ય સમુદાયના એક ગણમુખ્યના પુત્ર સિદ્ધાર્થ ગૌતમ, પૂર્વે થઇ ગયેલા શ્રમણ રાજકુમારોની જેમ જ, રાજપાટ- પત્ની-પુત્રનો ત્યાગ કરીને વન -ઉપવનોમાં નીકળી ગયા (મહાભિનિષ્ક્રમણ). માનવ જીવનનાં દુઃખોએ, તેમને દુઃખનાં કારણો શોધવા અને તેને દૂર કરવાના ઉપાય શોધવાના પ્રયાસોની પ્રેરણા આપી. અનાત્મવાદી, નિરીશ્વરવાદી શ્રમણોના સત્સંગો અને તીવ્ર અભિપ્સાએ સિદ્ધાર્થને કઠોર સાધના કરવા પ્રેર્યા. અનેક શારિરીક-માનસિક કષ્ટો વેઠીને, પાર ઉતર્યા પછી પ્રબુદ્ધ-બુદ્ધ-જ્ઞાની-જાગૃત થયા. પોતાના વિચારોને તર્કસંગત રીતે ફેલાવવા બુદ્ધે લોકસંપર્ક શરૂ કર્યા. એમણે પણ, સ્થાનિક ભાષા 'પાલી'નો પ્રયોગ જ કર્યો. પછીથી જ્યારે તેમનાં વ્યાખ્યાનો અને સંવાદો ગ્રંથસ્થ થયા ત્યારે પણ સ્થાનિક ભાષાઓમાં જ લખાયા.

બ્રાહ્મણવાદ અને બ્રાહ્મણોની જોહુકમીથી ત્રસ્ત જનસાધારણ-વૈશ્યો, શૂદ્રો અને પંચમ... જૈનધર્મની જેમ બુદ્ધના વ્યક્તિત્વ, વાણી અને વિચારોથી આકર્ષાયા. બુદ્ધનું ચિંતન વધુ ભૌતિકવાદી- આ દુનિયાનાં દુઃખ અને સંતાપોના કારણો શોધીને




એને દૂર કરવાની કોશીશોનું હતું; અલબત્ત એમણે શોધેલા જવાબો આધ્યાત્મિક હતા. આમ પણ, 'બુદ્ધ' એટલે 'જાગેલો', 'જ્ઞાની', જેણે 'સત્ય'નો અનુભવ કર્યો છે તે. એ 'સત્ય' એટલે સૃષ્ટિનું પ્રયોજન-જીવનમાં જ્ઞાન, ક્ષમા અને શાંતિના રસ્તે મળતું સત્ય. બુદ્ધના કહેવા મુજબ માનવી પોતાના અજ્ઞાનના અંધાપાને કારણે, દુન્યવી તૃષ્ણાને કારણે દુઃખ વહોરી લે છે. આ તૃષ્ણાઓનો ત્યાગ તેને દુઃખમાંથી છોડાવશે. નૈતિક આચાર માનવીમાત્રને બુદ્ધ બનાવી શકે. ખૂબ મહત્ત્વનો છે બુદ્ધે પ્રબોધેલો 'મધ્યમ માર્ગ'! જૈન જેવા આચારપ્રધાન ધર્મના તપ-ઉપવાસ-બ્રહ્મચર્ય વગેરેના અતિચુસ્ત નિયમોની સામે બુદ્ધે સમ્યકતા-બેલેન્સનો મહિમા કર્યો. આત્યંતિક દેહકષ્ટને બદલે, સમ્યક્ આચાર અને ગહન (ઊંડા) વિચાર-ચિંતન માનવીને મોક્ષ તરફ લઇ જશે એ એમનો અભિગમ હતો. એ જ ધર્મ —'ધમ્મ' હતો.

બુદ્ધે માનવકેન્દ્રી ચિંતન કર્યું. જાતને ઓળખવી, પોતે જ પોતાનો દીપક બનીને માર્ગ શોધવો, માનવમાત્ર સાથે સમાનતા અને પ્રેમથી વર્તવું, સંતોષી અને પરોપકારી જીવન જીવવું, અહમ્‌નો નાશ કરવો, હિંસાચારથી દૂર રહેવું.

બુદ્ધે સૃષ્ટિના સર્જન વિશે પણ ઉકેલો શોધવાની કોશીશ કરી હતી. તે કહેતા કે જગત પરિવર્તનશીલ છે. ઉત્પત્તિ અને લયની અવિરત પ્રક્રિયા, કાર્ય-કારણના નિયમોને વશ વર્તે છે. કશું શાશ્વત નથી. અવિનાશી નથી. આત્મા જેવું કંઇ નથી. જગત ભૌતિક નિયમોથી ચાલે છે. માનવી જ્ઞાન-પ્રજ્ઞાના આધારે ભૌતિક જગતથી મુક્ત થઇ શકે છે —બુદ્ધ થઇ શકે છે. માનવકેન્દ્રિતા 'આધુનિક મૂલ્યો'ની પુરોગામી હતી. બુદ્ધના અનુયાયીઓએ 'સંઘ' સ્થાપ્યો. સાધુઓ 'સ્થવિરો' કહેવાયા. જનસાધારણે પણ ધીમેધીમે સંઘમાં પ્રવેશ કર્યો. ધીમેધીમે પ્રસાર-પ્રચાર વધતો ગયો. મગધની બહાર પણ વિચારો ફેલાયા. સૌથી મોટી ઘટના એ બની કે 'ધમ્મ'ને- મતલબ કે બુદ્ધે સ્થાપેલા બૌદ્ધ ધર્મને બહુ મોટો અને બહુ મોટા પાયે રાજ્યાશ્રય મળ્યો; તે પણ મૌર્યકાળ હતો અને 'સમ્રાટ' થયેલા અશોકે એને પ્રશ્રય આપ્યો, પરિણામે સુરક્ષા, સંપત્તિ અને સ્થિરતા માટે સંઘે પાછું વળીને જોવું ન પડ્યું. બુદ્ધના અવસાન પછી, એમના અનુયાયીઓએ ઠેરઠેર સંઘ, વિહારો,

ચૈત્યો(ધ્યાનકેન્દ્ર)ની સ્થાપના કરી. સંઘબળ વધતું ગયું તેમ તેમ બ્રાહ્મણધર્મ સામે ખતરો ઊભો થતો ગયો.

ગણરાજયમાંથી શક્તિશાળી સામ્રાજ્ય બનેલા મગધના સમ્રાટ અશોકે અનેક યુદ્ધો કરીને પોતાનું સામ્રાજ્ય જમાવ્યું હતું. બિહારની બહાર પણ આજે, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ તરીકે ઓળખાતા પશ્ચિમ અને દક્ષિણ પ્રાન્તો ઉપરાંત આજે ઓડિશાથી ઓળખાતા, કલિંગ અને પૂર્વીય સમુદ્રતટો ઉપર અશોકનું સામ્રાજ્ય ફેલાયું હતું. અશોકે અનેક હિંસક સંગ્રામો ખેલ્યા હતા અને કલિંગ પ્રદેશમાં થયેલા ભયાનક હિંસાચાર પછી એનું હૃદય પરિવર્તન થયું અને એણે 'ધમ્મ'ના આદેશો સ્વીકાર્યા એ જાણીતી વાત છે. ખાસ તો અહિંસા, શાંતિ, માનવતા... વગેરે નૈતિક મૂલ્યો ઉપર એણે પોતાની રાજનીતિ કેન્દ્રીત કરી. એણે પોતે જે જે સ્મારકો-મહાલયો વગેરે બંધાવ્યા, ત્યાં ત્યાં 'ધમ્મ'ના સંદેશ પણ કોતરાવ્યા; જે જનસાધારણ માટે અશોકના શાસનના દસ્તાવેજી પૂરાવા બની ગયા છે. અશોકે માનવતાવાદી વર્તણૂંક, સમાનતા, અહિંસા,સાદગીભર્યું જીવન, પરોપકાર જેવા સદાચાર નાગરિકોને ચિંધ્યા છે. રાજાઓ(શાસકો)એ ન્યાયપૂર્ણ, સમાનતાવાદી વર્તન લોકો સાથે રાખવું, શાસનમાં ક્રૂરતા અને પક્ષપાત વગર ન્યાય આપવો, કરવેરાનો બોજ એટલો ન રાખવો કે પ્રજાનું દમન થાય; રાજયમાં પ્રવર્તમાન તમામ ધર્મો(બ્રાહ્મણ અને શ્રમણ) ને સમાન માનસન્માન આપવું, પ્રત્યેક નાગરિકને પોતાનો ધર્મ પાળવાની સ્વતંત્રતા રહેવી જોઇએ અને રાજયનાં સુખ શાંતિ માટે શાસકે સદાય ખડેપગે રહેવું... વગરે આજ્ઞા પણ લગભગ 'ધમ્મ' પ્રેરિત છે. એક સત્તાપ્રેમી શાસકમાંથી પ્રજા પ્રેમી રાજામાં થયેલું અશોકનું રૂપાંતર પણ 'ધમ્મ' પ્રેરિત છે. જે 'ચંડ અશોક' કહેવાતો હતો તે 'પ્રિયદર્શી' બન્યો તે ઐતિહાસિક હકીકત છે.

આજે આપણે જેને 'સર્વધર્મ સમભાવ' કહીએ છીએ તેવી રાજનીતિનાં બીજ આ સમયે —ઇ.પૂ. બીજી સદીમાં રોપાઇ ચૂક્યાં હતાં, એ લાક્ષણિકતા પણ 'ધમ્મ'ને કારણે વિકસી હતી.

કારણ કે, બૌદ્ધધર્મ નવું ચિંતન-નવી આચાર સંહિતા લઇને આવ્યો હતો પણ કોઇ મોટા ધાર્મિક અભિયાનો ચલાવવામાં નહોતાં આવ્યાં. બ્રાહ્મણધર્મનાં દેવ-





દેવીઓનો વિરોધ નહોતો કર્યો. અઢળક મંદિરો-મૂર્તિઓ વિશે પણ ખંડનાત્મક વિધાન નથી કર્યાં. પોતે જેની સામે સૈદ્ધાંતિક રીતે બાખડી બાંધી રહ્યા હતા, તેને વિશે લેશમાત્ર કટુતાનાં વચનો નથી કાઢયાં. ક્યારેક બુદ્ધનાં પ્રવચનોમાં બ્રાહ્મણધર્મ સામે સૌમ્ય મજાકો જોવા મળે છે; એટલું જ! જે કંઇ નવજાગરણ હતું તે વૈચારિક સ્તરે હતું.

મોટો ફરક એ હતો કે સંઘનાં દ્વાર સૌને માટે ખુલ્લાં હતાં. વળી આચારો પણ એટલા કઠોર નહોતા. સ્ત્રીઓને પણ સંઘમાં પ્રવેશ હતો જ. વળી ગૃહસ્થોને નડે-કનડે એવી આચારસંહિતા નહોતી. રાજાઓ, વેપારીઓ, કર્મકારો, શ્રમિકો...સૌ કોઇ પોતપોતાનાં વ્યવસાય કરતા રહે ને સદાચાર યુક્ત 'ધમ્મ'નું પાલન કરતા રહે, અહંકાર અને લોભ છોડીને સમતાનો વહેવાર રાખે એટલી જ અપેક્ષા હતી.

એ બહુ સૂચક છે કે બૌદ્ધધર્મે પુનર્જન્મ, જન્મજન્માંતર, મોક્ષ, અવતારવાદ, કર્મવાદ જેવા બ્રાહ્મણધર્મના પાયારૂપ સિદ્ધાંતોનો વિરોધ નહોતો કર્યો; બલ્કે પોતાના ધર્મમાં આ તમામ મુદ્દાને સમાવી લીધા હતા. બુદ્ધના નિર્વાણ (અવસાન) પછી, બુદ્ધના અનેક અવતારો, ચરિત્રો વગેરેની અસંખ્ય લોકકથાઓ / ધર્મકથાઓ, 'જાતકકથા'ના રૂપે ફેલાઇ; જેમાં 'બોધિસત્ત્વ' રૂપે અવતરતા રહેલા બુદ્ધનાં અનેક પરાક્રમો, ચમત્કારો, ઉપદેશો વગેરેનાં રસપ્રદ વર્ણનો છે. જેણે જનસાધારણને આકર્ષવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હશે. બાકી તો અન્તર્મુખ મનાતો બૌદ્ધ ધર્મ, મૌલિક કથાસાહિત્યના સંદર્ભે મુખર અને લોકપ્રિય છે, તદુપરાંત બ્રાહ્મણીક પુરાણકથાઓની સમકક્ષ રસપ્રદ કલ્પનોત્થ સાહિત્યથી ભરપૂર પણ છે.

કર્મકાંડ અને મૂર્તિપૂજાના વિરોધથી શરૂ થયેલા ધર્મની સ્થિતિ ધીમધીમે બદલાતી ગઇ. બુદ્ધના અવસાન પછી, રાજ્યાશ્રય તો હતો જ. સલામતી અને સમૃદ્ધિના કારણે, પહેલાં વિહારો અને ચૈત્યો બન્યાં, સ્તૂપો બન્યા —જેમાં બુદ્ધનાં અંગોને સ્મારક તરીકે સાચવવાની પ્રથા શરૂ થઇ. મોટાં મોટાં ધ્યાનમંદિરો અને વિરાટકાય બુદ્ધમૂર્તિઓ, જાતકકથાઓનાં સુરેખ ચિત્રોથી ભરપૂર ગુફાઓ વગેરે માધ્યમોએ બે કામ કર્યાં- એક તો, 'ધમ્મ' લોકપ્રિય અને લોકભોગ્ય બન્યો અને બીજું, મુખ્ય

પ્રવાહના બ્રાહ્મણધર્મના પ્રચાર-પ્રસારની વિદ્યાઓ(કોમ્યુનિકેશન ફોર્મેટ્સ)ને સ્વીકારીને લગભગ સમકક્ષ પણ બન્યો. શ્રમણપંથોએ સતત આ વિરોધાભાસ દાખવ્યો છે.

થોડાએક દાયકા પછી, 'ધમ્મ'ના બે મુખ્ય ફાંટા પડ્યા- મહાયાન અને હીનયાન. મહાયાને બુદ્ધને 'ભગવાન' બનાવીને 'સંઘ'ને સત્તા ને સમૃદ્ધિની ટોચે પહોંચાડ્યો અને હીનયાનમાં તાંત્રિક પ્રભાવો, સાધુ-સાધ્વીનાં શિથિલ ચારિત્ર્ય, અધ્યાત્મને બદલે ગૂઢવિદ્યાઓ(અકલ્ટ)ને કારણે જનસાધારણમાં એના પ્રત્યેનો અણગમો જાગ્યો. બીજી તરફ, મૌર્યવંશનો સૂર્યાસ્ત થયો અને જે રાજાઓ-ગુપ્તવંશીઓ-ગાદીએ આવ્યા તે, મૂળગત બ્રાહ્મણધર્મી-વિષ્ણુપૂજકો હતા, પરાક્રમી રાજાઓ હતા. એમણે અશોકના સામ્રાજ્યને હસ્તગત કરીને એમાં વૃદ્ધિ કરીને વળી પાછો બ્રાહ્મણધર્મનો, ખાસ કરીને વિષ્ણુપૂજાનો ઝંડો ફરકાવ્યો. ચંદ્રગુપ્ત અને સમુદ્રગુપ્ત વગેરે અશોક જેટલા ધર્મસહિષ્ણુ પણ નહોતા. બ્રાહ્મણોને એમનો ટેકો મળ્યો અને સાધુઓ અને ધર્મજનોની ઉપર હિંસક હુમલા કરીને તેમને ભગાડ્યા, ખતમ કર્યા. ધમ્મગ્રંથો સળગાવ્યા, ચૈત્યો-વિહારોને લૂંટ્યાં અને સળગાવ્યાં.

આમ, બંને મુખ્ય શ્રમણપંથો, ઉત્તરભારતમાં કાં તો કલેવર બદલીને ટકી ગયા- જૈનધર્મની જેમ; કાં તો હાંસિયા પર ધકેલાઇને છેવટે ચીન, બર્મા, શ્રીલંકા જેવા પડોશી દેશોમાં દેશવટો પામ્યા- બૌદ્ધ ધર્મની જેમ.

વીસમી સદીમાં વળી પાછા ઉદીયમાન થયેલા બૌદ્ધધર્મની વાત આગળ-ઉપર. સરવાળે વિદ્રોહનાં વમળ જાણે શમવા લાગ્યાં... ને શમી જ ગયાં.

## આજિવકો અને લોકાયતો

બૌદ્ધ ધર્મના અને અલબત્ત, હિંદુધર્મના પણ શરૂઆતના વિરોધી સંપ્રદાયોમાં આજિવકોનું સ્થાન મહત્ત્વનું છે. કેટલાક વિદ્વાનો એને બૌદ્ધધર્મના હરીફ તરીકે પણ ઓળખાવે છે. ઇ.પૂ. પાંચમીથી ઇ.પૂ. ત્રીજી સદી દરમ્યાન લોકપ્રિય થયેલી આ વિચારધારા ભૌતિકવાદી સંપ્રદાય તરીકે ખાસા બધા અનુયાયીઓ ધરાવતી





હતી. બ્રાહ્મણધર્મની સામાજિક વ્યવસ્થા- ફક્ત વર્ણ વ્યવસ્થા જ નહિ; કુટુંબસંસ્થા અને સંપત્તિવિચારની પણ આજિવકોએ ખાસી તર્કબદ્ધ ટીકા કરી છે. સ્થાપક સ્થવિર(ત્યાગી સાધુ) મંખલિપુત્ત ગોસાલે જ્ઞાતિપ્રથા અને કર્મબંધનનો ઉગ્ર વિરોધ પોતાના ઉપદેશમાં કર્યો. કોઇ મઠ સ્થાપ્યો નહિ છતાં ઘણા અનુયાયીઓને આકર્ષનારા આ બોધકે લોકભાષામાં જ બોધ કરેલો અને લખ્યો પણ હતો. તેમની સામાજિક સુધારવાદી દૃષ્ટિને કારણે બ્રાહ્મણ અને ક્ષત્રિયો સિવાયના વર્ણોમાંથી પુષ્કળ અનુયાયીઓ મળ્યા. વેપારી વર્ગ પણ આકર્ષાયો. બૌદ્ધ ધર્મને આજિવકો પ્રત્યે સ્પર્ધાભાવ હતો તેનું કારણ એ હતું કે આ પંથના મોટા ભાગના અનુયાયીઓ શૂદ્રો હતા, કારીગરો હતા જેમણે સૌથી વધુ બ્રાહ્મણોના વર્ચસ્વનો વિરોધ કરનારા આ પંથનો સ્વીકાર કર્યો. 'પંચમ' તરીકે પછીથી જાણીતી થયેલી અછૂત કહેવાતી કોમોના લોકો માટે પણ આજિવક સંપ્રદાય આકર્ષક બન્યો. સમય જતાં, મઠો સ્થપાયા અને આજિવકોના સંઘો પણ ઠેર ઠેર ફરતા થયા. અશોકે પણ આજિવકોને વિહાર માટે જમીનો અને ગુફાઓ આપી હતી એમ કહેવાય છે. બસ્સો-ત્રણસો વર્ષ ચાલેલો આ સંપ્રદાય એટલો ભૌતિક તો અચૂક હતો કે ધનિકો તેના નિભાવ માટે નિયમિત દાન આપતા! બૌદ્ધ ઉપદેશકથાઓમાં આજિવકોની હાંસી કરવામાં આવતી અને આકરી ટીકા પણ. ટૂંકમાં ભૌતિકવાદી અને વૈરાગી કહેવાતો, વિદ્રોહી કહેવાતો સંપ્રદાય પણ સ્વાર્થ માટે ધનસંચય કરવા માંડેલો. તે સિવાય, સૈદ્ધાંતિક રીતે પણ આજિવકોએ નકારની પદ્ધતિ અપનાવેલી તેમાં સૃષ્ટિનો ક્રમ, દેવવાદ જેવા પાયાના મુદ્દાઓ વિશે ઠોસ તર્કો આપી શક્યા નહોતા. છેવટે સંઘબળ અને તત્ત્વજ્ઞાન- બંને ક્ષેત્રે તેમના કરતાં વધુ તાર્કિક, વધુ ઊંડાણભર્યો અને વધુ મોટા રાજવંશ- મૌર્યવંશનો- મજબૂત રાજ્યાશ્રય ધરાવતો બૌદ્ધધર્મ આજિવક પંથને ગળી ગયો- મોટી માછલી નાની માછલીને ગળી જાય તેમ!

ચાર્વાક નામે તત્ત્વજ્ઞાનીએ શરૂ કરેલો 'લોકાયત પંથ' આ દેશની તત્ત્વજ્ઞાન પરંપરામાં પ્રખ્યાત કરતાં કુખ્યાત વધારે છે. બીજી કરૂણતા એ પણ થઇ કે આજે આપણી પાસે ચાર્વાક અને લોકાયતવાદનું કોઇ પુસ્તક, કોઇ નક્કર ગ્રંથ કે આખાં લખાણો રહ્યાં નથી, કેમ કે તેના સમકાલીન બ્રાહ્મણધર્મના કર્તાહર્તાઓએ અને

કદાચ, બૌદ્ધ અને જૈન સંઘોએ પણ- લોકાયતોનાં ગ્રંથો વગેરેનો યેનકેન પ્રકારેણ નાશ કર્યો છે. કેમ કે ચાર્વાક કર્મવાદ, વર્ણપ્રથા, સંકુચિત સમાજવ્યવસ્થાનો જ વિરોધ નહોતો કર્યો પણ શ્રમણપંથોના આત્યંતિક દેહકષ્ટ, જીવન પ્રત્યેનો નકારાત્મક અભિગમ, પાપમયતા, પુનર્જન્મની વિચારસરણી અને આચારધર્મનો પણ વિરોધ કરેલો. મૃત્યુ, મૃત્યુ પછીની સ્થિતિ, સ્વર્ગ, નર્કની ટીકા તો કરી જ હતી પણ સૌથી વધુ તો મોક્ષનો નકાર કર્યો હતો. આજે પણ લોકાયતાવાદ અને ચાર્વાકની હાંસી ઉડાવવા માટે એનો ખૂબ જાણીતો પેલો શ્લોક 'યાવત્ જિવેત્ સુખં જિવેત્'... ટાંકવામાં આવે છે, જેમાં આ જ જન્મ / જીવનનો મહિમા કરીને ભૌતિક સુખ માણી લેવાની વાત છે. અહીં ઐયાશી કે બેજવાબદારીનો મહિમા નહોતો કરવામાં આવ્યો પણ લોકો સામે પેલા 'પરલોક'નાં ગાજર લટકાવીને 'આ લોક'ને હીણું ને કષ્ટપ્રદ કે પાપમય બતાડવામાં આવ્યું છે તેની સામે વિરોધ છે. પોતાના સમકાલીનોએ જીવનને તુચ્છ ગણીને માનવીના અસ્તિત્વનું અપમાન કર્યું હતું તેની સામેની દલીલ છે. પણ અફસોસ, આ બધું (કે થોડુંક જ?) આપણને ચાર્વાક અને લોકાયતવાદ વિશે લખાયેલાં અથવા તો એના વિરોધમાં લખાયેલાં કે હિંદુ તેમ જ અન્ય શ્રમણપંથોએ કરી હતી તે મિમાંસા અને નિંદાસ્વરૂપે જ સમજવું પડે છે. આની સાથે એક મુદ્દો એ પણ ઉઠે છે કે ભૌતિકવાદી વિચારધારાનો આ દેશના વર્ચસ્વવાદી ધર્મોએ, ધર્મધુરંધરોએ અને સત્તાશાળીઓએ કેમ આટલો વિરોધ કર્યો? એના પ્રત્યે આમસમાજમાં અણગમો અને ધિક્કારની લાગણી કેમ ફેલાવવામાં આવી? વર્ચસ્વવાદી ધર્મો સામે આ ભૌતિકવાદી વિચારધારા કેમ એક મોટો ખતરો બની?

કારણ કે ભૌતિકવાદ 'આ જીવન'ની વાત કરે છે. આ જીવનમાં નડતા અભાવો દૂર કરવાની વાત કરે છે. મનુષ્યયત્નથી મનુષ્યની ઇચ્છાઓ અને સાદાં સપનાં આ જ જીવનમાં પૂરા કરવાની વાત કરે છે. સરવાળે જીવવાના અધિકારની વાત કરે છે; જે પેલા વર્ચસ્વવાદી ધર્મસંપ્રદાયો કરતાં સાવ સામા છેડાની વાત છે! માણસનું નસીબ, માણસની નિયતિ, માણસની વર્તમાન જિંદગી કોઇ દૈવી-ઇશ્વરી કે ગેબી તત્ત્વના હાથમાં નથી એવી વાત, પેલા સદીઓથી દેવ અને દૈવ, દૈવી કોપ ને કૃપા ને ડારો દેનારા ને એ ભયમાં જ માણસજાતને સબડતી રાખનારા,





મૂરખ બનાવનારા વર્ચસ્વવાદી ધર્મોથી શી રીતે સહન થાય?! આપણે જાણીએ છીએ કે નવજાગરણ, પ્રબોધન અને ધર્મસુધારણા પહેલાંના યુરોપમાં વૈજ્ઞાનિકોને, માનવવાદીઓને, નવાચારવાદીઓને ચર્ચ અને રાજ્યસત્તાના કારમા જુલમોનો ભોગ બનવું પડેલું. આ દેશમાં લોકાયતવાદીઓ ઉપર પણ આવા જ અત્યાચારો નહિ થયા હોય એમ શી રીતે કહેવાય?!

વળી એ પણ નોંધાયું છે અને તત્કાલીન સાહિત્ય; દા.ત. શૂદ્રક નામના અજ્ઞાત સર્જકના નાટક 'મૃચ્છકટિકમ્' વગેરેમાં પ્રતિબિંબિત પણ થયું છે કે લોકાયતો અને આજિવકો પણ પરિવ્રાજકો હતા. લોક સંપર્ક અને લોકસંવાદ એમની મહત્ત્વની વ્યૂહરચનાઓ હતી. આથી એમના વિચારોનો જો બહોળો પ્રસારપ્રચાર થાય તો જનસાધારણમાં ધરબાયેલો અજંપો જાગી ઉઠે, નવી ચેતનાનો સંચાર થાય, નવી સમજણ પાંગરે અને સદીઓ જૂના શોષણનો પ્રતિકાર કરવા પેલા રંક કંગાળ લોકો સશસ્ત્ર વિદ્રોહ કરી બેસે તો?!... આ અને આવાં અનેક કારણોસર આજિવકો અને લોકાયતોની વિચારધારાને ડામી દેવામાં આવી હોય તેમાં શી નવાઇ? સરવાળે, માનવઅધિકારની નાની શી ચિંગારી વર્ચસ્વવાદી ધર્મોને ભયભીત કરી જ શકે તે સત્યની ત્યારે પ્રતીતિ થઇ.

તદુપરાંત, (આજે) યુરોપિયન આધુનિકતાએ આપેલાં મૂલ્યોમાંનાં મહત્ત્વનાં કેટલાંક મૂલ્યો- બુદ્ધિનિષ્ઠા, માનવકેન્દ્રિતા, વૈજ્ઞાનિક અભિગમ, જ્ઞાતિ-ધર્મના ભેદભાવનો વિરોધ કરનારી સમાનતા અને પરંપરાગત સમાજજીવન અંગે પ્રશ્નો ઉઠાવવાની હિંમત આપનારી આત્મપ્રશ્નેયતા... આપણને ઉપરોક્ત ભૌતિવાદી-અનાત્મવાદી-નિરીશ્વરવાદી વિચારધારાઓ / પંથોમાં જોવા મળે છે. અલબત્ત, આને 'આધુનિકતા' ન કહી શકાય, કેમ કે આધુનિકતા એક પ્રકારનો વિચાર સંપુટ છે જે મૂડીવાદ, ઔદ્યોગિકીકરણ, યંત્રીકરણને કારણે બદલાયેલી ઉત્પાદન પદ્ધતિ અને સમાજમાં તેને કારણે બદલાયેલા ઉત્પાદન-સંબંધોના પરિણામે જન્મેલા વિચારો અને આચરણ હતાં. વળી મૂડીવાદ સાથે ઓછામાં ઓછી, બુર્ઝવા લોકશાહી હોવી પણ જરૂરી છે, જે આધુનિકતાને જગ્યા (સ્પેસ) આપે. સ્વાભાવિક છે કે તે સમયે; આજથી 2500 થી 2000 વર્ષ પહેલાં ન તો વિજ્ઞાન- ન ટેક્નોલોજી- ન સંપૂર્ણ માનવસભ્યતાનો એટલો વિકાસ થયો હતો કે આ મૂલ્યો વર્ચસ્વશાળી

બને! ફક્ત એટલું કહી શકાય કે આ ભૌતિકવાદી પ્રબુદ્ધ ચિંતકો અને એમનું ચિંતન, એમના જમાના કરતાં ઘણું આગળ હતું, પ્રગતિશીલ હતું- જેના આધારે આજે આપણે આધુનિક નવસમાજની રચના માટે જે સ્વપ્નો જોયાં અને સક્રિય બન્યાં હોઈએ તો આ વિચારધારા એક નક્કર ભૂમિકા પૂરી પાડી શકે.





**પ્રકરણ-4**

# ભક્તિપ્રવાહ

આપણે જોઈ ગયાં કે ભૌતિકવાદીઓ અને શ્રમણપંથોએ ઉઠાવેલા વિદ્રોહના સૂરની અસરો ભલે થઈ, પણ તત્કાળ તો એને ડામી દેવાના પ્રયત્નો બ્રાહ્મણધર્મે સફળ રીતે કર્યા. ભૌતિકવાદી આજિવકો, લોકાયતવાદીઓનો તો હિંસક નાશ કરાવ્યાનું નોંધાયું છે. જૈનધર્મને લગભગ 'કો-ઑપ્ટ'(સમાવી લીધો) કરી દીધો અને બૌદ્ધધર્મને આસપાસનાં દેશોમાં હાંકી કાઢ્યો. પણ આપણે એ પણ જોયું કે પ્રત્યેક વ્યવસ્થા પોતાની અંદર પોતાની સામેના વિરોધો લઈને જન્મે છે. એ હકીકતને પૂરવાર કરતો હોય તેમ ભક્તિપ્રવાહ, પારંપરિક ધર્મના કાળમીંઢ ખડકોને ફોડીને ફૂટી નીકળ્યો. 7 મીથી 9 મી સદીમાં દક્ષિણ ભારતમાં પ્રગટેલા આ પ્રવાહની પહેલી સરવાણી કેવા વાતવરણમાં વહી નીકળી તે જોઈએ.

## ભક્તિપ્રવાહની ભૂમિકા

ઈ.પૂ. બીજી સદીમાં, આ ભૂપ્રદેશના ઉત્તરના મોટા ભાગનાં વિસ્તારોમાં શાસન કરનારા ગુપ્ત વંશના સમ્રાટો પોતાને ભાગવતધર્મના અનુયાયીઓ કહેતા અને વિષ્ણુપૂજા કરતા. એમણે પડાવેલા સિક્કાઓ ઉપર આ વિગતો અંકિત થયેલી છે. ભાગવત્ પુરાણમાં વિષ્ણુનો મહિમા થયો છે; જેનો ઉલ્લેખ વેદોમાં 'નારાયણ' તરીકે થયો હતો. સૂર્યપૂજાને હટાવીને આ વિષ્ણુપૂજા આવી. તત્કાલીન કાલ્પનિક સાહિત્યમાં,(માઈથોલોજી) સૃષ્ટિના સર્જન વિશેની કથાઓમાં 'ત્રિદેવ'નો ઉલ્લેખ

થયોઃ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ(શિવ). બ્રહ્માએ પ્રજાપતિ(કુંભાર)ની જેમ, માટીનાં પિંડમાંથી માણસો ઘડ્યા. વિષ્ણુએ એ સૃષ્ટિનું પાલન-પોષણ-સંચાલન કર્યું અને મહેશે પાપીઓનો નાશ કર્યો. સૃષ્ટિમાં પ્રલય કર્યો... વગેરે કથાનકો દ્વારા જનસાધારણ ઉપર આ ત્રણે દેવોની પ્રતિભા અને પરાક્રમોનું વર્ણન આપીને, ત્રણે દેવોની પ્રાર્થના-પૂજા વગેરે શરૂ થયાં. વિષ્ણુપુરાણે અને ભાગવત પુરાણે પણ વિષ્ણુના દસ અવતારોની કલ્પનકથાઓ આપી. જેમાં સભ્યતાના વિકાસના વિવિધ તબક્કે વિષ્ણુએ અવતાર લઈને શી રીતે આ ભૂપ્રદેશની સંસ્કૃતિનું રક્ષણ કર્યું તેની રસપ્રદ કથાઓ છે. જનસાધારણ માટે આ વિગતો આકર્ષક બની અને વિષ્ણુપૂજા દઢીભૂત બની. ભાગવતપુરાણે વળી એ વિષ્ણુના માનવીય અવતાર કૃષ્ણના જીવન ચરિત્રને વર્ણવ્યું અને બાળલીલાથી માંડીને એમના દેહાવસાન સુધીના રસભરપૂર કથાનકો આપ્યાં. આ તમામ સામગ્રી જનસાધારણના શુષ્ક અને શ્રમજીવી જીવનમાં રસિકતા લઈને આવી. આ કૃષ્ણભક્તિ વિશે વિગતવાર વાત કરવાનું કારણ એ છે કે, આમ તો અન્ય દેવોની ભક્તિ પણ શરૂ થઈ અને આજે પણ ચાલે જ છે પણ 'કૃષ્ણચરિત્ર' ભક્તિપ્રવાહના કેન્દ્રમાં હોવાથી તેની લોકપ્રિયતાની નોંધ લેવી જરૂરી છે.

આમ ક્રમે ક્રમે, ઈ.પૂર્વે ના ગુપ્તકાળનો 'ભાગવતધર્મ', ઈસુની પાંચમી-છઠ્ઠી સદીમાં, 'વૈષ્ણવધર્મ' બન્યો (વિષ્ણુનો તે વૈષ્ણવ). અલબત્ત, તમામ પુરાણો સંસ્કૃતમાં જ હતાં પણ 'પુરાણી' બ્રાહ્મણો એ કથાઓનું પારાયણ કરતા, દેશાટન કરતા રહેતા અને જનસાધારણ પોતપોતાની ભાષા-બોલીઓમાં વૈષ્ણવધર્મનું રસપાન કરતા રહેતા. આ જુવાળમાં, વિષ્ણુની અવતારકથાઓમાં બુદ્ધનો ઉમેરો પણ કરી દેવામાં આવ્યો. વિષ્ણુના નવમા અવતાર તરીકે, બુદ્ધને સ્થાપીને, તેમનો ધર્મ-તેમનું આગવું ચિંતન, તેમનું અનોખું જીવન ચરિત્ર અને સમગ્ર તત્ત્વજ્ઞાનને મુખ્ય પ્રવાહના બ્રાહ્મણધર્મમાં સમાવી લેવામાં આવ્યાં.(કો-ઓપ્ટ કરી દીધાં). સરવાળે આ ભૂપ્રદેશમાં, તત્કાલીન સભ્યતામાં બ્રાહ્મણધર્મે બુદ્ધનું બલિદાનું લીધું. જનસાધારણનો આસ્થા-પ્રવાહ વૈષ્ણવધર્મ તરફ વળ્યો. ઉત્તરથી એ પ્રવાહ હવે દક્ષિણ સુધી વધ્યો અને બળવત્તર બન્યો. દક્ષિણનાં શ્રમિકો પાસેથી વૈષ્ણવ ધર્મને ઘણી સામગ્રી મળી હતી.





પણ આ કંઈ માત્ર સાંસ્કૃતિક સંક્રાંતિ જ નહોતી, આની પાછળનાં આર્થિક અને રાજકીય પરિબળો પણ મહત્ત્વનાં છે.

દક્ષિણના તામિલપ્રદેશમાં ઈ.પૂ. બીજીથી લગભગ, ઈસુની છઠ્ઠી સદી સુધી બૌદ્ધ અને જૈન ધર્મો સ્થાપિત થઈ ચૂક્યા હતા. ઈ.સ. 4થી સદી સુધી તામિલપ્રદેશોમાં બ્રાહ્મણધર્મનો ખાસ પ્રભાવ નહોતો. જૈન અને બૌદ્ધ ધર્મના ફેલાવા પહેલાં અને પછી પણ ત્યાં આદિધર્મો અને આદિમ કર્મકાંડો ચાલતા હતા. શ્રમણપંથોએ જાણે પ્રજા સાથે સંવાદો કરીને એનું સંમાર્જન(સુધારો) કર્યું હતું. તામિલભાષામાં બૌદ્ધ અને જૈન ધર્મનું ધર્મકથા સાહિત્ય પુષ્કળ છે. વળી તામિલપ્રદેશનાં શ્રમણપંથોના દાતાઓ પણ તામિલ શ્રેષ્ઠિઓ હતા એ પણ નોંધાયું છે.

દક્ષિણમાં, વૈશ્ય વેપારીઓ-ધનપતિઓ અને સમુદ્રમાર્ગે વિદેશોમાં વેપાર કરનારા તામિલ શ્રેષ્ઠિઓએ, આર્થિક વિકાસને કારણે તામિલપ્રદેશને વિખ્યાત બનાવ્યો હતો. ત્યાંની સમૃદ્ધિના આકર્ષણથી ઉત્તર તરફથી બ્રાહ્મણો સ્થળાંતર કરીને દક્ષિણમાં વસવાટ કરવા આવી ગયા હતા અને પોતાના નાના નાના સમુદાયોના અલગ મહોલ્લા(ઘટિકા) બનાવીને રહેતા હતા. રાજાઓ અને શ્રેષ્ઠિઓ બ્રાહ્મણોને માન-સન્માન અને સુરક્ષા ઉપરાંત અઢળક જમીનો પણ આપતા થયા હતા. આ જમીનો ઉપર બ્રાહ્મણો સ્થાનિક મૂળનિવાસીઓ(આદિવાસી-દ્રવિડો)ના શ્રમ દ્વારા નિપજેલી અઢળક ઉપજથી સમૃદ્ધ થતા ગયા. ધીમેધીમે તામિલપ્રદેશમાં બ્રાહ્મણોનું વર્ચસ્વ વધતું ગયું. ધર્મસત્તા પણ મેળવતા ગયા. શ્રમણપંથોથી પાછા વળેલા શ્રમિક સમુદાયો ઉપર બ્રાહ્મણધર્મના નવા પ્રવાહ વગેરેનું આકર્ષણ જામવા લાગ્યું. રસપ્રદ ચરિત્રો અને ઉદ્ધારકોનાં પરાક્રમોએ શ્રમિક સમુદાયોનાં નિરસ અને કામઢાં, એકધારા જીવનમાં રસ પ્રેર્યો. ધીમેધીમે દક્ષિણપ્રદેશમાં શિવ ભક્તિ અને વિષ્ણુ ભક્તિ પ્રચલિત બન્યાં અને એક વિચિત્ર સંમિશ્રણ રચાયું, જેમાંથી એક સાંસ્કૃતિક પરિઘટનાએ જન્મ લીધો. શ્રમિકોએ પોતાના શારિરીક અને આર્થિક શોષણ અને લાચારીનો અનુભવ કરીને એનો વિરોધ કરવાને બદલે, બધી પીડાઓ અને તકલીફોને 'ભક્તિમાર્ગે' વળી દીધી; જેને લાચારીનું ધર્મસંમત સ્વરૂપ કહી શકાય.

શિવભકતો નયનાર અને વિષ્ણુભકતો આલ્વારો વિશે વિગતે વાત કરતાં પહેલાં આ 'ભક્તિ' અને 'ભકત' વિશે વ્યાખ્યાત્મક માહિતી લઈએ, જે આગામી તમામ પ્રકરણોમાં જરૂરી છે.

બ્રાહ્મણધર્મનાં મૂળ સ્વરૂપમાં 'ભક્તિ' નહોતી એમ નહિ; પણ કર્મકાંડનો ભાગ વધારે હતો. પ્રાર્થના, મૂર્તિપૂજા અને તેની દૈનિક તેમ જ ઉત્સવલક્ષી વિધિઓ પણ હતાં પણ એમાં બ્રાહ્મણ પુરાહિતોની ફરજીયાત મધ્યસ્થી હતી... આજે પણ મંદિરમાં રહેલા ભગવાનનાં દર્શન-પૂજન કરવા જવા માટે આ મધ્યસ્થી એટલી જ અનિવાર્ય છે, જેટલી ઇ.સ. 6-7 મી સદીમાં હતી. શ્રદ્ધાળુ સમુદાય જાતે દેવને પૂજન-અર્ચન ન કરી શકે. 'ભક્તિમાર્ગ'માં આ 'છૂટ' પહેલી વાર મળી. જો કે એ 'છૂટ' કેટલી ને કેવી આપવી તે બ્રાહ્મણોના જ હાથમાં હતું અને છે.

'ભક્તિ'નો શબ્દાર્થ છે ''ભજવું'. જેમાં કર્મકાંડ સાથે અને કર્મકાંડ સિવાય પણ દેવની પૂજા, પ્રાર્થના, ભજન, કીર્તન અને નર્તન સુદ્ધાં દ્વારા શ્રદ્ધાળુ વ્યક્તિ / સમુદાય, પોતાની અભિપ્સા અને યાચના- બંને કરી શકે છે. એ કીર્તન, ભજન, નર્તન, કથા શ્રવણમાં દેવને આજીજીપૂર્વક વિનંતી કરવામાં આવે છે, કૃપા વિશે આભારવશ ગદ્ ગદ્ ભાવ પ્રગટ કરવામાં આવે છે. ઉપરાંત નામજપ, દર્શન અને માત્ર આત્મનિવેદન દ્વારા ઈશ્વર સાથે ભકત, સંપૂર્ણ તાદાત્મ્ય(ઇન્વોલ્વમેન્ટ) સાધીને સર્વસમર્પણ ભાવથી સંકળાય છે. સરવાળે, 'ભક્તિ' ભકતો પાસે એક રીતે પૂરા સમયની હાજરી માંગી લે છે; તો બીજી તરફ, વ્યક્તિ પોતાની કોઇ પણ શ્રમની પ્રવૃત્તિ કરતાં કરતાં માત્ર 'સ્મરણ' કરે- મનમાં ઈશ્વરનો વિચાર માત્ર કરે તો પણ તેને 'મોક્ષ' મળે છે; તે દુનિયાનાં દુઃખોથી મુક્ત થઇ જાય છે.

આવી વ્યાખ્યા તો પછીથી આકાર લેતી ગઇ અને એમાં બ્રાહ્મણોની મહોર વાગી ત્યારે... પણ પ્રભુસ્મરણ અને ભજન જેવી દૈનિક પ્રવૃત્તિ, કોઇ અકળ અભિપ્સાથી અને ખાસ તો, પોતાની પીડિત-શોષિત જીંદગીને આજીજી પૂર્વક પ્રભુ આગળ રજૂ કરવાની શરૂઆત પેલા નયનારો અને આલ્વારોએ કરી દીધી હતી. અંદરની




આરઝૂથી આલ્વારોએ વિષ્ણુને અને નયનારોએ શિવને ભજવાના શરૂ કરી દીધા હતા.

મહત્ત્વનો મુદ્દો એ છે કે, આલ્વારો અને નયનારો શૂદ્ર શ્રમિકો હતા અને એમાંય આલ્વાર ભક્તોમાં તો કેટલીક મહિલાઓ પણ હતી, જેમણે અભિપ્સાથી ખૂબ આગવી રીતે, સ્ત્રીયોચિત(ફેમિનાઇન) પ્રેમ, મમતા અને સેવાભાવના સાથે ભજનપદો રચ્યાં, ગાયાં, પદયાત્રાઓ કરી અને કૃષ્ણભક્તિને દક્ષિણપ્રદેશમાં સર્વપ્રિય બનાવી. ભકત સ્ત્રી-પુરુષો સાથે ભજનકીર્તન કરતાં, પદયાત્રાઓ કરતાં.. . જે આ આખા ભૂપ્રદેશમાં એક પ્રકારની સામાજિક સમાનતાનું પહેલું સકારાત્મક દૃષ્ટાંત હતું.

એક બીજું મહત્ત્વનું પ્રસ્થાન હતું, આ ભજનપદો, કીર્તનો, કથાઓમાં તામિલભાષા અને સ્થાનિક બોલીઓનો પ્રયોગ. આ તો લગભગ નિરક્ષર શ્રમિકો હતાં, સંસ્કૃત તો ઠીક પણ કહેવાતી શિષ્ટ તામિલથી પણ તેઓ વંચિત હતાં. એમણે પોતાનાં દિલની વાતને પોતાની ભાષા / બોલીમાં જ વ્યક્ત કરીને, સનાતન ધર્મના ભાવી માટે એક નવી કેડી કંડારી આપી; અને અલબત્ત, ભક્તિપ્રવાહ તો લોકબોલીમાં જ વહ્યો.

ઐતિહાસિક રીતે, 'ભક્તિઆંદોલન' કહેવાયેલા પ્રવાહનું આ પહેલું તેમ જ પ્રાથમિક સ્વરૂપ હતું. જોતજોતામાં, જનસાધારણ દ્વારા-જનસાધારણની વચ્ચે, બહુ ઝડપભેર પહોંચી ગયું- પહોચતું રહ્યું અને દક્ષિણપ્રદેશમાં વૈષ્ણવ અને શૈવ ભક્તિ બીજા કોઈ પણ સંપ્રદાય કરતાં વ્યાપક રૂપે લોકપ્રિય બની.

## ભક્તિપ્રવાહની અસરો

- શોષિત અને ધર્મવંચિત સમુદાયોએ પોતાના ધર્માધિકાર માટે પોતાનો 'આગવો રસ્તો' શોધી લીધો, જેને કારણે સનાતની બ્રાહ્મણધર્મના કર્તાહર્તાઓ થોડાક વિચલિત થયા અને આ પ્રકારના ધર્મસ્વાતંત્ર્યને શી રીતે 'ટૅકલ કરવું' એના રસ્તા શોધવા લાગ્યા.

- જોકે, શૂદ્ર ભક્તોને 'મંદિરપ્રવેશ' ન કરવા દેવાનો અધિકાર તો બ્રાહ્મણોએ પોતાના હાથમાં જ રાખેલો. એટલે શૂદ્રોને 'ધર્માધિકાર' મળ્યો, એમ કેમ કહેવાય?! સરવાળે, શૂદ્ર ભક્તોએ પોતાની અભિપ્સા અને યાચનાને મૌખિક પરંપરા અને લોકકલાઓનાં માધ્યમથી વ્યક્ત કરીને સંતોષ માનવો પડયો. વીસમી સદીમાં ડો. આંબેડકરે મંદિરપ્રવેશ માટે જે આંદોલન કર્યું હતું એવું કોઇ આંદોલન આલ્વારો કે નયનારો નથી કરી શક્યાં; અલબત્ત, એ તેમના સ્થળકાળની વાસ્તવિકતા હતી.
- આ ભક્તોએ માત્ર ધાર્મિક અભિપ્સાને આગળ ધરી છે. કવચિત, ગરીબી-વર્ણભેદનાં પદો જડી આવે છે પણ એમાં પીડા છે- આક્રોશ નહિ. તે સિવાય પોતાનાં આર્થિક-સામાજિક-સાંસ્કૃતિક શોષણ અને અન્યાય વિશે એમણે વિદ્રોહ વ્યક્ત નથી કર્યો... કરૂણતાસભર વાસ્તવિકતાને વ્યક્ત કરીને કરૂણા યાચી છે.
- પોતાને પ્રકૃતિગત થઇ ગયેલો દાસત્વ અને આજીજીનો ભાવ, ઇશ્વર સાથેના સંબંધમાં પણ પ્રગટ થયો. પરિણામે 'ભક્તિ'ની પ્રકૃતિ 'આંદોલન'ની નહિ; 'નમ્ર અભિપ્સા'ની રહી. જે પરિવર્તનની જમીન તૈયાર ન કરી શકી; બલ્કે એક સાંસ્કૃતિક વળાંક આપવામાં ચોક્કસ સફળ થઇ.
- વાસ્તવિક જીવનમાં, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વગેરે સામંતો / પ્રભુઓ / સ્વામીઓ પ્રત્યે દાસત્વ તો જેમનું તેમ રહેલું. આ શ્રમિકો પેલા કહેવાતા ઉપલા તબક્કાના ધનિકો અને ઉપલા વર્ણના ગુલામ જ હતા. આર્થિક પરિસ્થિતિ અને આર્થિક સંબંધો સામંતી જ હતા; જેણે પણ ભકતિપ્રવાહની તાસીર નરમ જ રાખી.
- સરવાળે, આ ધર્મસ્વાતંત્ર્યના પ્રયાસથી ચોંકી ઉઠેલા કહેવાતા ઉપલા વર્ણોને થોડી અસલામતી તો લાગી હશે; પણ એમણે પોતાના ધર્મવિચાર અને અમલીકરણમાં, બદલાયેલી પરિસ્થિતિ જોતાં કેટલાક ફેરફાર કરવાનો શાણપણભર્યો નિર્ણય લીધો. પોતે નિર્ણિત કરેલી, નિયંત્રિત કરેલી સમાજવ્યવસ્થા હચમચવા લાગે, ત્યારે કર્તાહર્તાઓ એને ટકાવી રાખવા જે સમાધાન કરે-મોકળાશ આપે- તેવું કંઇક બન્યું.





## બ્રાહ્મણધર્મમાં આંતરિક સુધારણા

આ સાંસ્કૃતિક કટોકટીનો સામનો કરવા બ્રાહ્મણધર્મે જાણે 'આંતરિક સુધારણા' આદરી. પોતાના ધર્મવિચારને ખંગાળવા માંડ્યો, મંથન કર્યું અને નવનીત કાઢવાનો પ્રયાસ કર્યો. એક ઇતિહાસબોધ એ પણ લીધો કે છેટા રાખેલા શ્રમણપંથોના ચિંતનને અપનાવવાનો પ્રયત્ન કર્યો, એમની લોકભાષાના ઉપયોગની નીતિને સમજવાનો પ્રયત્ન કર્યો. બીજી તરફ, નયનારો અને આલ્વારોનાં લોકબોલીઓ, ગીત-સંગીત-નૃત્ય-વાદન જેવાં લોકમાધ્યમો (ફોક મીડિયા)ના ઉપયોગની નીતિને સમજવાની કોશીશ કરી. એની લોકપ્રિયતા અને લોકગમ્યતાનાં ખૂબ સકારાત્મક પરિણામો નજરે જોયાં. એથીયે વધુ, શ્રમિકો-શૂદ્રોના ધર્માધિકાર કરતાં, સામાજમાંથી એમની સામેલગિરી ઘટવાની ચિંતામાં, સર્વસમાવેશી થવું એમને ઉચિત લાગ્યું.

આમ પણ, આ ભૂપ્રદેશની ભૌગોલિક વાસ્તવિકતાને લીધે, કહેવાતી સરહદોને વળોટીને તો અનેક જાતિ-પ્રજાતિઓ, સભ્યતા-સંસ્કૃતિઓ અહીં આવતી જ રહેતી હતી. કયારેક સંઘર્ષ તો ક્યારેક સંમિશ્રણની નીતિ અપનાવીને આ ભૂપ્રદેશમાં ભાતીગળ માનવસમાજ પાંગરતો રહ્યો હતો. ઉત્પાદન સંબંધો તંગ હોવા છતાં પરસ્પર આધારિત અલગ આર્થિક સ્થિતિઓવાળો સમાજ પણ પાંગરતો રહ્યો હતો. આ સમયે (ઇ.સ. 7-8મીસદી) પણ સમાજના કર્તાહર્તાઓએ-બ્રાહ્મણોએ-વિચાર્યું કે પોતે જેને શ્રેષ્ઠ માને છે એવી નૈતિકતા ટકાવવાની સાથે સમાજમાં પોતાનું સ્થાન ટકાવી રાખવા એને હળવી કરીને લોકભોગ્ય-લોકગમ્ય અને લોકપ્રિય માધ્યમો દ્વારા સમાજ સુધી પહોંચવું પડશે. આથી સંસ્થાગત ન બનેલા બ્રાહ્મણધર્મે, એ જ મોકળાશ સાથે સંસ્કૃતભાષામાં લખાયેલાં પુરાણો-મહાકાવ્યો-પ્રશિષ્ટ નાટકોના અઢળક વારસાનો ઉપયોગ કરી-કરાવીને નવેસરથી ધર્મપ્રચાર શરૂ કર્યો.

આજ વિચારસરણી આગળ વધી, મજબૂત બની જ્યારે બ્રાહ્મણ ધર્મિચિંતકોએ શ્રમણપંથોના તત્ત્વજ્ઞાનને નવેસરથી અપનાવવાના મનોવ્યાયામો શરૂ કર્યા.

ખરેખર તો, ઉપનિષદોએ છેડેલી તત્ત્વમિમાંસા ફરી શરૂ થઇ. તેની સાથે અને તેની આગળનું 'દર્શન' ફરી ચર્ચાવું શરૂ થયું. 7મી-8મી ઇ.સ. દરમ્યાન, દક્ષિણપ્રદેશમાં જ એની શરૂઆત થઇ. રામાનુજાચાર્ય, શંકરાચાર્ય, યમુનાચાર્ય, મધ્વાચાર્ય, વલ્લભાચાર્ય જેવા દાક્ષિણાત્ય પંડિતોએ પેલા બ્રહ્મ, આત્મા, જીવ વગેરે વિશે જે ચર્ચા કરી તેને ટૂંકમાં સમજાવી શકાય કે, અમુક ચિંતકોએ બ્રહ્મ અને જીવ વચ્ચેનો 'દ્વૈતભાવ' (બંને જુદાં છે તે) કલ્પ્યો, તો કોઇએ 'અદ્વૈતભાવ' (આ બંને એક જ છે- બે નથી તે) નો સિદ્ધાંત સ્થાપ્યો, '(દ્વૈતાદ્વૈત'- બંને મિશ્ર), 'શુદ્ધાદ્વૈત' વગેરે વિચારસરણીઓ ક્રમશઃ તરતી થઇ. દેખીતી રીતે, તાર્કિક રીતે એક વિચારધારાનું ખંડન(તોડી પાડવું) કરવા બીજી વિચારધારાને રજૂ કરવામાં આવતી. આથી સ્વસ્થ કહેવાય એવી સ્પર્ધાત્મક વિવાદ પ્રણાલિ ઊભી થઇ જેના દ્વારા જીવ(માનવી) અને સ્રષ્ટા વચ્ચેના સંબંધોને નવેસરથી તપાસવાના મનોયત્નો શરૂ થયા. જેમાં માનવકેન્દ્રી સદાચાર અને 'મોક્ષ'ની વાત પણ નવેસરથી વિચારમાં આવી.

ઉપનિષદ અને શ્રમણપંથોએ, કર્મકાંડ અને મૂર્તિપૂજાના વિરોધમાં, નિરાકાર બ્રહ્મ જે સૃષ્ટિનો સર્જનહાર છે(ઉપનિષદ) અને શૂન્યવાદ(શ્રમણપંથો) ના વિચારો અને આચારો ફેલાવ્યા હતા, તેને આગળ વધારી, શંકરાચાર્યે 'નિર્ગુણબ્રહ્મ'નો સિદ્ધાંત આપ્યો; જેમાં બ્રહ્મનો કોઇ આકાર નથી-રૂપ નથી છતાં એ શૂન્યમાંથી જ આ સર્જન થયું છે. આ 'નિર્ગુણબ્રહ્મ' પોતાની રીતે બહુ ચીરસ્થાયી સિદ્ધાંત બન્યો. જેનાં પાયામાં શ્રમણપંથો હતા અને એક તબક્કે ઇરાનના સૂફી સંતો અને અન્ય એક તબક્કે કબીર, નરસિંહ મહેતા વગરે સંત-ભકતોએ પણ નિર્ગુણબ્રહ્મને ગાયો-પ્રબોધ્યો છે.

દક્ષિણના ધર્મચિંતકોના આ પ્રયાસો વિવિધ માર્ગે સમગ્ર ભારતવર્ષમાં ફરી વળ્યા અને સરવાળે, શ્રમણપંથોના મૌલિક-વિદ્રોહી ચિંતનનો મિજાજ તૂટયો અને બ્રાહ્મણધર્મની કર્મકાંડ-વિહોણી, સૂક્ષ્મ ચિંતન ધારાનો મહિમા થયો. સમયાંતરે ધર્મને-વર્ચસ્વશાળી વિચારધારા અને તેના કર્તાહર્તાઓને ટકવું હોય ત્યારે મૂળ ધર્મવિચાર કેવા અવનવા રૂપબદલા કરે છે તે જોવા-જણવા મળે છે.





બ્રાહ્મણ પુરોહિતોની સાથે પુરાણી-કથાકારોનો નવો સમુદાય શરૂ થયો. આ કથા-પુરાણીઓ એ મૂળગ્રંથોમાંથી, બ્રાહ્મણધર્મે પ્રબોધેલાં મૂલ્યોને બહાલી આપે તેવી કથાઓ-કાવ્યો વગેરેને સ્થાનિક ભાષા / બોલીઓમાં સંભળાવવાનું શરૂ કર્યું. પેલા 'ભક્ત-પદયાત્રીઓ'ની જેમ ઠેર ઠેર ફરીને કથા કથન કરતા આ કથાકારોએ, તેમના સમયના સૌથી વધુ પ્રચલિત દેવ વિષ્ણુના અવતારોની કથાઓ સંભળાવીને, જનસાધારણને ધર્મરસથી તરબોળ કરવા માંડ્યાં. ખાસ તો આઠમો અવતાર મનાતા શ્રીકૃષ્ણની કથાઓને ખૂબ આવકાર મળ્યો. મૂળગ્રંથોમાંથી કૃષ્ણકથાના અને રામકથાનાં સેંકડો વધુ રસપ્રદ અને વધુ સમાજલક્ષી રૂપાંતરો થતા રહ્યાં અને બાળલીલાથી લઇને તેમનાં તમામ પરાક્રમો-ચમત્કારો-સદાચારોની કથાઓ ફરતી થઇ. માત્ર દક્ષિણમાં જ નહિ પણ પછી તો સારાય ભારતવર્ષમાં આ કથાસાહિત્યનું પારાયણ, કીર્તન વગેરે શરૂ થઇ ગયાં અને આ લોકાયનથી બ્રાહ્મણધર્મ ટકી ગયો. આ ભૂપ્રદેશનાં જનસાધારણ પાસે અક્ષરજ્ઞાન તો બહુ થોડું હતું, મૂળગ્રંથોમાંથી પુરાણીઓ જેટલું અને જેવું કહેવું હોય તેટલું આ લોકોને પિરસતા. સરવાળે, ધર્મદિશોને વળી ભક્તિના પડીકે વિંટાળીને લોકો પ્રતિ પહોંચાડવામાં આવ્યા.

આલ્વારો અને નયનારો વિસ્મૃતિના અંધકારમાં ધક્કેલાઇ ગયા અને પૌરાણિક બ્રાહ્મણધર્મે ભક્તિપ્રવાહને પોતાની રીતે વાળ્યો; ફેલાવ્યો.

સાંસ્કૃતિક કટોકટીએ ઉભો કરેલો આ વદતોવ્યાઘાત / વિરોધાભાસ જુઓઃ જે નૈતિક મૂલ્યોની વિશિષ્ટતા અકબંધ રહે તે માટે, જે શૂદ્રો-ચાકરો-શ્રમિકોને છેટાં રાખવામાં અવેલાં તેમને સાથે રાખવા માટે બ્રાહ્મણધર્મે સનાતની ચુસ્તતા ઘટાડી નાખી... અને પેલી તરફ જે ધર્મે-ધર્માચાર્યોએ અને ધર્મજનોએ એ જ ધર્મની દુહાઇ દઇને, શ્રમિકો-શૂદ્રોને આઘાં રાખેલાં તેમણે, પોતાની તીવ્ર અભિપ્સાનો સંતોષ એ જ દેવોની ભક્તિમાં મેળવ્યો, મંદિરમાં જેમની આછી ઝાંખી કરવામાંય તેમને મરણતોલ માર પડતો અને કહેવાતા ધર્મોપદેશના બે શબ્દો કાને પડતાં કાનમાં ધગધગતું સીસું રેડવાની શિક્ષા ફરમાવવામાં આવેલી!

આને કરૂણાંતિકા કહીશું કે કટાક્ષિકા?!

## ભક્તિપ્રવાહ : શાસ્ત્ર-સંમતિના શરણે

કટોકટીમાં આવેલા સાંસ્કૃતિક / ધાર્મિક ફેરબદલામાં વળી, આંતરિક બદલાવ પણ આવ્યા. જે શંકરાચાર્યે આત્મા, બ્રહ્મ અને નિર્ગુણબ્રહ્મની ઉપાસના અથવા ચિંતન કરી કરાવીને 'નિરાકાર'ની ભક્તિ ફેલાવી હતી તેમણે એક વિશિષ્ટ વિચારધારા પણ આપી- માયાવાદ કે મિથ્યાવાદની. નિરાકાર / નિર્ગુણ બ્રહ્મથી આગળ વધીને તેમણે જગત મિથ્યા છે- ખોટું છે- વ્યર્થ છે... કહો કે, છે જ નહિ. સંસ્કૃતમાં આને જ કહે છે 'મા-યા'... જે નથી તે! હવે જો જગત જ નથી તો પછી જગત / દુનિયામાં મળતાં સુખ-દુઃખ પણ નથી જ. એની જટીલ અનુભૂતિઓ પણ નથી અને એમાંથી છૂટવાના ધમપછાડા પણ વ્યર્થ છે- જે નથી એનો ભય શો?! મતલબ કે, જગતમાં વ્યાપેલી વાસ્તવિક તકલીફો- જ્ઞાતિવાદ, સ્ત્રીપુરૂષ ભેદભાવ, સામાજિક અન્યાય, અત્યાચારો... વગેરે છે જ નહિ! -તો પછી એની સામે ઝગડો શાનો? ગરીબી, ભૂખમરો, બિમારી પણ છે જ નહિ! આ આખી વિચારસરણીને ખૂબ ઉંડાણભરી, જટીલ અને 'બધાંને ન સમજાય તેવી' માનવામાં આવે છે, કેમ કે શોષણનો નકાર કરવો એ તો 'અઘરી વાત' જ છે, દુઃખને અવગણવા એ 'જેવાતેવાનું કામ નથી'. આ માયાવાદ અને મિથ્યાવાદ ખરેખર તો એક અમૂર્ત(એબ્સર્ડ) ગૂંચવાડો જ છે અને વિજ્ઞાનથી સદંતર દૂર છે. જગતને સમજવા-સમજાવવાને બદલે, તાર્કિક પ્રક્રિયાને રવાડે ચડાવવાનો વ્યાયામ છે એમ કહેવું જોઇએ.

સીધી રીતે આ મિથ્યાવાદ કે માયાવાદને 'ભક્તિ' સાથે શા લેવાદેવા છે તે આગળઉપર જોઇશું પણ આ પ્રકારની હવાઇ અને બિનજવાબદાર વિચારસરણી સમાજ ઉપર લાંબા ગાળાની અસરો પાડે છે. સાધારણ રીતે આપણા ઉપલા, ઉપલા મધ્યમ અને મધ્યમવર્ગના લોકો, બીજાંઓનાં તકલીફ-દુઃખ પ્રત્યે અસંવેદનશીલ જોવા મળે છે. 'આપણે કેટલા ટકા?!' — જેવી મનોવૃત્તિથી આંખ આડા કાન કરે છે; જાણે એમના પોતાના સિવાય આસપાસ બીજું કંઇ નથી, બીજું કોઇ નથી! - આવું મનોવલણ પેલા મિથ્યાવાદ / માયાવાદનો વારસો હશે?!

વખત જતાં, આ નિર્ગુણભક્તિ અને મિથ્યાવાદ / માયાવાદની વિચારધારાની





સામાજિક સ્વીકૃતિ ઓછી થઇ હશે કે શંકરાચાર્ય પોતે ભક્તિને વધુ વ્યાપક બનાવવા માંગતા હોય તેમ, એમણે જ 'સગુણ ભક્તિ' પ્રવાહની વિચારધારા આપી. 'સ-ગુણ' એટલે એવી ઇશ્વરીશક્તિ / કે અવતાર, જેનાં આકાર, દેહ વગેરે હોઇ શકે અને એવા શરીરી ઇશ્વરની ભક્તિ; પૂજા - અર્ચન - દર્શન - ભજન - કીર્તન - કથાશ્રવણ અને નામસ્મરણ જેવા માર્ગે કરી શકાય. મતલબ કે ઇશ્વરની મૂર્તિની વિધિસર ભક્તિ થઇ શકે. શંકરાચાર્યે પોતે, કૃષ્ણભક્તિ અને દેવી ભક્તિને ઇષ્ટ માની. તેઓ પોતે ચિંતક ઉપરાંત કવિ પણ હતા. તેમણે અનેક સ્તુતિઓ, સ્ત્રોતો રચ્યાં છે જે આજે પણ ગવાય છે અને ભક્તિસાહિત્યના ઉત્તમ નમૂના ગણાય છે.

આમ, ભક્તિને ચિંતકો-પંડિતોએ સ્વીકારી, અપનાવી અને શસ્ત્રસંમતિનો ઠપ્પો મારીને સમાજને પાછી સોંપી. શંકરાચાર્યે તેની શરૂઆત કરી એમ કહેવાય. સમય જતાં, પંડિતોએ એનું નવસંસ્કરણ કર્યું... 9મીથી 15-16મી સદી દરમ્યાન.

શંકરાચાર્યે બ્રાહ્મણ / સનાતન ધર્મના ઇતિહાસમાં એક નવું પ્રદાન કર્યું - સંસ્થાકરણનું. બ્રાહ્મણ સંન્યાસીઓ હતા પણ આખી વ્યવસ્થા શિથિલ હતી. આજે બનારસ / વારાણસી તરીકે ઓળખાતું શિવભક્તિનું ધામ, તે સમયે 'કાશી' તરીકે ઓળખાતું અને શિવભક્તિ તેમ જ સંન્યાસીઓનું મુખ્ય ધામ હતું.

પણ... આપણે જોયું કે, શંકરાચાર્યે વિષ્ણુભક્તિ / કૃષ્ણભક્તિને વધુ મહત્ત્વ આપ્યું; કેમ કે અર્ધઐતિહાસિક-અર્ધપૌરાણિક અને મહામાનવ કહેવાયેલા કૃષ્ણ આમ પણ જનસાધારણમાં લોકપ્રિય હતા. બ્રાહ્મણધર્મના સિદ્ધાંતોને જીવંત રાખવા કૃષ્ણભક્તિનું ઓઠું પૂરતું હતું. શંકરાચાર્યે આ તથ્ય પકડયું અને પોતે, બ્રાહ્મણધર્મની જે સંસ્થા બનાવી, 'પીઠો' સ્થાપી, તે, તે સમયે જાણીતાં જે વૈષ્ણવ યાત્રાધામો હતાં ત્યાં જ સ્થાપી. ઉત્તરે હિમાલયમાં બદ્રીનાથ, પૂર્વે ઓડિશામાં જગન્નાથ પુરી, દક્ષિણે તામિલનાડુમાં વિષ્ણુકાંચીપુરમ અને પશ્ચિમે સૌરાષ્ટ્રમાં દ્વારકા. આ ચારેય 'પીઠો' બ્રાહ્મણધર્મનાં મુખ્ય કેન્દ્રો કહી શકાય. સ્વાભાવિક રીતે 'કાશી' વગેરે ગૌણ બન્યાં.

સેંકડો વર્ષો સુધી મોકળા અને બંધારણરહિત બ્રાહ્મણધર્મનું સંસ્થાકરણ થયું. જેમાં ખૂબ વિચક્ષણબુદ્ધિ (શાણપણ) પૂર્વક સનાતન બ્રાહ્મણ ધર્મની અંદરનાં અનેક દેવી-દેવતાઓ અને તેમના નાનામોટા ભકતિપંથો હતા, તેમના પ્રવાહને વ્યવસ્થિત કરીને તેને આ પીઠોની અંદર સમાવ્યાં. કર્મકાંડનું વ્યવસ્થિત સ્વરૂપ ઘડાયું. ધર્મના કર્તાહર્તા બ્રાહ્મણોની વ્યવસ્થિત ક્રમિક વ્યવસ્થા / સોપાનશ્રેણી (હાયરાર્કી) રચાઇ. તેમાં સાધુઓની સાધનાની મુદત, તેમનાં વિશેષ નામ, પદવિ, કાર્યભાર(એજન્ડા) અને સમાંયતરે, ભૂપ્રદેશભરમાં તેમની મુખ્ય મથકે થતી નિમણૂંકો વગેરેનું નિયમન થયું. સંસ્થાકરણની સાથોસાથ, વિવિધ સ્થળે ધર્મ- તત્ત્વજ્ઞાન - કર્મકાંડ - સંસ્કૃત ભાષા વગેરે શિખવવા માટેની પાઠશાળાઓ સ્થપાઇ. ઉપરાંત આશ્રમો -મંદિરો - ધર્મશાળા - સદાવ્રતો જેવાં ધર્માશ્રિત સંસ્થાનો પણ સ્થપાતાં ગયાં. સાધુ-સન્યાસીઓનાં પર્યટનો વધ્યાં. શાસ્ત્રસંમત ભક્તિનો પ્રસાર-પ્રચાર વધતો રહ્યો.

આમ, ઇ.સ. 9મી સદીથી, ‘પીઠ’ વગેરેને કારણે એક રીતે વ્યવસ્થિત બનેલો છતાં, વૈવિધ્યપૂર્ણ સનાતન / બ્રાહ્મણધર્મ સર્વસમાવેશી બનતો ગયો. ખાસ તો ભક્તિ પ્રવાહમાં દક્ષિણપ્રદેશો ઉપરાંત ઉત્તર પ્રદેશોનાં જનસાધારણ પણ જોડાતાં ગયાં. બહુ વિશિષ્ટ છતાં વિચિત્ર રીતે, સનાતન ધર્મે આ સમાવેશને પણ શાસ્ત્રસંમતિ આપી.

અત્યાર સુધીમાં પ્રચલિત થયેલાં શાસ્ત્રો અને આચાર-વિચારોમાં, ચાર યુગની કલ્પના કરવામાં આવી છે. માનવસભ્યતા / સંસ્કૃતિ આ ચાર સમયખંડમાં વહેંચાઇ એવી માન્યતા છે; જે તાર્કિક કરતાં કલ્પનાપ્રેરિત વધારે છે. આ ચાર યુગો-સત્‌યુગ, દ્વાપરયુગ, ત્રેતાયુગ અને કલિયુગ નામે જાણીતા છે. ચારે યુગનું અર્થઘટન, પવિત્રતાના કોટિક્રમ અનુસાર થાય છે; સૃષ્ટિના સર્જન પછી સમાજમાં સત્‌યુગ હતો જે સૌથી વધારે પવિત્ર હતો. પછી દ્વાપર એથી ઉતરતો પવિત્ર સમાજ; ત્યાર પછી ત્રેતાયુગમાં એનાંથીયે ઓછો પવિત્ર સમાજ હતો અને કલિયુગમાં તો પાપાચારથી ભરપૂર સમાજ છે /હશે. જેમાં પંચમો, શૂદ્રો, પાચાચારીઓ, લૂંટારા, ઠગો, વેશ્યાઓ વગેરેથી સમાજ હીન દશમાં છે / હશે. આ પાપીઓ અને દુરાચારીઓએ જો મોક્ષ મેળવવો હોય, તો કૃષ્ણભક્તિ ઉત્તમ





માર્ગ છે. ફક્ત કૃષ્ણ /રામ (વિષ્ણુના કોઇ પણ અવતાર)નું નામસ્મરણ કરવાથી જ મોક્ષ મળશે… આવું ભાગવત વગરે પુરાણોમાં છે. કલિયુગમાં ભક્તિમાર્ગ જ મોક્ષદાયક છે, એ જાણે સદીઓથી જનસાધારણે સંપૂર્ણ સ્વીકારેલું આશ્વાસન(પલાયન!)છે.

એક સમયે, વેદોમાં અને સ્મૃતિઓમાં તો શૂદ્રો કે પંચમોને જરા પણ ધર્માધિકાર નહોતા;બલ્કે શૂદ્રો અને સ્ત્રીઓને પણ, વેદોનો અભ્યાસ કરવાનો પ્રતિબંધ હતો; વેદોનો શબ્દ સુદ્ધાં સાંભળે તો કાનમાં સીસું રેડવાની શિક્ષા લખેલી છે. એ સિવાય પણ શૂદ્રો-શ્રમિકોને તો મુખ્યપ્રવાહનાં દેવ-દેવીનું પૂજન, મંદિરપ્રવેશ વગેરે ધર્માધિકારો હતા જ ક્યાં?!

આવી હાલતમાં જ્યારે આમ સાર્વજનિક મોક્ષની વાત કરવામાં આવી તેની પાછળ, પેલી ધાર્મિક-સાંસ્કૃતિક કટોકટી જવાબદાર હશે?

બીજો પ્રશ્ન એ પણ છે કે માત્ર નામજપથી જ મોક્ષ મળી જશે- એવું એલાન કંઇક બીજુ તો સૂચવતું નથીને?! કારણકે સગુણ ભક્તિમાં પૂજન-અર્ચન-દર્શન માટે મંદિરપ્રવેશ જરૂરી છે. બીજી તરફ, આ શાસ્ત્રોક્ત ભક્તિવાળા બદલાવના સંદર્ભમાં કંઇ જ્ઞાતિવ્યવસ્થાનો વિરોધ કે એવી કોઇ ઝૂંબેશ નહોતી થઇ. સરવાળે, આ વિચિત્ર વાસ્તવિકતા વચ્ચે, શૂદ્રો અને પંચમો, સ્વાભાવિક છે નિર્ગુણ ભક્તિ અને નામજપવાળા મોક્ષનો રસ્તો પસંદ કરે! પુરાણોમાં આવા ‘પાપીઓ’ની રસપ્રદ કથાઓ મળે છે જે વૈષ્ણવધર્મની આ મોકળાશને ઉજાગર કરે છે.

કલિયુગ તે સમાજના પતનનું દર્શન છે કે ધર્મે આપેલા વચનનું? સરવાળે પંચમો-શૂદ્રો અને તમામ સ્તરની સ્ત્રીઓ ભક્તિમાર્ગ તરફ આકર્ષાય એમાં શું આશ્ચર્ય?!

**પ્રકરણ -5**

# "ભૂતળ ભક્તિ પદારથ મોટું!"

ઇ.સ. 13 મી સદી દરમ્યાન અને ત્યાર પછી આ ભૂપ્રદેશ-ભારતવર્ષનાં રાજકીય, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ચિત્રોમાં ઘણા બદલાવ આવ્યા. ભક્તિપ્રવાહને, ધર્મના સમૂળા ખ્યાલને આ બદલાવ સાથે ગાઢ સંબંધ હતો.

આમ તો સર્વસમાવેશી કહેવાતા આ ભૂપ્રદેશના બંધારણમાં જ, અનેક સ્થાનિક ઉપરાંત આગંતુક જાતિ-પ્રજાતિઓ-ધર્મશ્રદ્ધાનો ફાળો રહેલો જ છે. પણ આ વખતે આવેલા આગંતુકો- ઇસ્લામધર્મીઓ પોતાની સાથે એક પરિપક્વ સભ્યતા અને સત્તાની મહત્ત્વાકાંક્ષા લઇને આવેલા. આ જો કે માત્ર આરબ પ્રજા જ ન હોતી; તુર્ક, અફઘાન અને મોંગોલ લોકો વારાફરતી આ ભૂપ્રદેશમાં આવ્યા, યુદ્ધો કર્યાં, લૂંટ ચલાવી... પણ સાથે સાથે ધર્મ-સંસ્કૃતિ પણ લેતા આવ્યા. રાજસત્તાની તરાહ બદલાઇ.

ઉત્પાદન પ્રણાલીમાં બહુ ફરક ન પડ્યો. 13 – 14 મી સદી દરમ્યાન, સલ્તનતના શાસનમાં સામંતી વ્યવસ્થામાં જ જાગીરદારી આવી. સુલતાનો-જાગીરદારો અને ખેત-મજૂરો —એવી શ્રેણીમાં આર્થિક સંબંધો ચાલવા લાગ્યા-જે 17-18-19મી સદીમાં અંગ્રેજોના શાસન સુધી ટક્યા. અહીં, 13મીથી 16, 17મી સદી સુધીની વાત કરીએ.





અહીં, ખેતી ઉપરાંત, ઇસ્લામી શાસન દરમ્યાન, જીવન જરૂરિયાતને લગતી ચીજો બનાવવાની કારીગરી તો ઊંચી કક્ષાની અને વૈવિધ્યપૂર્ણ થતી જતી હતી. એમાં ખાસ કરીને કાપડ, ચામડું, લોઢાનાં ઓજારો અને હથિયારો, સોના-ચાંદી-ઝવેરાતના દાગીના, વગેરે શોખની ચીજવસ્તુઓનું કામ પણ ઉમેરાયું હતું. આગંતુકો સાથે દૂર દેશના કારીગરો પણ આવેલા અને સ્થાનિકો પણ વધુ આવડત ગ્રહણ કરતા ગયા હતા. આ ભૂપ્રદેશની હસ્તકલાઓ અને તેના કારીગરો જગજાહેર થવા લાગ્યા હતા, સમુદ્રમાર્ગે અહીંનો કેટલાક માલ દેશવિદેશમાં પહોંચવા લાગ્યો. વેપારીસંબંધો વધ્યા. નવો, ખાધેપીધે સુખી મધ્યમવર્ગ વધ્યો.

પણ કસબી-કારીગરોની આર્થિક સ્થિતિ તો નીચલી કક્ષાની જ રહી. ગામડાંમાં આવા કારીગરોનું કામ સાવ સાદાં, પ્રાથમિક સાધનો દ્વારા જ ચાલતું રહ્યું. હાથશાળ હોય કે ચાકડો... સાધનોમાં ખાસ પ્રગતિ ન થઇ.

આ અરસામાં શાસકોએ મોટા માર્ગો, કિલ્લા, ઇમારતો, મસ્જિદો વગેરે પણ પુષ્કળ પ્રમાણમાં બંધાવવા માંડ્યાં હતાં. એને લગતી કારીગરી પણ નવા પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓ હતી. વળી ધીમેધીમે મોટાં શહેરો બનતાં જતાં હતાં. ગામડાં અને શહેરો વચ્ચે સ્પષ્ટ અંતર થવા માંડ્યું. જીવન પદ્ધતિ ઉપર, મૂળની જ્ઞાતિવ્યવસ્થા ઉપરાંત વર્ગભેદ અને હવે તો આંશિક ધર્મભેદ પણ આવ્યો. ધર્મભેદને બે રીતે તપાસવો પડેઃ એક તો હિંદુધર્મમાં પણ અમુક પંથો અમુક વર્ગ દ્વારા પળાતા થયા. અમુક જ્ઞાતિ અમુક પંથ પાળે... દા.ત. વેપારીઓ વૈષ્ણવ, બ્રાહ્મણો શૈવ અને શૂદ્રો-શ્રમિકો દેવીભક્ત હતા. બીજું, કે અંશતઃ ઇસ્લામ પાળવાની શરૂઆત થઇ, જેની વાત આગળ-ઉપર.

શરૂઆતમાં, સલ્તનતની સત્તાના આરંભે આક્રમણો-લડાઇઓને કારણે આર્થિક પ્રવૃત્તિઓ ઉપર અસરો તો પડી હતી પણ રાજકીય સ્થિરતા સાથે આર્થિક સ્થિરતા આવવા લાગી હતી.

આમ છતાં કસબી-કારીગરોની આર્થિક સ્થિતિમાં ખાસ ફેર પડવા પામ્યો નહોતો. બલ્કે, તનતોડ મહેનતનું વળતર તો ઓછું જ મળતું હતું. ઉપરાંત શાસકો દ્વારા અવનવા અત્યાચાર પણ સહન કરવા પડતા હતા. ખાસ કરીને માર્ગ-ઇમારત

વગેરેના બાંધકામ મજૂરોનો શ્રમિક વર્ગ મોટા પાયે કાર્યરત બનેલો, તેના ઉપર આર્થિક ઉપરાંત આવા શારિરીક શોષણનો ભય તો સતત તોળાતો રહેતો.

ધાર્મિક મુદ્દા ઉપર આવીએ. તુર્કો, પઠાણો, મોંગોલોની પ્રજાતિઓ ભલે અલગ હતી, એમનું સર્વસામાન્ય તત્ત્વ (કોમન ફેક્ટર) એમનો ધર્મ હતો-ઇસ્લામ. પણ શાસકો તરીકે દરેક પ્રજાતિ, આ દેશના પ્રજાજનો સાથે ધાર્મિક મુદ્દે અલગ અલગ રીતે વરતી છે એમ નોંધવું જોઇએ.

આમ છતાં, સદીઓથી આ ભૂપ્રદેશની પ્રજાના જીવનમાં બ્રાહ્મણધર્મ / સનાતન ધર્મ અને જૈન ધર્મ ઓતપ્રોત થઇ ગયેલાં- એની તમામ ક્ષમતાઓ અને મર્યાદાઓની સાથે જ! અહીંના માનવજીવનની તાસીર જ એવી થવા માંડી હતી કે ધર્મ-ધાર્મિકતા-કર્મકાંડ વગેરેના આધાર વગર ન ચાલે. વિટંબણાઓને ભૂલવા માટે પણ આસ્થાના આધાર સિવાય એમની પાસે બીજો કોઇ વિકલ્પ નહોતો. ધર્મ-કર્મકાંડ સામે, ક્યારેક ક્યારેક છમકલાં કર્યાં પછી પણ સમયે સમયે, સામાજિક ચેતના તો ધર્માચરણમાં જ ઠરીઠામ થઇ છે. જનસાધારણ હોય કે પછી કહેવાતા મધ્યમ અને ઉપલા વર્ગનો સમાજ હોય, તેમની જીવન પદ્ધતિ ઉપરાંત માનસિકતા પણ ધર્માધારિત થવા લાગી હતી.

આવી વાસ્તવિકતા સાથે, જ્યારે અન્યધર્મી શાસકો સંપૂર્ણપણે હાવી થાય ત્યારે સમાજમાં વિક્ષોભ પેદા થાય તે સ્વાભાવિક હતું. પણ, શાસકો તરીકે ઠરીઠામ થાય તે પહેલાં આરબો સાથેના વેપારી સંબંધો તો મીઠા હતા. સૂરત, ખંભાત, કાલીકટ વગેરે બંદરો / શહેરોમાં આરબોનો એકાદ મહોલ્લો કે મસ્જિદ અચૂક હતાં તેમ ઇતિહાસ નોંધે છે. પણ ઇ.સ. 1025 / 26માં સૌરાષ્ટ્રના સોમનાથ મંદિરમાં મહમૂદ ગઝનીએ ચલાવેલી લૂંટ અને તોડફોડને 'કટ ઓફ લાઇન' બનાવીને કેટલાક વિદ્વાનો, આગંતુક મુસ્લિમોના સ્થાનિક સનાતનધર્મીઓ સાથેના સંબંધોમાં તનાવ આવ્યો એમ નોંધે છે. એને બ્રાહ્મણધર્મનો 'તેજોવધ'/ 'અસ્મિતા ભંગ' ગણાવે છે. શાસકોએ શરૂઆતમાં આ જ તરાહ અપનાવેલી. આક્રમણ, લૂંટ ને સત્તાપ્રાપ્તિ. ચારેક સદી સુધી આ રસમ ચાલી. પ્રજા અનેક જાતની અસલામતી અને હિંસાચારનો ભોગ બનતી રહી. એ રાજાશાહી હતી. આગંતુકો સાથે સ્થાનિક





સનાતનધર્મી રાજાઓની નાનીમોટી લડાઇઓ પણ ચાલતી હતી. સરવાળે પ્રજા પાસે ધર્મ અને પોતપોતાના દેવો જ એવા આશ્રયસ્થાન બન્યાં કે અંદર જઇને, કોકડું વાળીને લપાઇ જવાય!

ત્યરે એ 'ધર્મ' પાસે એમને માટે શું હતું? -જ્ઞાતિ-જાતિના ભેદભાવ, અનેક જાતના કર્મકાંડની જટાજાળ, શાસકો અને માલિકો દ્વારા થતું બેવડું શોષણ, અપમાન અને અરાજકતા! મધ્યમવર્ગ માટે વળી, ભક્તિ કેન્દ્રી મંદિરો હતાં પણ વિધર્મી શાસકોના હુમલાના ભયથી એ પણ સાંકડાં ને સંકુચિત બન્યાં હતાં. અનેક જાતની સામાજિક વાડાબંધીમાં ધાર્મિક-સાંપ્રદાયિક વાડાબંધી પણ વધી હતી.

આવી અજંપાભરી હાલતમાં, ધર્મપરિવર્તનો પણ મોટા પાયે થયાં. એક તો મુસ્લિમ શાસકોની નીતિ હતી કે પોતાનું સંખ્યાબળ વધારવું. મધ્યપૂર્વના જૂના-નવા દરેક સંસ્થાગત ધર્મની આ નીતિ રહી છે. પરિણામે હારેલા લોકોએ પોતાની સલામતી ખાતર ધર્મપરિવર્તન કરવું પડ્યું. તે સિવાય, ગરીબી અને બેરોજગારી દૂર કરવા પણ ધર્મપરિવર્તન કરીને લશ્કરમાં ભરતી થવાનો, રાજની નોકરી મેળવવાનો રસ્તો પણ ખૂલી ગયો હતો. આર્થિક કારણોસર ધર્મપરિવર્તનો થયાં.

ધર્મપરિવર્તનનું ત્રીજું કારણ 'ધાર્મિક' જ હતું. મુસ્લિમ શાસન દરમ્યાન અને એથીયે પહેલાં આપણે ત્યાં ઇરાન વગેરે મધ્યપૂર્વના પ્રદેશોમાંથી સૂફીસંતોનું આગમન થયું હતું. તેમના તત્ત્વજ્ઞાન અને પ્રભાવ વિશે આગળ ઉપર જોઇશું, પણ એમનો સમાનતાનો ભાવ, કોઇપણ જાતના ભેદભાવ સિવાય, સૌને પ્રેમ વ્હેંચતા રહેવાનો સંદેશ, નિરાકાર સર્જનહારની ભક્તિ અને અલગારી-મસ્તફકીરીભર્યું સાદું જીવન- આપણા શ્રમિકો, શોષિતોને આકર્ષી ગયાં. કેટલાક સૂફીસંતો અહીં જ રહી ગયા. લોકસંપર્ક કરતા રહ્યા અને જનસાધારણમાં એમની વાયકાઓ, ચમત્કારો લોકપ્રિય થતાં રહ્યાં. પરિણામે, આ શ્રમિકો-શોષિતોના સમુદાયો સૂફીઓ દ્વારા પણ પાતાની અભિપ્સા સંતોષાતી જોઇને, ધર્મપરિવર્તન કરવા પ્રેરાયા. ખરા અર્થમાં આ ભૂખંડ ભાતીગળ બન્યો.

ખરેખર, સનાતનધર્મ સામે ઘણા સવાલો ખડા થયા હશે! હવે તો આ મુસ્લિમોએ જ નામ પાડ્યાં હતાં- હિંદુલોક, હિંદુધર્મ, હિંદુસ્તાન...! તો આ હિંદુધર્મે

અરાજકતામાંયે ટકી રહેવા જાણે નવા મનોયત્નો આદર્યા. શાસકોએ જાણે એને આડકતરો ટેકો આપ્યો.

તે સમયે, દિલ્હીમાં અને અન્યત્ર પણ- જ્યાં મુસ્લિમ શાસન હતું ત્યાં, તુર્ક અને અફઘાની શાસકોનો સૂર્ય અસ્તાચળે ગયો હતો. મોગલવંશ ગાદી ઉપર આવ્યો હતો. હૂમાયું ટૂંકો સમય રાજ કરીને અવસાન પામ્યો. એના સમય સુધી કહેવાય છે કે શાસકો, આ ભૂમિ ઉપર શાસન કરવા, અહીંનાં પ્રાકૃતિક અને માનવસંસાધનોનો લાભ ઉઠાવવાના હેતુને પ્રાથમિકતા આપતા હતા. હૂમાયુંના પુત્ર અકબરે આ ભૂમિની તાસીર સમજીને, સમાજને પોતાની સાથે રાખીને, મોગલવંશને ચક્રવર્તી બનાવવા અને દીર્ઘકાલીન, આદર્શ શાસનવ્યવસ્થા સ્થાપવાની નેમ રાખી હતી. એની વિચક્ષણ નજરે ચડી આ હિંદની ધાર્મિકતા... ધર્માધારિતતા. તે સિવાય પણ એની દૂરંદેશીને કારણે, આ ભૂપ્રદેશની તમામ કોમો, ધર્મસંપ્રદાયો અને સંસ્કૃતિ સાથે તાદાત્મ્ય કેળવવા એ ધર્મસંસદો ભરતો ગયો-જાણતો-શિખતો ગયો. વળી તેનામાં અભિપ્સા અને આદર્શ રાજા તરીકેના ગુણો સમ્રાટ અશોકની યાદ અપાવે તેવા જોવા મળે છે. રાજાનાં કર્તવ્યો, પ્રજાની સુખાકારી અને વિવિધ ધર્મોમાં પ્રબોધેલી નૈતિકતાને સાંકળવાના એના પ્રયાસો ફક્ત સાંસ્કૃતિક પહેલ જ નહોતી- રાજનૈતિક બાહોશી પણ હતી. શાસનકર્તા તરીકે એનો અભિગમ સમગ્રલક્ષી (હોલિસ્ટિક) હતો.

વળી તેના રાજ્યકાળમાં અન્ય દેશો સાથેના વ્યાપારી સંબંધો પણ ખિલેલા. તદુપરાંત અકબર અન્ય ધર્મી વિદેશીઓને પણ આમંત્રણ આપતો, જેમાં ધર્મગુરુઓ અને પંડિતોનો સમાવેશ થતો હતો. એના પોતાના દરબારમાં પણ નવરત્નોમાં ઈતિહાસકાર, તત્ત્વચિંતક, ખગોળશાસ્ત્રીઓ ઉપરાંત રાજા ટોડરમલ જેવા જમીનમાપણી વગેરેના નિષ્ણાત પણ હતા; જેને કારણે રાજનીતિનો વ્યાપક દૃષ્ટિકોણ તેની પાસે હતો. ''સુલહ-ઈ-કુલ'' (સાર્વત્રિક શાંતિ / સમાધાન)નું એનું સૂત્ર, આજે આપણે જેને 'સર્વધર્મ સમભાવની નીતિ' કહીએ છીએ તેનું આદિરૂપ હતું.





## પુષ્ટિમાર્ગ અને ભક્તિનું સામાજિકરણ

લગભગ અકબરના રાજ્યકાળ દરમ્યાન કહી શકાય એવા સમયખંડમાં જ પેલા પ્રચલિત વૈષ્ણવધર્મે વળી કરવટ બદલી. દક્ષિણભારતમાં જેમનાં મૂળ અને કૂળ હતાં પણ જેમનો જન્મ ઝારખંડમાં થયો હતો તેવા, પુરોહિત વર્ગના વલ્લભાચાર્યે શાસ્ત્ર-સંમત વૈષ્ણવધર્મને વધુ લોકભોગ્ય, સ્થાનિક, સુગમ અને લોકપ્રિય પણ બનાવ્યો. તેમણે શુદ્ધાદ્વૈત તત્ત્વવિચાર ઉપર આધારિત કૃષ્ણભક્તિને 'પુષ્ટિમાર્ગ' (જેમાં સંતોષ-પોષણ મળે તેવો ધર્મમાર્ગ) તરીકે ઓળખાવ્યો. આગવી આચારસંહિતા પણ આપી. એથીયે નવી પહેલ એ કરી કે સંપ્રદાયનું 'સંસ્થાકરણ' જેવું કર્યું. જો પુષ્ટિસંપ્રદાયમાં બહુ શ્રદ્ધા હોય અને બીજા દેવો-સંપ્રદાયો કરતાં એના તત્ત્વજ્ઞાનને પણ પૂરેપૂરૂં માનતા હો તો તમારે આ સંપ્રદાયમાં 'સર્વસમર્પણ' કરવું પડે. એ માટે ભક્તે ગુરૂ પાસે 'કંઠી બંધાવવી' પડે. કંઠી બંધાવવા માટે પરમ શ્રદ્ધા સિવાય કશું જરૂરી નહોતું. પુષ્ટિમાર્ગે એક અ-પૂર્વ ચરિત્ર પ્રગટ કર્યું- સંપ્રદાયનાં બારણાં સૌ કોઈને માટે ખુલ્લાં હતાં. હિંદુ સમાજની તમામ જ્ઞાતિઓ, શૂદ્રો અને પંચમો સુદ્ધાં, તમામ વર્ગ-વર્ણની સ્ત્રીઓ અને અન્યધર્મીઓ, એટલે કે મુસલમાનો સુદ્ધાં 'કંઠી બંધાવી' શકે. કહેવાય છે કે અકબરે પણ કંઠી બંધાવી હતી. એની અસરમાં તત્કાલીન ભદ્રવર્ગીય મુસલમાન સરદારોથી માંડીને મુસલમાન શ્રમજીવી સ્ત્રી-પુરુષોએ પણ કંઠી બંધાવી હતી. પુષ્ટિ સંપ્રદાયનાં ભક્તોના દસ્તાવેજો સમા કથાસાહિત્યમાં આની નોંધ છે. અકબરના દરબારી 'રસખાને' પોતાનું આવું મિશ્ર ઉપનામ રાખીને, તત્કાલીન વ્રજભાષામાં કૃષ્ણભક્તિનાં અનેક પદ-ભજનો રચ્યાં છે.

પુષ્ટિના જે ધર્માચરણો હતાં તે ભક્તિનો પૂરો સમય માગી લે તેવાં હતાં. કૃષ્ણની મૂર્તિ કે છબિની સેવા કરવી એટલે જાણે પરિવારના એક સભ્ય-ખાસ તો નાના બાળકનું લાલનપાલન કરવાનું હોય એટલી બધી સમય માગી લે તેવી(એન્ગેજિંગ) છે. ઉપરાંત સહભાગિતાવાળી પણ છે.

સનાતનધર્મમાં પૂજારી સિવાય દેવમૂર્તિની પૂજાની મનાઈ હતી / છે. અલબત્ત, જે લોકો ઘરમાં દેવની સ્થાપના કરીને દૈનિક પૂજા કરે તે અલગ વાત છે. પણ આ

અધિકાર માત્ર સવર્ણોનો જ છે. પુષ્ટિસંપ્રદાયમાં મંદિરોને બદલે 'હવેલી' / ઘરની અંદર મૂર્તિની સ્થાપના કરવાની પ્રથા શરૂ થઈ. એક લોક માન્યતાને કેટલાક વિદ્વાનો પણ સંમતિ આપે છે કે, મુસ્લિમો મંદિર તોડતા, તે રોકવા માટે શિખર વગરની 'હવેલી'ઓને જ 'દેવસ્થાન' બનાવવામાં આવી. પણ, એમ પણ કહી શકાય કે ઈશ્વર સાથેની આત્મીયતા જે રીતે સિદ્ધાંતમાં વર્ણવાઈ છે તે આચરણમાં પણ ઉતરી. કૃષ્ણ અહીં બાળસ્વરૂપે છે, ઘરના બાળક જેવા! વળી આ બાળકૃષ્ણની ભક્તિ-સેવાપૂજા વગેરે સ્ત્રીઓ પણ કરતી હતી. ઘરની બહાર નીકળ્યા વગર પણ ઈશ્વરનું સામીપ્ય મેળવતી હતી. ઉપરાંત હવેલીમાં પણ એમની આવનજાવન ઉપર કોઈ પ્રતિબંધ નહોતો. આ બધું સ્ત્રીઓની સદીઓથી રૂંધાયેલી ભાવનાઓ-ઊર્મિઓ માટે હવાબારી(વેન્ટીલેશન) જેવું હતું અને આડકતરી રીતે સામાજિક સમાનતાની નિશાની સમું હતું. સ્ત્રીઓના ધર્માધિકાર વિશે કદાચ પહેલીવાર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. અલબત્ત, કહેવાતી ઉજળિયાત જ્ઞાતિઓની સ્ત્રીઓના ધર્માધિકાર વિશે!

આ ભક્તિ સાથે, સંગીત-કવિતા-ચિત્ર- નૃત્ય વગેરે લલિતકલાઓ અનિવાર્યપણે જોડાયેલી છે. લાંબું વર્ણન કે માહિતી આપવી શક્ય નથી, પણ ટૂંકમાં કહી શકાય કે 16મી સદીથી માંડીને લગભગ 20 મી સદીમાં અહીં જેટલી લલિતકલાઓ વિકસી તેટલી કદાચ સંસ્કૃતિના કોઈ તબક્કે નહોતી વિકસી. આ તમામ કલાઓ ધર્માશ્રિત રહી છે. મતલબ કે ઈશ્વર / કૃષ્ણના નામે અહીં વિવિધ કલાસ્વરૂપોમાં ભાવાભિવ્યક્તિ થઈ છે. ભારતવર્ષમાં કલાઓ કાં તો ધર્માશ્રિત, કાં તો રાજ્યાશ્રિત રહી છે- આ યુગમાં બંને આશ્રયોથી કલાઓ વિકસી અને લોકપ્રિય અને લોકભોગ્ય પણ બની છે; ધર્મને લાંબું આયુષ્ય બક્ષવામાં સહાયરૂપ બની છે.

સરવાળે, સદીઓથી ધર્મના નામે કર્મકાંડ, શુષ્ક ઉપદેશવચનો અને કઠોર વ્રત વગેરેની જગ્યાએ, જીવનની પળેપળને આનદંથી અને રસથી ભરપૂર બનાવે તેવા પુષ્ટિસંપ્રદાયે ઘણું બધું સકારાત્મક પ્રદાન કર્યું છે.

... તો નકારાત્મક મુદ્દાએ ઓછા નથી!





માની લઈએ કે આ ભક્તિસંપ્રદાય સર્વસમાવેશી હતો. પરંતુ ઘરમંદિર, નિત્યસેવા વગેરે જે રીતે ખર્ચાળ બન્યાં તે જોતાં પુષ્ટિસંપ્રદાયનું વર્ગીય ચરિત્ર 'ધર્માધિકાર' વિશે સવાલો ઊભા કરી શકે. એટલે જ કદાચ, શરૂઆતથી જ મોકળાશ હોવા છતાં આ સમાજનાં ગરીબો, શ્રમિકો, દલિતો કે આદિવાસીઓ આ પંથ સુધી પહોંચી શક્યાનું નોંધાયું નથી. ફક્ત તદ્દન શરૂઆતનાં થોડાક દાયકામાં આવા દાખલા મળે છે, જે વલ્લભાચાર્યના જીવનકાળ દરમ્યાન બન્યા હોવાની શક્યતા છે.

એ જ રીતે, મુસ્લિમ ભક્તોનાં ઉદાહરણ પણ શરૂઆતમાં મળે છે. અકબર અને રસખાન તેનાં સીધા ઉદાહરણો છે. જહાંગીર અને શાહજહાં અકબરના સર્વધર્મ સમભાવને ઠીકઠાક અનુસર્યાનું નોંધાયું છે, શાહજહાંનો તત્ત્વજ્ઞાની પુત્ર દારા શિકોહ કદાચ એટલે જ પુષ્ટિ પ્રત્યે ઓછો આકર્ષાયો અને ઉપનિષદ્દના તત્ત્વજ્ઞાનને એણે ફારસી ભાષામાં ઊતારીને દૂર દેશાવર સુધી પ્રચલિત કર્યું. ઔરંગઝેબના શાસનમાં ભક્તિપંથના આ સ્વરૂપની આભા ઝાંખી પડી હતી.

ત્યાર પછી આ પંથને રાજ્યાશ્રય નહિ પણ શ્રેષ્ઠિઓ / શેઠિયાઓની મદદ સતત મળી છે.

માત્ર 'ધનવાનોનો ધર્મ' બનેલા પુષ્ટિમાર્ગના આચાર્યોએ (વડા ગુરૂઓ) અકબર દ્વારા મળેલા રાજ્યાશ્રય અને માનસન્માનને વધુ પડતી ગંભીરતાથી લીધું હોવાની શંકા જાય છે, કેમ કે વલ્લભાચાર્યના પુત્રને જે માનસન્માન મળેલાં, તે પછી આચાર્યો પાસે ખૂબ જમીનો, હવેલીઓ વગેરે સ્થાવર-જંગમ સંપત્તિ અઢળક થઈ. તદુપરાંત આ સંપ્રદાયને 'વારસાગત' બનાવવામાં આવ્યો. વલ્લભકુળના પુત્રો-ભાઈ-ભત્રીજાઓ જ આચાર્યપદે બેસી શકે એવી આજ્ઞા થઈ. વલ્લભાચાર્યે ધર્મપ્રસાર માટે દેશમાં પર્યટનો કરીને જે 'બેઠકો' (પીઠ / સ્થાનક) સ્થાપી હતી તેના ઉપર માત્ર વલ્લભકુળનાં સંતાનો જ આજ પર્યંત 'રાજ' ચલાવતા આવ્યા છે.

એથીયે વધુ નિંદનીય બાબત તો એ બની છે કે આ આચાર્યોમાંના ઘણા, પોતાને

શ્રીકૃષ્ણના અંશ(અવતાર) મનાવીને તમામ પ્રકારની સંપત્તિનો ભોગવટો કરે છે. આ સંપત્તિમાં ‘સ્ત્રીઓ’ પણ આવી જ ગઇ! કેટલાક આચાર્યોનાં સ્ત્રીઓ સાથેના સંપર્કો અને વહેવારો અત્યંત બેશરમીની હદે ગયા હતા. ભોળા અને નમ્ર ભક્તોએ ક્યારેય આ દુરાચારનો વિરોધ નહોતો કર્યો. છેક 19મી સદીમાં મુંબઇ-સુરતના સુધારકો કરસનદાસ મૂળજી અને કવિ નર્મદે આ પંથના એક ગુરૂ જદુનાથ મહારાજ સામે દુરાચારનો પર્દાફાશ કરવાની હિંમત કરી હતી. એક વાર હાર્યા પછી ઉપલી કોર્ટમાં સુધારકો જીત્યા હતા. આચાર્ય મુંબઇ છોડીને ભાગી ગયા હતા. પણ પંથને કંઇ તાળાં નહોતાં વાગ્યાં! ધર્મભીરૂ વૈષ્ણવો અને આબરૂ રોળાવાની બીકે જે તે ગૃહિણીઓનાં કુટુંબીજનોએ બધું ભીનું સંકેલી લીધું અને પંથની બોલબાલા ચાલુ રહી- અલબત્ત, ધનિકો અને મધ્યમવર્ગીય વહેપારી કોમો પૂરતી! સહભાગિતાની છાપ ભૂંસાઇ ગઇ. 18મી સદીમાં આવેલા, સ્વામીનારાયણ પંથે આમ પણ ભક્તોની સંખ્યા ઉપર અસર તો કરી જ હતી.

પોતાના ઉદયકાળમાં, રાજકીય માહૌલની સહિષ્ણુતાને સાથે વણી લઇને એક લગભગ સર્વસમાવેશી મોક્ષમાર્ગરૂપે ‘પુષ્ટિ’ આવ્યો. ‘દેવને તે દેહને’ જેવા આનંદલક્ષી ભૌતિકવાદની ઝાંખી પણ કરાવી. ચરિત્રમાં એ પ્રાથમિક કક્ષાનો,(એડવાન્સ) પૂર્વ આધુનિક મૂડીવાદી હતો એટલે સ્વતંત્રતા-મોકળાશ-બંધુતા-સમાનતાની ભ્રામક ઝાંખી પણ કરાવી. આખરે જડ અને સંકુચિત સંસ્થાકરણ, આભડછેટિયા, મરજાદી પૂર્વગ્રહો અને તર્કહીન પરમાનંદવાદી (ઇલ્લોજીકલ એક્સ્ટસી)નો નમૂનો બની રહ્યો... અલબત્ત, ‘ધનિકોનો ધર્મ’ પણ ખરો જ!

વળી, આખા દેશમાં આ સંપ્રદાયનું ચલણ નહોતું. ઉત્તરનાં કેટલાંક રાજ્યોમાં અને બંગાળ, ઓડિશામાં થોડાક રૂપાંતર સાથે આ સંપ્રદાય પ્રચલિત બનેલો. આખાયે દક્ષિણભારતમાં તો પેલો મૂળ વૈષ્ણવધર્મ-ભાગવતધર્મ જ પ્રચલિત હતો, જેમાં સ્વામી અને સેવકના સંબંધો, વિષ્ણુ અને ભક્તો માટે બરકરાર હતા; જે ગુરૂભક્તિમાં પરિણમ્યા.





જો કે, પુષ્ટિમાર્ગે બક્ષેલી મોકળાશ, પ્રેમલક્ષણા ભક્તિ અને ઇશ્વર સાથેની સંવાદલીલાનો વારસો આગામી, સંતો-સૂફીઓવાળા ભક્તિપ્રવાહને જરૂર મળ્યો એમ કહેવું જોઇએ.

પુષ્ટિએ જે ભક્તિપ્રવાહને વેગ આપ્યો એમાં ઇશ્વર સાથે જુદી જુદી રીતે સંપર્ક સ્થાપવાની શક્યતાઓ આપીઃ માતૃભાવે બાલકૃષ્ણને લાડ લડાવવાં, સખાભાવે અર્જુન, સુદામા અને દ્રૌપદીની જેમ, કૃષ્ણને પ્રેમાળ સદાસહાયક મિત્ર માનવો, ગોપીભાવે અનન્ય પ્રેમી ગણવો, રાધા ભાવે સર્વસમર્પણ કરીને, કોઇ પણ સાંસારિક નામ પાડ્યા વગર નિરંતર ચાહતાં રહેવું... વગેરે. ટૂંકમાં ભક્તિપ્રવાહ વ્યક્તિને ને સમુદાયને પ્રેમની વિવિધ લાગણીમાં તરબોળ કરે છે- ડૂબાડૂબ રાખે છે. સાંસારિક દુઃખો અને સામાજિક તકલીફો પ્રત્યે ભક્તનું ઝાઝું ધ્યાન નથી હોતું. અને હોય તો યે સઘળું દુઃખ કૃષ્ણ દૂર કરશે એવી અપાર શ્રદ્ધા પણ હોય છે. સુખ મળે ત્યારે એને પ્રભુકૃપા માનીને માથે ચડાવી ગદ્ગદ્તા અનુભવવાની નમ્રતા કાયમ રહે છે. સરવાળે, પુષ્ટિ કે તે સિવાયની કૃષ્ણભક્તિ... અને અન્ય દેવોની ભક્તિ પણ- વ્યક્તિને ને સમુદાયને સતત શ્રદ્ધાભરપૂર રાખે છે. ઊર્મિલ-લાગણીસભર રાખે છે અને એ ઇશ્વર સામે, એના અસ્તિત્વ સામે, એના ‘સર્જન’ સામે કોઇ સવાલ ઉઠાવવાનો સવાલ જ નથી રહેતો! ઇશ્વર સંબંધી કોઇ પણ પ્રશ્ન કરનાર નાશ પામે છે એમ, ખુદ શ્રીકૃષ્ણે જ ભગવદ્ ગીતામાં કહ્યું છેઃ સંશયાત્મા વિનશ્યતિ!

આને કારણે ભક્તિપ્રવાહે, ધર્મમાર્ગમાં તત્ત્વચર્ચા, વાદવિવાદ, અમૂર્ત બ્રહ્મની ખોજની મથામણ, તાર્કિક વિચાર પ્રણાલી સામે પૂર્ણવિરામ મૂકી દીધો. જીવ, જગત અને ઇશ્વર સામે થતા સવાલોના જવાબ આપી દીધા. અરે, હમણાં સુધી ‘અભિપ્સા’ની જે વ્યાખ્યા હતી એને પણ બદલી નાખીને, સંપૂર્ણ ‘શરણાગતિ’ભાવ આપી દીધો. આથી શરૂઆતના ગાળામાં જે કંઇ રાજકીય અને આર્થિક ક્ષેત્રે સ્વામી-સેવકના ભાવ હતા એ જ- શ્રમિક-સામંતના ભાવ બરકરાર રહ્યા. આવા ભક્તિપ્રવાહમાં તરબોળ રહેનારા સમાજમાં તાર્કિકતા, બુદ્ધિનિષ્ઠા, આત્મપ્રશ્નેયતા જેવા ગુણોનો વિકાસ ક્યાંથી થાય? સ્વતંત્રતા,

પ્રગતિશીલતા અને વૈજ્ઞાનિક અભિગમ તો જોયાં ન જડે! આ બધ્ધા 'પ્રેમભાવ' છતાં જ્ઞાતિવ્યવસ્થા તો જડબેસલાક હતી એટલે 'સમાનતા' જેવો ગુણ તો પ્રજામાં કેળવાય જ ક્યાંથી? ઉલટું એક પ્રકારનાં બેવડાં ધોરણો, દંભની સંસ્કૃતિ ખિલતી ગઇ એમ કહેવાય. જગતના તમામ ધર્મોનો એક સમાન(કોમન) સિદ્ધાંત જોવા મળ્યો- 'સમાનતા'- પણ આચરણમાં એનું શું થયું છે?!

ફરીથી પેલી આધુનિકતાનાં મૂલ્યો અને જીવનપ્રણાલિ યાદ આવવાનું કારણ એ કે આ વિરોધાભાસોની સંસ્કૃતિ 16મી સદીમાં પાંગરી રહી હતી, જે 16મી સદીમાં યુરોપમાં જ્ઞાનપ્રકાશ-પ્રબોધનકાળનો ઉદય થયો હતો. જોકે ફરીથી એકનો એક મુદ્દો ઘૂંટવો ઘટે કે જ્યાં સુધી રાજકીય વ્યવસ્થા ન બદલાય, આર્થિક પ્રવૃત્તિઓ ઉપર વિજ્ઞાન અને પ્રગતિશીલતાનો પ્રભાવ ના પડે ત્યાં સુધી સમાજિક-સાંસ્કૃતિક પરિવર્તન શક્ય નથી. આ હિંદુસ્તાનમાં 16મી સદીમાં તો સામંતી રાજ્યવ્યવસ્થા-અર્થવ્યવ્થા એના ચરમ શિખરે હતી અને વિજ્ઞાન કે ટેક્નોલોજીનો વિકાસ નહિવત્ થયો હતો.

જોકે એક મુદ્દો નોંધીને સ્પષ્ટતા કરવી જરૂરી છે કે 16મી સદીમાં તો યુરોપમાં પણ 'આધુનિકતા' ક્યાં ખિલી હતી? 18મી સદીની વૈજ્ઞાનિક પ્રગતિએ જ આધુનિકતાને જન્મ આપેલો. 16મી સદીમાં વૈજ્ઞાનિકોએ અપાર સાહસો દાખવેલાં અને ચર્ચ સામે વિદ્રોહ કર્યો હતો; જેમને ચર્ચે ક્રૂરતાપૂર્વક ડામ્યા હતા. 16મી સદીમાં ત્યાં ધર્મસુધારણા થઇ હતી... ચર્ચની સત્તા ઘસાતી ગઇ હતી... પછી આધુનિકતા આવી હતી. આ આખી લાંબા ગાળાની લડાઇ હતી. અનેક મોરચે ખેલાયેલું યુદ્ધ હતું.

જ્યારે હિંદુસ્તાનમાં તો ધર્મનો ફેલાવો વધુ ને વધુ જનસાધારણ સુધી થવાની શક્યતા આ ભક્તિપ્રવાહે ખોલી આપી. મધ્યમવર્ગ અને નિમ્ન મધ્યમવર્ગ આ ભક્તિપ્રવાહ પ્રતિ સ્વાભાવિક રીતે આકર્ષાતો ગયો. સુસ્થિર થતો ગયો.





**પ્રકરણ-6**

# એક નવો અધ્યાય

મોગલકાળમાં- એટલે કે, લગભગ બે સદી સુધી, હિંદુસ્તાનમાં રાજકીય અને આર્થિક અરાજકતા પ્રમાણમાં ઘટતી ગઇ હતી. દેશનો શ્રમજીવી અને કારીગર સમાજ ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં વિવિધ પ્રકારની આર્થિક પ્રવૃત્તિઓમાં મશગૂલ હતો. ... પણ એમની અભિપ્સાનું કે ધર્મજિજ્ઞાસાનું શું? —એ કંઇ સ્થાપિત ધર્મોના માળખામાં બંધબેસતા નહોતા થતા! પેલાં મંદિરો, હવેલીઓ, ઉત્સવો તેમના દૈનિક જીવનના ભાગ નહોતા બની શક્યાં. સ્થાપિત વૈષ્ણવ પંથ જ્ઞાતિવ્યવસ્થાના પડખે જ ચાલતો હતો. મોગલ શાસકોએ પણ સ્થાપિત હિંદુ કે જૈનધર્મનાં માળખાંમાં હસ્તક્ષેપ નહોતો કર્યો. લોકપ્રિયતાની રાજનીતિને કારણે કદાચ એમણે અસ્પૃશ્યતા, જ્ઞાતિગત ઉચ્ચાવચતા કે અન્ય સામાજિક કુરિવાજોને દૂર કરવાનાં કોઇ પગલાં લીધાનું નોંધાયું નથી.

આગળ જોયું તેમ, ઘણા બધા દલિત, શૂદ્ર શ્રમજીવીઓએ ઇસ્લામ અંગિકાર કર્યો હતો. શ્રમજીવીઓના સમુદાયમાં એક જાતની મિશ્ર સંસ્કૃતિ સરજાઇ હતી. ખાસ કરીને બ્રાહ્મણોના અતિશય વર્ચસ્વવાળા પ્રદેશોમાં શ્રમિકોના સમુદાયો પોતપોતાની રીતે પરમતત્ત્વની ખોજમાં પડી ગયા હતા. સર્જન, સર્જનહાર અને માનવજીવનના મતલબની શોધના માર્ગે પોતાની આગવી કેડીઓ કંડારી રહ્યા હતા.

આમ તો એમની પાસે પારંપરિક માર્ગો પણ હતા... નવીન પ્રવાહ તરફ જતાં પહેલાં, થોડીક પરંપરાની વાત કરીએ તો શ્રમિકો-શૂદ્રોના પ્રયાસોનું મૂલ્યાંકન યોગ્ય રીતે થઇ શકે.

બ્રાહ્મણધર્મની પરંપરામાં માણસમાત્રે મોક્ષ મેળવવો એ જાણે જીવનનું ધ્યેય છે એમ કહેવાયું. પણ હકીકત જુદી જ નીકળી. શૂદ્રો-અછૂતો અને સ્ત્રીઓ માટે મોક્ષનાં બારણાં બંધ હતાં. પણ આપણે જોયું કે ભાગવત્ધર્મે કટોકટીના પરિણામે માનવીય ચહેરો અપાનાવ્યો. ભાગવત્ પુરાણમાં, ભગવદ્ગીતામાં અને અન્ય ધર્મકથાઓમાં મોક્ષ મેળવવાના ત્રણ માર્ગ દર્શાવ્યા છે. અલબત્ત, આ 'મોક્ષ' તે શું એ વળી અલગ મુદ્દો છે! ખેર, આ ત્રણ માર્ગ છે -જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ અને ભક્તિમાર્ગ. ત્રણે માર્ગના ચિંતકો-પ્રચારકો વળી આમાંયે ચડસાચડસી કરતા આવ્યા છે કે ક્યો માર્ગ શ્રેષ્ઠ?! વળી અસંખ્ય કથા-કીર્તન વગેરે દ્વારા પૂરવાર કરીને રહ્યા છે કે, ભક્તિમાર્ગ સર્વશ્રેષ્ઠ. આપણે માટે આ મુદ્દો કેન્દ્રમાં છે.

- સ્વાભાવિક રીતે નહિ પણ જે પ્રકારનું સંસ્કૃતીકરણ થયું હતું એમાં એમ મનાયું કે, જ્ઞાનમાર્ગે જવા અમુક સજ્જતા જોઇએ- જ્ઞાન કહેતાં શાસ્ત્રોનું જ્ઞાન, શાસ્ત્રો સંસ્કૃતમાં હતાં એટલે સંસ્કૃત ભાષાનું જ્ઞાન અને 'ગુરૂ વિના જ્ઞાન નહિ'—એટલે ગુરૂની શિક્ષા, સંમતિ અને પરીક્ષામાંથી પસાર થવાની ક્ષમતા આ માર્ગે જવાની આવશ્યક યોગ્યતા ગણાય. શ્રમણપંથોના આગમન અને સફળતા સુધી આ જ્ઞાનમાર્ગ માત્ર દ્વિજ-બ્રાહ્મણો માટે જ હતો એમ કહેવાય. વર્ણની શ્રેષ્ઠતાના આધારે મોક્ષ મળે- એમ કહેવાય!

- કર્મ એટલે કામકાજ જ નહિ, બીજાઓ માટે કરેલાં નિઃસ્વાર્થ કાર્યો અને પોતાને માટે કરેલું તપ-તીર્થ-દાનપુણ્ય વગેરે... જેના સુ-ફળ રૂપે મોક્ષ મેળવી શકાય. અહીં વિચારવા જેવું કે હજારો વર્ષથી આર્થિક પ્રવૃત્તિઓ ઉપર આધારિત સામાજિક સમીકરણો એવી રીતે ગોઠવાયાં છે કે પોતાનું ને પરિવારનું પેટ ભરવા, આજીવિકા મેળવવા જે કંઇ તનતોડ શ્રમ કરવો





પડે તેમાં પરમાર્થ કરવાનો ઓછો જ મોકો મળે. પરિણામે આપણે જોઇ શકીએ કે પરમાર્થ કરવા-તપ, તીર્થ, દાન, ધર્માદા- મોટા ભાગના મધ્યમવર્ગ અને શ્રમજીવી વર્ગે ગજા બહારનો શ્રમ કરવો પડે કાં તો મોક્ષ નહિ મળે તો?... એવા ભયે દેવાં કરવા પડે! આમ કર્મમાર્ગ સાથે આર્થિક અસમાનતાનું પરિબળ જોડાયેલું છે.

- તો બાકી રહ્યો તે ભક્તિમાર્ગ. આપણે જોઇ ગયાં કે, વિભિન્ન પ્રકારનાં પરિબળોને કારણે બ્રાહ્મણધર્મે ધીમેધીમે અન્યોનો સમાવેશ કરવો પડ્યો. તેમાં ભક્તિમાગ સૌને માટે મોકળો કરવો પડ્યો હતો; અથવા તો સામાજિક — રાજકીય પરિબળો એવાં થયાં કે ત્રણ મુખ્ય સવર્ણ જ્ઞાતિઓ સિવાયને પણ બ્રાહ્મણ / હિંદુધર્મમાં લઇ લેવા માટે શંકરાચાર્ય વગેરેએ 'કલિયુગ'ની પરિકલ્પના કરીને શૂદ્રો-દલિતોને ધર્માધિકાર આપવો પડ્યો હતો.

યાદ છે... ગુજરાતમાં 1981માં અનામત-વિરોધી સવર્ણોએ જે હિંસાચાર અને ધિક્કારકાંડ ખેલ્યો હતો ત્યારે એક હિંદુ ધર્મગુરૂએ એલાન કર્યું હતું કે "દલિતોને હિંદુઓમાં સમાવી લો, આ છેલ્લી ટ્રેન છે! ચૂકી જશો તો..." આ ભક્તિમાર્ગ કદાચ તે સમયના હિંદુધર્મ માટે 'છેલ્લી ટ્રેન' હશે!?

... તો વળી ભક્તિ પ્રવાહમાં પણ બે પ્રકારના માર્ગ છેઃ સગુણભક્તિ-એટલે કે ઇષ્ટદેવના આકાર, રંગરૂપ, ચરિત્ર વગેરે દર્શાવતા મૂર્તિ-ચિત્રની પૂજા. અવતારવાદ પણ સગુણભક્તિનું મોટું પરિબળ છે. બીજી છે નિર્ગુણભક્તિ- મતલબ કે, ઇષ્ટદેવ કરતાં એ 'બ્રહ્મ' વધારે છે જે નિરાકાર છે અને જેની ભક્તિ અંતર્મુખ થઇને કરવાની છે. 16મી સદી અને તે પછીના કાળમાં, નિર્ગુણભક્તિ રામ-કૃષ્ણ! વગેરેની પણ કરવામાં આવી છે.

આમ, સગુણભક્તિ માટે મુખ્ય પ્રવાહના હિન્દુધર્મના દેવ-દેવીઓને એમની મૂર્તિઓ-છબિઓ-મંદિરો-તીર્થધામ વગેરેને કેન્દ્રમાં રાખીને ભજવાં પડે. આ દેશમાં

મોટાં ભાગનાં મંદિરોમાં શૂદ્રો-દલિતોને પ્રવેશ નથી. સ્ત્રીઓને પ્રવેશ છે પણ એમના વિભાગો, દરવાજા, પરસાળ વગેરે અલગ છે. એટલે મંદિરપ્રવેશના મુદ્દે પણ આ દેશનાં અડધોઅડધથી વધુ લોકો હક્ક-વંચિત છે.

**વળી પાછાં 16મી -17મી સદીમાં જઈએ. ગંગાથી ગોદાવરી નદીઓ સુધીના પ્રદેશોમાં સંસ્કૃતિએ ફરી એક વાર કરવટ બદલી.**

આ દેશનાં શ્રમજીવીઓની અભિપ્સા નિર્ગુણભક્તિના માર્ગે વળી અને ચેતનાનાં અવનવાં પડ ઊખેળાતાં ગયાં. એમનામાં શ્રમિકજીવને એક જાતની સર્વસમાવેશીતા સાહજિક રીતે કેળવી હતી. ખેતમજૂરો, વણકરો, કુંભારો, નાઈઓ, માળીઓ, મોચી અને ચમારો અને તમામ શ્રમિકવર્ગની સ્ત્રીઓમાં, જન્મે હિંદુ નહોતાં ગણાયાં એવાં દલિતો-શૂદ્રો પણ હતાં અને જન્મે દલિત અને શૂદ્ર પણ જે આર્થિક-સામાજિક કારણોસર મુસ્લિમ બનેલાં, સૌ હતાં. એમનું જીવન, એમનાં દુઃખ અને નાનાં નાનાં સુખ સરખાં હતાં- કેમ કે એમનો શ્રમ સરખો હતો. અડોશપડોશ એક હતો અને બોલીઓ પણ એક હતી. પ્રાદેશિકતા ભલે અલગ હોય પણ તમામની સાંસ્કૃતિક તરાહ એક હતી. મુસ્લિમ વણકર પણ અવધી બોલતા અને દલિત વણકર પણ એ જ બોલી બોલતા. દલિત કુંભાર પણ દેશજ મરાઠી બોલતા અને ખેતમજૂર મુસ્લિમો પણ મરાઠી જ બોલતા.

આ શ્રમિકો-શૂદ્રોએ પોતાની કેડી કંડારી લીધી. એમના નિર્ગુણ પરમાત્મા પાસે જતાં એને કોઈ રોકનાર નહોતું. એના પંથનો કોઈ પુરોહિત નહોતો, જે એની ગરીબીને કારણે હડધૂત કરે. એના પંથનું કોઈ શાસ્ત્ર નહોતું કે જેના જડ સૂત્રોમાં એને જકડે. એના નિર્ગુણ બ્રહ્મને રિઝવવાની કોઈ જટિલ પૂજાવિધિ કે અટપટા કર્મકાંડ નહોતા કે જે આચરવા એને પેટે પાટા બાંધવા પડે. એની પાસે હતી એની અભિપ્સા અને અઢળક પદ-ભજનોનો ખજાનો. જે એણે સરજ્યો હતો ને બીજાંને લૂંટાવતાં લૂંટાવતાં કદી ખૂટવાનો ન હતો. સૌથી વધુ મહત્ત્વની વાત તો એ હતી કે આ ભક્તિ એ લોકો પોતાનો શ્રમ કરતાં કરતાં કરી રહ્યાં હતાં. એ માટે એમને ઋષિમુનિઓની જેમ હિમાલયમાં નહોતું જવું પડ્યું કે શ્રમણ સાધુઓની જેમ





ઘરબાર છોડીને વનઉપવનમાં નહોતું ભટકવું પડ્યું. બ્રાહ્મણો પુરોહિતોની જેમ આશ્રમો નહોતા ઊભા કરવા પડ્યા કે રાજાઓ ને શ્રેષ્ઠિઓની જેમ મંદિરો-દેરાસરો નહોતાં બાંધવા પડ્યાં. એમની હાથશાળ, ચાકડો, ખુરપી, કોદાળી, દાતરડું, વેલણ અને હળ ચલાવતાં ચલાવતાં એમણે એમનો અલ્લા-રામ-કાનુડો કે અલખ(અલક્ષ્ય-બ્રહ્મ) ભજ્યો હતો. શ્રમનો તિરસ્કાર નહોતો, શ્રમ બેઉ પ્રકારનું સર્જન કરતો- પદાર્થનું અને ચિંતનનું. એક અજબ લોક સંસ્કૃતિની જમાવટ થઈ રહી હતી. આ એક વિશિષ્ટ માહૌલ હતો જેમાં એક નવી, અનોખી હવાની લહેર પ્રવેશી જેણે તેમની અભિપ્સાને વળી ઓર તાજગી બક્ષી અને ચિંતનને મોકળું આકાશ આપ્યું. એ લહેર તે ઈરાન વગેરે ઈસ્લામી દેશોના સૂફી સંતો; જે આમ તો આ ભૂપ્રદેશમાં 13 મી સદીથી આવતા થયા હતા. અપનાવતા-અપનાવતા થયા હતા અને 16-17મી સદી સુધીમાં તો હિન્દુસ્તાનની બહુરંગી લોકસંસ્કૃતિમાં એ તાણાવાણાની જેમ વણાઈ ગયા હતા. કારણ કે એ લોકો પણ નિરાકાર અલ્લા / ખુદા / પરમાત્માને માનનારા હતા, ઈસ્લામી કર્મકાંડ અને ચુસ્ત નિયમનનો વિરોધ કરનારા હતા અને શરૂશરૂના ગાળામાં રૂઢિચુસ્ત અને શોષણકર્તા શાસકો સામે પણ એમનામાંના કેટલાકે બંડ પોકારેલું. ઈરાનના સૂફી સંત મન્સૂરને તત્કાલીન ઈરાનના બાદશાહે શૂળીએ ચડાવ્યા હતા; એ ઐતિહાસિક હકીકત છે.

મધ્યપૂર્વના દેશોમાં 1300-1400 મી સદીથી ઈસ્લામ ધર્મ અને મુસ્લિમ શાસકો છે. ધર્મના, શિયા-સુન્ની બે સંપ્રદાયો છે. બંને વચ્ચે દ્વેષભાવ પણ એટલો જ જૂનો છે. પ્રમાણમાં મોકળાશવાળા ઈસ્લામમાં પણ મર્યાદાઓ છે / હતી. પાંચ વખતની નમાઝ, ઉપવાસો, દાન-મહિમા અને આચારશુદ્ધિનો આગ્રહ ધીમેધીમે કર્મકાંડ બનતો ગયો. તદુપરાંત શરૂઆતમાં દેશના શાસકો જ ધર્મના વડા (ખલીફા) હતા. આજે પણ આ બધાં ધર્માધારિત રાજ્યો છે. (રિલિજ્યસ સ્ટેટ્સ છે —સેકુલર નથી). ધર્મસત્તા અને રાજ્યસત્તાની આ સેળભેળને કારણે સમાજમાં દમનકારી માહૌલ રહેતો. આવા અંતર્વિરોધોને કારણે પ્રગતિશીલ ધર્મપુરૂષો દ્વારા નવી વિચારસરણી અને ધર્માચરણો જનમ્યાં.

આમ તો ઈસ્લામ પોતે એકેશ્વરવાદી ધર્મ છે પણ એમાં સ્પર્શક્ષમ (ટેન્જિબલ) તત્ત્વો અને ગહન વિચારનો અવકાશ ઘટતો ગયો હતો. પરિણામે આ ધર્મપુરૂષોએ માળખાંની બહાર, અલ્લા કે ખુદાને 'માશૂક' (પ્રેમિકા) કલ્પીને 'ઇશ્કે હકીકી' અને 'ઇશ્કે મજાઝી' ની વિચારસરણી ફેલાવી. સત્ય પ્રત્યેનો આ પ્રેમ એટલો જ તીવ્ર છે, જેટલો આશિક(પ્રેમી)નો માશૂક માટે હોય. તીવ્ર અભીપ્સા અને ખુદામિલનની ઝંખના એનાં મુખ્ય તત્ત્વો છે. સૂફીઓ ગાઈને, વિનવણી કરીને પરમતત્ત્વને પામવાની ઝંખના પ્રગટ કરે છે. એમનો મુખ્ય સંદેશ એકેશ્વરવાદ, પ્રેમલક્ષણા ભક્તિ અને સમાનતાનો હતો. ભાવોદ્રેક, ઉત્કટ વિરહવેદના અને અમુક અંશે પરમ તત્ત્વ / સત્ય સાથેનો એકાત્મભાવ (અન્ —અલ્ —હક / હું જ સત્ય છું) પણ આ ચિંતનનાં મુખ્ય લક્ષણો છે.

ભારતનાં વેદાન્ત, પ્રેમલક્ષણા ભક્તિ અને શ્રમણોના એકેશ્વરવાદ સાથે સૂફીમત ઘણું સામ્ય ધરાવે છે. ચિંતનમાં અને પદ્ધતિમાં (પ્રેક્ટિસ) પણ સરખાપણું છે. કવ્વાલી, ગઝલ વગેરે ગાઈ શકાય એવી સ્તુતિ છે. ભાવાવેશમાં આવીને નાચી ઉઠવું... જેવાં તત્ત્વો પણ સૂફીમતના વારસા સમાં તત્ત્વો છે. જેણે જનસાધારણ ઉપર ખાસી અસર કરી. બિનમુસ્લિમોને 'ઇસ્લામ' પ્રત્યે નહિ- 'સૂફીમત'નું આકર્ષણ હતું અને છે. સૂફી સંતોને 'પીર' પણ કહે છે. આજે હિંદના જનસાધારણમાં અનેક પીરોનું મહત્ત્વ છે અને દરગાહો ઉપર બિનમુસ્લિમો પણ શ્રદ્ધાપૂર્વક દર્શન-ચડાવા વગેરે કરે છે. આપણા દેશના હરેક પ્રાંત-પ્રદેશમાં જ્યાં બિનમુસ્લિમોની શ્રદ્ધા ઠરી છે તે સઘળા સૂફી સંતો-પીરો જ છે. ઇસ્લામના આ ઉચ્ચ ચેતનાતત્ત્વનું જ વૈશ્વિક સ્તરે મહત્ત્વ થઈ રહ્યું છે- આજની તારીખમાં પણ!

15-16મી સદીમાં હિંદમાં ફેલાયેલા સૂફીમતને કારણે ઇસ્લામ પણ અહીં ઠરીઠામ થયો. એક તો સૂફીચિંતન પ્રત્યેની આત્મીયતા અને બીજું, સૂફીસંતો પ્રત્યે સન્માનને લીધે પણ જનસાધારણની શ્રદ્ધા વધી. સૂફીસંતો અલગારી ફકીરો હતા પણ તેમનો લોકસંપર્ક જબરદસ્ત રહેતો. ચિંતનનું ઊંડાણ સરળતાપૂર્વક રજૂ કરવાની એમની





ક્ષમતા જ નહિ; એમનાં વ્યક્તિત્વની સાદગી અને તેજસ્વિતા પણ આકર્ષક હતાં. 'સૂફ' એટલે કે ખરબચડું ઉન કે શણનું વસ્ત્ર પહેરનારા, નિરંતર શાંતિ અને સદ્ભાવનો સંદેશ ફેલાવનારા સૂફીઓ દેશના જનસાધરણનાં જીવનનો ભાગ બની શક્યા હતા. બ્રાહ્મણો કે પુરોહિતો કરતાં, જનસાધારણને આ તદ્દન જૂદો જ અનુભવ થયો હતો.

વળી અહીંના હિંદુ કે મુસલમાન શાસકો માટે પણ સૂફીઓ માનપાત્ર હતા. એ લોકોના ઉદ્દામ મિજાજનો પરચો અહીંના કોઈ શાસકોને નહોતો મળ્યો, પરિણામે સૂફીઓ શાસકો માટે ક્યારેય ખતરારૂપ નહોતા બન્યા. રૂઢિચુસ્ત ઇસ્લામને પણ આ મત ફેલાય એમાં વાંધો નહોતો દેખાયો. અલબત્ત, સૂફીઓના સ્થાનકો અને દરગાહો સાથે પારંપરિક મસ્જિદો (પ્રાર્થનાસ્થળો) સ્થાપાતી ગઈ છે, એ પણ ઐતિહાસિક હકીકત છે. જો કે બીજી ઐતિહાસિક હકીકત એ પણ છે કે સૂફીઓને કારણે આ દેશની ધાર્મિક એકતા ટકી ગઈ; મતલબ કે ઇસ્લામ વિશેના પૂર્વગ્રહો ઘટ્યા અને નાના-મોટા સંઘર્ષો પણ અટક્યા. જો કે શાસકોના ધર્મ વિશેના દૃષ્ટિકોણ અને પ્રજા ઉપરના કાબૂ ઉપર પણ એકતા અને શાંતિનો આધાર હતો.

## ભક્તિપ્રવાહના સીમા-સ્તંભો

ઈ.સ. 15-16મી સદીથી લગભગ 19મી સદી સુધીમાં મુખ્ય પ્રવાહના વૈષ્ણવધર્મ, પુષ્ટિ સંપ્રદાય ઉપરાંત એક અનોખો ભક્તિપ્રવાહ પણ વધ્યો હતો; જેમાં શ્રમિકોની શ્રદ્ધા અને અભિપ્સા ઠરીઠામ થયાં હતાં, એવો ઉલ્લેખ અગાઉ કરવામાં આવ્યો. સંત કબીર, ગુરૂ નાનક, તુલસીદાસ, રૈદાસ(રવિદાસ), દાદુ દયાળ, મીરાંબાઈ, નરસિંહ મહેતા જેવા પંજાબ, ઉત્તરભારત, રાજસ્થાન, ગુજરાતનાં સંતભક્તોનો સમાવેશ થાય છે. એમનાં લગભગ સમકાલીન કહેવાય તેવાં, મહારાષ્ટ્રનાં સંતભક્તો નામદેવ, તુકારામ, જનાબાઈ, ગોરા કુંભાર વગેરે હતાં જેમણે નિર્ગુણ ભક્તિ-અને કવચિત્ સગુણભકતિ એમ એક સાથે બંને માર્ગે પોતપોતાના દેવને આરાધ્યા અને બીજા શ્રમિકો-શોષિતોને પ્રેરણા આપીને ભક્તિમાર્ગને મોકળો કર્યો!

આમાં એક-બેના અપવાદ સિવાય, સૌ શ્રમજીવી હતાં અથવા નિમ્ન મધ્યમવર્ગી જનસાધારણમાંથી આવતાં હતાં. અગાઉ નોંધ્યા મુજબ પોતપોતાના શ્રમની સાથોસાથ એમણે 'ભક્તિ' કરી, પોતાની માતૃભાષાઓ, પ્રાદેશિક ભાષા-બોલીમાં વ્યક્ત થયાં અને જે મૌખિક વારસો મૂકતા ગયાં એણે ભક્તિને આજ સુધી જીવંત રાખી છે, છેવાડાનાં જણના ધર્માધિકારનાં દ્વાર ખોલી આપ્યાં છે અને સામુદાયિક ચેતનાનું સ્તર ઉંચુ આણ્યું છે. અભિપ્સા સંતોષાયા પછીનું આત્મભાન-એવું સ્વમાન જગાડ્યું છે. એમની વાણીમાં જે શક્તિ હતી તેની પ્રતીતિ કરાવી છે.

મીરાંબાઈએ માત્ર ધર્માધિકાર જ નથી મેળવ્યો; પિતૃસત્તાને પણ મ્હાત કરી છે. રાજરાણીનો દરજ્જો, વૈધવ્યની વાસ્તવિકતા, સ્ત્રી હોવાની હકીકત... બધાંને વળોટીને કૃષ્ણભક્તિ ગાઈ છે- જીવી બતાવી છે અને એક ઉદાહરણ મૂકી આપ્યું છે.

નરસિંહ મહેતાએ જ્ઞાતિવ્યવસ્થાની વાડ તોડીને છેવાડાનાં લોક સુધી ભક્તિનો માર્ગ ગાઈને પહોંચાડ્યો છે. 'વૈષ્ણવજન' પદ દ્વારા પારંપરિક મૂલ્યોને નવી વ્યાખ્યા આપીને 'આદર્શ માનવ' ની પરિકલ્પના ઘડી છે. સગુણ-નિર્ગુણ બંને પ્રવાહમાં એમનો પ્રવેશ છે.

મહારાષ્ટ્રનાં સંતો લગભગ તમામ શૂદ્ર સમુદાયનાં હતાં. એમણે ખાસ તો વેદાન્તની પરંપરાને આગળ વધારી છે. તદુપરાંત વિવિધ ગામોથી, શ્રમિક-શૂદ્રોની ભજનમંડળીઓ રચીને, પદયાત્રાઓ કરી, પંઢરપુર નામે વૈષ્ણવ તીર્થધામ પહોંચીને, બ્રાહ્મણ પૂજારીઓની સામે બંડ પોકાર્યું હતું – જેણે કદાચ આવનારા સમયમાં ડો. આંબેડકરને કાલારામ મંદિર પ્રવેશની પ્રેરણા આપી હશે. આ 'વારકરી' ભક્તો આજે પણ તુકારામ, એકનાથ વગેરેની મૌખિક પરંપરાને જીવંત રાખે છે.

## ભક્તિ કે જ્ઞાન?

15-16-17મી સદીનાં આ સંત-ભક્તોમાં કબીર અને રૈદાસ ચોક્કસપણે અલગ





નોંધ માંગી લે છે. એમનું ચિંતન અને એમની કવિતા- બંનેમાં ભક્તિ કરતાં જ્ઞાન ઉપર વધારે ઝોક છે.

આપણે જાણીએ છીએ કે કબીર જન્મે મુસલમાન હતા. વણકર હતા. વેદાન્તની પરંપરા એમણે સરળ-સહજ બોલીમાં આગળ વધારી. નિર્ગુણભક્તિ પરંપરા જાણે એમના કોઠામાં ઉતરી હતી. ઇસ્લામ કે સૂફીપરંપરા કરતાં એમનો ઝોક નિર્ગુણભક્તિ પરત્વે વધારે હતો. જીવનનું રહસ્ય, મૃત્યુનો ભેદ, શરીરની ક્ષણભંગુરતા, નિરર્થક અહંકાર જેવા વિષયો વિશે ચિંતન અને કવન કબીરજીની વિશેષતા છે. એક પ્રકારની જાગૃતિ સતત એમના દોહરા-સાખી વગેરે કવિતામાં જોવા મળે છે. ભક્તિની મસ્તી, આ કે દેવ પ્રત્યેનો પ્રેમ, એનું વર્ણન... ખૂબ જ ઓછા પ્રમાણમાં છે- લગભગ નહિવત્!

તો બીજી તરફ, અંધશ્રદ્ધા અને ઘેલછાનો વિરોધ છે, કર્મકાંડ પર પ્રહાર છે- જેમાં પ્રર્થના અને નમાઝ બંનેનો સમાવેશ થયો છે. પંડિત અને મુલ્લાં, બંનેની ધાર્મિક જડતા અને સત્તાલાલચુ લક્ષણોની તીખી-કડવી મજાક છે. ધર્મનું જીવનલક્ષી સ્વરૂપ એમણે સ્વીકાર્યું છે છતાં ક્યાંક 'માયાવાદ'ની અસર પણ છે. જીવન પ્રત્યે નકારાત્મક નહિ, પણ ઉદાસીનભાવથી એમનું ચિંતન અને કાવ્યો ભરપૂર છે. એમનો સમય હિંદુ-મુસ્લિમ કોમ-ધર્મો વચ્ચેના તનાવનો હતો. ગરીબો અને અમીરો વચ્ચેના ભેદભાવનો હતો એમણે પોતાની રચનાઓમાં આ તનાવ અને ભેદભાવ દૂર કરવા કટાક્ષ અને ઝાટકણીની ભાષાનો પ્રયોગ કર્યો છે. આ સંત-ભક્તો-ચિંતકો પાસે, કાવ્યો રચીને એને ગાઈ-સંભળાવીને પોતાના વિચારોનો પ્રસાર કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો. ભક્તિપ્રવાહનું આ લક્ષણ કબીરે અપનાવ્યું હતું પણ એમને 'ભક્તકવિ' તરીકે મૂલવવાને બદલે 'જ્ઞાની કવિ' તરીકે ઓળખવા જરૂરી લાગે છે.

આ જ્ઞાની-કવિની રચનાઓ અને ચિંતનમાં સમાનતા, બંધુતા, તાર્કીકતા-અલબત્ત, મર્યાદિત પ્રમાણમાં અને હિંમતભરી આત્મપ્રશ્નેયતાનાં ગુણ-લક્ષણો સાતત્યપૂર્ણ

રીતે જોવા મળે છે. ધાર્મિક ભેદભાવોનું તેમનું ચિંતન અને કવન, આપણને અશોક અને અકબરે ઝીલેલા-અમલમાં મૂકેલા, મૂકાવેલા સર્વધર્મસમભાવની યાદ અપાવે છે. આ દેશની વાસ્તવિકતા હતી કે માનવજીવન ધર્મકેન્દ્રી હતું એટલે ધર્મથી પર જઇને જીવવાનું કે વિચારવાનું કબીરની કક્ષાના ઉદ્દામ ચિંતકે પણ સાહસ કર્યું નથી અથવા તો એમની ચિંતન કે કલ્પનાની ક્ષિતિજોની બહારનું સાહસ હતું એમ કહેવાય. વળી યુરોપના પ્રબુદ્ધ ચિંતકોની જેમ ઈશ્વરના અસ્તિત્વ સામે જ પડકાર ફેંકવાનું દર્શન પણ નથી જોવા મળતું. બલ્કે કબીરનો ઈશ્વર, કબીરનો ધર્મ અ-રૂઢ છે, પરંપરાથી પર છે છતાં કબીરને નિર્ગુણ ચિંતનની પરંપરામાં રાખે છે એ નોંધવું જોઇએ. કબીરની માનવકેન્દ્રિતાનું પ્રમાણ છે- ''ઢાઇ અખ્ખર પ્રેમ કા.'' પરસ્પર પ્રેમ એ પેલાં તમામ લક્ષણોને આવરી લેતી અનિવાર્ય શરત છે, જે કબીરે પડકારરૂપે સમાજ સામે મૂકી છે. સૂફીમત અને પ્રેમલક્ષણા ભક્તિ-બંનેની સરહદો કબીરમાં એકાકાર થાય છે. સૌથી વધુ તો માણસમાત્રને જાગૃત અને સતર્ક બનાવનારું એમનું ચિંતન અને કવન, ભક્તિ નહિ; પણ જ્ઞાનપ્રવાહની ઠોસ જમીનનું નિર્માણ કરી આપે છે. 'રેનેસાઁ' (જ્ઞાનપ્રકાશ યુગ) પહેલાંનો 'રેનેસાઁ- હિંદુસ્તાનમાં આવેલો, એવું અતિવ્યાપ્તિ દોષવાળું વિધાન ન કરી શકાય; છતાં 'ભક્તિપ્રવાહ'માં ખતવી નાખવામાં આવેલા કબીરનું સવિસ્તર પુનર્મુલ્યાંકન જરૂરી છે, જે એમને 'જ્ઞાનીકવિ' તરીકે સ્થાપી આપે.

આપણી 'આધુનિકતાની ખોજ'ના અનુસંધાનમાં, થોડાક અંશે એક પુનર્વિચારની પહેલ કરી છે જે કદાચ આવા વિસ્તૃત અભ્યાસની દિશા ખોલી આપે.

ભક્ત રૈદાસ (રવિદાસ / રોહિદાસ) તરફ જઇએ તે પહેલાં એક મુદ્દાને તપાસવો જરૂરી લાગે છે... કેમ કે, એમાં રૈદાસજીનું પ્રદાન અનોખું છે. એ મુદ્દો છે 'યુટોપિયા'.

- **યુટોપિયા** એટલે કલ્પનાનું નગર- આદર્શનગર. ગ્રીક તત્ત્વચિંતક પ્લેટો ઇ. પૂર્વે ૬ઠ્ઠી સદીમાં આ એક નવો વિચાર લઇને આવ્યો હતો. એણે જોકે ગ્રીસની તત્કાલીન રાજનીતિમાં આ વિચાર અપ્યો હતો. તેણે સુખ-શાંતિ અને ન્યાયની નગરીની કલ્પના કરી હતી. એ નગર કેવું હશે- કોનું હશે- કોના દ્વારા રચાશે- એમાં કોણ કોણ રહી શકશે... એવી ખૂબ વિસ્તારપૂર્વકની બ્લૂ પ્રિન્ટ / રેખાચિત્ર સુદ્ધાં આપીને નવસમાજની રચનાનું સ્વપ્ન જોયું હતું. એ નગરનું નામ એણે 'યુટોપિયા' આપ્યું હતું. પછી તો યુગે યુગે, ઘણા ચિંતકોએ આ શબ્દનો ઉપયોગ કરીને પોતપોતાની રીતે આદર્શ સમાજ, આદર્શ વ્યવસ્થા, આદર્શ નગરીનાં ચિત્રો આપ્યાં છે.





ધર્મવિચારનાં સંદર્ભે પણ આવાં આદર્શનગર, સ્વપ્નનગર કેટલાક ચિંતકો-સંતો- ભક્તોએ કલ્પ્યાં છે.

આમ તો સનાતન બ્રાહ્મણધર્મમાં, ખ્રિસ્તીધર્મ અને ઇસ્લામમાં પણ સ્વર્ગ અને નર્કની કલ્પનાઓ આપી છે, વર્ણનો આપ્યાં છે અને મૃત્યુ પછી ત્યાં પહોંચનારને, તેનાં સત્કર્મો અનુસાર સ્વર્ગના વિવિધ ભોગવિલાસ માણવા મળશે એવી લોભામણી વાતો પણ છે જ; તો બીજી તરફ પાપ અને દુષ્કૃત્યોના પરિણામ સ્વરૂપ નર્કમાં ભયાનક યાતનાઓ વેઠવી પડશે એવી બિહામણી વાતો છે. પરિણામે સ્વર્ગ અને નર્કનાં રંગીન ને કાળમુખાં સપનાં જોતી આ દુનિયા હજારો વર્ષથી, સામે લટકાવેલા ગાજરની લાલચથી વૈતરું કરતા ગધેડાની જેમ વર્તતી આવી છે એ જાણીતી હકીકત છે.

પણ 'આદર્શનગર' હંમેશા વૈકલ્પિક રહ્યું છે. 'જે છે' — તેનાંથી બહેતર સમાજ, બહેતર સ્થિતિના વિકલ્પે આદર્શનગરની કલ્પના થતી રહી છે. સામાન્ય રીતે ધનવૈભવ અને સુખસગવડનો વિરોધ દરેક ધર્માચરણમાં થયો છે- ભૌતિકવાદ એટલે ભોગવાદ- એમ કહીને ભૌતિક સુખને નકારવામાં અને ધિક્કારવામાં આવ્યું છે. પણ આશ્ચર્યજનક વાત એ છે કે ધર્મોએ કલ્પેલા 'યુટોપિયા'માં ભૌતિક સુખની માંગણી છે જ. પણ સૌથી વધુ હૃદયસ્પર્શી મુદ્દો એ છે કે આદર્શનગરમાં ન્યાય, સમાનતા અને શાંતિની કલ્પના પણ છે. મતલબ કે, ન તો આ પ્રત્યક્ષ જગતમાં ન્યાય, સમાનતા કે શાંતિ જોવા મળે છે અને ન તો પેલા ધર્મે કહેલા સ્વર્ગમાં એ હોય છે! એ તો ચિંતકો-સંતો અને ભક્તોની ઝંખના જ છે.

સૌથી પહેલાં, બુદ્ધના અવતાર ગણાયેલા બોધિસત્ત્વે 'સુખાવતી નગરી'ની સ્થાપના

કર્યાની જાતકકથાઓ મળે છે. 'સુખાવતી'માં દરિદ્રોની સુખપ્રાપ્તિની યોજના હતી.

ત્યાર પછી 15-16મી સદીમાં કબીરજીની રચનાઓમાં 'અમરપુરા' , 'પ્રેમ નગર' જેવાં શહેરોનો ઉલ્લેખ છે; જ્યાં માણસમાત્રની સમાનતા, હિંદુ-મુસ્લિમ એકતા, અઢી અક્ષરના પ્રેમની વાત કબીરે કરી છે.

ખ્રિસ્તી ધર્મમાં 'સ્વર્ગ'ની કલ્પના તો છે જ, પણ ઇસુએ 'પ્રભુના રાજ્ય'ની કલ્પના કરી છે જે આ ધરતી ઉપર આવનાર છે. જેમાં ગરીબો, અહંકાર વિનાનાંઓ, જુલમ સહેનારાંઓ... શોષિતોને તેમણે સહેલાં દુ:ખોના બદલામાં, પ્રભુના રાજ્યમાં સુખ-સમૃદ્ધિ-આનંદ-શાંતિ મળશે એવું વારંવાર કહેવામાં આવ્યું છે.

જન્મે-કર્મે ચમાર પરિવારના, અને કાશી / બનારસના જ સંત રૈદાસ-રવિદાસ કે રોહીદાસે આવી એક સ્વપ્નનગરી- 'બે-ગમપુરા'ની વાત ગાઇ છે. એના નામમાં પણ કેવો શ્લેષ છે. 'બે-ગમ' એટલે કે, ગમ / દુ:ખ / પીડા વગરનું શહેર. આ નામની એક બીજી અર્થછાયા પણ દેખાય છેઃ હિંદુસ્તાનમાં બાદશાહો, સુલતાનો, રાજાઓનાં નામે ઘણાં શહેરોનાં નામ પડ્યાં છે પણ આ 'બેગમપુરા' જેવું અનોખું નામ, પારંપરિક પિતૃસત્તાત્મક મોભો અને ડારો છોડીને સ્ત્રીયોચિત કોમળતા, પ્રેમાળ વાત્સલ્ય અને બધી દેખરેખની જવાબદારીની સભાનતા સાથે, 'કઠોર મર્દાનગી' નહિ- 'સુંદરતા'નું પણ સૂચન કરતું લાગે છે?!

ખેર! સંત રૈદાસના બેગમપુરામાં પીડા નહીં હોય, કરવેરા નહીં હોય, દંડ નહીં હોય, કોઇની અંગત સંપત્તિ નહીં હોય, કોઇ કોઇને અન્યાય કરતું નહીં હોય, ત્યાં કોઇ અત્યાચાર નહીં હોય; ત્યાં સાચ વસતું હશે, સમાનતા હશે, સૌને પેટભર ખાવા-પીવા મળી રહેશે, ત્યાંના નાગરિકો મુક્તપણે હરી-ફરી શકશે, સૌ આવડત મુજબનાં કામકાજ કરી શકશે, મહેલોમાંયે બેરોક-ટોક જઇ શકશે; કોઇ કોઇનું અપમાન નહીં કરતું હોય... રૈદાસની સાથે સૌને એવા બેગમપુરાની શોધયાત્રામાં આવવાનું આમંત્રણ છે. (પદનો ટૂંકો સારાંશ)

આવી 'અલૌકિક' 'લૌકિક' માંગણી, કલ્પના, રૈદાસને માનવજીવનની ઠોસ





વાસ્તવિકતાના કવિ તરીકે રજૂ કરે છે. અહીં ધર્મનો હવાઇ આધાર નથી કે નથી સેવક-ભક્તની લાચારી. અહીં અલગારી ફકીરની સંવેદનહીન બેદરકારી પણ નથી કે નથી ભિક્ષુકની સ્વમાનહીન ગરીબી. અહીં જાણે-અજાણ્યે પ્રાથમિક માનવઅધિકારો અને સ્વમાનભર્યા જીવતરની વાત છે. આખા ભક્તિપ્રવાહમાં રૈદાસે કરેલા, શોષિત સમુદાયના પ્રતિનિધિત્વની વાત છે.

અલબત્ત, આવી તીવ્ર ચેતના અને વ્યાપક સામાજિક સૂઝ, વ્યક્તિગત બૌદ્ધિકતા અને ભૌતિકતાનો સ્વીકાર... ભક્તિપ્રવાહના નામે ઓળખાતા લાંબા ગાળાના ધાર્મિક જાગરણ દરમ્યાન વચ્ચે વચ્ચે ઝબકાર અચૂક કરી ગયા છે, પણ સમગ્ર 'જ્ઞાનપ્રકાશ યુગ' કહેવાય એવો જુવાળ હતો એમ નહિ કહેવાય.

અગાઉ પણ જોઇ ગયા કે, આ ઇ.સ. 7મી થી લગભગ 18મી સદી સુધીનાં હજારેક વર્ષ દરમ્યાન, આ હિન્દુસ્તાનમાં રાજકીય અફરાતફરી, ફેરબદલ અને સત્તાપલટા વારંવાર થયા. વિવિધ પ્રજાઓ, ધર્મો, સંસ્કૃતિઓ વચ્ચે ઘર્ષણ, મિશ્રણ, સમાધાન... જેવી પ્રક્રિયાઓ થતી રહી. પણ આર્થિક વ્યવસ્થા સામંતવાદી જ રહી એમ મોટેભાગે કહી શકાય. પરિણામે આર્થિક સંબંધો પણ યથાવત્ રહ્યા. ઘર્ષણો હોવા છતાં, શ્રમિક-માલિક વચ્ચે પરસ્પર આધારિત છતાં શોષક-શોષિતના સંબંધો લગભગ યથાવત્ રહ્યા હતા. આર્થિક અને રાજકીય શોષણ સામે કોઇ વિદ્રોહ નહોતો થયો; બલ્કે રાજા /બાદશાહ, ધનિક / માલિક અને અલ્લા / ઇશ્વર ઉપર આધારિત નાની મોટી આજિવિકા ધરાવતો વિશાળ શોષિત સમુદાય વિદ્રોહના મિજાજમાં ન આવ્યો.

ધર્મોએ એમાં સહાય કરી- મતલબ કે સેવકભાવ અને યાચકભાવ એમને ધર્માચરણમાંથી મળ્યા હતા. ધર્મોએ બહાલી આપેલી જ્ઞાતિવ્યવસ્થાના કિલ્લાની કાંકરી નહોતી ખરી. સામાજિક ક્ષિતિજે અંધકાર જ હતો. શ્રમિકોની હાલત ક્યાંથી બદલાય? શ્રમ પણ જ્ઞાતિ આધારિત હતો.

આમ, સમગ્ર સમાજજીવન-આર્થિક પ્રવૃત્તિઓ અને રાજકીય ચિત્ર, કોઇ ને કોઇ રીતે ધર્મથી પ્રભાવિત હતાં. જ્યાં સુધી આ બદલાવ ન આવે ત્યાં સુધી 'બેગમપુરા'

ક્યાંથી સ્થપાય?

વળી અન્યત્ર ધર્માધ્યક્ષો કે રાજાઓ દ્વારા, નવી વાત કરનારાઓ ઉપર જુલમ થતા હતા પણ આપણા સંતો-ભક્તોને રાજ્ય તરફથી ખાસ વેઠવું પડ્યું હોય એવા કિસ્સા જૂજ છે. બલ્કે, શ્રમણપંથોને તત્કાલીન બ્રાહ્મણો અને બ્રાહ્મણવાદીઓએ હિંસાચાર કરીને પિડયા હતા. બાકી સંત-ભક્તોનું જીવન ચૂપચાપ એમની શ્રમયાત્રા સાથે ચેતનાયાત્રાને ગોઠવતું રહ્યું હતું કેમ કે, ભાષાકીય અભિવ્યક્તિ દ્વારા જ વિરોધ થયો હતો, નમ્રતા અને વિનયશીલતા આમાંના કોઇ સંત-ભક્તોએ છોડી નથી. જો સ્થાપિતો સામેનો વિદ્રોહ ઉગ્ર ન બન્યો હોય તો પછી 'એ લોકો'ને સંત-ભક્તો ખતરારૂપ શા માટે લાગે?!

યાદ રહે, આ સંત ભક્તો અને તેમના સાથીઓ-સમુદાયો શ્રમિકો હતા, અલ્પ શિક્ષિત કે અશિક્ષિત હતા. તર્કબદ્ધ રીતે પોતાના વિચારો રાખવાનો અવકાશ એમને નહોતો મળ્યો એ સાંસ્કૃતિક પરિબળને પણ ગણકારવું પડે. વ્યૂહરચનાત્મક રીતે વિદ્રોહ કરવાનું પણ એમનું ગજું નહોતું- એવી તક આ ભૂખંડની આર્થિક-રાજકીય-સામાજિક વ્યવસ્થામાં ક્યાંય નહોતી અને તક ઊભી કરવા કે ઝૂંટવવાની સંસ્કૃતિ નહોતી.

વિનમ્ર વિદ્રોહ સમાજપરિવર્તનનું 'આંદોલન' શી રીતે બને? કેમ કરીને કહેવાય?! સતત ભૌતિક અધિકારોને અવગણનારાઓ પાસે અધિકારોનું ગૌરવ કેમ કરીને હોય?! એમને દોરવણી આપે કે વૈચારિક ભૂમિકા તૈયાર કરી આપે એવા પ્રબુદ્ધ ચિંતકો- જેવા યુરોપમાં હતા- અહીં હિંદુસ્તાનમાં નહોતા. પરિણામસ્વરૂપ, પોતાની સઘળી તકલીફો માટે એક જ ઉકેલ હતો- શ્રદ્ધા. ઇશ્વર નામની પરિકલ્પનામાં શ્રદ્ધા અને ધર્મ-સંપ્રદાયોએ સતત એ શ્રદ્ધાને સતેજ રાખવાનું જ કામ કર્યું. એ શ્રદ્ધા કદીક અંધશ્રદ્ધા, ઘેલછા, ઝનૂન અને પરસ્પર ધિક્કારમાં ન પરિણમે તો જ નવાઇ! છતાં ધર્મનો આધાર જાણે એકમાત્ર આધાર બન્યો... આજે પણ બને છે; શા માટે?

ધાર્મિકતા માણસને વાતાવરણમાંથી મળે છે; કુટુંબ, શિક્ષણ, મિત્રમંડળ, મીડિયા... ચોફેર ધાર્મિકતાના સંસ્કાર હોય ત્યાં માણસને આખરે ધાર્મિકતાની





આદત પડી જાય છે. કાર્લ માર્કસે ધર્મને 'અફીણ' કહીને ધૂત્કાર્યો છે એ વાતને ઘણાં વર્ષોથી ઉછાળવામાં આવી રહી છે. એના સંદર્ભોને અને એ પૂરા વાક્યને સગવડિયા રીતે કાપીકૂપીને, એને એક જાતનો 'રૂઢ પ્રયોગ' બનાવી દેવામાં આવ્યો છે. ખરેખર માર્કસે શું કહ્યું- લખ્યું છે તે જોવા જેવું છેઃ ''ધર્મ એટલે પીડિત માણસજાતનો ચિત્કાર. હૈયસાસૂની / કઠોર દુનિયા વચ્ચે હૈયાધારણ / આશ્વાસન. જ્યારે અંતરનું જોમ ખૂટી ગયું હોય ત્યારે અને ત્યાં માણસજાત માટે જાણે શક્તિનો પ્રવાહ. ખરેખર, ધર્મ એ દુઃખોને ભૂલાવી દેનારું ઘેન ભર્યું ઘારણ(અફીણ) છે, માણસજાત માટે''.

પ્રશ્ન એ થવો જોઇએ કે અહીં કાર્લ માર્કસે ધર્મની ઠેકડી ઉડાડી છે કે અનેક જાતનાં દુઃખોથી ઘેરાયેલી માણસજાત માટે અપાર કરૂણાના ઉદ્ગારો કર્યા છે?!

વળી, આગળ માર્ક્સ એ પણ કહે છે કે, ''માનવજીવનમાંથી ધર્મના ધુમ્મસને હટાવવા માટે, વાસ્તવિકતાઓને બદલવી પડે. ભૌતિક સમસ્યાઓને, શોષણ અને અન્યાયને દૂર કરીશું તો માણસને પેલા અફીણની જરૂર નહીં પડે!''

**પ્રકરણ-7**

# જ્ઞાનપ્રકાશ યુગનું અનુસંધાન - હિંદુસ્તાનમાં

## પડઘા અને પડછાયા

ઈ.સ. 18મી સદીમાં, ઉત્તર મુગલકાલીન હિંદુસ્તાન વળી પાછું અનેક નાની મોટી અથડામણો અને રાજકીય અંધાધૂંધીમાં સપડાયું હતું. મુસ્લિમ શાસકો અને હિંદુ શાસકો વચ્ચેની લડાઈઓ, લૂંટફાટ, હિંસાચાર ઉપરાંત જ્ઞાતિગત શ્રમ અને શોષણ જારી હતાં. જનસાધારણ સતત ભયગ્રસ્ત વાતાવરણમાં જીવતા હતાં. પેલો ધર્મ સાચોસાચ પીડા ભૂલવાનો નશો અને ભયથી ભાગવાનું પલાયન બન્યો હતો. દરેક ધર્મ-સંપ્રદાયના દમનકારી ફતવા અને જ્ઞાતિઓનાં દંડ વિધાનો લોકોને ગૂંગળાવી રહ્યા હતાં. ધર્મસંસ્થા અને જ્ઞાતિસંસ્થા, સામાજિક અરાજકતા ઉપર અંકુશ રાખનારી વ્યવસ્થાઓ બની ચૂકી હતી.

ઉત્તરે દિલ્હીમાં અને દક્ષિણે પૂના વગેરે નગરોમાં બ્રાહ્મણ પેશ્વાઓ અને મરાઠા રાજકૂળોના વર્ચસ્વને કારણે બ્રાહ્મણવાદે નવેસરથી માથું ઉંચક્યું હતું. પંડિતો, શાસ્ત્રીઓ હિંદુ રાજાઓના રાજગુરૂ બન્યા હતા અને પરંપરાગત દષ્ટિકોણથી રાજકારણ, સમાજકારણ અને અર્થકારણ ચલાવતા હતા. હજારો વર્ષ પહેલાં, બ્રાહ્મણોની 'કિંગ મેકર' તરીકેની ભૂમિકા પાછી ઉજાગર થઈ એટલું જ નહિ, સીધી રીતે પણ બ્રાહ્મણ પેશ્વાઓ સત્તાધારી બન્યા.





આર્થિકનીતિ, આર્થિક પ્રવૃત્તિઓ અને આર્થિક સંબંધો ઉપર પણ સ્વાભાવિક રીતે આની અસરો પડી. મુસલમાન, બ્રાહ્મણ, રાજપૂત જાગીરદારોની લાંબી પહોળી જમીનો ઉપર તનતોડ શ્રમ કરવા વળી પાછા શૂદ્ર-પંચમ સમુદાયો વિસ્થાપિત થયા અને શહેરો અને નગરોમાં વસ્યા. થોડા ઘણા સમય માટે પેલા ભક્તિપ્રવાહે એમનામાં નવજીવન સીંચ્યું હતું તે વેઠના તડકામાં સૂકાઈ ગયું.

મોગલો અને અન્ય મુસ્લિમ શાસકોનું શાસન નબળું પડ્યું હતું. પેશ્વા અને મરાઠા રાજાઓનો ઉદય થયો હતો અને રાજકીય ક્ષેત્રે એક નવો શબ્દ ચલણી બન્યો હતો 'હિંદુપદ પાદશાહી'. હિંદુસ્તાનમાંથી મુસ્લિમોની સત્તા નાબૂદ કરવાની નેમ સાથે, સતત યુદ્ધરત રહેતા યોદ્ધાઓ સામે આ જ મંત્ર હતો.

18મી સદી સુધીમાં સમુદ્રમાર્ગે વેપાર કરવા ડચ લોકો (વલંદા) અને વેપારની સાથે સાથે 'ધર્મની ધજા' ફરકાવવા અને તક મળે તો રાજ કરવા પોર્ચુગિઝ પ્રજા પણ હિંદુસ્તાનમાં આવી ચૂકી હતી.

મરાઠા રાજવી શિવાજી અને તેમના ગુરૂ સમર્થ સ્વામી રામદાસે 'હિંદુપદ પાદશાહી'ને મજબૂત કરવા જે જે રાજકીય - સામાજિક - સાંસ્કૃતિક વ્યૂહરચના અજમાવી તેને કારણે હિંદુધર્મ સબળ થયો અને પેલા ભક્તિપ્રવાહનું પણ હિંદુકરણ થયું.

1857માં જ્યારે હિંદુસ્તાનના રાજા - રજવાડાં અને સિપાહીઓએ વિપ્લવનું બ્યૂગલ ફૂંક્યું ત્યારે, તેના અભ્યાસુઓમાંના કેટલાકે નોંધ્યું છે કે, અંગ્રેજોને હિંદમાંથી હાંકી કાઢવાના સંકલ્પથી એકઠાં થયેલાં રજવાડાં જો અંગ્રેજોને હઠાવવામાં સફળ થયાં હોત તો 'અખંડ હિંદુસ્તાન' જેવું તો કંઈ બનવાનું નહોતું, ઉલ્ટું- જીતેલાં- સ્વતંત્ર રાજ્યો યથાવત્, જાતિ - જ્ઞાતિ - ધર્મ-સંપ્રદાય અનુસાર જ ટકી રહેવાની શક્યતા હતી. ધર્મ-જ્ઞાતિ આ દેશની પ્રગતિ અને પરિવર્તનમાં હંમેશા આવરોધ રૂપ બન્યાં છે.

વળી આપણે સૌ જાણીએ છીએ કે, અંગ્રેજી સૈન્યમાં જે હિંદુસ્તાની સિપાહીઓ હતા તેમની 'ધાર્મિક લાગણી' દૂભાઈ હતી; કહે છે કે અંગ્રેજોએ કારતૂસના ટોટા

ગાય અને સુવ્વરની ચરબીથી સીલ કર્યા હતા પરિણામે હિંદુ-મુસ્લિમ બંને કોમના સૈનિકો વિફર્યા અને વિપ્લવની લાંબા ગાળાની વ્યૂહરચના, સમય પહેલાં જ તૂટી ગઇ ને હિંસાચાર ફાટી નીકળ્યો; છેવટે એ વિપ્લવ નિષ્ફળ ગયો.

## હિંદુસ્તાન - ગ્રેટ બ્રિટનું સંસ્થાન

... ત્યારે, હિંદુસ્તાન, બ્રિટનનું સંસ્થાન(કોલોની) બન્યું. (1757માં) વેપારી કંપની 'ઇસ્ટ ઇન્ડિયા કંપની'નો પ્રવેશ થયો. વેપારી-સંબંધો ખિલવા કરતાં, ધીમેધીમે ઉત્પાદન-સંબંધો વિકસવા લાગ્યા. કલકત્તાથી થયેલી શરૂઆતમાં શણ, ગળીના ઉત્પાદનના ઇજારા અંગ્રેજોના હાથમાં ગયા. સ્થાનિક જમીનદારો, વેપારીઓ ઉપરાંત મુસ્લિમ શાસકો સાથે અંગ્રેજોના વિવિધ સ્તરનાં ઉત્પાદન તેમ જ વેપારી સંબંધો સ્થપાયા. ખેતમજૂરો અને કારીગરો, શ્રમિકોના વિશાળ સમુદાયને નવા શોષકો મળ્યા. નવી તરાહના જુલમો શરૂ થયા. ધીમે ધીમે સ્થાનિક શાસકો સાથે અંગ્રેજોની અથડામણો લડાઇઓમાં પરિણમી. 1757માં પ્લાસીના યુદ્ધ પછી હિંદુસ્તાનનો ઇતિહાસ બદલાતો ગયો, તેની સાથોસાથ આર્થિક-સામાજિક ચિત્રમાં પણ ધરમૂળથી ફેરફારો થવા લાગ્યા.

અંગ્રેજો આવ્યા અને પોતાની સાથે, યુરોપમાં બસ્સો વર્ષ જૂની થયેલી ઔદ્યોગિક ક્રાન્તિને લેતા આવ્યા. ઔદ્યોગિકીકરણ, યંત્રીકરણની સાથોસાથ મૂડીવાદ આવ્યો.

સામાજિક-સાંસ્કૃતિક રીતે રૂઢીચુસ્ત અને આર્થિક રીતે લગભગ બેહાલ જનસાધારણ અને કુસંપ-ઈર્ષા અને અથડામણોમાં ડૂબેલાં દેશી રજવાડાંના માહૌલ વચ્ચે આ બદલાવનો સ્વીકાર કેવી રીતે થયો હશે એ સમજી શકાય તેવું છે. આર્થિક બદલાવ, જાણે શાસકોની જરૂરિયાતોને કારણે આવ્યો હોય એ રીતે એની સામે ખાસ્સો નકાર જોવા મળે છે. ગુજરાતના 'સુધારક સાહિત્યકાર' ગણાતા દલપતરામ જેવા શિક્ષિત સુદ્ધાંએ જાણે હિંદવાસીઓની લાગણીને વાચા આપી- એક લાંબું કાવ્ય લખ્યુંઃ 'હુન્નરખાનની ચડાઇ'. આ નામકરણમાં પણ કેટલો અણગમો છે! શરૂઆતથી જ, મૂડીવાદ, ઔદ્યોગિકીકરણ, યંત્રીકરણને અંગ્રેજોએ નાખેલા ગુલામીના ગાળિયા તરીકે જ જોવામાં આવ્યાં — માનવસભ્યતાના સ્વાભાવિક




વિકાસરૂપે નહિ. કહેવાય છે કે, અંગ્રેજોએ પોતાની જરૂરિયાત માટે રેલ્વે નાખી. કારકૂનો જોઇતા હતા- સાર્વજનિક શિક્ષણની શરૂઆત કરી. ધર્મપ્રચાર કરવા બાઇબલ છાપવાં હતાં- પ્રેસ / છાપખાનાં નાખ્યાં. ઇંગ્લંડની કાપડમિલો સમૃદ્ધ થાય તે માટે અહીં ગળી, કપાસ, શણની ખેતી કરી-કાચો માલ ઇંગ્લંડ મોકલ્યો. વધુ પ્રમાણમાં કાપડ જોઇતું હતું- અહીં પણ કાપડમિલો નાખી. કારખાનાં, તાર, ટપાલ, ટેલિફોન- બધાંની શરૂઆતનું કારણ હતું અંગ્રેજોની સમૃદ્ધિ માટેની લાલચ અને સંસ્થાનનું શોષણ કરવાની રાજનીતિ. ટૂંકમાં, આ દેશમાં જે કંઇ દેખીતી પ્રગતિ થઇ તે આ ગોરાઓ લાવ્યા એટલે એ એક દૂષણ(ઇવિલ) હતું. વિદેશી વિચારધારાનું ભારણ હતું. વિધર્મી સંસ્કૃતિનું આક્રમણ હતું. જેનાથી દેખીતા ફાયદા થઇ રહ્યા હતા, રોજીંદા જીવનમાં પણ સુધારો થઇ રહ્યો હતો છતાં એ બધું અંગ્રેજોના કારણે આવ્યું તેથી એ 'નકામું' હતું-નુક્સાનકારક હતું!

અમુક અંશે આ સાચું પણ હતું. સંસ્થાન બનાવીને અંગ્રેજોએ આ દેશનાં પ્રાકૃતિક સ્રોતોનું શોષણ કર્યું હતું., શ્રમિકો સાથે અમાનુષી વર્તન કર્યું હતું, વર્ગભેદની ખાઇને પહોળી કરી હતી, પોતાના સ્વાર્થવશ ઉપલા કહેવાતા વર્ગને આર્થિક ફાયદા કરાવી આપ્યા હતા, નોકરીઓ અપાવી હતી, જાગીરો અપાવી હતી. પેલી તરફ મિલો, કારખાનાં, રેલ્વે વગેરે મોટાં યંત્રો અને યાંત્રિક સાધનોનો વપરાશ વધતો ગયો હતો પણ ફાયદો ગોરી સરકારને થતો હતો. બીજી તરફ ખેતી જેવા ઉત્પાદક શ્રમની તરાહ લગભગ જૂનવાણી રાખી હતી. પરિણામે ખેતી અને ખેતમજૂરી તો શોષણમૂલક જ રહ્યાં હતાં. સંસ્થાનવાદનું આ સાર્વત્રિક ચરિત્ર છે.

પણ આ અંગ્રેજો હતા- યુરોપિયનો હતા. જ્યાં મૂડીવાદ અને આધુનિકતા પોતાનાં તમામ ગુણો-અવગુણો સહિત, લગભગ બે સદી વટાવી ચૂક્યાં હતાં. સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, ધર્મનિરપેક્ષતા, માનવકેન્દ્રિતા, આત્મપ્રશ્નેયતા, બુદ્ધિનિષ્ઠા અને સૌથી વધુ પ્રગતિશીલતા અને વૈજ્ઞાનિક અભિગમ જેવાં મૂલ્યો સાથે અજમાયેશ-અખતરા શરૂ થઇ ચૂક્યા હતા. બ્રિટનની રાજાશાહી, ફ્રાન્સની લોકશાહીની કક્ષાએ નહોતી પહોંચી છતાં, આધુનિકતાની વિચારધારા અને

આચારસંહિતા, ધીમેધીમે કેળવાતાં જતાં હતાં. બ્રિટન જગતમાં કલ્યાણરાજ્ય તરીકે પોતાની છાપ ઉભી કરી રહ્યું હતું. અંગ્રેજોને, શાસકો તરીકે, આ હિંદને પોતાને અનુકૂળ બનાવવા પણ અમુક પ્રગતિશીલ પગલાં લેવા પડે તે અનિવાર્ય હતું. પોતે ન્યાયપૂર્ણ હોવાની છાપ પડે તે માટે કેટલાંક પ્રજાકલ્યાણનાં કાર્યો પણ જાહેરમાં મૂકવાં પડે તેમ હતું. આવાં પગલાંરૂપે સાર્વજનિક શિક્ષણ આવ્યું તેણે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી એમ કહેવાય.

નવ શિક્ષિત હિંદીઓ (હિંદુસ્તાનના તમામ કોમ-ધર્મના નિવાસીઓ)ને એક્સપોઝર મળતું થયું. અખબારોની દુનિયા ઉઘડી હતી. નવી નવી શોધખોળો, વિજ્ઞાન, વેપાર, વૈશ્વિક રાજકારણ, ઇતિહાસ વગેરેનાં નવીન રૂપોથી હિંદના લોકો જાણકાર બનતા જતા હતા. યુરોપ-અમેરિકાનાં લોકસંઘર્ષો, ક્રાન્તિઓ, ગૃહયુદ્ધો, આર્થિક પ્રવાહો વગેરેની જાણકારી નવશિક્ષિતોનાં નવજાગરણનું મહત્ત્વનું પરિબળ બની. હિંદનો નાનકડો પણ વાચાળ, શિક્ષિત મધ્યમવર્ગ રાજકારણ અને સમાજજીવનનાં નવીન સ્વરૂપોથી માહિતગાર બનતો જતો હતો. 1857ના વિપ્લવ વખતે અને તે પછી ‘સ્વતંત્રતા’ વિશેની જે સમજણ હતી તે પણ ધીમે ધીમે બદલાવા માંડી હતી. 19મી સદીનું હિંદ, એક સાથે સંસ્થાનવાદ, મૂડીવાદ, ઔદ્યોગિકીકરણ, યંત્રીકરણ, શહેરીકરણના ઝડપી તબક્કાઓ ઝીલી રહ્યું હતું. એનાં કડવાં-મીઠાં ફળ પણ ભોગવી રહ્યું હતું.

આ બધી પ્રગતિ સંઘર્ષ લઈને આવી. એક તરફ નવી કેળવણી લઈને, યુરોપ-બ્રિટનની લોકશાહી, ધર્મનિરપેક્ષતા, વ્યક્તિકેન્દ્રિતા વગેરે જ્ઞાનપ્રકાશનાં મૂલ્યોથી પ્રભાવિત થયેલા સમુદાયને મનમાં દુવિધાભાવ શરૂ થઇ ગયો. એક તરફ એ વર્ગ આ મૂલ્યોથી અંજાઇ ગયો હોય એ સ્વાભાવિક હતું, પણ એની સાથે તાદાત્મ્ય સાધવું કે એ મૂલ્યોને આત્મસાત્ કરવા —અમલમાં મૂકવામાં એ લોકોને પોતાની સામાજિક-સાંસ્કૃતિક ભૂમિકા આડે આવતી હતી અથવા તો કહેવું જોઇએ કે હિંદનો સમગ્ર સામાજિક માહૌલ એવો નહોતો જેમાં આ નવાં મૂલ્યો, નવી જીવનદષ્ટિ તરતાં મૂકાય. સાધનો / માધ્યમો તરીકે; લેખ લખવા, વ્યાખ્યાનો આપવાં, પુસ્તકો-સામયિકો પ્રગટ કરવાં સિવાય વધારે વિકલ્પો નહોતા. આમ છતાં આ નવશિક્ષિત





સમુદાયની ચેતના જરૂર સળવળી ઉઠી હતી. પુષ્કળ લેખન થતું રહ્યું હતું.

બીજી તરફ હતો શાસક વર્ગ- જે પોતાને અધીન પ્રજાનાં સામાજિક-સાંસ્કૃતિક પાસાંને ગણકાર્યા વગર પોતાની શ્રેષ્ઠતા, પોતાની સભ્યતા-સંસ્કૃતિ-આર્થિક સ્થિતિ વગેરેની શ્રેષ્ઠતા આ હિંદની પ્રજા ઉપર, સંવેદનહીનતાપૂર્વક લાદી રહ્યો હતો. યુરોપ-બ્રિટનના આ શાસકો પોતાનાં સંસ્થાનોની પ્રજાને નિરક્ષર-પછાત-જૂનવાણી અને જંગલી સુદ્ધાં માનતા આવ્યા હતા. એવું કહેતા-લખતા અને કરતા રહ્યા હતા. 19મી સદીનો જાણીતો ‘સમાજ સુધારો’ આ બંને વર્ગોનાં વલણોને કારણે આવ્યો.

ત્રીજો સમુદાય હતો ઉપલો વર્ગ — જે હજી જાગીરદારો, જમીનદારો, મોટા વેપારીઓ અને નવા ઉદ્યોગપતિઓનો હતો. શિક્ષણ કે નવાં જ્ઞાનની પ્રાપ્તિ કરતાં, યંત્રીકરણને લીધે મળતા ભૌતિક ફાયદા અને શાસકોની મીઠી નજર ઉપર એમના નવીનીકરણનો આધાર હતો. આ વર્ગે માનસિક કે સામાજિક પ્રગતિ કરતાં આર્થિક પ્રગતિને વધુ મહત્ત્વ આપ્યું. શાસકો સાથે ઉપલક સંપર્કો દ્વારા સમાધાન અને શાંતિનું વાતાવરણ સ્થપાયેલું રહે એમાં તેઓ પોતાનું અને સમાજનું હિત જોતા. અગાઉ જે ‘મહાજન સંસ્કારો’ની વાત થઇ ગઇ છે તેનો આ દાખલો છે. મહાજનો આમ તો પારંપરિક ધર્મ-સંસ્કૃતિના જ સંરક્ષકો હતા. આ વિચિત્ર વિરોધાભાસ, આ દેશની સંસ્કૃતિમાં લગભગ કાયમ રહ્યો!

આ ત્રણે વર્ગનાં વૈચારિક, આચારણમૂલક અને સામાજિક, આર્થિક અને રાજકીય મંથનનો આ યુગ હતો. પહેલા બે વર્ગ- નવશિક્ષિતો -જેને બુદ્ધિજીવી પણ કહી શકાય, અને શાસકો- બંને વચ્ચે સંપર્ક અને સંવાદ ઠીક ઠીક પ્રમાણમાં હતા. જેને પરિણામે સામાજિક દૂષણો-કુરિવાજો ઉપર પહેલી દૃષ્ટિ પડી અને એને સામાજિક જાગૃતિ દ્વારા અથવા / અને રાજકીય કાનૂન દ્વારા નાબૂદ કરવાથી સમાજ સુધારાની શરૂઆત થઇ એમ કહેવાય. દીકરીને દૂધ પીતી કરવી, બાળલગ્ન, કજોડાં... જેવાં કુરૂઢિ-કુરિવાજો- જે સામાજિક કહેવાતા હતા તેના પર પ્રતિબંધ લાવતા કાનૂન તો બન્યા પણ ઝૂંબેશો પણ ચાલી. કન્યાકેળવણી, સાર્વજનિક શિક્ષણ,

વિધવા પુનર્વિવાહ જેવા નવા વિચારો દર્શાવતાં આચરણો દાખલ કરવામાં આવ્યાં, જેમાં માત્ર અંગ્રેજ શાસકો જ નહિ; જાગૃત દેશી રાજાઓએ પણ પહેલ કરી.

જરૂરી નહોતું કે કાનૂન બનાવવાથી, પ્રતિબંધ લાદવાથી, લેખો લખવાથી કે જાહેર પ્રવચનો કરવાથી, ઝપાટબંધ સુધારો આવી જાય! એ વાસ્તવિકતા હતી. બન્યું પણ એવું જ. એનાં કેટલાંક કારણો જોઈએ, જે આપણી 'આધુનિકતાની ખોજ' માટે અગત્યનાં બની શકે. એક તો, આ રિવાજો એક અતિપ્રાચીન સંસ્કૃતિનાં ચોક્કસ તબક્કે સમાજમાં આવ્યા હતા અને અંશતઃ એને સુરક્ષાવાદી પગલાં લેખે આચરવામાં આવતાં. જેમ કે સ્ત્રીઓની સુરક્ષાને 'સામાજિક ધર્મ' માનવામાં આવતો. યુદ્ધખોર સમાજોમાં સ્ત્રી સુરક્ષિત નહોતી. એને બાળવયમાં પરણાવી દેવામાં માતાપિતાની જવાબદારી પૂરી થઈ જતી હતી. લાંબા ગાળાનાં પરિણામો ઉપર ધ્યાન નહોતું અપાતું. આ રિવાજોને 'મનસ્મૃતિ' દ્વારા સંમતિ મળી અને વિવરણ સાથે દંડનું આયોજન પણ થયું કે, 10 વર્ષથી મોટી કન્યાને અપરિણિત રાખનાર પિતા અમુક તમુક નર્કમાં જશે! આવા અનેક કુરિવાજો ધર્મસંમત બન્યા. બદલાતા સમયમાં એ ઓછા પણ થયા હતા પણ સરવાળે સ્ત્રીઓને દમનકર્તા રિવાજો આ જ રીતે હજારો વર્ષ ચાલતા રહ્યા. બીજું કારણ એ કે, પ્રતિબંધ કે નવા કાનૂન ઘડનારા વિદેશી-વિધર્મી શાસકો હતા. એક તો ગુલામીનું દર્દ ને ઉપરથી 'ભવ્ય પ્રાચીન વારસા'ની વિદેશી-વિધર્મીઓ દ્વારા થયેલી ટીકાને કારણે ઘવાયેલો અહમ્! ત્રીજું કારણ એ કે નવશિક્ષિતો, જે આ સુધારાકાર્યમાં જોડાયેલા હતા, તેઓ મોટે ભાગે યુવાનો હતા. આપણા દેશની પિતૃસત્તા માત્ર સ્ત્રીઓ માટે જ દમનકર્તા નથી; યુવાનોના નવા વિચારો, ઉત્સાહ વગેરે વિશે પણ વડીલોને શંકા હોય છે- તુચ્છભાવ હોય છે. આ પણ બનવાજોગ છે કે ઉછાંછળા, ઉતાવળિયા જવાનિયા તે આપણી મહાન સંસ્કૃતિની ગરિમા તે શું સમજે વળી!! અને છેલ્લું, જરાક અણગમતા સત્ય જેવું કારણ એ પણ હતું કે કેટલાક સુધારકોના વિચાર, પ્રચાર અને આચારો વચ્ચે અંતર પડી જતું હતું. જે કુધારાનો એમણે વિરોધ કર્યો હોય તેની જ જાળમાં ફસાયા હતા! ફક્ત ગુજરાતના એક-બે દાખલા જાણીતા છે કે આક્રમક સુધારાવાદી નર્મદે વિધવા સાથે લગ્ન કરવાનું સાહસ કર્યું એમાં વિવેક





ચૂકી ગયો હતો અને દુર્ગારામ મહેતાજીએ પોતે વિધુર થયા પછી કિશોરી કન્યા સાથે લગ્ન કરેલું! આ અને આવાં કેટલાંક દેખીતાં-વણદેખીતાં પરિબળોએ સમાજને પૂર્વ આધુનિક સ્થિતિમાંથી આધુનિક તો શું- પણ અર્વાચીન સ્થિતિ તરફ પગલું ભરતાંયે વર્ષો લાગેલાં.

આ તો જાણે, પૂર્વઆધુનિક સમાજમાંથી આધુનિકતાની ઝાંખી કર્યા પછીનું પહેલું પગલું હતું –સમાજ સુધારો. પણ જ્ઞાનપ્રકાશ યુગનાં અન્ય મૂલ્યો જે 'આધુનિકતા'નો પેરેડાઈમ-વિચારસમુચ્ચય અને આચરણ સુધી પહોંચાડે ત્યાં સુધી આ સુધારકોએ સાહસ કર્યું હતું કે કેમ એ તપાસવું રસપ્રદ બને. કારણ કે સેંકડો વર્ષ પછી એક નવી શાસન પદ્ધતિ, સામાજિક ધારાધોરણો અને શિક્ષણને કારણે મળેલા એક્સપોઝરથી આ હિંદુસ્તાન ખાસ્સો ખળભળાટ અનુભવી રહેલો.

આ તો થઈ ત્રણ 'ઉપલા' વર્ગોની હકીકત, સામાજિક-સાંસ્કૃતિક-રાજકીય વાસ્તવિકતા. પણ ચોથું મહત્ત્વનું પરિબળ અને ચોથો વર્ગ... હિન્દુસ્તાનના ચરિત્રને ઘડનારું મુખ્ય પરિબળ હતું. આ 'ચોથો વર્ગ' તે શ્રમજીવીઓ-કારીગરો-ખેતમજૂરો, હસ્તકલા-કારીગરો અને નવા શરૂ થયેલા ઉદ્યોગોના નાના-મોટા શ્રમિક કામદારોના જીવનમાં વિચિત્ર ફેરફારો થયા હતા. કદાચ ઔદ્યોગિકીકરણની પહેલી અસરો એમને ઝીલવા મળી હતી.

શહેરીકરણ થવા માંડ્યું હતું. ગામડાં છોડીને શ્રમિક સમાજ-દલિતો / વણકરો ખાસ –શહેરની કાપડમિલો, કારખાનાં વગેરેમાં શ્રમ કરવા જોતરાયા. રેલ્વે કામદારો, સ્ટીમરના કામદારો વગેરે નવો કામદાર વર્ગ પણ ઊભો થયો. ગળી-શણનાં ખેતરો, મીઠાનાં અગરો, ખનીજ-ખાણો વગેરેમાં તનતોડ મહેનત કરતો કામદાર સમુદાય પણ અસ્તિત્વમાં આવ્યો. અથાક શ્રમ અને ઉદ્યોગો સિવાયનાં ક્ષેત્રોમાં અપૂરતું વળતર- દુષ્કાળના હુમલા- રોગચાળા... વગેરે આપત્તિઓ તો બેવડાતી ગઈ. ગરીબીની ભીંસ અને સર્વાંગી શોષણનો કોઈ નક્કર ઉપાય આ વર્ગ પાસે હજી પહોંચ્યો નહોતો. 19મી સદીમાં તો આ લોકો પાસે ભજનભક્તિરૂપી અફીણ સિવાય બીજો ઈલાજ ક્યાં હતો?!

પરિણામે કહેવાતી ઉજળિયાત જ્ઞાતિઓ, કહેવાતી પછાત અને અછૂત જ્ઞાતિઓના પોતપોતાના ધર્મ-સંપ્રદાયોમાં ભક્તિનું જોર વધ્યું. સંતો-ભક્તોનાં નામથી નાના-મોટા સંપ્રદાયો શરૂ થયા. નિર્ગુણભક્તિ સાથે સગુણભક્તિને રાખીને, સદાચારનાં નિયમો-વ્રતો અને સંતભક્તોના ઉપદેશસૂત્રોને કેન્દ્રમાં રાખીને આ નવા પંથો / સંપ્રદાયોનાં બંધારણ ઘડાયાં. જૂથો બન્યાં. ગુરૂ નિમાયા, તેમના હાથે ગુરૂકંઠી પહેરવાની શરૂઆત થઇ. ગુરૂમહિમા, ગુરૂના મઠ-મઢુલી-આશ્રમો સ્થપાવા માંડ્યાં. ગુરૂની ઘેર-મહોલ્લામાં-ગામફળિયામાં પધરામણી-ઓચ્છવ વગેરે પરંપરા પણ શરૂ થઇ. મોટા ભાગના સંતભક્તો જેની મનાઇ કરતા ગયા હતા તેમનાં નામે જ, ભક્તિપરંપરામાંયે ભાગલા પડતા ગયા. સંત કબીર, સંત રૈદાસ, દાદુ દયાલ જેવા 'મુક્ત' ભક્તોને 'પંથો'મો પૂરી દેવાયા. ઊર્મિલ પ્રેમલક્ષણા ભક્તિ, સત્યની ખોજનો અલગારી ભાવ અને સમતાભાવની જગ્યાએ સંસ્થાકૃત આશ્રયસ્થાનો અને ભજનકીર્તન રૂપી પલાયનનો વ્યાપ વધી ગયો.

શહેરોમાં, શાસ્ત્રસંમત ભક્તિમાર્ગનાં મંદિરો-ધામો તો બન્યાં જ હતા, ઉપરાંત પેલા ધનિક વેપારીઓ અને ઉજળિયાત મધ્યમવર્ગીઓની બહુલતાવાળા પુષ્ટિમાર્ગ અને સ્વામીનારાયણ સંપ્રદાય-(જે એક્સ્કલ્યૂઝીવલી (માત્ર ને ફક્ત) ગુજરાતીઓ માટે, ગુજરાતમાં સ્થપાયો હતો) ની બોલબાલા થવા લાગી. જેને વિશે આગળ ઉપર થોડી વિસ્તારથી વાત કરવાની છે, પણ અહીં એનો ઉલ્લેખ એટલા માટે કરવો રહ્યો કે 19મી સદીમાં થયેલા સુધારાની શરૂઆતના ગાળામાં આ પંથનો પણ ઠીકઠીક ફાળો રહેલો- સતીપ્રથા, દૂધપીતી પ્રથા વગેરે નાબૂદ કરાવવાના કાનૂન બન્યા તે માટે અંગ્રેજ અધિકારીઓને ભલામણ કરવાની સાથોસાથ પોતાનાં પ્રવચનોમાં પણ ગુરૂ સહજાનંદે આ બોધને સ્થાન આપ્યું હતું.

ગુજરાતના આ બંને સંપ્રદાયોએ પેલી 'મહાજન' સંસ્કૃતિને પૂરો વેગ આપ્યો. ખાસ તો મહાજનો અને શ્રમિકો વચ્ચેના સંબંધોને નવું પરિમાણ મળ્યું. દાનપુણ્ય અને જીવદયા ઉપર આધારિત આ બંને સંપ્રદાયોના પાલક ધનિકો દ્વારા ધર્મશાળા, સદાવ્રતો, લંગર જેવી વ્યવસ્થાઓ સ્થપાઇ. જેમાં કોઇપણ ગરીબોને ભૂખ્યા સૂવું





ન પડે તેવી વ્યવસ્થાઓ ધાર્મિક પ્રેરણાથી થઇ હતી. આને લીધે શ્રમિકો મોટે ભાગે માલિકોના ઉપકાર તળે જીવતા અને શોષણ પ્રત્યે સભાન નહોતા થતા. ઉપરથી ભક્તિપરંપરાની નમ્રતા, ક્ષમા, ગરીબીનું ગૌરવ, ભૂખ્યા પેટે પણ ભજન ગાવાની અલગારી મસ્તીના સંસ્કારો, જાણે વારસો અને વાતાવરણમાં વણાઇ ગયા હતા. પરિણામે શોષિતોનો અજંપો કે આક્રોશ ક્યાંય દેખાતાં નહોતાં. ગુજરાત-રાજસ્થાનની આ 'મહાજન-પરંપરા' વિવિધ રૂપાંતરો સાથે દેશભરમાં જોવા મળે છે. કારણ કે, આ દેશમાં મૂડીવાદ અર્ધદગ્ધ હતો, કહો કે અહીં મૂડીવાદનું હિંદુસ્તાની સંસ્કરણ હતું. જે સંસ્થાનવાદની 'મહેરબાનીથી આવેલો' માનીને અણમાનીતો રહ્યો. અંશતઃ યંત્રવાદનો સ્વીકાર હતો પણ માત્ર આર્થિક પ્રવૃત્તિઓ પૂરતો. રહેણીકરણી પાછલી સદીઓની યાદ અપાવે તેવી રહી ગઇ હતી અને માનસિકતા સામંતવાદી હતી. જ્ઞાનપ્રકાશનાં કિરણો ખૂણેખાંચરે અચૂક ઝિલાયાં હતાં જે 'સુધારા'ના ઉત્સાહમાં પ્રગટ થયાં. આપણે માટે 'સુધારો' એ જ 'જ્ઞાનપ્રકાશ'!

સમાજસુધારા માટે પ્રવૃત્ત થયેલા 'સુધારકો' સામે સ્વાભાવિક રીતે અંગ્રેજી સભ્યતા-યુરોપિયન જ્ઞાનવિજ્ઞાન અને સ્વતંત્રતા-સમાનતા-બંધુતા જેવાં મૂલ્યો આદર્શરૂપે હતાં. હિંદની અજ્ઞાનતા(નિરક્ષરતા), પિતૃસત્તા, સ્ત્રીઓની દયનીય સ્થિતિ વગેરે સાથે જોડાયેલા કુરિવાજોને ડહ્યામતી વખતની તેમની ભાષા પણ ઉદ્દામ હતી અને જે કંઇ થોડા ઘણા કાર્યક્રમો ઘડાતા(એક્શન) તે પણ વાચાળ રહેતા. આની સામે, સમાજમાં અણગમો પ્રસરતો. સમાજને પશ્ચિમનું 'મોડેલ' ગળે ઉતરે તેમ ન હતું. આથી કેટલાક શાણા વિચારકોનું સમન્વયનું ચિંતન શરૂ થયું. એમણે હિંદનો ભવ્ય વારસો, તત્ત્વજ્ઞાન, સકારાત્મક સામાજિક મૂલ્યો સાથે, પશ્ચિમનાં જ્ઞાનવિજ્ઞાનનો 'માફકસરનો' સમન્વય કરીને સમાજને આગળ વધારવાનું શરૂ કર્યું. તેઓ માનતા કે 'ધીમે ધીમે સુધારાનો સાર...''!

આમ 'સુધારા'ની પણ ખેંચતાણ ચલી. ઉદ્દામવાદી સુધારકોના 'એજન્ડા' ઉપર અંધશ્રદ્ધા, ચમત્કારો, વહેમો, શુકન અપશુકન જેવી અનેક માન્યતાઓથી માંડીને, મૂર્તિપૂજા, ધર્મગુરૂઓનું પાખંડ જેવા મુદ્દા હતા. બીજી તરફ,

સમન્વયવાદીઓ લગભગ ધર્મ-સનાતનધર્મ અને વેદાન્ત, ઉપનિષદો વગેરેના આધારે આગળ વધતા હતા. ત્રીજી તરફ પેલો ગ્રામીણ-શ્રમિક સમુદાય તો 'ધર્મ'ને નામે અંધશ્રદ્ધા-ચમત્કારો-માન્યતાઓથી જ પોતાની તકલીફોનો સામનો કરી રહ્યો હતો. સરવાળે, વર્ગભેદની રાહે જ્ઞાનપ્રકાશનાં મૂલ્યો પણ વિભાજિત થયાં. ભક્તિપ્રવાહના થોડાંક જાગૃતિકરણ સિવાય એ સમુદાય પાસે નવોદયના બીજા કોઈ લાભ પહોંચવા પામ્યા નહિ.

ફક્ત ગુજરાતના સંદર્ભમાં જોઈએ તો, દુર્ગારામ મહેતાજી, નવલરામ, દલપતરામ અને કવિ નર્મદ જેવા સુધારકોએ મોટે ભાગે અંધશ્રદ્ધા-વહેમ-ચમત્કાર નિર્મૂલનની નાની મોટી ઝૂંબેશો કરી, જેમાં કેટલાક ઉદ્દામવાદી હતા તો કેટલાક સંરક્ષણવાદી. તો બીજી તરફ ગોવર્ધનરામ, મણિલાલ નભુભાઈ જેવા લેખક-સુધારકોએ સરંક્ષણવાદી રહીને ભારતની સંગમ-સંસ્કૃતિનું ચિંતન આપ્યું. જેમાં વેદાંત અને ભક્તિપ્રવાહના વારસાને સ્વીકારીને, માનવતાવાદી નવયુગની કલ્પના આપી. 'કલ્યાણગ્રામ' નામે સુધારાકાળનું 'યુટોપિયા' સરજ્યું.

વળી, વૈશ્વિકસ્તરે જેમની ખ્યાતિ થઈ છે તેવા બે ચિંતકો, જેમણે હિંદનું દર્શન પણ કર્યું છે અને વ્યાપક ધર્મચિંતનને પાયામાં રાખીને કર્યું છે. એકે સમુદાયની પ્રગતિ દ્વારા રાજકીય-માનસિક અને સાંસ્કૃતિક ગુલામીમાંથી મુક્તિનો લલકાર કર્યો તો બીજાએ વૈયક્તિક ચેતનાના ઉર્ધ્વીકરણ દ્વારા વ્યાપક માનવમુક્તિની વાત કરી. આપણે વિવેકાનંદ અને શ્રી અરવિંદની વાત કરી રહ્યા છીએ.

સ્વામી વિવેકાનંદે, પાશ્ચાત્ય ઉચ્ચકેળવણી લેનારા સત્યશોધક પરિવ્રાજક તરીકે શરૂઆત કરી. હિંદુ સંન્યાસી બન્યા. સંસ્થામાં ઠર્યા. પણ દેશ-વિદેશનાં પર્યટન અને ચિંતન પછી, પૂર્વ-પશ્ચિમની વિચારધારાઓ-ધર્મધારાઓના ઊંડા અભ્યાસ પછી, 'ધર્મ'નું નવીન અર્થઘટન કર્યું. 'ધર્મ' એટલે કર્તવ્ય. પ્રબુદ્ધ ચિત્તે- નિસ્વાર્થ ભાવથી સમાજને આગળ લઈ જનારાં કાર્ય કરવાં તે 'ધર્મપાલન'. એક પ્રકારનો સુધારક દૃષ્ટિકોણ એમની પાસે અચૂક હતો. શિક્ષણ, સંગઠન, સામુદાયિક જાગૃતિકરણ, કર્મઠતા અને રાષ્ટ્રભાવના- આ વિવેકાનંદનાં મૂલ્યો અને કાર્યપદ્ધતિ હતાં. એમણે બે મહત્ત્વની વિભાવનાઓ (વિચાર, કોન્સેપ્ટ) આપ્યા એક તો





'રાષ્ટ્રભાવના'- હિંદને 'એક રાષ્ટ્ર'- એક દેશ માનવાના વિચારોને, હિંદની સંસ્કૃતિ, ધર્મ, ઇતિહાસ વગેરેના આધારે સ્થાપ્યા અને ફેલાવ્યા. અલબત્ત, આ રષ્ટ્રભાવનાનું પછીની સદીમાં શું થયું તે શોચનીય છે, જેને વિશે આગળ ઉપર વાત કરવાની છે; પણ વિવેકાનંદે આપેલો 'રાષ્ટ્ર'નો ખ્યાલ હિંદની સાંસ્કૃતિક શ્રેષ્ઠતા, વર્ચસ્વ અને અણનમતા/સાતત્યના વિચારોને લઈને પણ આવ્યો. બીજી વિભાવના હતી 'દરિદ્રનારાયણ'ની. હિંદુ સાધુસંઘમાં હોવા છતાં, તેમણે અસ્પૃશ્યતાને કલંક ગણાવી, દક્ષિણ ભારતનાં રાજ્યોમાં તેની નાબૂદી માટે ખૂબ પ્રયત્નો કરેલા. અલબત્ત, સનાતન ધર્મની શ્રમવિભાજન અને વર્ણવ્યવસ્થાને એ શ્રમ અને સમાજને વ્યવસ્થિત રાખનારાં માળખાં માનતા હતા અને એની અંદર કર્તવ્યપરાયણતાને એમણે સંબોધી હતી. સમુદાયનું સશક્તીકરણ, જાગૃતિકરણ, જ્ઞાનપ્રાપ્તિ અને સક્રિયતા એમનાં જાણીતાં સૂત્રો છે જેણે બહુ વિશિષ્ટ છતાં વિચિત્ર રીતે હિંદુ જ્ઞાનપ્રકાશની 'બ્લ્યૂ પ્રિન્ટ' તૈયાર કરી આપી; જેનું સ્વરૂપ 'પુનરૂત્થાનવાદી' કહી શકાય.

બીજા પરિવ્રાજક શ્રી અરવિંદ એક રસપ્રદ વ્યક્તિત્વ હતા. અંગ્રેજી શાસન વિરોધી સશસ્ત્ર કાન્તિકારીઓમાંના એક હતા. શાસકોની નજરથી બચવા ફ્રેન્ચ સંસ્થાન પોંડીચેરી જઈને વસ્યા અને ક્રમશઃ વૈરાગી બન્યા. તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસે, વિશાળ અનુભવે અને વૈશ્વિક ચિંતનની નિશ્ચિત ધરી ઉપર ફરતાં એમને જે લાધ્યું તે વ્યક્તિગત ઊર્ધ્વીકરણનું સત્ય, જે આધુનિક ચેતનાનું ચરમ શિખર હતું. એક વિશ્વમાનવ-મહામાનવની એમની કલ્પના, જોકે જનસાધારણ માટે હતી પણ જનસાધારણને સમજાય તેવી નહોતી. વૈરાગ્ય અને ભક્તિમાર્ગનો સમન્વય છેવટે જ્ઞાનમાં પરિણમે ત્યારે મહામાનવ સર્જાય... એ અભિપ્સાની સાથે ભારતના ભાવીનું દર્શન પણ એમણે કર્યું. અરવિંદ 'આધ્યાત્મિકોમાં આધુનિક' હતા.

19મી સદીએ હિંદી અને વિદેશી તત્ત્વચિંતકો, ધર્મજિજ્ઞાસુઓ પણ આપ્યા, જેમણે પૂર્વ-પશ્ચિમના ભેદભાવ ઓગાળીને માનવમુક્તિની રૂપરેખા કલ્પી. માદામ બ્લાવાત્સ્કી, કર્નલ ઑલ્કોટ, એની બેસંટ જેવાં તત્ત્વચિંતકો સાથે એલેક્ઝાન્ડર

કિન્લોક ફોર્બ્સ, જેમ્સ ફોર્બ્સ જેવા અંગ્રેજ અધિકારીઓ, સર વિલિયમ જોન્સ જેવા પૂર્વવિદ્યાના પંડિતો... વગેરે અનેક નામ છે, જેમણે કંઇક ધર્મસુધારણા, કંઇક જ્ઞાનપ્રકાશ, ઇતિહાસ અને પ્રાચ્યવિદ્યાઓની ઝાંખી કરી અને હિંદના તેમ જ દેશ વિદેશના સમાજને કરાવી.... જેને 'અર્વાચીનતા' કહીશું- જે પ્રાચીનતામાંથી આધુનિકતા તરફના માર્ગની સંક્રાન્તિનો મોડ છે; કંઇ અંશે 'પૂર્વ આધુનિકતા' પણ છે, 'પુનરૂત્થાનવાદિતા' પણ છે.

## નવજાગરણ

'જ્ઞાનપ્રકાશ'ની હિંદી કેડી ઉપર આગળ વધતાં પહેલાં વિવેકાનંદ કે અરવિંદ જેવા પુનરૂત્થાનવાદી છતાં પ્રગતિશીલ ચિંતકો કરતાં સામા છેડે જઇને- જેમણે બ્રાહ્મણધર્મની અંદર ડૂબકી મારીને ધર્મવિચારને ફરી પાછાં હજારો વર્ષ પાછળ મૂકી દીધો છતાં એને 'પુનઃ ઉદ્ધાર' કહેવાયો તે, સ્વામી દયાનંદ સરસ્વતીના પુનરૂત્થાનવાદી 'આર્ય-સમાજ'નો ઉલ્લેખ થવો જરૂરી છે. એનું નામ સૂચવે છે તેમ, વેદકાલીન ધર્મવિચારને એમણે ઉજાગર કર્યો. 'આર્યસમાજ' મૂર્તિપૂજાનો કટ્ટર વિરોધી હતો, સ્ત્રીપુરુષ સમાનતા, સ્ત્રીઓને શિક્ષણ અને રાષ્ટ્રનિર્માણના કાર્યમાં સ્ત્રીઓની ભાગીદારી વગેરે નવા ગણાયેલા વિચારોનું સમર્થન અને પ્રચાર કરનારો હતો. અલબત્ત, સ્ત્રીના વ્યક્તિગત સ્વાતંત્ર્યનો વિરોધી હતો. જ્ઞાતિવાદ અને તેની સાથે સંકળાયેલા કુરિવાજો, પુરોહિતસંસ્થા અને બાળલગ્ન વગેરે સામાજિક દૂષણોનો વિરોધ કરનારો હતો. પણ 'રાષ્ટ્રવાદ'ને એટલે સુધી ખેંચવામાં આવ્યો કે તે અન્યધર્મીઓ પ્રત્યે દ્વેષભાવ, ધિક્કાર અને અપમાન પેદા કરનારો હતો- ખાસ કરીને તત્કાલીન લઘુમતિ ધર્મો- ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મ પ્રત્યે પૂર્વગ્રહો પેદા કરનાર અને એને દૃઢાવનાર હતો. અંગ્રેજોની સત્તા અને પશ્ચિમની સંસ્કૃતિ સામે પૂર્વગ્રહોનું વાતાવરણ દૃઢ કરવામાં તેનો ખાસ ફાળો હતો. ગુજરાતમાં 'આર્યસમાજ'ના અસ્વીકાર અને વિફળતાનાં ઘણાં કારણો ગણાવાય છેઃ ગુજરાતમાં જ્ઞાતિસંસ્થા બહુ ચુસ્ત હતી, મૂર્તિપૂજા પણ વ્યાપક હતી. વળી કહી શકાય કે ગુજરાતની 18-19મી સદીની 'મહાજન સંસ્કૃતિ'ને એનો કટ્ટર પશ્ચિમ-વિરોધ, પોતાનાં વિકાસશીલ વલણોની વિરુદ્ધમાં જતો પણ દેખાયો હોય! એ





નવા મૂડીપતિઓ સમૃદ્ધિના ભોગે 'આર્યધર્મ'ને બચાવવા એટલા તૈયાર ન પણ હોય! ખેર, સરવાળે 'આર્યસમાજ' રૂપે એક રીતે 'હિંદુ રાષ્ટ્રવાદ'નાં બીજ વવાયાં એમ કહી શકાય.

બંગાળ જેવા પ્રાંતમાં આ નવજાગરણની શરૂઆત રાજા રામમોહનરાયે 'બ્રાહ્મોસમાજ'ની સ્થાપના કરીને કરી એ જાણીતી વાત છે. સ્ત્રીઓના શોષણકર્તા કુરિવાજોથી એની શરૂઆત થઇ હતી પણ આગળ જતાં શિક્ષણ-ઉચ્ચ શિક્ષણ-દંડનીતિ-ન્યાયશસ્ત્ર જેવાં પાસાં પણ ઉમેરાયાં. ઇતિહાસ-રાજનીતિની સાથોસાથ સભ્યતાઓ અને સંસ્કૃતિનો અભ્યાસ એ બ્રાહ્મોસમાજનું લક્ષણ હતું. હિંદુધર્મના અનેકદેવવાદનો છેદ ઉડાડીને, એકેશ્વરથી પણ આગળ જઇને 'નિરાકાર બ્રહ્મ'નું તત્ત્વજ્ઞાન અને જાગ્રત નાગરિક તરીકેની આચાર-સંહિતા આપનાર, આ એક પ્રકારના ધર્મસુધારણાત્મક છતાં પશ્ચિમના જ્ઞાનપ્રકાશના પ્રભાવ નીચે ખિલેલી વિચારધારા ઉપર આધારિત 'નવસમાજ'(સોસાયટી / મંડળ) હતો. 18મી – 19મી સદીના બંગાળથી શરૂ થયેલી આ નવીન ધારાએ દક્ષિણના ચિંતકોને, મુંબઇ-ગુજરાતના ચિંતકો-સમાજસુધારકોને આકર્ષ્યા. એક નવો વિકલ્પ ક્ષિતિજ ઉપર દેખાયો.

મુંબઇમાં મહારાષ્ટ્રના પ્રબુદ્ધચિંતકોએ 'પ્રાર્થનાસમાજ'ની સ્થાપના કરી. આ એક પડકારરૂપ પગલું હતું. મહારાષ્ટ્રમાં પૂનાના પંડિતોની પરંપરા બહુ મજબૂત હતી; બ્રાહ્મણ સત્તાધીશો ઉપરાંત 'કિંગમેકર્સ'ની સંસ્કૃતિ ત્યાં પૂરબહારમાં હતી. સનાતનધર્મરક્ષક બ્રાહ્મણ સમુદાય 20મી સદીમાં પણ વર્ચસ્વશાળી હતો. ત્યારે મુંબઇમાં બ્રાહ્મણ તેમ જ બ્રાહ્મણ સિવાયના, નવશિક્ષિતોએ આ મંડળની શરૂઆત કરી. સ્વાભાવિક રીતે જ હિંદુધર્મની જડતા, સંકુચિતતા, કુરિવાજો દૂર કરવાની ઝૂંબેશ માટે જાણે જમીન તૈયાર થતી હતી. શાસ્ત્રો, મનુસ્મૃતિ વગેરે વિશે ઝીણવટભરી ચર્ચાઓ થતી. જાહેર સંભાષણો થતાં. પત્રિકાઓમાં ખૂબ લખાતું અને એમ શિક્ષિત વર્ગના એક નાના છતાં જાગ્રત સમુદાયે જ્ઞાનપ્રકાશનો માર્ગ જરૂર પસંદ કર્યો. મુંબઇ આ પ્રવૃત્તિમાં અગ્રેસર થયું કેમ કે સંસ્થાનવાદી હિંદનું એ પહેલું આર્થિક પાટનગર બન્યું હતું. આર્થિક સ્થિતિ બદલાય તો સામાજિક સ્થિતિમાં

અચૂક પરિવર્તન આવે, તેનું મહત્ત્વનું ઉદાહરણ બન્યું હતું. મુંબઈને ત્યારથી 'કોસ્મોપોલિટન સિટી'નું બિરૂદ મળ્યું છે. આ એક આધુનિક લાક્ષણિકતા છે, જે નોંધપાત્ર બને છે.

મુંબઈમાં, સૂરતમાં, અમદાવાદમાં આનાં પગલે 'સત્યશોધક-સભા' અને 'ઈશ્વર પ્રાર્થના-સમાજ'ની સ્થાપના થઈ. જેમાં જે તે નગરોના પ્રબુદ્ધ ચિંતકો; જે મોટેભાગે જ નહિ, લગભગ પૂરેપૂરા- કહેવાતી ઉપલી જ્ઞાતિઓના સુશિક્ષિત પુરુષો 'સભ્ય' બનતા, અઠવાડિયામાં એક-કે બે દિવસ ભેગા મળતા. ક્યારેક જંતરમંતર કરનારા બાબા-સાધુ-સંન્યાસીઓના કહેવાતા ચમત્કારોને પર્દાફાશ કરવાના કાર્યક્રમો પણ યોજાતા તો ક્યારેક પારંપરિક પંડિતો-શાસ્ત્રીઓ સાથે ચર્ચાસભાઓ પણ ચાલતી;જેમાં પારંપરિક ધર્મ સામે તર્ક કરીને કેટલાક ગળે ન ઉતરે તેવા શાસ્ત્રોનું ખંડન પણ કરવામાં આવતું. ખાસ કરીને સૃષ્ટિનું સર્જન, ઈશ્વરનું અસ્તિત્વ, માણસોનો ઈશ્વર સાથેનો સંબંધ જેવા મુદ્દાઓ વિશે ચર્ચા ચાલતી. ધીમે ધીમે હિંદના શિક્ષિતોનાં ચિત્તમાં નવો સળવળાટ જાગ્યો હતો. મુક્તિની ઝંખના તીવ્ર બની હતી એટલું જ નહિ, વ્યાપક નાગરિક ચેતનાનો અવિર્ભાવ પણ થવા માંડ્યો હતો.

મહારાષ્ટ્રમાં જ્યોતિરાવ ફૂલે અને તેમનાં પત્ની સાવિત્રીબાઈએ સાર્વજનિક શિક્ષણ, સ્ત્રી-શિક્ષણ અને વિધવા સ્ત્રીઓ- ખાસ કરીને બ્રાહ્મણ વગેરે કહેવાતી ઉજળિયાત જ્ઞાતિની સ્ત્રીઓની સામાજિક-સાંસ્કૃતિક સુરક્ષા અને મુક્તિ માટે જે પ્રયાસો કર્યા તેમાં પંડિતો-શાસ્ત્રીઓ સાથે ઠીકઠીક સંઘર્ષ કરવો પડ્યો હતો. ફૂલે કહેતા તે મુજબ, આ દેશનાં ગરીબો-દલિતો અને સ્ત્રીઓની શોષક છે- 'શેઠજી ભટજી સંસ્કૃતિ!' આમ કહીને તેમણે મહાજન-વેપારી પરંપરા અને બ્રાહ્મણો દ્વારા સમાજનાં છેવાડાનાં લોક તેમ જ સમગ્ર સ્ત્રીસમુદાય ઉપર જે સામાજિક અને આર્થિક જુલમો થતા તેનો નિર્દેશ કર્યો છે. તેમણે હિંદુધર્મની મર્યાદાઓ વિશે ખૂબ લખ્યું છે અને જ્ઞાતિગત શોષણને ખરી 'ગુલામગિરી' કહીને વખોડી છે. 'સત્યશોધક સભા'ના માધ્યમ દ્વારા તેમણે ધાર્મિક ગુલામગિરીને પણ ઠપકારી છે. ફૂલેના પ્રયાસો સર્વાંગી શોષણ નાબૂદી માટે હતા એમ જરૂર નોંધવું જોઈએ.




એક રીતે જોતાં ખરે જ, આ **'નવજાગરણ કાળ'** બન્યો હતો. પણ હિંદના સમાજ ઉપર એની કેવી અસરો પડી હતી, એ જોવું રસપ્રદ થશે.

હિંદનો મોટા ભાગનો સમાજ અશિક્ષિત કે અર્ધશિક્ષિત હતો. સાર્વજનિક કે અર્વાચીન શિક્ષણથી વંચિત હતો, એટલું જ નહિ પણ કંઈક અંશે વિરોધી પણ હતો કેમ કે અર્વાચીન શિક્ષણ અંગ્રેજો લાવ્યા હતા. સુધારકો આ 'અંગ્રેજી શિક્ષણ' પામેલા હતા એટલે પણ આમ-સમાજના પૂર્વગ્રહને કારણે અપ્રિય હતા. વળી મોટે ભાગે જે કંઈ સુધારાની ચર્ચા થતી તે ધર્મ અને સામાજિક રીત-રિવાજોને લગતી જ હતી; જેની આદત આમસમાજને હજારો વર્ષથી પડેલી હતી. વળી એ ધર્મ-સંપ્રદાયો અને રીત-રિવાજોને સમાજ પુષ્કળ માનસન્માનથી જોતો આવ્યો હતો. એનાં કોઈપણ પાસાં વિશે શંકા કે સવાલ, દલીલ કે વિરોધનો સદંતર અભાવ એના સંસ્કારોમાં અને દૈનિક જીવનમાં ઓતપ્રેત થયેલો હતો; વિરોધ પ્રગટ કરવો તો દૂરની વાત હતી. 'જ્ઞાનપ્રકાશ' પરદેશી-વિધર્મી ખ્યાલ હતો, સુધારણા 'ધર્મવિરોધી પાપ' હતું, પ્રાચીન-મહાન ધર્મ વિશે નકારાત્મક વિચાર-વલણ-આચરણ એ 'ગોરાઓની વાનર નકલ' હતી. આટઆટલી સદીઓથી આ ભૂપ્રદેશ જે ધર્મ-સંસ્કૃતિ દ્વારા ટકી રહ્યો છે તેની ટીકા કરવી એ 'ગોરાઓનું કાવતરું' હતું- કેમ કે અંગ્રેજો આપણા ભવ્ય વારસાને ભોંયભેગો કરીને છેવટે તો આપણને ગમારો-ગુલામો જ સાબિત કરવા માંગે છે એવી છાપ દૃઢ બનતી જતી હતી. અર્વાચીન શિક્ષણ અને જ્ઞાનપ્રકાશનાં મૂલ્યો પ્રત્યેનું ખેંચાણ એક જાતનો 'દેશદ્રોહ' માનવામાં આવતો હતો.

પરિણામે સુધારકો પ્રગટ નહિ તો છૂપા ખ્રિસ્તીઓ છે, વટલાઈ ગયેલા છે, કે વેચાઈ ગયેલા છે એવી લાગણી ખૂબ જોરશોરથી ફેલાયેલી હતી. ઘણા સુધારકોને સમાજના પથ્થરમારા, શાબ્દિક ટીકાઓ અને સામાજિક બહિષ્કારના ભોગ બનવું પડ્યું હતું. ફક્ત ગુજરાતનો એક દાખલો લઈએ તો સૂરતના સરકારી શિક્ષણાધિકારી મહીપતરામ નીલકંઠને પરદેશગમન અને અન્ય સુધારાવાદી વિચાર-વર્તન માટે 'નાતબહાર' કાઢવામાં આવ્યા હતા. સરવાળે, સુધારકો અને સુધારાના વિચારો અને કાર્યક્રમોને હિંદના આમસમાજમાં -ગ્રામસમાજમાં નહિવત્ આવકાર મળેલો; બલ્કે તિરસ્કાર જ વધુ સાંપડેલો.

... તો સામે પક્ષે એમ પણ કહેવું જોઇએ કે સુધારકો પાસે પણ ગ્રામસમાજ અને આમસમાજ પાસે પહોંચવા માટે અસરકારક કાર્યક્રમો કે લાંબા ગાળાની વ્યૂહરચનાનો અભાવ હતો. સુધારકો પોતે કદાચ પોતાના વેશ-વર્તન-ભાષા વગેરેને કારણે અને / અલબત્ત, વિચારોને કારણે આમસમાજ-ગ્રામસમાજથી સ્વાભાવિક રીતે જ વિખૂટા પડી ગયા હતા (ઍલિયેનેટેડ); જે અંતર ઘટાડવાના બેમાંથી એક્કેય પક્ષે પ્રયાસો થયેલા નોંધાયા નથી.

તદુપરાંત, સુધારકોએ કેટલાક રીત-રિવાજો અને ધાર્મિક પાખંડનો વિરોધ વધારે કર્યો છે. જ્ઞાનપ્રકાશનાં અન્ય મૂલ્યોને અહીં લાવવાની વાત ઓછી જ થઇ હતી: 'સ્વતંત્રતા' માટે જરૂર કેટલાક સુધારકોએ વિચાર્યું હતું પણ 'સમાનતા'નું મૂલ્ય કદાચ જ્ઞાતિવ્યવસ્થા સાથે તેમણે સાંકળ્યું નહોતું. જ્ઞાતિસંસ્થાની ખૂબીઓ દર્શાવતો 'જ્ઞાતિનિબંધ' ત્યારે ગુજરાતના સુધારક કવિ દલપતરામે લખ્યો હતો, જેમાં ટીકાઓ જરૂર હતી પણ જ્ઞાતિસંસ્થાને નિર્મૂળ કરવાની વાત નહોતી. સાથે સાથે આર્થિક પ્રગતિ કે ઉત્પાદન સંબંધો વિશે પણ સુધારકોએ વિચાર્યું નહોતું. સુધારકોનો અભિગમ માત્ર સામાજિક રહ્યો- મૂળમાં ઘા કરવાનો કદાચ ખ્યાલ પણ નહોતો. આપણે જાણીએ છીએ કે સુધારકો પોતે શહેરી, ઉપલા મધ્યમ વર્ગના કે મધ્યમવર્ગના હતા... અને એ પણ જાણીએ છીએ કે આર્થિક સ્થિતિમાં પરિવર્તન આવે તો જ સંસ્કૃતિ ઉપર કંઇક પ્રભાવ પડે. પરિણામે, આમ સમાજ-ગ્રામસમાજ જે જ્ઞાતિઓનાં જાળાં-ઝાંખરાંમાં ફસાયેલો હતો અને તેનાથી થયેલા-થતા-થનારા નુકસાન પ્રત્યે સભાન નહોતો તેની પાસે ધર્મપાલન સિવાય ક્યો વિકલ્પ હતો?!

અંગ્રેજી શાસન, અંગ્રેજી કેળવણી, યુરોપ-બ્રિટનના સાહિત્યનો અભ્યાસ વગેરેને કારણે 'સુધારક વર્ગ' પોતપોતાની માતૃભાષાના સાહિત્ય, ભૌતિક જ્ઞાન વગેરેથી ઘણો દૂર થઇ ગયો હતો. 16મી થી 19મી સદીનાં સંત-ભક્ત-સૂફીઓના જ્ઞાન કે ભક્તિમાર્ગનું સાહિત્ય પણ જાણે ભૂલી ગયો હતો. આમ સમાજ સાથે સંવાદ કરવાનું કોઇ માધ્યમ એની પાસે નહોતું. સંત-ભક્તોના સકારાત્મક પ્રદાનનો ટેકો લઇને એ આમ સમાજ પાસે જઇ શક્યા હોત, પણ એવું બન્યું નહિ. પરિણામે આમસમાજને અસલામતી, ભય અને અભાવો વચ્ચે ભજન ભક્તિ સિવાય કોઇ





ઉપાય નજરે નહોતો ચડ્યો- જ્ઞાનપ્રકાશ યુગમાં પણ!

14થી 16-17મી સદી દરમ્યાન જ્ઞાતિવ્યવસ્થા અને ભયાનક ગરીબીને કારણે શૂદ્રો-દલિતોએ ઇસ્લામનો સ્વીકાર કરીને પોતાના સંજોગોમાં રસ્તો કાઢ્યો હતો એ જ રીતે, 19મી સદીમાં પણ ગરીબો, શોષિતોનું ધર્માંતરણ વિચાર માગી લે તેવો મુદ્દો છે. અંગ્રેજોના શાસનકાળમાં કુદરતી અને માનવ(શાસન) સર્જિત દુષ્કાળો પડ્યા, પ્લેગ-ઇન્ફલુએન્ઝા-મેનેન્જાઇટિસ જેવા રોગચાળા ફેલાયા. મોટી સંખ્યામાં ગરીબો-શોષિતોનાં મરણ થયાં. મહામારિઓમાં બચાવ લઇને ખ્રિસ્તી મિશનરીઓ અંતરિયાળ વિસ્તારોમાં પહોંચેલાં. હિંદનાં દલિતો, આદિવાસીઓ, પછાત કહેવાતી જાતિઓનાં ગરીબોને એમણે મદદ કરી. પરિણામે કેટલાંય ગરીબોએ કૃતજ્ઞતાપૂર્વક ખ્રિસ્તીધર્મનો સ્વીકાર કર્યો હતો. 'છપ્પનિયા દુષ્કાળ'નું ઉદાહરણ જાણીતું છે. ધર્માંતરણનો હેતુ, પરિબળો અને પ્રક્રિયાની તપાસ કર્યા પછી ટૂંકમાં એટલું કહી શકાય કે હિંદુધર્મનાં અમાનવીય પાસાંથી પિડાયેલાં લોકોએ ખ્રિસ્તીધર્મમાં પ્રેમભક્તિનું શરણ લીધું. સરવાળે, શોષિત સમાજને નવજીવન મળ્યું, શિક્ષણ મળ્યું અને પ્રાથમિક જીવન-જરૂરિયાતો પણ પૂરી પાડવામાં આવી. એક ધર્મના સ્વીકાર દ્વારા જો આ તમામ મળી શકતું હોય, અંતરની અભિપ્સા પણ સંતોષાતી હોય અને દેખીતું સ્વમાન પણ સાંપડતું હોય તો કોઇ કેવી રીતે ધર્મનો સૂંવાળો, હૂંફાળો ખોળો છોડી શકે?! આવા ધર્માંતરણ માટે કોનો દોષ કાઢવો જોઇએ?!

અહીં નોંધવું રહ્યું કે 19મી સદીના, જ્ઞાનપ્રકાશ કાળમાં હિંદનાં શોષિતો-ગરીબોનો બેલી 'ધર્મ' સિવાય બીજો કોઇ નહોતો! એ પછી બ્રાહ્મણધર્મ હોય, પુષ્ટિ કે સ્વામીનારાયણ પંથ હોય, ભક્તિપ્રવાહ હોય, ઇસ્લામ કે ખ્રિસ્તીધર્મ હોય! દર્દ એટલું હતું કે અફીણ પણ અઢળક જરૂરી હતું.

સંસ્થાનની સ્થિતિ, નવજાગરણ અને સુધારકોની સમજણ અને કામગિરીની વિગતો- આ પૃથક્કરણનું સમાપન એક ખાસ મુદ્દાથી કરવું મુનાસિબ લાગે છે.

આમ તો આ પ્રકરણની શરૂઆતમાં જ ક્યાંક કહેવું જોઇતું હતું પણ આપણી

'ખોજ'ના અનુસંધાનમાં અહીં, છેવટે નોંધ કરવી જરૂરી લાગી છે.

1857ના વિપ્લવ પછી / વિપ્લવને કારણે અંગ્રેજ સલ્તનતને બ્રિટનમાં બેઠાં બેઠાં પણ આ દેશ ઉપર કેવી રાજનીતિ ચલાવવી એનું ચિંતન કરવું પડ્યું હતું. આ ઐતિહાસિક ઘટના 'રાણીનો ઢંઢેરો'ના નામથી જાણીતી છે. એમાં અન્ય મુદ્દાઓ પણ હતા જ, પણ ધર્મ સંબંધી એક વિધાન હતું તે યાદ કરવા જેવું- યાદ રાખવા જેવું છેઃ અંગ્રેજોની આ નીતિ કેટલાક સવાલો ઊભા કરે છેઃ 'હિંદની પ્રજાની સંસ્કૃતિ અને સામાજિક પરંપરાઓ પ્રાચીન છે, ભવ્ય છે. આ દેશનાં પ્રજાજનોને તેમના ધર્મ-સંસ્કૃતિ અને સામાજિક પરંપરાઓનું પાલન કરવામાં કશો અવરોધ ઊભો કરવામાં ન આવે, અંગ્રેજ સરકારે આ બાબતે કોઇ દખલગિરી કરવી નહિ.'

રાણીનો ઢંઢેરો શું સૂચવે છે! -પરાધીન પ્રજાને ધર્મસ્વાતંત્ર્ય આપી દીધાની ઉદારતા? એક બહુધર્મી-બહુસાંસ્કૃતિક-વિવિધતા પ્રચૂર ઉપખંડ આ કહેવાતી ઉદારતા જીરવી શકે તેમ હતો ? એક તરફ 'સંસ્થાન' બનાવીને ઉદ્યોગો-યંત્રો-બહારનું બજાર બતાવ્યું પણ, બીજી તરફ એનાથી બદલાતી સ્થિતિ જનસાધારણ સુધી પહોંચતી અટકી ગઇ તેનું શું ? અધકચરું આર્થિક પરિવર્તન જૂનાં-પારંપરિક મૂલ્યોને બદલવામાં કેટલું કામયાબ નીવડ્યું ?

ધારો કે કાયદા ઘડીને કે સુધારાના એજન્ડાને 'સરકારી' બનાવીને સાંસ્કૃતિક પરિવર્તનની કોશીશ કરવામાં આવી હોત તો હિંદની શાંતિ અને તેથી કરીને 'રાજ'ની સમૃદ્ધિ બરકરાર રહી શકી હોત ? 19મી સદીમાં આવો ધૂમ્મસઘેર્યો જ્ઞાનપ્રકાશ હિંદને મળતો થયો તેનાથી, આ જ્ઞાનપ્રકાશનાં સાહસો જ ઊણાં રહી ગયાં એમ કહી શકાય?!





**પ્રકરણ-8**

# હિંદનું સ્વાધીનતા આંદોલન, ધર્મવિચાર, અને ભક્તિપ્રવાહની અસરો

હિંદની સ્વાધીનતા એ આમ તો રાજનૈતિક મુદ્દો છે, આંદોલન અને તેની ભૂમિકા તેમ જ વ્યૂહરચના પણ રાજનૈતિક મુદ્દા જ છે પણ આ દેશમાં રાજકારણ સાથે ધર્મવિચાર હમેશાં જોડાયેલો રહ્યો છે, તેથી આ સંકલન વિશે પણ થોડીક વાત કરવી જરૂરી છે.

## સ્વાધીનતા સંગ્રામનાં સૂત્રો અને પ્રતીકો

હિંદને સ્વાધીન કરનારા હિંદીઓ- તે પછી સનાતની હિંદુઓ હોય, જૈનો હોય, સિખો હોય કે મુસલમાન- સૌ ધાર્મિક વારસાને શ્વસતા હતા, ધાર્મિક સંસ્કારોમાં ઉછર્યા હતા. સાવ શરૂઆતના તબક્કાના આંદોલનનાં સૂત્રો, એલાનો વગેરેને યાદ કરીએ તો, તેઓ કોને પરદેશીઓની ગુલામીથી મુક્ત કરવા માંગતા હતા? હિંદમાતાને - ભારતમાતાને. તે સમયનાં ચિત્રો યાદ કરીએ તો આ હિંદમાતા-ભારતમાતા, હિંદુઓની અનેક દેવીઓમાંની એક જેવી જ ચિતરવામાં આવતી. તે સમયનાં જાગૃતિગીતો, હાકલગીતોમાં પણ 'માતા'ની સ્તુતિ, 'માતા'ની અવદશાનું વર્ણન વગેરે પણ પારંપરિક રીતે કરવામાં આવતું. કોણે અને ક્યારે 'માતા' અને 'માતૃભૂમિ' સાથે હિંદની સંકલ્પના કરી હશે, એ પકડવું મુશ્કેલ છે પણ કેમ કરી હશે એ સમજાય તેવું છે. સ્ત્રીઓમાંયે 'માતા' આપણા સમાજની સૌથી વધુ શોષિત, દયનીય અને સહનશીલ વ્યક્તિ છે. હિંદમાતાએ કેટલી

સદીઓથી આક્રમણો, ગુલામી, કુદરતી અને માનવસર્જિત આફતો અને પોતાનાં સંતાનો સુદ્ધાંને કારણે જે પીડા વેઠી છે એ જાણીતું છે. સાથોસાથ માને અપાર સન્માન આપવું, પ્રસંગોપાત્ અને મનોમન માની પૂજા કરવી એ સંસ્કારો પણ આ દેશની સભ્યતા અને સંસ્કૃતિમાં પડેલા જ છે... અને એટલે જ એ માતાને ગુલામીની બેડીઓમાંથી મુક્તિ અપાવવાની પરિકલ્પના સ્વાધીનતા આંદોલનનું ભાવનાત્મક બળ હતું.

આ ભાવનાને વ્યાપક બનાવવા, દઢ કરવા જે સાહિત્ય, ચિત્રકળા, નાટક, સંગીત વગેરે સમૂહમાધ્યમોનો ઉપયોગ કરવામાં આવ્યો તેમાં પણ 'માતા'નું પ્રતીક ઘૂંટવામાં આવ્યું હતું. બહુ જાણીતો દાખલો છે, બંગાળના સાહિત્યકાર બંકિમચંદ્ર ચટ્ટોપધ્યાયે લખેલું ગીત- 'વન્દે માતરમ્'. ટૂંકમાં, ભક્તિ આપણા સમાજની ખૂબ મહત્ત્વની ભાવના બની ચૂકી છે જે અંતર્મનમાં ઓતપ્રોત છે. આ જ ભાવનાને કારણે 'દેશભક્તિ','રાષ્ટ્રભક્તિ' જેવા શબ્દો આજે પણ મહત્ત્વના રાજનૈતિક અને સાંસ્કૃતિક શબ્દો બનેલા છે.

આ જ ભાવના સાથે આપણાં સશસ્ત્ર દેવી-દેવતાઓ વિશેની કલ્પના અને તેના કલાત્મક રૂપાંતરોઃ મૂર્તિઓ, ચિત્રો વગેરે, જોઇએ તો જેમ પૌરાણિક દેવીદેવતાઓ દૈત્યો-દાનવો-રાક્ષસોનો સંહાર કરતાં ચિતરાયાં છે, નરમુંડની માળા કે રક્તપાનનો એમને છોછ નથી... તે જ પ્રમાણે દેશનાં દુશ્મનોને પણ દાનવો માનીને વધ કરવાનાં કર્તવ્યની પ્રેરણા પણ આ દેવી દેવતાઓ જ આપણને આપતાં રહ્યાં છે, એવું માની શકાય? એક-બે અપવાદ બાદ કરતાં આપણાં દેવી-દેવો શસ્ત્રસજ્જ જ બતાવાયાં છે. આ શું સૂચવે છે?

## સ્વાધીનતા આંદોલનની સમાંતરે રાષ્ટ્રવાદનો ઉદય

સ્વધીનતા સંગ્રામથી શરૂ થયેલી વ્યૂહરચનાને નવા વળાંક મળ્યો. વીસમી સદીના આરંભકાળે 'હિન્દુત્વવાદી પરિબળો'એ જન્મ લીધો અને જોર પકડ્યું. ધર્મને સંપૂર્ણપણે રાજકીય શસ્ત્ર બનાવનાર સંગઠનો રચાવા લાગ્યાં, જેમણે આ દેશને





'હિંદુરાષ્ટ્ર' કેવી રીતે બનાવાય તેની વિચારધારા અને વ્યૂહરચનાઓ આપવા માંડી.

લગભગ પાછલી સદી- 19મી સદીથી આ વાતાવરણ રચાતું ગયું હતું. દયાનંદ સરસ્વતીએ સ્થાપેલો 'આર્યસમાજ' પંજાબમાં ઊંડા મૂળિયાં નાખી શકેલો. આ દેશની ભવ્ય, મહાન કહેવાતી સંસ્કૃતિને કેન્દ્રમાં રાખીને 'દેશ'ને 'રાષ્ટ્ર' તરીકે જોવામાં આવ્યો. નવેસરથી રચાયેલી 'રાષ્ટ્ર'ની ભાવનાને કારણે, 'લોકશાહી દેશ'ની બધી જ સમજણનો છેદ ઊડી જતો હતો. આ જ ભાવનાના આધારે, 1915માં પંજાબમાં 'હિંદુસભા' સ્થપાઇ અને સાથે જ રાષ્ટ્રવ્યાપી બનવાની નેમ સાથે, એ જ વર્ષમાં(1915માં) 'હિંદુ મહાસભા' સ્થપાઇ. 1925માં આ વિચારધારાને પરિપૂર્ણ કરનારું રાષ્ટ્રવ્યાપી સંગઠન સ્થપાયું- આર. એસ.એસ. —'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ'.

આ તમામ મંડળો, સંસ્થાઓ સંગઠનોનું ધ્યેય હતું —આ દેશને 'સંપૂર્ણ હિંદુરાષ્ટ્ર' બનાવવાનું, રાજનીતિનું હિંદુકરણ કરવાનું અને હિંદુઓને સૈનિકો બનાવવાનું. જે સૈનિકોએ દેશના દુશ્મનોની સામે લડવાનું છે, કાં તો તેમને હાંકી કાઢવાના છે. વળી આ દેશ માત્ર હિંદુઓનો, જે હિંદુધર્મ પાળતા હોય તેનો છે. અથવા તો પછી હિંદમાં જન્મેલા અન્ય ધર્મો —જૈન, બૌદ્ધ, સિખ જેવા ધર્મ પાળતા હોય તેમને પણ 'હિંદી' કહી શકાય.

વિનાયક દામોદર સાવરકર આ વિચારધારા અને રાજનીતિના સ્થાપક ગણાય છે. નાઝીવાદ-ફાસીવાદની અસર તળે આ વિચારધારા પણ 'એક ધર્મ-એક રાષ્ટ્ર'ના ખ્યાલ ઉપર રચાઇ છે. ધીમે ધીમે આ કટ્ટરવાદી(ફન્ડામેન્ટાલિસ્ટ) સંગઠનોએ રાજકીય ભાગીદારી નોંધાવવા ક્રમશઃ 'જનસંઘ', 'ભારતીય જનતા પાર્ટી' સ્થાપ્યાં. અને 'વિશ્વ હિંદુ પરિષદ' ના નામે સાંસ્કૃતિક સંગઠન સ્થાપ્યું, જેની નીચે 'બજરંગ-દળ','દુર્ગાવાહિની' વગેરે નાનાં-મોટાં જૂથો સક્રિય બનાવ્યાં. સરવાળે સ્વતંત્રતા મળતાં પહેલાં અને સ્વતંત્રતા મળ્યા પછી- આ દેશની તસ્વીર એમણે કલ્પી લીધી હતી.

દેશનું આ ચિત્ર માત્ર લોકશાહીનું સ્વપ્ન જ રોળી નાંખનારું નથી; પણ દેશની સેંકડો વર્ષની સભ્યતા-સંસ્કૃતિમાં જે વિવિધતા, બહુલતા(પ્લુરાલિઝમ) અને પરસ્પર સમજણ અને સન્માનની ભાવનાઓ હતી તેનો પણ છેદ ઊડાડતું જણાય છે. છેલ્લા ત્રણેક દાયકાથી(1985-2014) આ દેશના રાજકારણ, સમાજ અને સંસ્કૃતિ ઉપર જે વર્ચસ્વવાદી પરિબળોએ પક્કડ જમાવી છે તેનાં મૂળ અને કૂળ આ હિંદુત્વવાદી વિચારસરણીમાં છે. જે ધર્મ અને મહાન સંસ્કૃતિના નામે એકરંગી સંસ્કૃતિ અને એકહથ્થુ શાસનનું વાતાવરણ સર્જી રહ્યાં છે.

પણ સ્વાધીનતા સંગ્રામમમાં આ R.S.S. નો કોઇ ફાળો નહોતો અને હિંદને 'આઝાદ ભારત' નહિ પણ 'હિંદુરાષ્ટ્ર' બનાવવાને જ એ લોકો 'સ્વાધીનતા' કહેતા અને કહે છે. અંગ્રેજો સામે R.S.S. સંઘર્ષરત ન રહ્યું તે ઐતિહાસિક તથ્ય છે.

## અહિંસક સત્યાગ્રહ અને ધર્મવિચાર

બીજી જાણીતી વાત એ છે કે સ્વાધીનતા માટે જે અહિંસક સત્યાગ્રહ ચાલતો હતો તે 'સાધનશુદ્ધિ' સાથે ચાલતો હતો. એમાં પણ હિંદમાતા -ભારતમાતાવાળી ભાવના તો ભરપૂર હતી, સાથે સાથે ગાંધીજી એમાં 'રામનામ' પણ લઇ આવ્યા. ગાંધીજીનો અભિગમ અને કાર્યક્રમો હિંદની જનતાની જીવનશેલી, માનસિકતા વગેરેને અનુરૂપ અને અનુસરનારાં રહેતાં. પારંપરિક રીતે ધર્મ-ધાર્મિકતા માણસોને જોડે છે એમ માનવામાં આવે છે તેવું ગાંધીજી અને તેમના અંતેવાસીઓ(અનુયાયીઓ) પણ માનતા. તેમણે નૈતિકતા, સંવેદનશીલતા, માનવતા જેવાં મૂલ્યો ધર્મના ક્ષેત્ર(પ્રિમાઇસીસ) માંથી જ મળે છે એમ માન્યું અને ફેલાવ્યું. આ આંદોલનના કાર્યક્રમો, સભાઓની શરૂઆત સમૂહ પ્રાર્થનાથી થતી; જે હિંદુ સમાજ માટે નવો છતાં ગમતો ખ્યાલ હતો. ધર્મના પડીકે વીંટાઇને જ સ્વાતંત્ર્ય સંગ્રામ ચાલ્યો એમ કહેવાય. તે સિવાય પણ ગાંધીજીએ 'ભક્તિપ્રવાહ'નાં સંતો, તેમના સંદેશ, તેમનું મૌખિક સાહિત્ય... બધાંને વણી લઇને જનતામાં મૂલ્યોનું સિંચન કર્યુ-કરાવ્યું. કબીર, રહીમ, તુલસીદાસ, સુરદાસ, નરસિંહ, મીરાંબાઇ જેવાંનાં ઉચ્ચજીવન,





સાદગી, માનવતા, કરૂણા, સહાનુભૂતિ અને ખાસ તો સર્વધર્મ સમભાવની ભાવનાઓને ઉપાડીને પોતાની વ્યૂહરચનાઓ ઘડી હતી. હિંદુ-મુસ્લિમ-ખ્રિસ્તી-સિખ... જેવા ધર્મોને સમજીને સમજાવવાનો પ્રયાસ આજીવન કરતા રહ્યા હતા. એમને માટે માનવજીવનમાં અને આઝાદ ભારતમાં પણ ધાર્મિક સહિષ્ણુતા એક મહત્ત્વનું મૂલ્ય હતું.

આજે આપણા દેશના બંધારણે જે **ધર્મનિરપેક્ષતાનું** મૂલ્ય અને આચારનો આગ્રહ રાખ્યો છે તે ખરા અર્થમાં **ધર્મનિરપેક્ષતા** નથી પણ ગાંધીજીએ કલ્પેલી, ભક્તિયુગનાં સંતો-ભક્તોએ ગાયેલી અને જીવેલી **સર્વધર્મસમભાવની** ભાવના છે. અને દુઃખની વાત તો એ છે કે આપણે એ વારસાને, એ મૂલ્યોને અને અંતે બંધારણના સંકલ્પને પણ અવગણીને-ઠુકરાવીને કટ્ટરવાદ, ધર્માન્ધતા અને ધર્મના નામે થતા હિંસાચારમાં ફસાયાં છીએ!

## 'રામરાજ્ય'ની કલ્પના અને 'સ્વદેશી-ચળવળ'

ગાંધીજીએ આઝાદ ભારતને 'રામ રાજ્ય' બનાવવાનું સ્વપ્ન જોયું, સંકલ્પ કર્યો અને જનતામાં આ ભાવનાનો સંચાર કર્યો એમ કહેવાય છે. સ્વાભાવિક છે કે આ ભાવના એમને ભક્તિયુગના કવિ તુલસીદાસે લખેલા 'રામચરિત્માનસ'માંથી મળી હતી. આઝાદ ભારતમાં શાંતિ, સમાનતા, ન્યાયપરકતા, સંપ જેવા ગુણોની ખિલવણી થાય અને પ્રજાસુખી રહે એવી કલ્પના એટલે 'રામ રાજ્ય'. આ કલ્પના નવી નહોતી. આપણે આગળ, આ જ પુસ્તિકામાં 'યુટોપિયા' શીર્ષક નીચે જોઇ ગયાં કે ચિંતકો-સંતો-ભક્તોએ સુખાવતી, અમરાપુરી, બેગમપુરા... ની કલ્પના મધ્યકાળમાં અને છેક અઢારમી સુધી કરી જ હતી. પણે ખ્રિસ્તીધર્મમાં 'પ્રભુનું રાજ્ય' ની રાહ જોવાય છે...ગાંધીજીએ આ બધો વારસો લીધો, પચાવ્યો અને ફેલાવ્યો.

એ રીતે જોઇએ તો સ્વાધીનતાનું અહિંસક આંદોલન ધર્મ વિચાર, ભક્તિપ્રવાહથી પ્રભાવિત હતું અને સંચાલિત પણ હતું. દેશની જનતાની નાડ પારખવાનો દાવો કરનારા નેતાઓની પણ આ જ પરિકલ્પના હતી. આઝાદ નાગરિકોની વિવેકબુદ્ધિ

સંકોરવાનો સંકલ્પ નેતાઓએ ક્યારેય નહિ લીધો હોય. કેમ?...

'રામરાજય' સાથે 'સ્વદેશી'ની ભાવના પણ જોડાઈ; જેમાં અંગ્રેજોની રાજનીતિ અને વેપારનીતિના વિરોધનો વિસ્તાર થયો અને પછી તો યંત્રીકરણ, ઔદ્યોગીકરણ, શહેરીકરણનો વિરોધ પણ ભળ્યો. સરવાળે સંપૂર્ણ 'પશ્ચિમી અસરો'ના વિરોધમાં 'સ્વદેશી'ની ચળવળ ચાલી. આ સ્વદેશીનો વિરોધ અંગ્રેજી ભાષા અને અંગ્રેજોએ ફેલાવેલા શિક્ષણનો પણ વિરોધ હતો. સૌથી મોટો વિરોધાભાસ એ હતો કે આ હિંદની પ્રજાનો સ્વાતંત્ર્ય સંગ્રામનો તબક્કો હતો, સ્વતંત્રતા મેળવીને 'લોકશાહી' દેશ બનવાનો હતો. લોકશાહી આધુનિકતાનું ફરજંદ છે અને યુરોપના જ્ઞાનપ્રકાશનું ફળ છે એ જાણીતું છે.

આ તરફ હિંદમાં અંગ્રેજોના શાસનને કારણે જ ઔદ્યોગીકરણ અને લોકશાહીની સમજણ અને આર્થિકનીતિ શરૂ થઇ ગઇ હતી. હવે જે સ્વાભાવિક ક્રમમાં અહીં લોકશાહી આવવાની હતી તેની સાથે એક રીતે આ 'સ્વદેશી'ની ભાવના અને કાર્યપ્રણાલી- બંને વચ્ચે વિરોધાભાસ હતો. આ ગૂંચવાડો જૈસે થે રહ્યો અને આજે પણ પશ્ચિમના પ્રભાવનો વિરોધ ગમે ત્યારે બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળે છે, જેની પાછળ વ્યવસ્થિત વિચારણાનો અભાવ હોય છે અને માત્ર ભાંગફોડનો આશય પ્રગટ થતો હોય છે. ચિંતાજનક મુદ્દો એ છે કે ગાંધીવાદીઓ ઉપરાંત પેલાં હિંદુત્વવાદી પરિબળોએ પણ આ 'પશ્ચિમના વિરોધ'વાળો મુદ્દો દત્તક લઇ લીધો છે અને વાર તહેવારે એનું વરવું પ્રદર્શન કરતા રહે છે. 'વેલેન્ટાઇન્સ ડે' જાણીતું ઉદાહરણ છે. ગાંધીજીએ સ્વપ્ને પણ નહિ વિચાર્યું હોય કે પોતાનાં રામ-નામ, સ્વદેશી જેવી ભાવનાઓ અને વિભાવનાઓ(કોન્સેપ્ટ) ને કટ્ટરવાદી પરિબળો આટલી હદે અપનાવશે અને વટાવી ખાશે!

## સ્વાધીનતા સંગ્રામનો બીજો મોરચો

એ જાણીતી વાત છે કે સ્વાધીનતા સંગ્રામ બે પ્રકારની ધારામાં ચાલ્યો- એક તો અહિંસક અને બીજો સશસ્ત્ર ક્રાન્તિકારી આંદોલનકારી રાજનીતિ સાથે.




સશસ્ત્ર આંદોલનના કેટલાક ચિંતકો અને લડવૈયાઓ વીસમી સદીની શરૂઆતથી જ પશ્ચિમનાં ચિંતન, સમાજરચના અને વિવિધ આંદોલનો- ક્રાન્તિઓના ઇતિહાસથી માહિતગાર હતા. યુરોપનો જ્ઞાનપ્રકાશ, પ્રજાતંત્ર, સમાજવાદ, સામ્યવાદ, સામ્રાજ્યવાદ, મૂડીવાદ... જેવા મુદ્દાઓ વગેરેની જાણકારી અને અભ્યાસ પણ ધરાવતા હતા. એમના મતે આઝાદીનો મતલબ બહુ સ્પષ્ટ હતો- માત્ર અંગ્રેજોના હાથમાંથી સત્તા મેળવવાનો જ નહિ, માત્ર ઝંડાનો રંગ બદલવાનો નહિ પણ સમૂળું આર્થિક-રાજકીય-સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તન એમનું લક્ષ્ય હતું. ખાસ તો સામ્રાજ્યવાદ, મૂડીવાદ સામે શોષિતો-સર્વહારાઓને એકઠા કરીને સંઘર્ષ કરવાનું અને માનવમુક્તિનું એમનું ધ્યેય હતું. આવી મુક્તિ એટલે ક્રાન્તિ. સ્વાભાવિક છે કે એમની વ્યૂહરચના કે એમના કાર્યક્રમમાં ધર્મ કે ભક્તિનો પ્રભાવ નહોતો. એમની દેશભક્તિ સંવેદનશીલ હતી પણ સાથો સાથ 'વિચારધારા' ઉપર ઘડાઇ હતી. જુદા સ્તરની ચેતના અને બૌદ્ધિક સજ્જતા એમને માર્ગદર્શન આપતી હતી. મુખ્ય મુદ્દો છે સ્વતંત્રતા-બંધુતા અને સમાનતા સહિતની આઝાદીના અર્થઘટનનો. અહીં આપણે ભગતસિંહ અને તેમના અનેક સાથીઓ, તેમની 'નવજવાન ભારત સભા' અને 'હિંદુસ્તાન સોશ્યલિસ્ટ રિપબ્લિકન આર્મી'ની વાત કરીએ છીએ. હિંદને જો આવી વિચારધારા ઉપર સરજાયેલી આઝાદી મળી હોત તો આપણા લોકતંત્રની તસ્વીર કંઇક જુદી જ હોત!

---

આ પ્રકરણમાં આ મુદ્દાને વિગતે ચર્ચવાનું પ્રયોજન એ છે કે આ દેશમાં 'ધર્મ' હમેશાં નિર્ણાયક પરિબળ રહ્યું છે. 1947માં એ ચરમ સીમાએ પહોંચ્યું. 'ધર્મ' એક રાજનૈતિક શસ્ત્ર બન્યું. જેમાં હિંદુ-મુસ્લિમ સમુદાયોની સહિયારી સાંસ્કૃતિક વિરાસત તો ક્યાંય આઘી મૂકાઇ ગઇ. ભક્તો-સંતોના સંદેશ પણ વિસરાઇ ગયા. અશોક, અકબરની ઉદારમતવાદી રાજનીતિ પણ ભૂલાઇ ગઇ. વીસમી સદીમાં મળનારી સ્વતંત્રતા જે 'લોકશાહી'નું રૂપ લઇને આવી તેની સાથે આધુનિકતાનાં મૂલ્યો વણાઇ જવાને બદલે મધ્યકાલીન માનસિકતા અને મૂડીવાદી આર્થિક વ્યવસ્થાની વિચિત્ર ભેળસેળ સાથે સદીની મોટી કરૂણિકા(ટ્રેજેડી) લઇને આવી-

ધર્માધારિત રાજનીતિ.

આઝાદી-આંદોલનમાં એક પ્રકારનો ધાર્મિક પાસ લાગેલો જ હતો. જેમ જેમ પ્રત્યાઘાતી હિંદુ પરિબળો મજબૂત થતાં ગયાં, કોંગ્રેસનું નરમ હિંદુ વલણ છતું થતું ગયું, તેમ તેમ દેશમાં મુસલમાનોની પ્રતિક્રિયા ઘેરી બનતી ગઇ. અજંપો અને અસલામતી અનુભવતા મુસલમાનોને અન્યાય અને અવગણના પણ મહેસૂસ થવા લાગ્યાં. અંગ્રેજી હૂકમતનાં વલણોએ પણ કંઇક અંશે આ આગમાં ઘી હોમ્યું. 'ભાગલા પાડો અને રાજ કરો'ની નીતિ ધરાવતા અંગ્રેજો માટે અહીં મેદાન મોકળું હતું. અંતર-મનના ભાગલા હતા જ અને તેના જોરે તેમણે રાજ કર્યું – એમ કહેવાય અને મુસલમાનોની ધાર્મિક અસ્મિતા ધારદાર બનતી ગઇ. દેશનાં મુસ્લિમો આળા અને સંકુચિત બનતા ગયા. હિંદુત્વની જેમ જ મુસ્મિલમ કટ્ટરવાદ (ફંડામેન્ટાલિઝમ) પાંગરવા માંડ્યો. આર. એસ.એસ.ની સાથે મુસ્લિમ લીગ પણ ધર્મકેન્દ્રી પક્ષ બન્યો અને વખત જતાં મોટા ભાગનાં દેશના અભિજાત(ભદ્રવર્ગનાં) મુસ્લિમોમાં પણ અલગાવ એટલો વધ્યો કે છેવટે 'પાકિસ્તાન'ની માંગ શરૂ થઇ. આઝાદી આવતાં પહેલાં જ ભૂખંડનું વાતાવરણ ધાર્મિક મુદ્દે ડહોળાઇ ચૂક્યું હતું.

છેવટે 1947માં દેશને 'સ્વતંત્રતા' મળી ત્યારે, એક આખેઆખો નવો દેશ ધર્મના પાયા ઉપર જ રચાયો –પાકિસ્તાન; તો બાકીના નવા દેશ-ભારતે 'ધર્મનિરપેક્ષતા' પસંદ તો કરી પણ શરૂઆતથી જ એના અર્થઘટન અને અમલીકરણમાં જે ગૂંચવાડા શરૂ થયા તેને કારણે આ દેશનું રાજનૈતિક-સાંસ્કૃતિક વાતાવારણ સતત ધૂંધળું રહ્યું.

આવા વલણનું પહેલું જ ઉદાહરણ છે 'સોમનાથ' મંદિરનો જિર્ણોદ્ધાર. સ્વાતંત્ર્યનો 'વિજયોત્સવ' ઉજવવાના હેતુથી છેક ઇ.સ. 1025માં મહમૂદ ગઝનીએ તોડેલા આ મંદિરની પુનર્રચના તત્કાલીન નાયબ વડાપ્રધાન સરદાર પટેલ અને રાજનેતા તથા સાહિત્યકાર ક.મા. મુનશીએ સાથે મળીને વિચારી અને '49થી શરૂ થયેલા આ અભિયાનની પૂર્ણાહૂતિ તત્કાલીન રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદે મંદિરનો શિલારોપણ વિધિ કરીને કરી.





આ ઘટના પાછળનાં વલણોને ધ્યાનમાં લઇએ તો 'સોમનાથ'ને જાણે ફરી એક વાર 'કટ ઓફ લાઇન' ગણીએ તો દેશની રાજનીતિની સાંસ્કૃતિક ભૂમિકા ખાસ્સી સ્પષ્ટ થાય છે.

**પ્રકરણ-9**

# વર્તમાન સાંસ્કૃતિક કટોકટી અને આધુનિકતા

સ્વતંત્ર ભારતના બંધારણના નિર્માતાઓમાંના અગ્રણી, આધુનિક ધર્મનિરપેક્ષ પ્રજાતંત્રના પુરસ્કર્તા ડો. આંબેડકરે કરેલું વિધાન ખૂબ સૂચક છેઃ

‘‘આપણે વિરોધાભાસોથી ભરપૂર જીવન તરફ જઇ રહ્યાં છીએ. રાજકારણમાં આપણે ‘સમાનતા’નો આગ્રહ રાખીએ છીએ પણ સામાજિક અને આર્થિક ક્ષેત્રે આપણે અસમાન છીએ. આપણે જેમ બને તેમ જલ્દી આ વિરોધોને ખતમ કરવા પડશે.’’

આ આંતર્‌વિરોધની શરૂઆત સ્વતંત્રતા મળતાંની સાથે જ થઇ ગઇ હતી. ભલે, દેખીતી રીતે અહીં ‘અસમાનતા’ કહેતાં વર્ગીય અને જ્ઞાતિગત અસમાનતાની વાત થતી હોય એમ લાગે, પણ આપણું સાંસ્કૃતિક/ધાર્મિક વૈવિધ્ય પણ ‘વૈવિધ્ય’ની નજરે ક્યાં જોવાય છે? ત્યાં પણ ધર્મની શ્રેષ્ઠતા-ઉચ્ચાવચતા અવરોધક પરિબળો જ છે ને?! વળી આપણી ‘ખોજ’માં અહીં સુધી આવતાં આપણે વર્ગભેદ-વર્ણભેદની જે જાણકારી મેળવી તે પણ વિભેદક અને વિઘાતક પરિબળો જ છે- પ્રજાતંત્ર માટે! આ બતાવે છે કે આપણું આધુનિક મનાતું બંધારણ પણ અમુક અંશે, સામાજિક-સાંસ્કૃતિક-ધાર્મિક વિભેદકતાઓ સાથે સમાધાનકારી થઇ ગયું છે!

આદર્શ રીતે, એક તરફ તો સ્ટેટ/રાજ્ય/સરકાર પાસે ધર્મનિરપેક્ષતાની પ્રતિજ્ઞા લેવડાવાઇ છે તો બીજી તરફ દેશની વાસ્તવિકતા જોતાં સામુદાયિક જોગવાઇઓ





અને કાયદા તમામ ધર્માધારિત છે, કાં તો જ્ઞાતિ આધારિત છે. અલબત્ત, આમાં આશય આદર્શ સમાનતાનો છે પણ પદ્ધતિ સકારાત્મક ભેદભાવ (પોઝિટિવ ડિસ્ક્રીમીનેશન)ની છે જેનો કોઇ તાર્કિક અંત દેખાતો નથી- આજે, આઝાદીનાં 65 વર્ષ પછી, 21મી સદીમાં પણ!

આ દિશામાં, દેશનાં આર્થિક અને સામાજિક વંચિતો-દલિતો, આદિવાસીઓ અને સ્ત્રીઓનો અમુક અંશે ચોક્કસ વિકાસ થયો છે પણ સાંસ્કૃતિક પ્રશ્નો રહ્યા જ છે, કાં તો વધ્યા છે એમ કહી શકાય. આ સમુદાયોની ગતિ આધુનિકતાનાં મૂલ્યો તરફ તો લગભગ નથી થઇ રહી, ઉલ્ટું કેટલાંક પરંપરાગત વલણો- જેને ‘પૂર્વ આધુનિકતા’ કહી શકાય- પ્રત્યેનું તેમનું આકર્ષણ ચિંતાજનક કહી શકાય, કેમ કે એ આધુનિકતા-વિરોધી છે એનાં કરતાંય એક જાતનાં બેવડાં ધોરણો વચ્ચે જીવતા બિમાર સમાજનું પણ લક્ષણ ધરાવે છે.

ડો. આંબેડકરની ચેતવણી હતી તે મુજબ, સામાજિક વાસ્તવિકતાઓ અને રાજનૈતિક આદર્શો વચ્ચેનું અંતર કાપવું એ આપણો પ્રથમ કાર્યભાર બનવો જોઇતો હતો.

## આપણી સામાજિક-વાસ્તવિકતાનાં ચ્હેરા-મ્હોરાં

આજે આપણી સામાજિક વાસ્તવિકતાઓમાં પૂર્વઆધુનિકતા હાવી થઇ ગયેલી છે. હજી જાણે સો-દોઢ સો વર્ષ જૂની અને ક્યારેક તો એથીયે પુરાણી પરંપરાઓ ચાલી રહી છે અને એમાં પાઠ્યપુસ્તકો-મતલબ કે શિક્ષણ, ટી.વી. – ફિલ્મ જેવાં વીજાણુ માધ્યમો, સાહિત્ય-નાટક જેવી લલિતકળાઓ પણ આ પૂર્વઆધુનિકતાને પોષે છે, પુરસ્કારે છે અને એક જાતનો સિલિસલો ચાલુ પણ રાખે છે. ઉદાહરણો આપવા બેસીએ તો અસંખ્ય મળી આવે, અહીં ફક્ત સમાજમાં વ્યાપક રીતે રૂઢ થયેલા આ વલણની નોંધ લેવી પૂરતી છે. આ માધ્યમો ધર્મ વિશે વિશ્લેષણાત્મક દૃષ્ટિકોણ નથી ખિલવતાં કે નથી વૈજ્ઞાનિક અભિગમનો દઢાગ્રહ રાખતાં કે જેને કારણે જીવનને અને જગતને નરવી નજરે જોવાની આદત કેળવાય. માત્ર ધર્મ જ શા માટે? - જ્ઞાતિ વ્યવસ્થા કે સ્ત્રી-પુરુષ ભેદભાવો, કોમવાદી, માનસિકતા કે

ભાષા-પ્રાંતના ભેદભાવો... જેને વાસ્તવિકતાની સાથોસાથ 'દૂષણો' પણ કહી શકાય તેવાં પરિબળો પ્રત્યે સવાલો ઉઠાવવાને બદલે, આવાં વલણોને 'વારસાગત ગૌરવ' માનીને સ્વીકારી લેવામાં આવ્યાં છે; અથવા તો આ દેશની 'વિશિષ્ટ લાક્ષણિકતા' તરીકે ભક્તિ અને ધર્મને જીવન પદ્ધતિ અને વિચારસરણીનાં મહત્ત્વનાં અંગો તરીકે સ્થાપી દેવામાં આવ્યાં છે.

વૈજ્ઞાનિક અભિગમનો મુદ્દો નીકળ્યો છે ત્યારે, કહેવા બેસીએ તો ઘણું બધું કહેવાય પણ ઉપલા મુદ્દાની જેમ જ નોંધપાત્ર વલણોનો ઉલ્લેખ કરીએ તો, ભલે ભક્તિને કારણે આપણી તાર્કિકતાની ધાર બુઠ્ઠી થઇ ગઇ હોય, પણ વીસમી અને આ એકવીસમી સદીમાં આપણે વિજ્ઞાન અને ટેક્નોલોજીની પ્રગતિનાં માત્ર સાક્ષી જ નથી રહ્યાં, ઉપભોક્તા પણ બન્યાં જ છીએ. છતાં આપણે નરી આંખે દેખાતા સત્યને અવગણીને એવા તે કેવા આધ્યાત્મિક, અમૂર્ત સત્યની ખોજમાં ભટકી રહ્યાં છીએ જે આપણને પૂર્વઆધુનિક વિચારો-વલણો અને આચારોમાંથી બહાર આવવા જ નથી દેતું?!

અલબત્ત, એવું નથી કે આ દેશના પ્રાચીનકાળમાં, મધ્યકાળમાં પણ સાદા અને ગહન વિજ્ઞાનનાં સત્યો ઉજાગર જ ન થયાં હોય! યાદ રાખવું ઘટે કે અહીં જ આર્યભટ્ટ, વરાહમિહિર, બ્રહ્મગુપ્ત અને કણાદ થઇ ગયા છે, જેમણે શૂન્યની શોધથી માંડીને અણુ અને બ્રહ્માંડ જેવાં તથ્યો તાગ્યાં છે. પણ આપણે એમને 'ઋષિઓ' કહીને બિરદાવીએ છીએ, કાં તો મિથ્યાભિમાનમાં રાચીએ છીએ કે 'આ બધા આપણા 'નર-રત્નો' હતા! વર્તમાન સાથે આ ગૌરવને કોઇ લેવા દેવા નથી!

જ્યોતિષ-વિદ્યા, આયુર્વેદ, વાસ્તુશાસ્ત્ર... જેવી વિદ્યાઓ પણ અંશતઃ વિજ્ઞાન સાથે સંકળાયેલી છે, પ્રાચીન છે પણ એ સઘળાંને આપણે ધર્મશાસ્ત્રો અને ધર્માજ્ઞાની જેમ જ જોઇએ છીએ. રોજબરોજના જીવનમાં પણ આ વિદ્યાઓને પૂજા-પાઠ સાથે સાંકળીએ છીએ, અજ્ઞાત ભવિષ્યની ચાવીઓ માનીએ છીએ અને ભોળા ભાવે, એમાં ઉંડા ઊતર્યા સિવાય, ભાવનાત્મક રીતે જ જોઇએ છીએ. આવાં





'શાસ્ત્રો' ભલભલાની ઉપરછલ્લી આધુનિક જીવનશૈલીમાં જડબેસલાક બની રહ્યાં છે.

આ ભક્તિભાવ, શરણાગતિભાવપૂર્વક વિદ્વાનો પણ એવું માને છે કે આ સઘળું પ્રભુકૃપાનું પરિણામ છે! એને માટે ઘણાં ઉદાહરણો છે પણ જાણીતું ઉદાહરણ આપણા અવકાશ-વિજ્ઞાનીઓનું છે. જ્યારે જ્યારે મોટાં વૈજ્ઞાનિક સાહસો કરવામાં આવે છે ત્યારે ત્યારે હિંદુઓના મોટા ધામમાં ચડાવો-પૂજા અને જે તે 'યાન'ની સોનાની પ્રતિકૃતિ સુદ્ધાં અર્પણ કરવામાં આવે છે જેથી પ્રયોગ સફળ થાય!

જનસાધારણના આ ભોળપણનો લાભ ઊઠાવનારા પણ ક્યાં ઓછા છે? કેટલાક પરંપરાવાદીઓ એવી ધૃષ્ટ દલીલો પણ કરે છે કે આપણી પાસે આ બધું જ્ઞાનવિજ્ઞાન હતું પણ એ તો વિદેશીઓ અને વિધર્મીઓ (મુસલમાનો?) ના હુમલા અને અંગ્રેજોના શોષણકારી શાસનને લીધે બધું ખતમ થઇ ગયું!

સાથે સાથે જે કંઇ પ્રગતિશીલ છે, આધુનિક છે, ટેક્નોલોજીકલ છે તે બધું 'પશ્ચિમી' છે માટે ધિક્કારને પાત્ર છે- એ અસહિષ્ણુતા પણ આપણને આધુનિકતા અને જ્ઞાન પ્રકાશનાં મૂલ્યોથી દૂર રાખી રહી છે.

## ગુરુ-ભક્તિ

એક જાણીતો દોહરો છેઃ ''ગુરુ, ગોવિંદ દોનોં ખડે, કા કો લાગૂં પાય?

બલિહારી ગુરુ! આપકી, ગોવિંદ દિયો બતાય!

જાણે કે આ જ દોહરાને સાર્થક કરતો હોય તેમ ભારતીય સમાજ વર્ષોથી કહો કે સદીઓથી- પોતાની અને પોતે સર્જેલા, કલ્પેલા ઇશ્વરની વચ્ચેના વચેટિયા / મધ્યસ્થી તરીકે પોતે માનેલા ગુરુને ખરે જ, લાગે છે કે ઇશ્વરથી યે વધુ સન્માન આપે છે.

સંસ્થાકૃત ધર્મનો મોટામાં મોટો આધારસ્તંભ છે ગુરુ-ભક્તિ... અને ભક્તિપ્રવાહને સતત જીવંત રાખનાર, એને દૃઢતમ બનાવનાર અને લગભગ જગવ્યાપી બનાવનાર પરિબળ પણ ગુરુ-ભક્તિ જ છે... અને થોડા તીખા-કડવા શબ્દોમાં કહીએ તો —આજે , એકવીસમી સદીમાં પણ માનવસમાજ ચપટીવારમાં ઘેટાં-ટોળું બની શકે છે, એનો પુરાવો પણ ગુરુ-ભક્તિ જ છે.

ધર્મનું સંસ્થાકરણ શરૂ થયું તે જમાનાથી —માનવસભ્યતા હજારો વર્ષથી ગુરુને પસંદ કરતી આવી છે; કહો કે ગુરુઓ પોતાને સ્થાપતા-નિમતા આવ્યા છે. મોટે ભાગે દુનિયાભરમાં પુરોહિતવર્ગે આ જ કર્યું છે. સેલ્ફ અપોઇન્ટેડ ગુરુઓએ જે ચીલો પાડયો તે આજે પણ ઊંડો-ઘેરો થતાં થતાં રાજમાર્ગ બની ગયો છે. અમુક પંથો-સંપ્રદાયોમાં નિમણૂંકથી, અમુકમાં પસંદગી / ચૂંટણીથી તો અમુકમાં વંશપરંપરાથી ગુરુપદ મળતું રહે છે. સત્તા અને સંપત્તિ આ પદની સાથે જ જાય છે, જેને ધર્મ વિચારની ગરિમા સાથે કોઈ જ સંબંધ હોતો નથી. સરવાળે ગુરુઓની ગાદીઓ, આશ્રમો, સંસ્થાઓ સંપત્તિથી છલકાતા ખજાના બની રહે છે. આની સાથે સંકળાયેલા ભ્રષ્ટાચાર અને નૈતિક-પતનને શી રીતે અવગણી શકાય?! ધર્મ નૈતિકતા પ્રેરે છે- પોષે છે-ફેલાવે છે, એવી ઊંડી વિચાર સરણીની મજાક ઉડાવતી આવી ગુરુભક્તિ ઇતિહાસથી માંડી વર્તમાનકાળમાં પણ બરકરાર છે. ધર્મ અને ભક્તિભાવનાનું આ જમાનામાં જે રીતે બજારીકરણ થયું છે તે પણ આ ગુરુઓના જ મહિમામંડન માટે અને તેમના જ હાથે!

ગુરુમંત્ર, ગુરુકંઠી, ગુરુસેવા, ગુરુની પધરામણી... વગેરે આ જ મૂળમાંથી ઊગેલાં-પાંગરેલાં કાંટા-ઝાંખરાં છે જે માણસજાતની વિચાર શક્તિનો માર્ગ રૂંધે છે અને પરિણામે એકવીસ સદીની માનવ-વિકાસ-યાત્રા ક્યાંક જઇને અટકી જાય છે. આવી ‘ગુરુભક્તિ’ આજના સમયની સાંસ્કૃતિક કટોકટી નથી તો બીજું શું?!

આ જગ્યાએ એક જાપાની બોધકથા યાદ આવે છે- એક ગુરુએ ચંદ્ર તરફ આંગળી ચિંધીને શિષ્યોને કહ્યું, ‘આની પૂજા કરજો’ અને શિષ્યો તો માંડ્યાં આંગળીને જ પૂજવા ને ભજવા!





## અનુઆધુનિકતાની પક્કડ

આવાં અન્-એક વલણો-વિચારોના વારસાએ આપણા સામાજિક-વાસ્તવના એક અન્ય પાસાંને પણ પછાત અને વિકૃત બનાવ્યું છેઃ તે છે આપણા શોષિત સમુદાયો -સ્ત્રીઓ, દલિતો, આદિવાસીઓ અને ગરીબોની માનસિકતા અને જીવનશૈલી.

આગળનાં પ્રકરણોમાં આપણે જોઇ ગયાં કે આ શોષિત સમુદાયો પ્રત્યે વર્ચસ્વવાદી સમૂહોનાં વલણ-વર્તન કેવાં હતાં, એમનું શોષણ શી રીતે થતું હતું અને એમનો દરજ્જો શો હતોઃ અહીં આપણે એ જોઇ રહ્યાં છીએ કે કહેવાતા ‘સંસ્કારવશ’, કહેવાતી ધર્મ ઉપરની આસ્થાના દોર્યા આ શોષિત સમુદાયોની દૃષ્ટિ અને જીવનશૈલી કેટલાં પરવશ, પ્રરબ્ધવાદી અને નર્યાં લાગણીભીનાં થઇ ચૂક્યાં છે!

આ તમામ શોષિત સમુદાયોનું શોષણ ધર્મના નામે થતું રહ્યું છે એનો સ્વીકાર થવો જરૂરી છે. ‘ભક્તિ’ જેવી ભાવના પણ શોષિતોના શોષણનું એક કારણ બની છે અને એમની સ્થિતિ ‘જૈસે થે’ રહે તેવું સશક્ત પરિબળ બની છે એનો સ્વીકાર થવો પણ જરૂરી છે. પણ સૌથી વધુ ચિંતાજનક મુદ્દો એ છે કે આ બધું સૌને સદી ગયું છે, એટલું જ નહિ- એના વિશે બુદ્ધિપૂર્વક વિચારવાની બારીઓ પણ ખુલ્લી નથી કે જ્યાંથી તાજી હવા પ્રવેશી શકે. એક એવા ચક્રવ્યૂહમાં આ સમુદાયો પકડાઇ ગયા છે કે એની પીડાની પણ જાણ નથી રહી એમને... અને પીડા જો પરખાય નહિ તો એમાંથી મુક્તિ તો ક્યાંથી મળે?!

આ ચક્રવ્યૂહ છે અનુઆધુનિક વિચારસરણી, વલણો અને જીવનશૈલીનો!

અનુઆધુનિક વિચારધારામાં જે જે મુદ્દાનો સમાવેશ થાય છે તેમાંના કેટલાક મહત્વના મુદ્દા છે- આધુનિક યંત્રો-ઉદ્યોગોનો વિરોધ, કુદરતી સંસાધનોનું રક્ષણ વગેરે ઉપરાંત ‘અસ્મિતા’ -ખાસ તો શોષિત સમુદાયોની અસ્મિતા એટલે કે ‘ઓળખ’નો મહિમા કરવો, એમની પરંપરા-સંસ્કૃતિ-વારસા વિશે અભ્યાસ કરવો, એને દરજ્જો આપવો, એનો પ્રસાર કરવો અને જે તે સમુદાયની સ્વાયત્તતાને અનુમોદન આપવું એ અનુઆધુનિક વિચારસરણીના એજન્ડા ઉપર છે.

માનવા-મનાવવામાં આવે છે કે આધુનિકતાએ 'સમાનતા' ઉપરાંત યંત્રીકરણ વગેરેનો જે કહેવાતો અતિરેક કર્યો તેને પરિણામે જે આંતર્‌વિરોધો સરજાયા તેના પરિણામે આ નવી વિચારધારાએ આકાર લીધો. સંક્ષેપમાં આટલું સમજ્યા પછી, પેલી 'ઓળખ'નો મહિમા વિશે વિચારવું જરૂરી બને છે. જે શોષિત-વંચિત સમુદાયોની સંસ્કૃતિ અને વારસાના મહિમાની વાત છે તેઓ પોતે ખરેખર તો આ કહેવાતી મહાન, ભવ્ય, પ્રાચીન ભારતીય / હિંદુ સંસ્કૃતિનાં દૂષણોનો ભોગ બનેલા છે- એ પછી અસ્પૃષ્યતા હોય, ઊંચનીચના ભેદભાવ, સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતા સાથેની પિતૃસત્તા હોય કે પછી નિરક્ષરતા, અંધશ્રદ્ધા જેવા સામાજિક રોગ હોય!

... તો કહો, આ સમુદાયની કઇ 'અસ્મિતા'ને પોરસાવવી? હજી આ શોષિત કહેવાતા સમુદાયો આધુનિકતા તો શું, 'અર્વાચીન' મૂલ્યો-સમાજ-સુધારણાનાં પગથિયે પણ પૂરેપૂરા પહોંચ્યા છે એમ કહેવાય તેમ નથી. વળી યંત્રીકરણ-ઉદ્યોગીકરણના પૂરા લાભ પણ એમને મળ્યા નથી —આપણું રાજતંત્ર એમને મૂળભૂત અધિકારો પૂરા પાડી શક્યું નથી... આ હકીકતનો નકાર કોણ કરી શકે? અને છતાં આધુનિકતા કે જ્ઞાનપ્રકાશનાં મૂલ્યોનો વિરોધ શી રીતે વાજબી કહેવાય?! આ મોટા સવાલ સાથે અનુઆધુનિકતાવાળો મુદ્દો અહીં સમેટીએ અને શોષિત-વંચિત સમુદાયો એ વિચારધારાના દોરવાયા, જ્યાં જઇ રહ્યા છે તેની વાત કરીએ.

## 'અસ્મિતા' નું રાજકારણ અને ધર્મના નામે શરૂ થયેલો ભટકાવ

'ઓળખ'ના આધારે આ દેશમાં રાજકારણ ખેલવું બહુ સહેલું છે, કેમ કે આગળ જોયું તેમ અસમાનતા દૂર કરવા માટે અનામતની જોગવાઇઓ આર્થિક નહિ પણ જ્ઞાતિગત અપાતી રહી છે. પ્રત્યેક વંચિત-શોષિત સમુદાય 'વોટબેન્ક' બનતા ગયા છે અને એમના તુષ્ટિકરણ માટે એમની આંતરિક ખામીઓ-મર્યાદાઓ તરફ વર્ષોથી આંખ આડા કાન કરવામાં આવ્યા છે. એ મર્યાદાઓ મોટે ભાગે નાતજાતના ભેદભાવ, અંધશ્રદ્ધા, પિતૃસત્તા જેવા સામાજિક રોગોના રૂપમાં છે. પ્રત્યેક રાજકીય





પક્ષે આ દિશામાં વ્યાપક દષ્ટિકોણ સાથે, સુધારણા જેવું પાયાનું કામ ભાગ્યે જ કર્યું છે; બલ્કે એ માનસિક પછાતપણાને થાબડવામાં આવે છે- સીધી યા આડકતરી રીતે! પરિણામે લગભગ દરેક સમુદાયનું મિથ્યાભિમાન જેમનું તેમ રહ્યું છે અને પ્રગતિશીલતા દૂર જ રહી છે.

આવા 'સમુદાયો'માં લઘુમતિ સમુદાયોનો સમાવેશ પણ કરવો જોઇએ. લઘુમતિ સમુદાયોમાં પણ માનસિક-સાંસ્કૃતિક પછાતપણું છે જ —જેને પણ 'વોટબેન્ક'ના સંકુચિત સ્વાર્થને કારણે દૂર કરવાના પ્રયાસો ભાગ્યે જ થાય છે; ઉલ્ટાનું ત્યાં એક પ્રકારનો ભય, પૂર્વગ્રહો અને અલગાવ જેવા મુદ્દા પણ સંકળાય છે; પરિણામે કહેવાતી બહુમતિ અને કહેવાતી લઘુમતિ વચ્ચે એક જાતનો તનાવ સતત જીવતો રહે છે એ જુદું!

અલબત્ત, આ વાસ્તવિકતા માત્ર વંચિત સમુદાયોની જ નથી- આ દેશની સાર્વત્રિક, સામાજિક વાસ્તવિકતાનું વરવું રૂપ છે. પણ વંચિત સમુદાયો જ્યારે કહેવાતા સવર્ણ સમુદાયોની દેખાદેખીમાં એવાં દૂષણો ગ્રહણ કરતા થઇ જાય કે જેનો ભોગ સદીઓથી પોતે જ બનતા આવ્યા છે ત્યારે આપણી ચિંતા વધી જવી જોઇએ.

આ ધર્માધારિતતા અને ધર્માચરણ ખતરનાક તો ત્યારે બન્યાં જ્યારે આ એકવીસમી સદીમાં પણ એને સત્તાનાં શસ્ત્રો બનાવવામાં આવ્યાં. એમાં પણ જ્યારે આ શસ્ત્રો પેલા વંચિત-શોષિત સમુદાયના હાથમાં પકડાવી દેવાયાં ત્યારે તો એ કરૂણકથા કદાચ આ સદીનો સૌથી મોટો આંસુભીનો દસ્તાવેજ બનવા જઇ રહી છે; જેમાં શોષિત સમુદાયો પરસ્પર લોહીતરસ્યાં બન્યાં હતાં.

આદિવાસીઓ આ દેશના મૂળનિવાસીઓ છે, એમનો ધર્મ તે આદિમ ધર્મ હતો. પ્રવર્તમાન હિંદુધર્મ સાથે એમને ઝાઝા લેવાદેવા નહોતા. હિંદુ જ્ઞાતિ વ્યવસ્થાના માળખામાં પણ એમનું સ્થાન નથી. પોતાના આદિધર્મના કહેવાતા અનોખા વારસા છતાં, તેઓને આપણા સમાજની 'બહારના' —'અલગ' સમુદાય તરીકે છેટાં રાખવામાં આવ્યાં હતાં.

ગઇ બે સદીમાં આદિવાસીઓ ખ્રિસ્તી બન્યાં તે કદાચ આ દેશના મુખ્ય પ્રવાહના

અધિકારો મેળવવા- શિક્ષણ, આરોગ્ય, રોજગારી અને સલામતીભર્યા સ્વમાન માટે. તેમની આશા અંશતઃ ફળી છે પણ ખરી. પણ હિંદુત્વવાદી પરિબળોએ છેલ્લા બે દાયકાથી ધર્મના નામે જ એ ખ્રિસ્તી આદિવાસીઓ ઉપર, તેમનાં દેવસ્થાનો ઉપર હુમલા કર્યા, સાધ્વીઓ ઉપર શારિરીક અત્યાચારો કર્યા અને કહેવાતા હિંદુ આદિવાસીઓનાં મનમાં ખ્રિસ્તીઓ વિશે જે ધિક્કારનાં બી વાવ્યાં એ જાણીતી હકીકત છે.

આદિવાસીઓનો 'નવહિંદુઓ' તરીકેનો આવો દુરૂપયોગ આખા દેશના સ્તરે ખ્રિસ્તીઓ સામે થઇ રહ્યો છે તો બીજી તરફ ગુજરાત જનસંહાર-2002માં ગુજરાત-મધ્યપ્રદેશના આદિવાસીઓનું આ જ રીતે નવહિંદુકરણ કરી- કરાવીને મુસલમાનોની હત્યા માટે પ્રેર્યા હતા એ વાત હવે સર્વસ્વીકૃત બની શકી છે.

પ્રશ્ન એ થવો જોઇએ કે આદિવાસીઓ ધાર્મિક કટ્ટરપંથીઓના હાથા કેમ બને છે? જવાબની ખોજ કરીએ તો કંઇક આમ મનોમંથન ચાલે છે... ધર્મ એક આકર્ષક પરિબળ બની રહ્યું છે. સમાજમાં ગૌરવ- કહો કે, મિથ્યાભિમાનનું કારણ પણ ધર્મ છે. માણસાઇ કે નૈતિકતાનાં લક્ષણો એમનેમ પણ ધરાવી જ શકાય પણ સદીઓથી જે માનસિકતા ઘડાઇ છે તેને કારણે 'ધાર્મિકતા' જ જાણે આપણને નૈતિકતા અને માનવતા શિખવાડી શકે એવો ખ્યાલ રૂઢ બની ગયો છે. દેખાદેખીનું વલણ આ માનસિકતાને ખાતરપાણી કરી આપે છે. વળી સમૂહમાધ્યમો પણ એનાં ઢોલ પિટવા તૈયાર જ હોય છે. આ કે તે ધર્મનું શરણ તમને ઝટ્ લઇને મુખ્યપ્રવાહમાં ભેળવીને તેના 'લાભ' પણ અપાવે છે. હવે વિચાર કરો- સદીઓથી જેમને મુખ્યપ્રવાહથી હાંસિયામાં ધક્કેલી દેવાયા છે તે આદિવાસીઓ આવાં આકર્ષણોથી કઇ રીતે દૂર રહી શકે?! આમ પણ ઓગણીસમી સદીના આરંભકાળથી જ ગોવિંદગુરૂ જેવા સુધારકો દ્વારા તેમનું સૂક્ષ્મ રીતે હિંદુકરણ થતું આવ્યું છે, તો એ દિશામાં તેઓ પૂરેપૂરા વળી જાય તેમાં શી નવાઇ? જો કે આ પ્રક્રિયાઓ- પ્રયોગોનાં પરિણામે આદિવાસીઓને 'હિંદુ' નામની ઓળખ મળવા ઉપરાંત શું મળ્યું છે- એ સવાલ પણ આપણને થવો જોઇએ અને ખુદ આદિવાસીઓએ પણ જાતતપાસ કરવી જોઇએ કે આ 'હિંદુ' બનવાનું ગૌરવ





મળ્યું એનાંથી તેમને 'હથિયાર' અને 'વોટબેંક' બનવા ઉપરાંત બીજું કાંઇ મળ્યું છે ખરું? લોકશાહી દેશનાં નાગરિકો તરીકે એમની પ્રગતિ થઇ છે ખરી? બુદ્ધિપૂર્વક તેઓ પોતાનાં અને અન્ય સમુદાયોનાં શોષણ સામે સવાલો ઊઠાવી શકે એવી ખુમારી મેળવી શક્યા છે ખરા?

દલિતો અને તેમનાં ધર્માશ્રયનો કિસ્સો જરા અલગ છે. આમ તો હજારો વર્ષથી એમને હિંદુસમાજે એક પ્રકારની લક્ષ્મણરેખા દોરીને એની બહાર જ રાખ્યાં છે. છતાં આદિવાસીઓની જેમ એમની સંસ્કૃતિ અલગ નથી. દલિત સમુદાયની આંતરિક જ્ઞાતિપ્રથા પણ હિંદુ જ્ઞાતિપ્રથા જેવી છે, સામાજિક રીત-રિવાજોનું પણ સદીઓથી સામ્ય છે. આર્થિક હિતો પણ પરસ્પર સંબંધિત છે. ખેતમજૂરી અને કારીગરી, કાપડવણાટ ઉપરાંત શહેરીકરણ-યંત્રીકરણ સાથે સંકળાયેલા બધા વ્યવસાયો સાથે દલિત-સમાજ જોડાયેલો છે. ગ્રામીણ અને શહેરી સમાજજીવનના એક ભાગ સમો આ દલિત સમુદાય 'હિંદુ ગૌરવ' મેળવવાને ઝંખે એ નવાઇની વાત નથી; દુઃખની વાત છે, કારણ કે એ જ હિંદુધર્મ અને હિંદુસમાજે એમને ગૌરવથી વંચિત રાખ્યાં છે અને અપાર શોષણ પણ કર્યું છે. તો પછી? શો વિકલ્પ છે, એમની પાસે?

એક વિકલ્પ, જે એમણે વર્ષોથી પસંદ કર્યો છે તે 'ધર્મપરિવર્તન'નો- અથવા સાચા અર્થમાં કહીએ તો 'ધર્મગ્રહણ' – 'ધર્મસ્વીકારનો'. ઇસ્લામ, ખ્રિસ્તી, સિખ અને બૌદ્ધધર્મનો સ્વીકાર એ દલિતોની 'મુક્તિ'ની કલ્પનાનો સાકાર કરે છે એવું માનવામાં આવ્યું છે. કંઇક હદે એ સાચું પણ છે પણ બાકીનો હિંદુ સમાજ આ માર્ગે ગયેલા દલિતો સાથે કેવો વહેવાર કરે છે, કેવું વલણ ધરાવે છે એ પ્રશ્નો પણ 'ધર્માશ્રય'ના સંદર્ભે ચર્ચાવા જોઇએ. ઊંડા સંશોધનનો આ વિષય છે, પ્રયાસો થતા પણ હોય છે એ નોંધપાત્ર છે. પણ ફરી ફરીને પ્રશ્ન ઊઠે છે કે બાકીના દલિત સમુદાયે પણ હિંદુધર્મને 'પોતીકો' માનવાનો રસ્તો લીધો છે. કેમ? એટલું જ નહિ, દેશમાં અને ગુજરાતમાં, ઇતિહાસના ચોપડે નોંધાયું છે કે હિંદુત્વવાદી પરિબળો, મતનું રાજકારણ ખેલતા આ કે તે પક્ષના નેતાઓ... સૌએ મુસલમાનો સામે અને ખ્રિસ્તીઓ સામે પણ- પોતે 'બ્રેઇન વૉશ' કરેલી 'દલિતસેનાને'

અનેકવાર સજ્જ કરીને હુમલા કરાવ્યા છે. નફરતનું વાતાવરણ ફેલાવવામાં તેમનો ઉપયોગ પણ કર્યો જ છે.

ડૉ. આંબેડકરે બૌદ્ધધર્મ સ્વીકારીને સામાજિક સમાનતા, બૌદ્ધિકતા, અહિંસા, બંધુતાનો વિકલ્પ ઊભો કર્યો હતો પણ આ દેશની અન્ય સામાજિક-આર્થિક અને રાજકીય વાસ્તવિકતાઓ અને આંતરિક વિરોધાભાસોને કારણે 'ધર્માંતરિત દલિતો' એક ચોક્કસ લેબલવાળો સમુદાય બની રહે છે, એટલું જ! રાહ જોઈએ કે બૌદ્ધધર્મનાં મૂલ્યો સમગ્ર સમુદાયમાં ઊંડાં ઊતરે અને પરિવર્તન આવે અને અનેક સંકુલતાઓ પાર કરીને દલિતો છેવટે 'નાગરિકત્વ' પામે!

આટલી જ સંકુલતા સ્ત્રીઓના પ્રશ્નો સાથે સંકળાયેલી છે. ઐતિહાસિક રીતે તો 'સ્ત્રી-મુક્તિ આંદોલન' એ સૌથી પહેલું આધુનિક અને આધુનિકતાવાદી આંદોલન હતું. અમેરિકામાં અશ્વેત ગુલામોની મુક્તિ માટે અને યુરોપ-અમેરિકામાં શ્રમિકોની મુક્તિ માટેનાં આંદોલનો સાથે સંકળાયેલું- મતલબ કે, અન્ય શોષિત સમુદાયોની મુક્તિ માટે પણ સંઘર્ષરત સ્ત્રીઓ માટે 'મુક્તિ', 'સમાનતા' વગેરે લોકશાહી મૂલ્યો 'આધુનિકતા'સાથે સંકળાયેલાં હતાં. બિનશરતી રીતે 'સ્ત્રીમુક્તિ'એ આધુનિકતાની પોતાની માંગને ટકાવવી રહી, એ સંઘર્ષને જાળવવો રહ્યો. પણ અફસોસની વાત એ છે કે 21મી સદીમાં પહોંચતાં સુધીમાં 'નારી મુક્તિ'નો સંઘર્ષ 'નારી-શક્તિ'ના સૂત્રમાં ઠરીઠામ થઈ ગયો છે અને અન્ય સર્વહારાઓ સાથેનો નાડીસંબંધ ખાસ તો અહીં બંધાયો નહોતો, છતાં જેટલો હતો તેટલો પણ છૂટી-તૂટી ગયો છે!

વિગતોમાં ઊતર્યા સિવાય, સૂત્રાત્મક રીતે કહીએ તો, સ્ત્રીઓ જેની સામે લડી રહી છે તે 'પિતૃસત્તા' માત્ર કુટુંબ-સમાજ પૂરતી નથી, સમગ્ર સંસ્કૃતિમાં ઓતપ્રોત છે- એ સમજ જાણે ખિલવી બાકી છે. તમામ ધર્મસંપ્રદાયો, જ્ઞાતિવ્યવસ્થા, રાજ્ય(સ્ટેટ), અર્થવ્યવસ્થા અને જે તે સ્થળે બેઠેલાં સ્થાપિત હિતો 'નારી મુક્તિ'ના માર્ગમાં અવરોધો ઊભા કરવામાં સતત સક્રિય છે. ખાસ તો, ધર્મવિચારે, ભક્તિભાવનાએ સ્ત્રીને કાયમી શરણાગત, વિનમ્ર, પરાધીન અને નરી લાગણીપ્રધાન રાખવામાં મોટો ફાળો આપ્યો છે... સ્ત્રીનો બુલંદ અવાજ ઊઘડતો





રૂંધીને એને "મને ચાકર રાખોજી..." સતત ગાતી કરી છે! યાદ રાખવું ઘટે કે આ જગતના પટ ઉપરના એક પણ ધર્મે સ્ત્રીઓને ન્યાય નથી કર્યો! થોડીક નાના મોઢે મોટી વાત ભલે લાગે છતાં, કહેવું જોઈએ કે આ દુનિયાની સ્ત્રીઓ 'નાસ્તિક' કેમ બની જતી નથી?!... પણ અફસોસની વાત એ જ બને છે કે 'ધાર્મિકતા'ની સાથોસાથ 'ધર્મઘેલછા'ના માર્ગ ઉપર પણ સ્ત્રીઓનાં જ ટોળેટોળાં ઉમટતાં રહ્યાં છે- અત્ર, તત્ર, સર્વત્ર અને સદાસર્વદા!

સ્ત્રીઓ પિતૃસત્તા અને જ્ઞાતિવ્યવસ્થાને સ્થાપનાર-મજબૂત કરનાર અને ટકાવી રાખનાર ધર્મસત્તા સામે મુઠ્ઠીઓ ઉગામવાનું ક્યારે શરૂ કરશે? 'આધુનિકતા'નો સાચો અર્થ ક્યારે પામશે?

અનુઆધુનિકતાવાદે આ તમામ શોષિત સમુદાયોની ધાર બુઠ્ઠી કરી દીધી છે. મતલબ કે, પોતાના શોષકો સામે સંઘર્ષ કરવાને બદલે પોતાની અવસ્થાનાં ગીત ગાવાનું અને પછી પોતાની અવસ્થાને જ યથાવત્ ઉજાગર કરવાનું વલણ અનુઆધુનિક વલણ છે. પરિણામે પોતાના સમુદાયનું જ શરણ લેવું, ગૌરવ લેવું અને ગમે તેટલું અન્યાયી કોચલું હોય તેને તોડવાને બદલે તેમાં ભરાઈ રહેવું! કારણ કે, સંઘર્ષ એ આધુનિકતાનો મિજાજ છે- વાટાઘાટો, સમાધાન... એ પૂર્વઆધુનિકતા અને અનુઆધુનિકતાની શૈલી છે! અને પૂર્વ આધુનિકતા અને અનુઆધુનિકતાએ 'આધુનિકતા'ને હંમેશા દૂર રાખવાનું મુનાસિબ માન્યું છે! અગાઉ પણ કહ્યું છે, ફરીથી કહીને વારંવાર યાદ દેવડાવવામાં લાભ જ છે કે, આપણો દેશ-આપણો સમાજ પૂર્વઆધુનિકતાને અનુસરતો રહ્યો છે ને સાથેસાથે અનુઆધુનિકતાને પોંખતો રહ્યો છે- સરવાળે આધુનિકતા ક્યાંક અટવાતી જ રહી છે!

## વૈશ્વીકરણ –એક વધુ પરિબળ

ધર્મ, પિતૃસત્તા, જ્ઞાતિપ્રથાની ચુંગાલની સાથોસાથ મૂડીના વૈશ્વીકરણે, મુક્ત બજારે પેલી પૂર્વ આધુનિકતા અને અનુઆધુનિકતાને વકરાવ્યાં છે એમ કહેવામાં સહેજે અતિશયોક્તિ નથી!

શોષિત સમાજે જ નહિ, મધ્યમ અને ઉપલા વર્ગને પણ પોતાની પરંપરાઓ-રિવાજો-ધર્મશ્રદ્ધા વગેરેનું પ્રદર્શન કરવામાં આ મુક્તબજારે છૂટ્ટો દોર આપ્યો છે. માનસિક પછાતપણાનું ખર્ચાળ-આછકલું પ્રદર્શન હવે કોઇનેય કઠતું નથી, એટલું જ નહિ- એ હવે જાણે જન જનની જીવનપદ્ધતિ બનતું જાય છે. તમામ વર્ગના લોકોનું ઉપભોક્તાકરણ(ગ્રાહક બની જવું) એ ફક્ત મૂડીવાદી લક્ષણ નથી રહ્યું પણ પૂર્વઆધુનિક અને અનુઆધુનિકતાનું વરવું છતાં વાસ્તવિક મિશ્રણ પણ બની જ રહ્યું છે.

આ માહોલમાં 'વર્ગીય ચેતના' જગાવવી એ અનુઆધુનિક-પૂર્વ આધુનિક અને નવીન મૂડીવાદી એજન્ડા સામે, બાંયો ચડાવીને-લાંબા સંઘર્ષ માટે સજ્જ થવાનો પડકાર છે...એ જ કદાચ આપણે જીવી રહ્યાં છીએ એ સાંસ્કૃતિક કટોકટીની સાંકળોને તોડવાનો તકાજો પણ છે જ.





**પ્રકરણ-10**

# ત્યારે કરીશું શું?

આ પુસ્તિકામાં, છેક સૃષ્ટિની શરૂઆતથી ઇશ્વરવિચાર, ધર્મવિચારથી શરૂ કરીને વૈદિકધર્મ, સનાતન-બ્રાહ્મણ ધર્મ, શાસ્ત્રસંમત વૈષ્ણવ સંપ્રદાય, પુષ્ટિમાર્ગ ઉપરાંત શ્રમણધર્મો, ભૌતિકવાદી પંથો વગેરેનો પરિચય-મૂલ્યાંકન-વિશ્લેષણ કરતાં કરતાં 'ભક્તિ-આંદોલન' તરીકે પોંખાયેલા ભક્તિ-પ્રવાહની વાત પણ કરી.

આમ જુઓ તો, તાત્વિક રીતે, આ દેશમાં કોઇ પણ ધર્મ-સંપ્રદાયમાં 'ભક્તિ' જ મહત્ત્વનું અંગ બની ચૂકી છે, જેના દ્વારા માણસ અને તેણે ઘડેલા ઇશ્વર અને ધર્મ નામનાં જડબેસલાક માળખાં વચ્ચેનો સંબંધ જળવાઇ રહ્યો છે. ભક્તિ સંવેદનશીલ અને ઊર્મિલ અભિવ્યક્તિ છે, જે પરમ-ઉન્માદ(એક્સ્ટસી)માં પરિણમે છે, જેને કારણે માણસજાત એક ચોક્કસ પ્રકારની મનોસ્થિતિમાં રહેતી આવી છે અને એટલે જ કદાચ મનગમતી અને ચિરસ્થાયી બની છે.

એ અચૂક સમજી શકાય તેવું છે કે હજારો વર્ષ જૂની માનસિકતા જે આદત બની ચૂકી છે તે કંઇ થોડાએક દાયકામાં ના બદલાય! પણ ઓછામાં ઓછું, આપણે જો વિશ્વની મોટામાં મોટી લોકશાહીનાં નાગરિકો તરીકે ગૌરવ લેતાં હોઇએ તો જરૂર 'આત્મપ્રશ્નેયતા' (જાતતપાસ) જરૂરી બને છે.

આ જાતતપાસમાં કરવા હોય તો અનેક પ્રશ્નો કરી શકાય, પણ અહીં આપણી ખોજના સંદર્ભે, મર્યાદિત અવકાશમાં કેટલાક એવા પ્રશ્નો તરતા મૂકીએ અને પ્રશ્નો ન પૂછી શકવાની પરંપરાને તોડીએઃ

1. ભક્તિ માટે ‘શરણાગતિ ભાવ’ અનિવાર્ય ગણાયો છે તો શરણાગતિથી કેળવાયેલી માનસિકતા ધરાવતા જનસાધારણ બ્રાહ્મણવાદની સામે આંદોલનનો મિજાજ કેવી રીતે બતાવી શકે? ‘ભક્તિ-આંદોલન’ શબ્દનો પ્રયોગ કરતાં પહેલાં થોડોક બૌદ્ધિક વ્યાયામ કરવો ન જોઇએ?

2. તેમનાં વ્યક્તિત્વ, વ્યક્તિગત પ્રભાવકતા અને સમાજ સામેનાં વ્યક્તિગત સાહસોને સાદર સલામ... પણ તમામ સંતો-ભક્તો-કવિઓએ ભૌતિકતાનો વિરોધ કરીને ગરીબીનું ગૌરવ કર્યું છે તેને બદલે શોષણની સભાનતાની ચિંગારી પેટાવી હોત તો?

3. મોટા ભાગનાં સંતો-ભક્તો તો સમાજનાં શોષિતો-વંચિતો જ હતા. બ્રાહ્મણધર્મે, ચુસ્ત ઇસ્લામે પણ- હજારો વર્ષથી એમને તિરસ્કાર્યાં છે, એમના સમુદાયને ધર્માધિકાર નથી આપ્યો- તે છતાં ‘ધર્મ’નાં મૂળ સુધી પહોંચીને એની સામે સવાલ ઉઠાવવા છતાં, આ સંતો-ભક્તોએ શા માટે ‘ધર્મ’ માં જ પોતાનો આધાર-ઉદ્ધાર શોધ્યો હશે?

4. એ જ રીતે સ્વર્ગ-નર્ક-મોક્ષ વગેરેના અનુભવોની કોઇ હકીકતજન્ય સાબિતી આ માણસજાતે કદી મેળવી નથી. અનુભવ વિનાના સ્વપ્નવત્ સત્યનો ઇન્કાર કેમ આ સંતો-ભક્તોએ ઊંચા સાદે નથી કર્યો?

5. એટલું જ નહિ; આ સંત-ભક્તોએ પોતપોતાનાં સ્વર્ગની કલ્પનાઓ કરી અને એ સ્વપ્નાં સાકાર કરવા ઇશ્વરને જ યાચ્યો છે? શા માટે આવા ભ્રમની ભરમાર?

6. વાસ્તવિક જીવનની તકલીફો તરફથી ભાગી છૂટવા, ભાવીના અકળ ભયથી શહામૃગની જેમ સંકોડાઇ જવા અને શ્રદ્ધા-ભક્તિના હૂંફાળા ખોળામાં લપાઇ જવા પ્રેરતા આ ભક્તિ પ્રવાહે કદાચ સમાજને ટકાવી રાખ્યો હશે પણ સંજોગો સામે સંઘર્ષ કરવાની આંતરિક તાકાતના ભોગે!

7. સુખમાં કે દુઃખમાં ‘ઇશ્વરની મરજી’ કે ‘ગેબી સંકેત’ જોનારી માણસજાતને





પોતાનો મહિમા કરવાનું, પોતાની શક્તિઓનો તાગ પામવાનું ભક્તિએ ભૂલાવી દીધું છે- આ હકીકતનો સ્વીકાર શા માટે નથી કરતાં આપણે?

8. ધર્મ, સંપ્રદાયો, ભક્તિ-નું જે તે ઊગમકાળે અચૂક મહત્ત્વ હશે- હોઇ શકે. પણ જેમ જેમ માનવસમાજની ભૌતિક વાસ્તવિકતાઓ (મટિરિયલ કંડીશન્સ) બદલાતી જાય તેમ તેમ આ તત્ત્વોનું અસ્તિત્વ, એની જરૂરિયાત અને તાર્કિકતા વિશે સ્વસ્થ ચર્ચા કેમ નથી થઇ શકતી?

9. માણસજાતે જ પોતાની જરૂરિયાતોને કારણે વિજ્ઞાન અને ટેક્નોલોજીની મદદથી ઘણી બધી વાસ્તવિક, દૈનિક તકલીફોને દૂર કરીને જીવનને સરળ-સુગમ બનાવ્યું જ છે; આ વાસ્તવિકતા, આ કોશીશો, આ સિદ્ધિઓનું સમતોલ અને ઉચિત મૂલ્યાંકન કરીને એને બિરદાવવાનું કેમ શિખ્યાં નથી આપણે?

10. બુદ્ધિનિષ્ઠા (વિવેક), આત્મપ્રશ્નેયતા, પ્રગતિશીલતા, વૈશ્વિક દૃષ્ટિકોણ, અનુભવજન્ય સત્યની ખોજ... વગેરે ‘વ્યક્તિ’ને લગતાં, માનવકેન્દ્રી મૂલ્યો છે- લક્ષણો પણ છે. ભક્તિને કારણે વ્યાપક બનેલી ઊર્મિલતા અને શરણાગતિભાવને લીધે આ બધાં મૂલ્યો, લક્ષણોથી માણસો દૂર થતા જાય છે, દૂર રહે છે અને સ્થાપિત હિતો એ જ ઇચ્છે છે કે માણસજાત આ જાગૃતિથી દૂર જ રહે. આપણે ક્યારે આવાં સ્થાપિત હિતો, સ્વાર્થ પ્રેર્યા પરિબળો સામે વિરોધ કરવાને પ્રાથમિકતા આપીશું? અહીં બાબા-બુવા-ગુરુઓથી માંડીને ધર્માધારિત રાજનીતિ અને રાજનેતાઓની પણ સામેલગિરીની વાત છે... ક્યારે આપણી ચેતનાને ઉન્નત કરવા આપણે પોતે કમર કસીશું?

11. આ જણાવ્યાં તે લક્ષણો અને મૂલ્યો ‘આધુનિકતા’નાં મૂલ્યો છે. ‘આધુનિકતા’ પશ્ચિમી તત્ત્વ છે, એટલા ખાતર જ એનો વિરોધ કરીશું?

12. ‘પોતપોતાની આધુનિકતા’માં માનતાં હોઇએ તો પણ કેટલાંક સનાતન, સર્વવ્યાપી અને સાર્વજનિક મૂલ્યો છે- ત્યાં સુધી પહોંચવાની ખોજ ક્યારે

શરૂ કરીશું?

13. આ ચેતના જાગે તે માટે કરવાના મનોયત્નો કરતાં આપણને કોણ રોકે છે? એની સામે લડત આપવી પડે એવું હોય તો શા માટે ખચકાઈશું?

14. 'આધુનિકતા' ક્યારેય નાસ્તિકતાનો દુરાગ્રહ નથી કરતી. અલબત્ત, જેમ જેમ જીવનમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાતો જાય તેમ તેમ ભોળી શ્રદ્ધા ઘટતી જાય. 'વ્યક્તિ'ના સંદર્ભમાં કહીએ તો બુદ્ધિનિષ્ઠા(વિવેક બુદ્ધિ)અને 'રાજ્ય'ના સંદર્ભે કહીએ તો 'સર્વધર્મ સમભાવ' તરફથી 'ધર્મનિરપેક્ષતા' તરફ ગતિ થઇ જ શકે. સમાજને આ દિશા તરફ ગતિશીલ કરવાનાં કાર્યક્રમો ક્યારે ઘડીશું?

15. 'આત્મપ્રશ્નેયતા' આધુનિકતાનું અગત્યનું મૂલ્ય છે. 65-66 વર્ષના પ્રજાતંત્રનાં નાગરિકો તરીકે આપણે આપણી તપાસ કરીએ અને પૂછવા માંડીએ કે આપણે આપણું ઘડતર કેવી રીતે કર્યું છે? જ્ઞાતિ-જાતિ-સંપ્રદાય-ધર્મ-પ્રાંત-પ્રદેશ-દેશથી પર થયાં છીએ આપણે? આ મૂડીવાદી વર્તમાન વિશ્વમાં વસ્તુ, ગ્રાહક અને ઉપભોક્તા બની ગયેલાં આપણે 'નાગરિક' બની શક્યાં છીએ? .. . અને એથીયે આગળ વધીને 'માનવ' બનવાની દિશામાં ગતિ કરી છે આપણે?

આ અને આવા કેટલાયે સવાલોના જવાબોની ખોજમાં, એકવીસમી સદીમાં પ્રવેશ્યા પછી તો આપણે જવું જ પડશે. માનવ સભ્યતા કેટકેટલો સંઘર્ષ કરીને આજે આ સદીમાં પ્રવેશી છે. સભ્યતા-સંસ્કૃતિના અભાવની અંધારઘેરી ગલીઓ વટાવીને, ઈશ્વર-ધર્મો-ધર્મસંસ્થાઓ-રાજાઓ-પ્રમુખોનાં નિર્ણાયક પરિબળો સામે બાખડી બાંધીને, માનવકેન્દ્રી આધુનિકતા સુધી પહોંચી છે. હજી પણ આપણે બૌદ્ધિક અને માનસિક પીછેહઠ કરીને પૂર્વઆધુનિક અને અનુઆધુનિક વિચારો અને વલણોને વળગેલાં રહીશું? સંસ્કૃતિના નામે ફાસીવાદી પરિબળોએ પકડાવી દીધેલા આ થાંભલાને નહિ છોડીએ અને બસ, કહેતાં રહીશું કે થાંભલો મને છોડતો નથી?! અરે, આપણે તો એ 'થાંભલો છે' એ તથ્યથી પણ સભાન નથી!





ખરેખર, આ સાંસ્કૃતિક કટોકટી છે, વળી તે રાજકારણના વાઘા પહેરીને આવી છે તે અલગ! એને સમજવા, એનો સામનો કરવા સાંસ્કૃતિક વ્યૂહરચનાઓ ઘડવી પડે. નવી સાંસ્કૃતિક રાજનીતિ અને તેનું આચરણ કદાચ આ કટોકટીનાં કાળાં વાદળને ભેદનારું શસ્ત્ર બની રહેશે.

તાતી જરૂર છે ભૌતિકવાદી પરિબળોને સકારાત્મક રીતે જોવાનો દૃષ્ટિકોણ ખિલવવાની. ભૌતિકવાદનો સાદો અર્થ છે- રોટી, કપડાં, મકાન, સ્વાસ્થ્ય, શિક્ષણ, સલામતી અને સ્વમાન. આજ સુધીના ધર્માચરણે આપણને આમાંનું કશું નથી આપ્યું; જે કંઇ મેળવ્યું છે તે માનવીય શ્રમ, બુદ્ધિ અને વૈજ્ઞાનિક સિદ્ધિઓ-સફળતાને કારણે મેળવ્યું છે. ટૂંકમાં, માનવબુદ્ધિ અને માનવશક્તિનું નવેસરથી મૂલ્યાંકન કરી-કરાવીને, વૈજ્ઞાનિક અભિગમ કેળવીને, પરંપરામાં દૃઢ થઇ ગયેલાં વેવલાં અને માંદલાં, જીવનવિરોધી મૂલ્યોને રૂખસદ આપવી ઘટે.

.... આ 'કરવું ઘટે'ની યાદી તો લંબાતી જાય તેમ છે; પણ જરૂર છે, માનવસભ્યતા જેને ખોઇ બેઠી છે તેવી 'આધુનિકતા'ની કેડી ઉપર આગળ વધવાની. જરૂર છે, "સૌને માટેની આધુનિકતા"ની, "સહિયારા ઉન્નત સમાજ"ની ખોજની, જે કદાચ વિશ્વ આખાએ નવેસરથી શરૂ કરવાની છે. જે ખોજ માટે જ્ઞાનપ્રકાશ અને નવજાગરણની ચેતના ઉજાગર કર્યા સિવાય બીજો કોઇ ઉપાય નથી. ધર્મ અને ભક્તિના પલાયનવાદી ઉન્માદને ખંખેરીને, વિવેકબુદ્ધિ અને તાર્કિકતા સાથે જીવનના પ્રશ્નોનો સામનો કરવાની અને જવાબદારીપૂર્વક, 'સંવેદનશીલ નાગરિક' બનવા- 'માનવ' બનવાનાં સાહસો શરૂ કરવાની જરૂર એ આજનો તકાજો છે, એમાં શંકા શી?!

**પરિશિષ્ટ -1**

# કેટલાક શબ્દો, તેના અર્થો અને અર્થઘટન

## 1. સંપ્રદાય

કોઈપણ ધર્મનો પંથ, માર્ગ કે ફાંટો તે સંપ્રદાય. જેમ કે, બ્રાહ્મણધર્મ / હિંદુ ધર્મ કે સનાતન ધર્મ એ મુખ્ય ધર્મવિચાર છે, પછી તેમાં કોઈ ને કોઈ વૈચારિક કે આચરણને લગતી ભિન્નતાના મુદ્દે કોઈ નવો પંથ રચાય; જેમ કે, શૈવસંપ્રદાય(જેમાં શિવ મુખ્ય દેવ હોય) કે શાકત સંપ્રદાય(જેમાં શક્તિ / દેવી મુખ્ય હોય) કે પુષ્ટિ માર્ગ (જેમાં કૃષ્ણભક્તિ કેન્દ્રમાં હોય અને તેનાંથી મળતી પુષ્ટિ-સંતોષ તે મુખ્ય ધ્યેય હોય). હિંદુ સિવાય પણ, 'સંપ્રદાય' બીજા ધર્મોની પણ વાસ્તવિક પ્રકૃતિ છે- જેમ કે ઈસ્લામના બે પંથ- શિયા અને સુન્ની. ખ્રિસ્તી ધર્મના પણ બે ફાંટા- કેથોલિક અને પ્રોટેસ્ટંટ. ટૂંકમાં કોઈ પણ ધર્મ, એક કરતાં વધારે સંપ્રદાયોમાં વિભાજિત હોય છે. કોઈ પણ ધર્મ 'એકતા' નથી પ્રેરતો; કેમ કે કોઈ પણ ધર્મ પોતે 'એક' નથી!

## 2. સાંપ્રદાયિકતા

સંપ્રદાયને લગતી ભાવના તે સાંપ્રદાયિકતા. એટલે કે જે વિભાજકતા-ભેદભાવની વાત થઈ તે. ધર્મ વ્યાપક છે, એ જ્યારે કોઈ એક દેવ કે એક વિચારધારામાં બંધાય છે ત્યારે તે સાંપ્રદાયિક બને છે. અફસોસની વાત એ છે કે આપણા દેશમાં,





આ મૂળ અર્થને જુદી રીતે લેવામાં આવે છે; જેમ કે 'ધાર્મિક કટ્ટરવાદ'. અલબત્ત, વિભાજકતા, કટ્ટર બની શકે છે. પણ ધાર્મિક સંકુચિતતા કે કટ્ટરવાદને જે 'સંપ્રદાયિકતા' કહેવામાં આવે છે, જે પરસ્પર બે ધર્મો વચ્ચેની નકારાત્મક લાગણીઓ અને વર્તણૂંક તરફ ઈશારો કરે છે.

આપણા દેશમાં બે અલગ અલગ ધર્મો વચ્ચે જ 'સાંપ્રદાયિકતા' હોય છે એવું નથી, બે સંપ્રદાયો વચ્ચે પણ સાંપ્રદાયિક સંકુચિતતા કે અલગાવ હોઈ શકે છે. ઉદાહરણ તરીકે ચુસ્ત વૈષ્ણવો, શૈવ(શિવને લગતા) સંપ્રદાય પ્રત્યે એટલી નકારાત્મકતા ધરાવતા કે એક સમયે, 'શિવવું' ક્રિયાપદ વાપરતા નહિ- બલ્કે 'સાંધવું'- એમ બોલતા. કે આજે ચુસ્ત સ્વામીનારાયણીઓ 'જય શ્રી કૃષ્ણ' નહિ, પણ 'જય સ્વામીનારાયણ' એવું અભિવાદન કરે છે. સાંપ્રદાયિકતા માત્ર મૂલ્યો-ભાષા-વલણોથી આગળ વધીને, સક્રિય હિંસકતામાં પણ પરિણમે છે, એનાંથી કોણ અજાણ છે?!

## 3. બિનસાંપ્રદાયિકતા

બહુ મજાનો છે આ શબ્દ. 'સાંપ્રદાયિકતા' તો સંસ્કૃત તત્સમ શબ્દ છે એ દેખીતી વાત છે પણ 'બિન' તો અરબી ભાષાનો શબ્દ છે જેનો અર્થ છે '-વગરનું!' અહીં તેનો પૂર્વગ તરીકે 'અભાવ' એવો નવો અર્થ નીકળે છે. જે મોટેભાગે, ગુજરાતીમાં બે ધર્મ-કોમ વચ્ચે વિચાર-આચારનો ભેદભાવ ન રાખવા વિશે વપરાય છે. બીજી મજાની વાત એ છે કે આપણી પાસે તત્સમ શબ્દ 'અ-સાંપ્રદાયિકતા' કે 'નિઃસાંપ્રદાયિકતા' જેવા શબ્દો છે જ નહિ. આ આખો શબ્દ ક્યારથી વપરાતો થયો હશે? અંગ્રેજી શબ્દ 'સેક્યુલારિઝમ્' ના પર્યાય તરીકે છૂટથી વપરાતા આ શબ્દના અન્ય પર્યાય પણ છે.

## 4. સર્વધર્મ સમભાવ

ક્યારેક 'બિનસાંપ્રદાયિકતા' સાથે આ શબ્દની ભેળસેળ થતી હોય છે. સાદો અર્થ જોવા જઈએ તો, 'બધા ધર્મો સમાન છે' —એવો ભાવ. મતલબ કે ગાંધીજી જેનો આગ્રહ રાખતા હતા અને આચરણમાં મૂકતા હતા તેવી ભાવના. આઝાદી મળ્યા

પછી, બંધારણે ચિંધેલી ધર્મનિરપેક્ષતાને બદલે, આપણા દેશમાં આ 'સર્વધર્મ સમભાવ'ને માનવા પૂરતું સમાધાન કેળવવામાં આવ્યું છે. લોકોએ અને રાજ્યે(સ્ટેટ અથવા સાદા શબ્દોમાં —સરકારે) આવું વલણ રાખવું તેવો આદર્શ સેવવામાં આવે છે. ભારતમાં ધર્મ સિવાયનું જીવન કે શાસન અશક્ય છે એવી વિચારસરણી સામાન્ય લોકોથી માંડીને, પોતાને બુદ્ધિજીવી કહેવડાવનારાઓ, સમાજ-ચિંતકો, નેતાઓ વગેરે... દૃઢપણે માને છે. આ શબ્દ તેમ જ 'બિનસાંપ્રદાયિકતા' શબ્દને 'સેક્યુલારિઝમ'ના અર્થમાં વાપરવામાં આવે છે. સંસ્કૃતિ આ ભાવનાથી ટકી શકે- એવો ખ્યાલ છે; જે કદાચ 'રૂપાળો ભ્રમ' કહેવાય!

## 5. સર્વધર્મમભાવ

'બધા ધર્મો મારા છે' એવું માનનારા, વિરલ આસ્તિકો આ શબ્દ વાપરે છે. જેમ કે પાછલી સદીમાં રામકૃષ્ણ પરમહંસ અને વીસમી સદીમાં વિનોબા ભાવે. ભારતીય સંસ્કૃતિ કદાચ આ ભાવનાથી ટકી શકે છે. કારણ કે ધર્મો 'સરખા / સમ' તો બહુ ઓછા અંશે હોય છે-પણ તમામ ધર્મને 'પોતાના' માનવામાં બહુલતાનો સ્વીકાર છે.

## 6. ધર્મનિરપેક્ષતા

આ એક રાજનૈતિક શબ્દ છે. રાજ ચલાવવાની નીતિ 'આ' હોવી જોઇએ એ આદર્શને વાસ્તવિકતામાં મૂર્ત કરવા,પશ્ચિમના દેશોએ 'સેક્યુલારિઝમ'નું આચરણ નક્કી કર્યું અને અમલમાં મૂક્યું તેનો અનુવાદ આપણે 'ધર્મનિરપેક્ષતા' કર્યો છે. જ્ઞાનપ્રકાશ યુગમાં, યુરોપમાં ધર્મસંસ્થા(ચર્ચ) અને ધર્મસત્તાથી રાજકારણને અલગ પાડવા માટે લાંબો અને મજબૂત સંઘર્ષ થયો હતો. છેવટે એ આદર્શ સિદ્ધ થઇ શક્યો તે આપણે આ પુસ્તકમાં જોઇ ગયાં છીએ. લોકશાહીના રાહે, આપણા દેશના સંવિધાનમાં આપણે પણ એ જ આદર્શ સેવ્યો છે. પણ 'રાજ્ય' (સરકાર – સ્ટેટ) ક્યાં ધર્મથી 'પર' થઇ શક્યું છે?! 'આપણો દેશ કંઇ યુરોપ-અમેરિકા





નથી' —એવી દલીલ વારંવાર આગળ ધરીને આપણે ધર્મનિરપેક્ષતાનો આદર્શ સિદ્ધ કરી શક્યા નથી એ હકીકત છે. 'આધુનિકતાની ખોજ'ની આ આપણી સફરમાં જોવાનું છે એ કે આ આદર્શ સુધી પહોંચવા કેવી રીતે સક્રિય બનવું?

**પરિશિષ્ટ -2**

# I. યુરોપના જ્ઞાનપ્રકાશ, ધર્મસુધારણા અને નવજાગરણ સમયના કેટલાક ધર્મચિંતકો

(યુરોપમાં જ્ઞાનપ્રકાશયુગ દરમિયાન અનેક ચિંતકો-બૌદ્ધિકો અને ધર્મસુધારકોએ ધર્મસભા(ચર્ચ)ની એકહથ્થુ, રાજ્યસત્તા સાથેની સાંઠગાંઠ અને અત્યાચારોનો હિંમતભેર વિરોધ કર્યો હતો. અહીં કેટલાક મહત્વના પરિચય આપ્યા છે)

**1. ઇરાસ્મસઃ (ડચ લેખક અને માનવતાવાદી)** – જન્મ, આશરે ઇ.સ. 1466, રૉટ્ટ્રડામ, નેધરલેન્ડમાં થયો હતો. બુદ્ધિનિષ્ઠ વિદ્વાન તરીકે તે યુરોપભરમાં વિખ્યાત થયો. આખાયે ઉત્તર યુરોપમાં એણે 'માનવતાવાદી ચિંતન' અને આંદોલનનો પ્રસાર-પ્રચાર કર્યો. તેણે પાદરી થઈને ધર્મવિદ્યાના ક્ષેત્રે ક્રાતિકારી લેખન કર્યું. યુરોપનાં શહેરોમાં પર્યટન કરીને પોતાનાં વ્યાખ્યાનો આપ્યાં. ચિંતકો સાથે ચર્ચા-વિમર્શ કર્યા. ધર્મસુધારણા માટે તેના ઉદ્દામ અને તર્કબદ્ધ અભિપ્રાયોએ, નવાં વમળો સરજ્યાં હતાં.



સ્વીટ્ઝરલેન્ડમાં ઇસ. 1536માં તેનું અવસાન થયું.





## 2. માર્ટિન લૂથરઃ (ધર્મ સુધારક અને ચિંતક)



જન્મ, ઇ.સ. 1483માં જર્મનીમાં થયો હતો. પોતે ખ્રિસ્તી પાદરી હતો; જેણે ધર્મસભાની અંદર ક્રાંતિ કરી, કેથોલિક સંપ્રદાયની સામે નવો પ્રોટેસ્ટન્ટ સંપ્રદાય સ્થાપ્યો. જર્મન ભાષામાં તેણે બાઇબલનું ભાષાંતર કર્યું. તેણે રોમન કેથોલિક સંપ્રદાયના ભ્રષ્ટાચાર વગેરેની ઉગ્ર ટીકા કરી અને વધુ વ્યવહારૂ અને જનસાધારણ માટે સુબોધ એવા સંપ્રદાયનો પ્રસાર પ્રચાર કર્યો. ઇ.સ. 1546માં તેનું અવસાન થયું.

## 3. થોમસ મોરઃ (ચિંતક અને રાજપુરુષ)



જન્મ, ઇ.સ. 1478માં બ્રિટનમાં થયો હતો. થોમસ મોર ઇંગ્લંડના રાજા હેન્રી આઠમાનો સલાહકાર હતો. પ્રબુદ્ધ ચિંતક તરીકે તેણે 'યુટોપિયા' નામે, આદર્શ રાજ્યની કલ્પના આપતું પુસ્તક લખ્યું. ઇંગ્લંડના ચર્ચમાંથી રાજાનો હસ્તક્ષેપ દૂર કરવાનો તેણે આગ્રહ રાખ્યો, પરિણામે રાજાએ તેનો શિરચ્છેદ કરાવ્યો. થોમસ મોરને "ધર્મસુધારણાનો શહીદ" કહેવાય છે.

# II. ભારતના કેટલાક ધર્મ સુધારકો

## 1. સ્વામી દયાનંદ સરસ્વતી

ગુજરાતમાં, મોરબી પાસેના ટંકારા ગામમાં ઇ.સ. 1824માં જન્મેલા મૂળશંકર ત્રિવેદીએ, પોતે પૂજારીના પુત્ર હોવા છતાં મૂર્તિપૂજામાંથી વિશ્વાસ ઊઠી જવાથી, ગૃહત્યાગ કરીને સંન્યાસ લીધો હતો. વેદ-વેદાંતના લાંબા અધ્યયન પછી પ્રાચીન બ્રાહ્મણ ધર્મની સામે પડીને એમણે ફક્ત વેદોને જ પ્રમાણિત માનીને નવી ધર્મસંસ્થાનો



આરંભ કર્યો, જે 'આર્ય સમાજ'ના નામે ઓળખાય છે.

'આર્ય સમાજ' દ્વારા સ્વામી દયાનંદે હિંદુ / બ્રાહ્મણધર્મના બહુદેવવાદ, મૂર્તિપૂજા, અવતારવાદ, પુરાણો વગેરેનું ખંડન કર્યું. આર્યોએ સ્થાપેલી યજ્ઞ પરંપરા અને આર્યસંસ્કૃતિનો પ્રચાર કર્યો. હિંદુસ્તાનને 'આર્ય દેશ' તરીકે પ્રમાણ્યો અને 'સ્વરાજ્ય'ની હાકલ કરી. લોકમાન્ય તિલકથી માંડીને ભગતસિંહ જેવા દેશભક્તો દયાનંદ સરસ્વતીના વિચારોથી પ્રભાવિત થયા હતા. બનારસ અને પંજાબમાં ગુરૂકુળ સ્થાપીને નવા 'આર્યધર્મ'ની શરૂઆત તેમણે કરી. વિદેશી સામે 'સ્વદેશી'નો ખ્યાલ પણ તેમણે આપ્યો, જે ગાંધીજીએ સ્વીકાર્યો અને મોટા પાયે આગળ વધાર્યો. એમની વિચારધારામાં ઉગ્રવાદ હતો.

આ દેશમાં સ્વાધીનતાની લડતને 'રાષ્ટ્રધર્મ'ના રંગે રંગવાની પહેલ કરનારા હતા સ્વામી દયાનંદ સરસ્વતી. તેમનું મહત્વનું પુસ્તક છે 'સત્યાર્થ પ્રકાશ'.

## 2. કવિ નર્મદ (નર્મદાશંકર દવે)



ઇ.સ. 1833માં સુરતમાં જન્મેલા અને મુંબઇ તેમ જ સુરતમાં શિક્ષણ અને પત્રકારત્વના વ્યવસાય સાથે જોડાયેલા કવિ નર્મદને કવિ, કોશકાર, નિબંધકાર ઉપરાંત 'સમાજ સુધારક' તરીકે ખ્યાતિ મળેલી છે. સમાજમાં પ્રવર્તતી જૂનવાણી પરંપરાઓ સામે તેણે પડકારભર્યાં વ્યાખ્યાનો આપ્યાં, હિંમતભર્યા લેખો લખ્યા, નાની મંડળીઓ સ્થાપીને ચર્ચાવિમર્શ શરૂ કર્યા. 1884માં 'ડાંડિયો' નામે પ્રથમ ગુજરાતી પખવાડિક શરૂ કરીને પોતાના ઉદ્દામ વિચારો ફેલાવ્યા. કરસનદાસ મૂળજીની સાથે મળીને, વૈષ્ણવ સંપ્રદાયના ગુરૂ-ગાદીપતિ જદુનાથ મહારાજના





ભ્રષ્ટ અને પાખંડી વ્યવહારો સામે, સ્ત્રીઓ સાથે તેણે આચરેલા કુકર્મો સામે લેખો લખીને મહારાજનો પર્દાફાશ કર્યો હતો. જેને કારણે જદુનાથ મહારાજે બદનક્ષીનો કેસ કર્યો હતો. મુંબઇની કોર્ટમાં ચાલેલા આ મુકદમામાં અંતે સુધારકોની જીત થઇ હતી અને મહારાજે દેશ છોડીને ભાગી જવું પડ્યું હતું.

પણ અફસોસની વાત છે કે કવિ નર્મદે પાછલી અવસ્થામાં પ્રાચીન બ્રાહ્મણધર્મની પ્રશંસા કરતું પુસ્તક બહાર પાડ્યું હતું. —'ધર્મરંગ'. સુધારાના માર્ગે એણે કરેલી પીછેહઠને કારણે સુધારાની લડતને મોટો ફટકો પડ્યો હતો. છેવટે અકિંચન અવસ્થામાં જ એનું અવસાન થયું હતું. ઇ.સ. 1886.


## 3. કરસનદાસ મૂળજી



ઇ.સ. 1832માં, મુંબઇમાં જન્મેલા કરસનદાસે જ્યારે વિધવાઓના પુનર્લગ્નની તરફેણમાં પોતાના વિચારો રજૂ કર્યા; ત્યારે પોતાના કુટુંબીઓ તરફથી ઘણો વિરોધ સહન કરવો પડ્યો. શિક્ષકનો વ્યવસાય કરતા કરસનદાસે 'સત્યપ્રકાશ' નામે સાપ્તાહિક પત્ર શરૂ કર્યું અને તેમાં ધર્મના પાખંડ અને જૂનવાણી રૂઢિઓ સામે ઉગ્ર લેખો લખ્યા. વૈષ્ણવ મહારાજ જદુનાથે તેમની સામે બદનક્ષીનો કેસ કર્યો હતો; જેમાં આખરે કરસનદાસ અને કવિ નર્મદની જીત થઇ હતી. ઇ.સ. 1862નો આ શકવર્તી બનાવ હતો. પોતે વેપારી સમાજમાંથી હોવાથી રૂના વેપારના વિશેષ અભ્યાસ માટે ઇંગ્લેંડનો પ્રવાસ કર્યો. પાછા આવ્યા ત્યારે એમની ભાટિયા જ્ઞાતિએ બહિષ્કાર કર્યો અને 'નાતબહાર' કાઢ્યા. પણ આ કર્મવીર પત્રકાર હાર્યા નહિ. 1875માં એમનું અવસાન થયું ત્યાં સુધી એમની સુધારા ઝૂંબેશ ચાલતી રહી. એમના મુખપત્ર 'સત્યપ્રકાશે' બુદ્ધિનિષ્ઠ પત્રકારત્વને ઘણી પ્રેરણા આપી.

## 4. ઇ.વી. રામસ્વામી પેરિયાર


તામિલનાડુની ભયાનક સમસ્યા હતી- દલિતોનું શોષણ. તેને માટે ઓગણીસમી



સદીમાં જે પ્રયાસ થયા તેમાં પેરિયારનું નામ મોખરે છે. ઈ.સ. 1879માં, તત્કાલીન મદ્રાસ પ્રેસીડેન્સીમાં જન્મેલા ઈ.વી. રામાસ્વામી આમ તો 'પેરિયાર'ના નામથી જ પ્રસિદ્ધ છે. દલિત અધિકારો માટે આજીવન ઝૂઝનારા આ કર્મશીલ પોતાને 'નાસ્તિક' કહેવડાવતા અને બુદ્ધિવાદનો(રેશનાલિઝમ) આગ્રહ સતત સેવતા. પણ એમણે જે ઉત્કટતાથી દલિત સમસ્યા દૂર કરવા અને કરાવવા ઝૂંબેશ ચલાવી તે દક્ષિણભારતના સમાજજીવન અને રાજનૈતિક માહૌલ માટે ખૂબ જ અસરકારક નિવડી. હિંદુસ્તાનને રાજકીય સ્વાધીનતા મળી ત્યારે, દલિતોના હિતો અને હકોની સુરક્ષા માટે અલગ 'દ્રવિડીસ્તાન' કેમ ન બને- તેવી તેમણે ઝૂંબેશ ઉપાડી હતી. હિંદુ-બ્રાહ્મણધર્મના પાખંડ અને શોષણકર્તા આચરણો સામે તેમનો આક્રોશ ઉદાહરણરૂપ બન્યો. તેમણે તામિલ રાષ્ટ્રવાદ અને 'સ્વમાન' ચળવળની સ્થાપના કરી અને નેતૃત્વ નિભાવ્યું. 1973માં તેમનું અવસાન થયું.

માનવ-અધિકારના આંદોલન બદલ તેમને 1970માં 'યુનેસ્કો એવોર્ડ' મળ્યો હતો.

## 5. અબ્રાહમ કોવુર



ઈ.સ. 1898માં, હિંદુસ્તાનના ત્રાવણકોર રજવાડામાં જન્મેલા અબ્રાહમ કોવુરનું નામ દક્ષિણ એશિયાના પ્રખર પ્રબુદ્ધ ચિંતક તરીકે હમેશાં યાદ રહેશે. ઉચ્ચ અભ્યાસ પછી શ્રીલંકામાં પ્રાધ્યાપક તરીકે સ્થાયી થયેલા ડો. કોવુરે, શ્રીલંકા અને ભારતનાં અનેક પ્રવાસો કરીને રેશનાલિઝમ-બુદ્ધિવાદનો સંન્નિષ્ઠ પ્રસાર-પ્રચાર કર્યો. ખાસ તો સાધુ-સંતો-ધર્મગુરૂઓના કહેવાતા ચમત્કારોનો પર્દાફાશ કરતા અને વૈજ્ઞાનિક






અભિગમનો પ્રસાર કરતા ડો. કોવુર, કહેવાતી આધ્યાત્મિકતા અને કહેવાતા પારલૌકિક (સુપરનેચરલ) ચિંતનને તર્કબદ્ધ રીતે વખોડી કાઢવા સભા-સંમેલનો ભરતા. સંગઠિત ધર્મો અને ધાર્મિક પાખંડની વિરૂદ્ધમાં પુષ્કળ લખતા-બોલતા. ડો. કોવુરની 'રેશનાલિસ્ટ મૂવમેન્ટ' (પ્રબુદ્ધતા આંદોલન) ને કારણે શ્રીલંકા અને ભારતમાં પણ આંદોલનકારી મંડળો સ્થાપાયાં, જે આજે પણ સામા પ્રવાહે સક્રિય છે.

ઈ.સ. 1978માં ડો. કોવુરનું અવસાન થયું.

# III. ભક્તિપ્રવાહનાં સંતો-ભક્તો-સૂફીઓ જેમણે ધાર્મિક એકતાનો પ્રસાર-પ્રચાર કર્યો.

## 1. બસવા / બસવેશ્વર (1134-1196)



કર્ણાટકના ધર્મવિચારક, સંત, સુધારક બસવેશ્વર કદાચ પહેલા વિદ્રોહી હતા જેમણે દક્ષિણ ભારતનાં અસ્પૃશ્યો અને ગરીબોનો પક્ષ લઈને બ્રાહ્મણવાદ અને જ્ઞાતિપ્રથા સામે વિદ્રોહ કર્યો.

લિંગાયત સંપ્રદાયના વિચારક અને શિવભક્તિના પ્રસારક બસવેશ્વર કવિ પણ હતા, જેમનાં ભક્તિ પદો 'વચનમ' તરીકે જાણીતાં છે; જે કાનડી ભાષામાં છે.

જો કે 'ભક્તિ' કરતાં વધારે બૌદ્ધિક અને નૈતિક રીતે માનવી પોતે કેવી રીતે પોતાનો ઉદ્ધાર કરીને 'શિવ' બની શકે તેવું તત્ત્વજ્ઞાન તેમણે ફેલાવ્યું. એટલે જ એમને 'ભક્તિ-ભંડારી'તો કહેવાય છે પણ 'ક્રાન્તિ-યોગી' પણ કહેવાય છે.

એમના આંદોલનમાં અસંખ્ય યોગીઓ અને અધ્યાત્મવાદીઓ જોડાયા. બારમી સદીના આ ક્રાન્તિકારી સંત રાજનેતા પણ હતા અને પોતાના વિસ્તારમાં 'પંચાયતીરાજ' શરૂ કરીને, જ્ઞાતિભેદ તેમ જ સ્ત્રી-પુરુષના ભેદ મિટાવીને પંચાયતમાં સૌનો સમાવેશ કર્યો હતો.

સમ્રગ રીતે જોતાં બસવેશ્વર એક અનોખું વ્યક્તિત્વ ધરાવતા ક્રાન્તિધર્મી ચિંતક થઇ ગયા; જેમને વિશે ઉત્તરભારતમાં બહુ જ ઓછી જાણકારી છે.

## 2. સંત કબીર



ભક્તિપ્રવાહનાં સમાનતાવાદી સંતો-ભક્તોમાં સંત કબીરનું નામ પહેલી હરોળમાં લેવાય છે. એમનાં જન્મ, મૃત્યુ અને કવનકાળ વિશે અનેક દંતકથાઓ અને ચમત્કારો પ્રચલિત છે પણ મહત્ત્વનું છે એમનું સમાનતાવાદી અને ખાસ તો નિર્ગુણ-જ્ઞાનવાદી ચિંતન. કબીરજીની કવિતા પણ તત્કાલીન લોકબોલીમાં રચાઇ, જેમાં અનુભવ-જ્ઞાન છે. સાથે સથે ધાર્મિક પાંખંડની આકરી ટીકા પણ છે. તેમના જન્મની અને મૃત્યુની દંતકથા મુજબ, હિંદુઓ તેમને હિંદુ માનતા અને મુસ્લિમો તેમન મુસ્લિમ ગણતા. કબીરજીએ બ્રાહ્મણો અને બ્રાહ્મણવાદીઓના પાખંડની સાથે સાથે મૌલવીઓની જડતની પણ ઝાટકણી કાઢી છે. કટાક્ષયુક્ત અવળવાણી એ 'કવિતાની ભાષા'નું ઉત્તમ ઉદાહરણ છે.

ઇ.સ. 1398માં, બનારસ પાસેના લહરતારા ગામમાં જન્મેલા ને ઇ.સ. 1518માં મગહર ગામે અવસાન પામ્યા હોવાની માન્યતા છે.

કબીરજી જન્મે અને વ્યવસાયે વણકર હતા; જેમની ગણતરી દલિત સમુદાયમાં થતી હતી અને આજે પણ થાય છે.


કબીરજીના તત્ત્વજ્ઞાન ઉપર આધારિત 'કબીર-પંથ' સ્થપાયો, જેની સંખ્યા





આજે દેશ-વિદેશમાં થઇને અઢારથી વીસ લાખની થવા જાય છે. જો કે કબીરજીનું ત્યાગી અને જ્ઞાનીપણું આ પંથમાંથી ધીમેધીમે ઓસરતું જાય છે અને મુખ્યપ્રવાહના ભક્તિ-સંપ્રદાય જેવી સ્થિતિ થઇ છે.

## 3. ગુરુ નાનક



પંદરમી સદીમાં, આ દેશમાં એક નવો ધર્મ સ્થાપનારા ગુરુ નાનક, તેમના સમયના અનન્ય સમાનતાવાદી જ્ઞાનમાર્ગી હતા. 'સિખ ધર્મ' એકેશ્વરવાદી છે. ઇશ્વર એક છે, નિરાકાર છે અને સૃષ્ટિના સર્જનહાર છે. આ સૃષ્ટિમાં જે કોઇ માનવો છે તેના રંગ-રૂપ-જાત-પાત અને ધર્મ-સંપ્રદાયના ભેદભાવ, આ નિરાકાર ઇશ્વર આગળ સદંતર ઓગળી જાય છે. અમીર-ગરીબ સૌ સરખાં છે. સિખધર્મમાં સ્ત્રી-પુરુષ સમાનતાને પણ ખૂબ મહત્ત્વ અપાયું છે. સિખધર્મ એક ગ્રંથ-પ્રધાન ધર્મ છે. નાનકજી અને અન્ય ગુરુઓનાં વચનો 'ગુરુ ગ્રંથ સાહેબ'માં છે. ગુરુ નાનક પોતે પણ બ્રાહ્મણવાદી કર્મકાંડ અને પાખંડનો સદંતર વિરોધ કરતા હતા.

સિખધર્મ પણ કર્મકાંડથી મુક્ત છે. 16મી-17મી સદીમાં દલિતો, ગરીબો અને મધ્યમ વર્ગીય હિંદુઓએ પણ સિખધર્મ સ્વીકાર્યો હતો. ઘણી વાર, હિંદમાં જ ઉદ્ભવેલા આ ધર્મને હિંદુધર્મનો 'પંથ' ગણી લેવાની ભૂલ પણ થાય છે. હંમેશા સમાનતાવાદી ગણાયેલ આ ધર્મમાં આજે જાણે મુખ્ય પ્રવાહના હિંદુધર્મના અવગુણોની અસર થઇ હોય તેમ, બહુ સૂક્ષ્મ રીતે ને ક્યારેક ખુલ્લે આમ, દલિત-સવર્ણના ભેદભાવ શરૂ થાય છે. દલિતોના ગુરુદ્વારા(મંદિર) પણ અલગ થવા લાગ્યા છે. સમાનતાવાદી સિખો, અલગાવવાદી રાજકીય પક્ષો સાથે પણ ભળવા લાગ્યા છે. હિંદુ ધર્મનો આ પ્રભાવ ભયજનક નથી તો બીજું શું?!

## 4. સંત દાદુ દયાળ



ઈ.સ. 1544માં જન્મેલા મનાતા દાદુ દયાળ, રાજસ્થાન અને ગુજરાતમાં, સરખા માનસન્માનથી યાદ કરાય છે. રાજસ્થાનમાં, જયપુર પાસે, આમેરમાં તેમનું સ્થાનક છે, તો અમદાવાદમાં કાંકરિયા તળાવને કિનારે પણ સંત દાદુનું સ્થાનક છે. નિર્ગુણ પંથી પરંપરામાં સહજમાર્ગ અને નાથપંથના ચિંતનનો પ્રભાવ સંત દાદુએ ઝીલ્યો હતો. નિરાકાર ઈશ્વરનાં એક સમાન સંતાનો તરીકે આ જગતનાં માનવમાત્રની સમાનતા એ એમનો મુખ્ય મંત્ર હતો. એમના શિષ્યોમાં જનગોપાલ પણ હતા અને રજ્જબઅલી પણ જાણીતા હતા. આ શિષ્યોએ ગુરુ દાદુ દયાળની વાણીના સંગ્રહો કર્યા અને જીવનચરિત્ર પણ લખ્યું છે. દાદુજીનો પંથ આજે પણ હયાત છે.

આ એકેશ્વરવાદી, નિર્ગુણિયા, અલગારી સંતને મળવા અકબર બાદશાહ પણ અમદાવાના કાંકરિયાના સ્થાનકે અવ્યાની નોંધ છે. અકબરને સંતની વાણી અને વિચારોનું આકર્ષણ થયું હતું અને પ્રેરણા પણ મળી હતી. ઈ.સ. 1603માં, રાજસ્થાનમાં સંત દાદુએ સમાધિ લીધી.

## 5. ગુરુ રૈદાસ-રવિદાસ-રોહિદાસ



ઉત્તર ભારતના આ સંતની ખ્યાતિ છેક મહારાષ્ટ્ર સુધી વિસ્તરેલી. એમનાં પદો અને ભજનો વ્યાપક રીતે ફેલાયાં. એ સમાજ સુધારક, ચિંતક, માનવતાવાદી વક્તા, પ્રવાસી અને અધ્યાત્મવાદી હતા. જ્ઞાતિભેદ, અમીર-ગરીબના ભેદભાવ, ધર્મ-સંપ્રદાયના ભેદભાવ જેવાં સામાજિક દૂષણો સામે ઉગ્ર પ્રહારો કરનારા આ ધર્મચિંતકે ભૌતિક અભાવો અને ભય-ગ્રંથિમાંથી






મુક્તિની ઝંખનાનું પદ 'બેગમપુરા' લખીને નવસમાજનું સ્વપ્ન જોયું છે. હંમેશા બ્રાહ્મણવાદ અને ધાર્મિક શોષણ સામે ઝૂઝતા આ સંતભક્તે શ્રમની શક્તિનો સતત મહિમા કર્યો.

સંત રોહિદાસની વાણી 'ગુરુ ગ્રંથ સાહેબ'માં પણ સંગ્રહિત થઇ છે અને સિખોમાં પણ પ્રચલિત છે.

બનારસના બ્રાહ્મણો પણ જેમને પૂજનીય ગણતા એવા રોહિદાસ જન્મે-કર્મે ચમાર હતા. ઈ.સ. 1450માં એમનો જન્મ થયો હતો અને 1520માં અવસાન થયું ત્યારે સારાયે ઉત્તર ભારતમાં એમનાં વાણી-વચન ફેલાઇ ચૂક્યાં હતાં.

## 6. નરસિંહ મહેતા



ગુજરાતના 'ભક્તકવિ' કે 'આદિકવિ' તરીકે જાણીતા આ તત્ત્વજ્ઞાની કવિએ સગુણ અને નિર્ગુણ- બંને પ્રકારની ભક્તિનાં પદો રચ્યાં છે; તેથીયે વિશેષ, તત્ત્વજ્ઞાનને ગુજરાતી ભાષામાં કાવ્યમય બનીમાં મૂકવા બદલ ગુજરાત એનું આજીવન ઋણી રહેશે. કૃષ્ણભક્ત હોવા છતાં એમણે નિર્ગુણ-નિરાકાર બ્રહ્મની આરાધના અને કવિતા... બંને કર્યા. નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મ્યા છતાં એણે જૂનાગઢ નગરના છેવાડે આવેલા દલિતવાસમાં(તે સમયે 'ઢેડવાસ' કહેવાતો હતો) જઇને ભજન ગાયાં. કહેવાય છે કે છેવાડાના સમુદાય સાથે એને નિરંતર સંપર્ક હોવો જોઇએ. તદુપરાંત એમનું જે ચરિત્ર મળે છે તેમાં, એની જ્ઞાતિએ એનો બહિષ્કાર કરેલો અને સમાજમાં 'બગાડ ફેલાવવા' બદલ એની સામે ખટલો કરીને ત્યારના રાજા માંડલિક દ્વારા એને જેલમાં પણ નંખાવેલો. ઘણી બધી દંતકથાઓ અને ચમત્કારો એના નામે ચડેલાં છે, પણ સંક્ષેપમાં કહીએ તો ગુજરાતના સમાજમાં વિરલ કહેવાય એવું ઉદાહરણ એણે પૂરું પાડ્યું પોતાના સમાનતાવાદી વિચારો અને આચારણથી. 'વૈષ્ણવજન' જેવું આદર્શ-સમતાધર્મી માનવનું વર્ણન કરતું એનું પદ ગાંધીજીએ વિશ્વવિખ્યાત કર્યું એમ કહી શકાય.

એનો જન્મ, તળાજા (હાલ જિ. ભાવનગર, સૌરાષ્ટ્રમાં) માં થયો હતો અને મૃત્યુ જૂનાગઢમાં. (ઇ.સ. 1409 અને ઇ.સ. 1488).

## 7. સંત તુકારામ



મહારાષ્ટ્રનાઅલગારી ક્રાંતિકારી સંત તુકારામનું બાળપણ અનાથ અવસ્થામાં, અનેક અભાવો વચ્ચે વીત્યું હતું. શૂદ્ર જાતિમાં જન્મ્યા હોવાથી, બ્રાહ્મણવાદી સમાજમાં વેઠ અને અસ્પૃશ્યતાના અનુભવો બાળપણથી જ થતા રહ્યા હતા. તુકારામ પંઢરપુરના (વિષ્ણુસ્વરૂપ) પાંડુરંગ-વિઠ્ઠલના અનન્ય ભક્ત હતા. વિઠ્ઠલનાં ગુણગાન ગાતાં અસંખ્ય અભંગ(પદો) એમણે રચ્યાં; જે ગાતાં ગાતાં ભાવોદ્રેકથી તેઓ નાચી ઊઠતા. પંઢરપુરની યાત્રા એમનું સ્વપ્ન હતું. અસંખ્ય શ્રમિક-શૂદ્ર ભક્તો સાથે તેમણે પંઢરપુરની યાત્રા કરી પણ પુરોહિતોએ મંદિર પ્રવેશ કરવા દીધો નહિ. તુકારામનું ચરિત્ર અને એમના અભંગો મહારાષ્ટ્રના શૂદ્રો-શ્રમિકો અને ભક્તિમાર્ગીઓમાં સેંકડો વર્ષથી લોકપ્રિય થયા છે.

તુકારામનું જન્મવર્ષ કયું તે વિશે અનેક મતભેદો છે, ઇ.સ. 1608 કે 1609ને માન્ય રાખીએ; કેમ કે કહેવાય છે કે તેઓ માત્ર 41 વર્ષ જીવ્યા અને 1650માં તેમનું મૃત્યુ પંઢરપુરમાં જ થયું.

## 8. ભક્ત નામદેવ

મહારાષ્ટ્રનાં શ્રમિકો-શૂદ્રોનું ભક્તમંડળ રચાયું હતું અને ઠેર ઠેર ફરતાં ફરતાં એમણે નિર્ગુણ ભક્તિ અને સમાનતાવાદી પ્રેમલક્ષણા ભક્તિનાં પદો ગાઇને નાનું-શું આંદોલન ઊભું કર્યું હતું. 13મી સદીનો આ ચેતનાપ્રવાહ 'વારકરી-પંથ' નામે







જાણીતો છે. ભક્ત નામદેવ એમાં અગ્રણી હતા. છેક દક્ષિણના આલ્વારો અને નયનારોનાં પગલે આ પંથ રચાયો હતો. 15મી-16મી સદીના ભક્તિપ્રવાહના મૂળમાં આ પંથની ગતિવિધિઓ હતી એમ કહી શકાય.

શૂદ્ર શ્રમિક-ભાવસાર, દરજી સમુદાયમાં નામદેવનો જન્મ થયો હતો. સંસારમાં રહીને, લગ્ન કરીને પણ પોતાની આજીવિકા રળતાં રળતાં પણ પ્રભુભક્તિ કરીને મોક્ષ પામી શકાય તે તેમનો ખાસ સંદેશ હતો. ભજન પર્યટન દરમ્યાન છેક પંજાબ સુધી પણ તેઓ પહોંચ્યા હતા, જ્યાં તેમનાં પદો લોકપ્રિય બન્યાં હતા.

ભક્ત નામદેવનો જન્મ ઇ.સ. 1270માં થયો હતો અને તેમનું અવસાન ઇ.સ. 1350 માં થયું હતું.

## 9. સૂફી સંત નિઝામુદ્દીન ઓલિયા



ચિશ્તિયા સંપ્રદાયના સૂફી સંત હઝરત નિઝામુદ્દીન ઓલિયા હિંદુસ્તાનના સૂફીઓમાં આગવું સ્થાન ધરાવે છે. ઇસ્લામનો ભક્તિપ્રવાહ છે- સૂફીવાદ. મૂળે સૂફીવાદ ઇરાનમાં જન્મ્યો પણ એનો પ્રભાવ હિંદમાં મોટા પાયે પ્રસર્યો. સૂફીઓ પોતાની અલગારી મસ્તી અને સાદગીભર્યા જીવનને કારણે પણ ઘણા લોકપ્રિય હતા. પ્રેમલક્ષણા ભક્તિ જેવી આ વિચારધારામાં ભક્તિ પોતે આશિક(પ્રેમી) છે જે પોતાની મશૂક(પ્રેમિકા) થી અનંત વિરહમાં તડપે છે. ઇશ્વર કે સર્જનહારથી વિખૂટા પડેલા માનવીની કરૂણકથાનું આ રૂપક છે. સૂફી સંપ્રદાયની પ્રાર્થનાઓ આ વિરહ-મિલનની ગઝલો, કવ્વાલીઓ અને નાતના રૂપે અભિવ્યક્ત થતી રહી છે. ઇશ્વર સાથેના આધ્યાત્મિક પ્રેમને 'ઇશ્કે હકીકી' કહેવાય છે તો દુન્યવી રૂપકોથી કરેલી ભક્તિને 'ઇશ્કે મજાઝી' કહે છે.

હઝરત નિઝામુદ્દીન પોતાના ચિંતન અને સંદેશને કારણે ઉત્તર હિંદમાં અત્યંત માનનીય બન્યા હતા. તેમની શિષ્ય પરંપરામાં હઝરત મોઇનુદ્દીન ચિશ્તી હતા, જેમનું સ્થાનક અજમેર-રાજસ્થાનમાં આવેલું છે. હઝરત નિઝામુદ્દીને દિલ્હીને પોતાની કર્મભૂમિ બનાવી. દિલ્હીમાં એમની દરગાહ પ્રેમલક્ષણા ભક્તિના અનુયાયીઓ માટે મોટું આશ્વાસન-ધામ છે.

સૂફીઓ એકેશ્વરવાદી હતા, એટલું જ નહિ- સર્વધર્મસમભાવની પણ એમની ચિંતનધારા હતી. એક રીતે જુઓ તો, આ માનવતાવાદી વિચારધારા રૂઢિચુસ્ત ઇસ્લામ સામે વિદ્રોહરૂપે ફેલાઇ હતી અને આ ઋજુ-કોમળ સૂફીસંતોએ હિંદુસ્તાની સમન્વયવાદી સંસ્કૃતિને જીવંત રાખવામાં મોટું પ્રદાન કર્યું હતું.

આજે પણ સમન્વયની સંસ્કૃતિ, સર્વધર્મસમભાવ અને ભાવોદ્રેકમય ભક્તિસંગીત-નૃત્યના મુદ્દે સક્રિય કલાકારો-કર્મશીલો, કોમી તંગદિલીનું ભારણ દૂર કરવા સૂફીઓના વારસાને ઉજાગર કરે છે.

હઝરત નિઝામુદ્દીનનો જન્મ ઇ.સ. 1238માં ઉત્તરપ્રદેશના બદાયૂંમાં થયો અને અવસાન દિલ્હીમાં ઇ.સ. 1325માં થયું.

## 10. અમીર ખુસરો



સૂફી કવિ તરીકે લગભગ સાત-આઠ સદીથી જે આજે પણ પાતાના શ્બ્દદેહે જીવંત છે તેવા અમીર ખુસરો, નિઝામુદ્દીન ઔલિયાના પ્રિય શિષ્ય હતા. અરબી, ફારસી અને ધર્મવિદ્યાના વિદ્વાન હોવા છતાં ખુસરોએ તત્ત્કાલીન લોકબોલીમાં પોતાના 'સૂફિયાના' તત્ત્વજ્ઞાનને કવિતારૂપે વહેવડાવ્યું. જેમ લોકબોલીનો પ્રયોગ કર્યો તેમ લોકસાહિત્યનાં વિવિધ સ્વરૂપોને પણ તેમણે સૂફી કલામમાં ઢાળ્યાં. અનન્ય પ્રેમલક્ષણા ભક્તિ અને અલગારી મસ્તી એમનાં કવન અને જીવનમાં એકસરખાં પ્રતિબિંબિત થાય છે. આપણી 'ખોજ'ના સંદર્ભે





એ શરણાગત ભાવ કરતાં એમની સર્વસમન્વયવાદી ફિલસૂફી વધારે મહત્ત્વની છે. સ્ત્રી-પુરુષ- કહેવાતા ઊંચ-નીચ-ગરીબ-અમીર અને હિંદુ-મુસલમાન... તમામ પ્રકારના ભેદભાવથી પર આ ચિંતક આજે પણ જ્યારે સહિયારી સાંસ્કૃતિક ધરોહરની વાત થાય છે ત્યારે હંમેશા યાદ કરવામાં આવે છે. આ દેશની આંતરિક એકતાને અખંડ રાખવામાં આવા સર્જકો-કલાકારોની જરૂર કદાચ દરેક યુગમાં રહેશે.

ખડી બોલી, સિતારવાદન અને ગઝલ-કવ્વાલીના પ્રણેતા આ સૂફી કવિનો જન્મ ઇ.સ. 1253માં દિલ્હી પાસેના નાના ગામ પટિયાલીમાં થયો હતો અને તેમનું અવસાન દિલ્હીમાં જ, ઇ.સ. 1325માં થયું હતું.

## 11. અખો ભગત



કબીર જે રીતે, ઊર્મિલ ભક્તિપ્રવાહની વચ્ચે, જ્ઞાનપ્રકાશની મશાલ લઇને ઊભા હતા અને બ્રાહ્મણવાદના ભ્રામક પ્રભાવને પર્દાફાશ કરી રહ્યા હતા તે જ રીતે ગુજરાતમાં અખાની ભૂમિકા બની રહી. 'અખાભગત' તરીકે ઓળખાતા આ 'જ્ઞાનિકવિ'ને 'સંધિકાળનો સ્વર' એટલે કહેવો પડે કે એનો જન્મ અને કાર્યકાળ 18મી સદીનો હતો. એ અમદાવાદી હતો. સરકારી ટંકશાળમાં નોકરી કરતો હતો. અંગ્રેજો અને મોગલોની, મરાઠા અને મહાજનોની મિશ્ર સંસ્કૃતિનો એ સાક્ષી હતો. ધીમેધીમે બદલાતી અર્થવ્યવસ્થાનો એ હિસ્સેદાર હતો. બ્રાહ્મણોનો વેદ-વેદાંત અને ધર્મશાસ્ત્ર ઉપરનો ઇજારો જાણે તૂટી રહ્યો હતો. ભક્તિપ્રવાહના પ્રભાવે મધ્યમ જ્ઞાતિઓ આગળ આવી રહી હતી. પોતે સોની (વૈશ્ય) હોવા છતાં કાશી જઇને શાસ્ત્રોનો અભ્યાસ કરનારો અખો મૂળે વેદાંતી. મતલબ કે કર્મકાંડી રૂઢીજડ બ્રાહ્મણધર્મનો વિરોધી અને તે જ કારણે એની કવિતામાં માત્ર બ્રાહ્મણવાદ જ નહિ; ગુરૂપરંપરા, પાખંડ ઉપરાંત જનસાધારણની અંધભક્તિ અને ધર્માચરણ માટેની ઘેટાંચાલનાં ખૂબ

ચિંથરાં ફાડ્યાં છે. તીખી-કટાક્ષમય ભાષાને સદીઓ સુધી યાદ રહી જાય એવી કવિતામાં ઢાળીને અખાએ પોતે કેટલો બુદ્ધિનિષ્ઠ(રેશનલ) હતો એનો સીધો પરિચય આપી દીધો છે. ગુજરાતી સમાજ અને સાહિત્યમાં સાચા અર્થમાં ‘જ્ઞાનપ્રકાશ યુગનો પ્રહરી’ અખો એની પછી આવનારા તમામ સુધારકોનો અગ્રદૂત છે. એને સંધિકાળનો વેધક સ્વર કહી શકાય.

અખાજીનો જન્મ ઈ.સ. 1591માં, અમદાવાદ પાસે જેતલપુર ગામમાં થયો અને અવસાન ઈ.સ. 1656માં થયું.

## 12. મધ્યકાલીન સ્ત્રી-સંત-ભક્તો

આ સંતો-ભક્તો-સૂફીઓનીહરોળમાં અનન્ય પ્રેમલક્ષણા ભક્તિનાં પદો વગેરે રચનારાં સ્ત્રી-સંતોનો ઉલ્લેખ પણ સંક્ષેપમાં કરીએ. આ સ્ત્રી સંતોએ ખાસ તો સામાજિક રૂઢિઓ, પિતૃસત્તા અને ભેદભાવનો વિરોધ કર્યો હતો. જેમાં રાજસ્થાનનાં મીરાંબાઈ, ગુજરાતનાં ગંગાસતી, મહારાષ્ટ્રનાં વારકરી પંથનાં જનાબાઈ, બહિણાબાઈએ ‘મોક્ષ’નું સ્વપ્ન જોયું તે અવશ્ય, ‘નારીમુક્તિ’નું પ્રથમ ઉડ્ડયન હતું. કાશ્મીરનાં યોગિની લલ્લદેદને હિંદુ યોગી પરંપરામાંયે સ્થાન મળ્યું હતું અને સૂફીસંત તરીકે પણ તે પૂજાયાં હતાં. આજે પણ લલ્લદેદનાં ‘વાક્’(વાણી)માં આધ્યાત્મિક ઊંડાણ અને ઉંચાઈનાં શિખરો સર થતાં જોવા મળે છે. આલ્વારોમાં આંડલે મીરાંની જેમ અપૂર્વ કૃષ્ણભક્તિ ગાઈ છે તો મહાદેવી અક્કાએ લલ્લદેદની જેમ જ નારીદેહમાંથી મુક્ત થઈને ઊર્ધ્વીકરણ સાધ્યું છે.

આ દેશની સમાજવ્યવસ્થા જે રીતે સદીઓથી ચાલતી આવી છે એમાં આ સ્ત્રી-સંતો, જેમાં દલિત મહિલાઓ વધુ સંખ્યામાં હતી- તેમણે પરાંપરાગત માતાની ભૂમિકાને આઘી મૂકીને, જે વ્યક્તિગત મુક્તિની ઝંખના વ્યક્ત કરી છે તેને ખરેખર, સામાજિક ક્રાંતિના ક્ષેત્રે પહેલાં પગરણ કહી શકાય.





**IV.**

ઓગણીસમી અને વીસમી સદીમાં, હિંદુધર્મ અને અન્ય ધર્મો સાથે નવી જન્મેલી સ્વાતંત્ર્ય-ભાવના, રાષ્ટ્રીયતા વગેરેની સહોપસ્થિતિ વિશે જે મંથન શરૂ થયું તેણે આ દેશના રાજકીય અને સાંસ્કૃતિક-સામાજિક પરિદૃશ્ય ઉપર ખાસ્સી અસરો પાડી. આ સંદર્ભે થોડીક વ્યક્તિઓ ઉલ્લેખનીય છે, તેમની ટૂંકી પરિચયરેખા આપી છે.

## 1. વિનાયક દામોદર સાવરકર



જન્મ : ઈ.સ. 1883- નાસિક, મહારાષ્ટ્ર.
અવસાન : ઈ.સ. 1966- મુંબઈ.

‘હિંદુત્વ’ અને ‘હિંદુ રાષ્ટ્રવાદ’ની વિચારધારાના સર્જક અને પ્રચારક સાવરકરની કારકિર્દીની શરૂઆત હિંદના સ્વાધીનતા સંગ્રમની સશસ્ત્ર ક્રાંતિકારી ધારાના આકર્ષણથી થઈ. તે જ્યારે લંડનમાં બૅરિસ્ટર થવા અભ્યાસ કરતા હતા ત્યારે ‘ઇન્ડિયા હાઉસ’ના ક્રાંતિકારીઓના સંપર્કમાં આવ્યા. 1857ના વિપ્લવ વિશે અને હિંદુસ્તાનની મુક્તિ વિશેનાં એમનાં લખાણો પ્રસિદ્ધ થવાને કારણે બ્રિટીશ સરકારની ખફગી તેમના ઉપર હતી જ. લંડનમાં જ એમની ધરપકડના પ્રયાસો શરૂ થયા, એમાંથી છટકીને ફ્રાન્સ જઈને હિંદુસ્તાન આવતા હતા ત્યારે એમની ધરપકડ થઈ અને તેમને આંદામાનની જેલમાં કેદ કરવામાં આવ્યા. જેલમાં એમણે પોતાની વિચારધારા વિશે પુસ્તકો લખ્યાં. છેવટે લગભગ 12 વર્ષના જેલવાસ પછી, માફીપત્ર અને સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ નહિ લેવાની ખાતરી અંગ્રેજ સરકારને આપવાને કારણે એમને મુક્ત કરવામાં આવ્યા.

જેલમાંથી છૂટયા પછી એમણે સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ ન લીધો એટલું જ નહિ, કોંગ્રેસ અને ગાંધીજીનો પ્રગટ અને પ્રખર વિરોધ કર્યો. 'હિંદુ મહાસભા'ની સ્થાપના કરી. જે આગળ જતાં રાજકીય પક્ષ બની અને 'જનસંઘ', 'વિશ્વહિંદુ પરિષદ' અને ભારતીય જનતા પક્ષ(ભાજપ)ની માતૃસંસ્થા પણ બની. સાવરકરે 'હિંદુત્વ'ની જે વિચારધારા આપી, તેમાં મુખ્ય વિચારો હતા- ઉપયોગિતાવાદ, બુદ્ધિવાદ, સકારાત્મકતા, વૈશ્વિકવાદ અને વાસ્તવવાદ. દેશનાં હિંદુઓને એક થવાનું એમણે આવ્હાન કર્યું. અને બિનહિંદુઓ તેમ જ હિંદુ સિવાયના ધર્મોનો આ દેશમાં અસ્વીકાર કર્યો. આ દેશને આઝાદી મળ્યા પછી 'હિંદુરાષ્ટ્ર' બનાવવાની કલ્પના તેમ જ તેને સાકાર કરવાની વ્યૂહરચના ધીમેધીમે ધિક્કાર અને હિંસકતામાં બદલાતાં ગયાં. આજે દેશનાં કટ્ટરવાદી પરિબળોને સ્થાપવા અને મજબૂત કરવામાં સાવરકરની ભેદભાવભરી વિચારધારાએ મોટો ફાળો આપ્યો.

## 2. ડો. ભીમરાવ આંબેડકર



જન્મ : ઈ.સ. 1891 – મઉ, મધ્યપ્રદેશ.

અવસાનઃ ઈ.સ. 1956 દિલ્હી.

મહારાષ્ટ્રના દલિત પરિવારમાં જન્મેલા અને 'બાબાસાહેબ'ના હુલામણા નામે ઓળખાતા ડો. આંબેડકર આ દેશના વિરલ કહેવાય તેવા રાજદ્વારી પુરુષ હતા, પ્રબુદ્ધ ચિંતક હતા, બંધારણના નિર્માણમાં અગ્રણી હતા કે દલિતોના 'મસીહા' હતા એ તો પ્રસિદ્ધ હકીકતો છે. પણ આપણી 'ખોજ'ના સંદર્ભમાં, બાબાસાહેબ 'પ્રબુદ્ધ ચિંતક' હોવા ઉપરાંત 'ધર્મ પુરુષ' પણ હતા, એ મહત્ત્વનું છે.


સંક્ષેપમાં કહીએ તો, બાબાસાહેબે સમતાવાદી, ભૌતિકવાદી, અનાત્મવાદી એવા બૌદ્ધધર્મનો ભારતમાં પુનરૂદ્ધાર કર્યો. આપણે જોઇ ગયા કે બૌદ્ધધર્મને લગભગ ઈસ્વીસન પૂર્વે જ બ્રાહ્મણધર્મે અહીંથી દેશવટો આપી દીધો હતો અને શ્રીલંકા,





બર્મા વગેરે દક્ષિણ પૂર્વના દેશમાં તેનો સ્વીકાર થયો હતો. નવબૌદ્ધધર્મ, બાબાસાહેબે શોષણના સવાલો વિશે સતત ચિંતાતુર રહેતા અને એના ઊકેલની શોધ પણ સતત કરતા રહેતા. પ્રબુદ્ધચિંતક ઉપરાંત તેઓ પ્રખર અર્થશાસ્ત્રી પણ હતા. યાંત્રીકરણ, ઔદ્યોગિકીકરણ, આધુનિક ટેક્નોલોજી આ દેશની ગરીબી અને ગરીબોની બેરોજગારીની સમસ્યાને દૂર કરી શકશે એવો એમને વિશ્વાસ હતો. આધુનિકતાનાં મૂલ્યો- જેવાં કે સ્વતંત્રતા-સમાનતા-બંધુતા-બુદ્ધિનિષ્ઠા-વૈશ્વિકતા, ધર્મનિરપેક્ષતાની સાથોસાથ એ નૈતિકતાના મૂલ્યને પણ અનિવાર્ય ગણતા. એમની નૈતિકતા, 'ધાર્મિકતા' સાથે નહિ, 'નાગરિકતા' સાથે સંકળાયેલી હતી. આવી સમાનતાવાદી નૈતિકતા એક પ્રકારની તાર્કીક અને ભૌતિકવાદી ભૂમિકા સાથે એમને બૌદ્ધધર્મમાં સાંપડી. પોતે અનેક ધર્મો-સંપ્રદાયોનો ઊંડો અભ્યાસ કરી ચૂક્યા હતા. તમામનો તુલનાત્મક અભ્યાસ કર્યા પછી છેવટે એમણે બૌદ્ધધર્મની દીક્ષા લીધી; તેમની સાથે હજારો દલિતોએ પણ ધર્મપરિવર્તન કર્યું. દલિતોની મુક્તિ માટે એમને આ જ એક માત્ર રસ્તો સૂઝયો હતો જેમાં સ્વમાનભેર પોતાનું જીવન ગુજારી શકાય અને અંતરની અભીપ્સા પણ સંતોષાય. બાબાસાહેબની પેલી આધ્યાત્મિક પ્રતિજ્ઞા પણ એનાંથી સંતોષાઈ- ''હું ભલે હિંદુ તરીકે જનમ્યો પણ હિંદુ તરીકે મરીશ તો નહિ જ!''

## 3. શ્રી અરવિન્દ



પોતાની આધ્યાત્મિક સાધનાને કારણે 'મહર્ષિ' તરીકે ઓળખાતા શ્રી. અરવિંદ જન્મેલા અરવિન્દ ઘોષ, ઈંગ્લેંડમાં આઈ.સી.એસ.નો અભ્યાસ કરીને પાછા આવ્યા અને વડોદરાના મહારાજા સયાજીરાવના સલાહકાર તરીકે નિમાયા. સાથે સાથે દેશના સ્વાધીનતા સંગ્રામમાં પણ સંકળાતા ગયા. તેમના ઉદ્દામવાદી લેખોને કારણે અંગ્રેજ સરકારે એમની ધરપકડ કરી. કહેવાય છે કે જેલવાસ દરમ્યાન એમને અલૌકિક / દિવ્ય દર્શન લાધ્યું અને જેલમાંથી છૂટ્યાં પછી, ફ્રેંચ સંસ્થાન પોંડીચેરી(મદ્રાસ પાસે) માં સ્થાયી થયા. સંન્યસ્ત લીધું અને રાજનીતિ

છોડી. ત્યાં ધ્યાનમાર્ગે ઊર્ધ્વીકરણ સાધવાના પ્રયાસો કર્યો. તેઓ માનતા હતા કે યોગસાધના દ્વારા માનવીની ચેતનાનો વિકાસ એટલી હદે થઇ શકે કે તે જીવનમાં જ દિવ્યતાનો અનુભવ કરી શકે.

એક રીતે જુઓ તો શ્રમણપંથો (જૈન, બૌદ્ધ)ની યોગસાધના અને વેદાન્ત, ઉપનિષદ્‌ના વિચારોનું અહીં અનુસંધાન સાથે વિસ્તરણ થાય છે. માનવકેન્દ્રિતા જેવું આધુનિક મૂલ્ય અહીં ઉજાગર થતું દેખાય છે પણ સરવાળે તેમની વિચારધારા, વ્યક્તિ / સાધકને જનસાધરણથી વિખૂટા પાડે તેવી, એકાંતવાદી બની છે. તેમણે પંથ સ્થાપ્યા વિના જ સાધનાધારાને ફેલાવી છે.

વીસમી સદીના ઘણાં બુદ્ધિજીવીઓ આ, પલાયનવાદી કહી શકાય તેવી વિચારધારાથી આકર્ષાયા છે. સ્વામી વિવેકાનંદના કર્મયોગના સામા છેડાનો આ ધ્યાનયોગ છે, જેને 'પુનરૂત્થાનવાદી' પણ કહી શકાય.

ઇ.સ. 1950માં શ્રી અરવિન્દનું અવસાન, એમણે પોતે સ્થાપેલા આશ્રમમાં-પોંડીચેરીમાં જ થયું.

## 4. સ્વામી વિવેકાનંદ



19મી સદીના ધર્મસુધારણા અભિયાન દરમ્યાન, સામાજિક જાગરણના પ્રયાસો પણ થયા; જેમાં રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રીય અસ્મિતાનું જાગરણ પણ શરૂ થયું. સ્વામી વિવેકાનંદે આ દિશામાં પહેલ કરી એમ કહી શકાય.

કલકત્તામાં ઇ.સ. 1863માં જન્મેલા નરેન્દ્રનાથને તરૂણાવસ્થાથી જ અધ્યાત્મ પ્રત્યે ખેંચાણ હતું. પણ હિંદના સમાજની ધર્મઘેલછા અને અંધશ્રદ્ધાને કારણે રૂઢ ધર્માચરણ પ્રત્યે અણગમો થઇ ગયો હતો. બંગાળના પ્રસિદ્ધ અધ્યાત્મગુરુ






રામકૃષ્ણ પરમહંસના સંપર્કથી નરેન્દ્રનાથમાં બદલાવ આવ્યો અને પોતે હિન્દુ સંન્યાસી 'વિવેકાનંદ' બન્યા. વેદાન્તના ઊંડા અધ્યયન પછી હિંદુધર્મ વિશેની નવી સમજણ પ્રાપ્ત કરીને નવા અર્થઘટનને સમાજમાં પ્રચલિત કરવાની નેમ લીધી. કાશ્મીરથી કન્યાકુમારી અનેકવાર દેશાટન કર્યું. હિંદુધર્મના સડા અને કુપ્રથાઓનો ઉગ્ર વિરોધ કર્યો. અજ્ઞાન, અંધશ્રદ્ધા, પાખંડ અને અકર્મણ્યતા(આળસ) એ આપણા મહાન રાષ્ટ્રના પતનનાં કારણો છે એમ તે માનતા અને ખાસ કરીને યુવાનોને આ અંધકારમાંથી બહાર આણવા માટે એમણે વિવિધ લેખો-વ્યાખ્યાનો અને નક્કર કાર્યક્રમો આપ્યા. સંગઠન અને અધ્યયન બંનેનો મહિમા કર્યો. મન, બુદ્ધિ અને શરીર- ત્રણેની કેળવણી ઉપર ભાર મૂક્યો. 'રામકૃષ્ણ મિશન'ની સ્થાપના કરી અને સેંકડો યુવાનોને આ કાર્યમાં જોડ્યા. પોતે અમેરિકાના શિકાગોમાં વિશ્વ-ધર્મ પરિષદમાં જઇને હિંદુધર્મના નવા અર્થઘટન અંગે પ્રવચન પણ કર્યું .

આ પ્રયાસને 'પુનરૂત્થાનવાદી' કહી શકાય. એનો તત્કાલીન પ્રભાવ તો ખૂબ સ્વાભિમાન-પ્રેરક હતો પણ પછીના ગાળામાં જે પરિણામો આવ્યાં તેણે જ 'હિંદુત્વ'ની ભાવનાને જન્મ આપ્યો, જે ભારતના રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અસ્તિત્વ માટે વિઘાતક નિવડી છે. ખાસ તો આધુનિકતાનાં મૂલ્યોથી દેશને દૂર રાખી રહી છે. જો કે વિવેકાનંદ પોતે યાંત્રીકરણ, ઉદ્યોગો કે અંગ્રેજીભાષાના વિરોધી કદી નહોતા.

વિવેકાનંદનું અવસાન ઇ.સ. 1902માં થયું- ત્યાર પછી એમની સ્મૃતિમાં 'વિવેકાનંદ કેન્દ્ર' દ્વારા દેશભરમાં હિંદુ સંસ્કૃતિને ભૂમિકારૂપે રાખીને શિક્ષણ, આરોગ્ય, આધ્યાત્મ અને દલિતો, મહિલાઓ અને આદિવાસીઓના વિકાસનાં કાર્યો કરવામાં આવે છે. પારંપરિક રીતે કોઇ પણ હિંદુ દેવી-દેવતામાં ન માનનારા સ્વામી વિવેકાનંદે દેશની વાસ્તવિકતાનું આકલનકરીને 'દરિદ્રનારાયણ'(ગરીબરૂપી ઇશ્વર) ની સેવા કરવાનો ઉપદેશ આપ્યો હતો.

## 5. ગોવિંદગુરુ (1863-1931)



ગુજરાત-રાજસ્થાન અને મધ્યપ્રદેશના આદિવાસીઓમાં સુધારાનો સંચાર કરનારા ગોવિંદગુરુની મુખ્ય કર્મભૂમિ ગુજરાત હતી. એમને સુધારક તરીકે ખતવી દેવામાં આપણા સમાજના મુખ્યપ્રવાહના સમાજ સુધારણા આંદોલનનો મોટો ફાળો છે.

એ વાત સાચી કે રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના નાનકડા ગામમાં, વણઝારા સમુદાયમાં જન્મેલા ગોવિંદગુરુ નવયુવાન વયે જ સાધુઓમાં ભળી ગયા હતા. એ દરમ્યાન સ્વામી દયાનંદના સંપર્કમાં આવ્યા હતા. જેને કારણે પણ એમનામાં રાષ્ટ્રભાવના, આર્યત્વ, સ્વતંત્રતા જેવી ભાવનાઓનો સળવળાટ થયો હશે. આદિવાસીઓને સંગઠિત કરવા એમનામાં અસ્મિતાનું જાગરણ પણ કરવું જોઇતું હતું. કેમ કે સદીઓથી, ખાસ તો અંગ્રેજોએ ઔદ્યોગિકીકરણ અને યંત્રીકરણ માટે જંગલો અને પર્વતીય વિસ્તારોનાં કુદરતી સંસાધનોનું શોષણ કર્યું હતું. જેમાં આદિવાસી સમુદાયને સૌથી વધુ વેઠવું પડ્યું – વિસ્થાપિત થવું પડ્યું- ગુલામ જેવી દશામાં વેઠ વૈતરાં કરવાં પડ્યાં અને પોતાનાં જંગલો, જમીનો અને જળસ્ત્રોતો ગુમાવવાં પડ્યાં હતાં.

એ વાત સાચી કે ગોવિંદગુરુએ આદિવાસીઓને સ્વચ્છતા, સ્નાન, શાકાહાર, દારૂબંધી, એકપત્નિવ્રત, શિક્ષણ વગેરે મુદ્દે જાગૃત કર્યા, એ માર્ગે વાળવા વ્રત-કંઠીબંધણું જેવા વિધિ પણ કર્યા. ઉપરાંત દહેજ, ભાગેડુ લગ્ન જેવાં દૂષણો પણ છોડાવ્યાં અને 'પંથ'ની સ્થાપના કરી, ધૂણીઓ ધખાવી(હવન કર્યા). પણ આ જ રસ્તે એમણે આદિવાસીઓનાં મન-ચિત્તમાં અન્યાય, અત્યાચાર, વેઠમાંથી મુક્ત થવાની ઝંખના પણ જગાડી. 'સંપ સભા'નામે સંગઠન કર્યું અને પગપાળા પ્રવાસ, નાની સભાઓ યોજીને આંદોલનની





પ્રેરણા આપી, વ્યૂહરચના ઘડી હતી. 'ભગત આંદોલન' તરીકે ઓળખાયેલી આ પ્રવૃત્તિ આમ બે મોરચે સક્રિય હતી. એક રીતે અહીં આદિવાસીઓના હિંદુકરણની શરૂઆત પણ થઇ કહેવાય; તો બીજી રીતે સશસ્ત્ર યુદ્ધનો નમૂનો પણ કહી શકાય. માનગઢના ડુંગરો અને ખાઇઓમાં આ સંગ્રામ ખેલાયો. ત્યારે 17 નવેમ્બર, 1913માં અંગ્રેજી હકૂમત સામે હજારો ભીલોએ સંગઠિત થઇને સશસ્ત્ર ચડાઇ કરી. હજારો ભીલોની ધરપકડ થઇ અને કહેવાય છે કે 2500-3000 ભીલ આદિવાસીઓ હણાયા. એમની પાસે તીરકામઠાં હતાં અને અંગ્રેજી સૈન્ય પાસે બંદૂકો. આદિવાસી શોષિતોના આ મુક્તિસંગ્રામ અને શહાદતને 'જલિયાંવાલા હત્યાકાંડ' સાથે સરખાવાય છે.

ધર્મના નામે શોષિતોને સંગઠિત, કરીને આંદોલન છેડવાનો આ અનોખો પ્રયાસ હતો. જેનાથી બ્રિટીશ હકૂમતને 'ભીલરાજ' સ્થપાવાનો ડર લાગ્યો હતો, ગાંધીવાદી નેતાઓને સશસ્ત્ર ક્રન્તિને બહાલી મળે તેવી બીક લાગી હતી. સરવાળે, આ નાનકડી લડાઇ માત્ર આદિવાસીઓ પર ભક્તિપ્રવાહની મોટી અસરમાં ફેરવાઇ ગઇ.

# V. "મંડળો મળવાથી થયા લાભ"

19મી સદીમાં, હિંદુઓમાં જે ધર્મસુધારણા અને સમાજ-સુધારના છૂટાછવાયા પ્રયોગો થયા તેમાં મુંબઇ અને અમદાવાદમાં શરૂ થયેલા કેટલાક પ્રયાસો નોંધપાત્ર હતા.

## 1. બ્રાહ્મો સમાજ

હિંદુસ્તાનમાં, ધર્મસુધારણા વિષયક સૌ પ્રથમ ચળવળ શરૂ થઇ બ્રાહ્મોસમાજની સ્થાપનાથી. (ઇ.સ. 1860, કલકત્તા). આ પહેલાં 1859માં 'તત્ત્વબુદ્ધિસભા' નામે મંડળ ચાલતું હતું, જે બ્રાહ્મોસમાજના નામે વિકસ્યું. બ્રાહ્મોસમાજના સ્થાપક હતા રાજા રામમોહન રાય. ઓગણીસમી સદીમાં હિંદુ ધર્મની અંદર જ દૂષણો હતાં,

અતાર્કિકતા હતી તેને પારખવાના અને દૂર કરવાના પ્રયાસ માટે ચર્ચામંડળો જરૂરી હતાં. નવશિક્ષિત હિંદુસ્તાનીઓ પોતાના ધર્મ અને સમાજના પછાતપણાથી લજ્જિત હતા અને પ્રગતિ માટે થનગનતા હતા. પણ પહેલાં તો જેને હિંદુધર્મ કહેવાતો હતો તેનો સાંગોપાંગ પરિચય મેળવવો જરૂરી હતો. પણ ફક્ત હિંદુધર્મ જ નહિ- આ મંડળમાં જગતના ધર્મોનો અભ્યાસ કરીને, તત્ત્વ ચર્ચા કરવામાં આવતી. ધીમેધીમે સમાજ સુધારાના કાર્યક્રમો, ઝૂંબેશો, લખાણોનું લેખન અને પ્રકાશન-જેવી પ્રવૃત્તિઓ હાથ ઉપર લેવાતી ગઇ.

રાજા રામમોહન રાય ઉપરાંત દેવેન્દ્રનાથ ટાગોર અને કેશવચંદ્ર સેનનાં નામ પણ આ મંડળ સાથે જોડાયેલાં છે.

ધર્મચર્ચા, ઉપનિષદોનું અર્થઘટન વગેરેથી શરૂઆત કરીને 'સમાજે' સ્ત્રીઓની સામાજિક સ્થિતિમાં સુધાર આણવાને પ્રાથમિકતા આપી- સતી થવા ઉપર પ્રતિબંધ, બાળલગ્ન, વિધવા-દુર્દશા, દહેજપ્રથા વગેરેના નિર્મૂલનની સાથે સ્ત્રીકેળવણી, સ્ત્રી-મંડળોની સ્થાપના... જેવા સકારાત્મક કાર્યક્રમો હાથ ઉપર લેવાયા.

બંગાળમાં નવજાગરણની શરૂઆત બ્રાહ્મોસમાજથી થઇ પણ ધીમેધીમે એની અસરકારકતા ઘટી ગઇ.

આ પ્રકારનાં મંડળો એક રીતે ધર્મસુધારણાને પ્રાથમિકતા આપતાં હતાં પણ આડકતરી કે સીધી રીતે પણ સમાજસુધારાના કાર્યક્રમો પણ હાથ ઉપર લેવાતા ગયા. હિંદ માટે 'સુધારો' એ આધુનિકતા તરફ જવાનું પહેલું પગલું હતું- પ્રાચીનતામાંથી અર્વાચીનતા અને છેવટે આધુનિકતા તરફની આ ગતિ, દેશની વાસ્તવિકતા અને પ્રાચીનતા પ્રત્યેના નાદુરસ્ત વળગણને કારણે પૂરી અર્વાચીનતા સુધી પણ માંડ પહોંચી.

## 2. પ્રાર્થના સમાજ

ઇ.સ. 1867માં, મુંબઇમાં આ મંડળની સ્થાપના થઇ. મોટે ભાગે મુંબઇવાસી, સુશિક્ષિત, મધ્યમ તેમ જ ઉપલા મધ્યમવર્ગના, સવર્ણ જ્ઞાતિઓના પુરુષોનું આ





મંડળ હતું. જેના સ્થાપક હતા ડૉ. આત્મારામ પાંડુરંગ. આ બુદ્ધિજીવીઓ નિયમિત રીતે મળતા અને ધર્મતત્વ-ચર્ચા કરતા. તેમનું મુખ્ય ધ્યેય લોકોને એકેશ્વરવાદ તરફ દોરવાનું હતું. સાથે સાથે સામાજિક કુરૂઢિઓનો વિરોધ પણ કરતા. 'પ્રાર્થના સમાજ'ના એક ફાંટા રૂપે મુંબઇમાં જ 'પરમહંસ સભા' નામે એક ગુપ્ત મંડળ પણ ચાલતું હતું. ગુપ્ત એ માટે કે જેને કારણે સમાજનાં માથાભારે લોકો સાથે સંઘર્ષમાં ન ઊતરવું પડે અને સુધારાનું કામ નિર્વિઘ્ને ચાલતું રહે. આ મંડળની મીટીંગો દરમ્યાન ચર્ચાઓ થતી, એકેશ્વરવાદનાં પદોનું ગાન થતું અને સમૂહભોજન થતું જેમાં કોમ-ધર્મ-નાત-જાતના ભેદભાવ તોડીને 'સમાનતા'ની વિચારણાને આચરણમાં મૂકવામાં આવતી. જેમ કે મંડળના હિંદુસભ્યો દલિતોએ રાંધેલું જમતા, જેમાં ખ્રિસ્તી સભ્યોએ 'બ્રેડ' બનાવી હોય, મુસ્લિમ સભ્યો પાણી પિરસતા હોય... આવાં સમૂહભોજન ખરે જ, સાહસિક અને રૂઢિભંજક રહેતાં.

## 3. સત્યશોધક સમાજ

મહાત્મા જ્યોતિરાવ ફૂલેએ, ઇ. 1873માં પૂનામાં આ મંડળની સ્થાપના કરી. મહત્મા ફૂલે શૂદ્રો-દલિતો અને સ્ત્રીઓનાં બ્રાહ્મણવાદે કરેલા શોષણનો વિરોધ કરતા. આ મંડળનું મુખ્ય ધ્યેય પણ એ જ હતું. મંડળમાં બ્રાહ્મણવાદ, અસ્પૃશ્યતા, સ્ત્રીઓ પર થતા અત્યાચાર, ધાર્મિક પાખંડ અને કુરૂઢિઓનો વિરોધ થતો, ચર્ચાવિમર્શ થતાં, લેખો લખાતા ને વંચાતા હતા. કર્મકાંડનો વિરોધ કરીને નીતિધર્મનું પ્રબોધન થતું હતું. તે સિવાય શિક્ષણ, સ્ત્રી શિક્ષણ, વિધવાવિવાહ જેવા સકારાત્મક કાર્યક્રમો પણ હાથ ઉપર લેવાતા.

આ ચળવળને શાહૂ મહારાજનો ખાસો ટેકો હતો. મહારાષ્ટ્રના સમાજમાં જાગૃતિનો સંચાર કરવામાં ઉપરોક્ત બંને મંડળોનો ફાળો હતો.

## 4. ઇશ્વર-પ્રાર્થના સમાજ, અમદાવાદ

19મી સદીમાં, અમદાવાદ ઝડપભેર ઉદ્યોગપ્રધાન શહેર તરીકે વિકસી રહ્યું હતું. 'હિંદુસ્તાનનું મૅન્ચેસ્ટર' પણ કહેવાવા લાગ્યું હતું. મૂડીવાદ, ઉદ્યોગીકરણ,

યાંત્રીકરણની સાથોસાથ શિક્ષણ-અંગ્રેજી શિક્ષણ અને બુદ્ધિવાદ, વૈજ્ઞાનિક અભિગમો વગેરે જ્ઞાનપ્રકાશનાં મૂલ્યો ઉપલી કહેવાતી જ્ઞાતિઓમાં ફેલાઇ રહ્યાં હતાં. અમદાવાદના અંગ્રેજ અધિકારી એલેક્ઝાન્ડર કિન્લોક ફૉર્બ્સ (ફારબસ સાહેબ) ગુજરાતી ભાષા-સંસ્કૃતિના વિકાસમાં અંગત રસ લઇ રહ્યા હતા. તત્કાલીન અમદાવાદના બુદ્ધિજીવીઓ અને શ્રીમંતોએ ભેગા થઇને 'પ્રાર્થના-સમાજ'ની સ્થાપના કરી, એમાં ફારબસ સાહેબની પ્રેરણા પણ હતી. વળી મુંબઇના 'પ્રાર્થના-સમાજ'નું દૃષ્ટાંત પણ એમની સામે હતું. અમદાવાદના કેટલાક શિક્ષિત પુરુષો, મૂડીપતિઓ અને નાગરિક-સેવા(મ્યુનિસિપાલિટી) સાથે સંકળાયેલા બુદ્ધિજીવીઓ વગેરેએ ભેગા મળીને આ સમાજ સ્થાપ્યો- ઇ. 1875.

એની મુખ્યવિચારધારા હતી એકેશ્વરવાદનો પ્રસાર-પ્રચાર. હિંદુધર્મના અનેક દેવો, લોકોની ધર્મઘેલછા, અંધશ્રદ્ધા, નિરક્ષરતા જેવા મુદ્દા વિશે ચર્ચાઓ અને સપ્તાહમાં એક વાર 'સર્વધર્મ પ્રાર્થના' થતી અને વિવિધ ધર્મોના વિદ્વાનો સાથે ચર્ચા પણ ચાલતી. સામાજિક દૂષણો જેવાં કે વિધવા-વિવાહ, કજોડાં, વગેરે દૂર કરવા પણ પ્રયાસ થતો. જો કે આ બધું ચર્ચા અને લેખનના સ્તરે થતું.

સરવાળે, એક 'બૌદ્ધિક-મંડળ' તરીકે પ્રાર્થના સમાજે મર્યાદિત સમય સુધી અર્વાચીનતાની છાપ ઊભી કરી. 'અસ્પૃશ્યતા નિવારણ' કે 'જ્ઞાતિસંસ્થાનાબૂદી' જેવા મુદ્દા એમના એજન્ડા પર નહોતા. ઉપલા વર્ગના સુધારા માત્ર કુરિવાજો-અંધશ્રદ્ધા પૂરતા સિમિત હતા. 'પ્રાર્થના સમાજ'ના અગ્રણીઓએ 'સુધારાવાદી સાહિત્ય', તત્ત્વજ્ઞાન આધારિત નિબંધ સાહિત્ય, અધ્યાત્મરંગી કવિતા, સંસ્મરણો... જેવાં ક્ષેત્રે મોટું પ્રદાન કર્યું.

આજે પ્રાર્થના સમાજની પ્રવૃત્તિઓ બંધ પડી છે. ફક્ત એક નમૂનેદાર મકાન અમદાવાદના એક ખૂણે ઊભું છે, જેમાં કદાચ પહેલી જ વાર સર્વધર્મની સ્થાપત્ય શૈલીનો સમાવેશ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.





**પરિશિષ્ટ -3**

# સંદર્ભ-સૂચિ

(આ પુસ્તિકા લખવા માટે અનેક પુસ્તકો, સામયિકો, છૂટક લેખોનું વાંચન કર્યું છે. તદુપરાંત કેટલીક ફિલ્મો, જાતમુલાકાત, પ્રવાસ અને પ્રત્યક્ષ અંગત અનુભવોનો પણ લેખનમાં ક્યાંક ને ક્યાંક પ્રભાવ પડ્યો જ છે. બધું જ નોંધવું તો અશક્ય છે પણ કેટલાંક અનિવાર્ય પુસ્તકો, અભ્યાસ-લેખો, સામયિકોની યાદી આપી છેઃ યાદીમાં ક્રમ રાખ્યો છે તે પણ પ્રાથમિકતાના ધોરણે રાખ્યો છે.)



| નામ | ભાષા | લેખક |
|---|---|---|
| 1. ભક્તિ ઔર જન | હિંદી | ડૉ. સેવા સિંઘ |
| 2. સિકીંગ બેગમપુરા | અંગ્રેજી | શ્રી. ગેલ ઑમ્વેટ |
| 3. પ્રોફેટ્સ ફેસીંગ બેકવર્ડ | અંગ્રેજી | ડૉ. મીરા નંદા |
| 4. ભાગ- 13, 14, 3 - સંપૂર્ણ ગ્રંથાવલિ | ગુજરાતી | ડૉ.ભીમરાવ આંબેડકર |
| 5. આધુનિકતા અને ભારતનું બંધારણ | ગુજરાતી | શ્રી. ગિરીશ પટેલ |
| 6. કબીર | હિંદી | પ્રા. હજારીપ્રસાદ દ્વિવેદી |
| 7. કબીર- સાખી આર સબદ | હિંદી | ડૉ. પુરુષોત્તમ અગ્રવાલ |
| 8. અકથ કહાની પ્રેમકી | હિંદી | ડૉ. પુરુષોત્તમ અગ્રવાલ |
| 9. કબીર પદાવલિ | ગુજરાતી | રવીન્દ્રનાથ ટાગોર |
| 10.દૂસરી પરંપરાકી ખોજ | હિંદી | ડૉ. નામવર સિંહ |
| 11.રિલિજિયન ઇન મિડિવલ ઇંડિયા | અંગ્રેજી | ડૉ. ઇરફાન હબીબ |
| 12.ભક્તિ-સૂફી મૂવમેન્ટ | અંગ્રેજી | ડૉ.કવિતા પંજાબી |

| | | |
|---|---|---|
| 13.હિંદી ભક્તિસાહિત્ય મેં સામાજિક મૂલ્ય એવં સહિષ્ણુતાવાદ | હિંદી | ડૉ. સાવિત્રી ચંદ્ર |
| 14.ભારતકી રાષ્ટ્રીય સંસ્કૃતિ | હિંદી | ડૉ. આબિદ હુસૈન |
| 15.ઔરંગઝેબ | અંગ્રેજી | પ્રો. જદુનાથ સરકાર |
| 16.ઇન્ડિયન હિસ્ટ્રી | અંગ્રેજી | ધર્માનંદ કોસાંબી |
| 17.સોમનાથ | અંગ્રેજી | પ્રો. રોમિલા થાપર |
| 18.મધ્યકાલીન ગુજરાતમાં ભક્તિ અને સૂફી આંદોલન | ગુજરાતી | સં. પ્રા. મકરંદ મહેતા |
| 19.અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન | ગુજરાતી | શ્રી. હીરાલાલ પારેખ |
| 20.મધ્યકાલીન ભારતીય ભક્તિકવિતાની સુવર્ણ ફસલ | ગુજરાતી | ડૉ. ભોળાભાઇ પટેલ |
| 21.સંસ્કૃતિ સંદર્ભ | ગુજરાતી | સં. ડૉ. રઘુવીર ચૌધરી. |
| 22.અખો- એક અધ્યયન | ગુજરાતી | ડૉ. ઉમાશંકર જોષી. |
| 23.અખો | ગુજરાતી | ડૉ. કીર્તિદા શાહ |
| 24.મધ્યકાલીન સાહિત્ય | ગુજરાતી | પ્રા. અનંતરાય રાવળ |
| 25.ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ - ભાગ - 3 | ગુજરાતી | પ્રા. યશવંત શુક્લ |
| 26.આધુનિકતા એટલે... | ગુજરાતી | ડૉ. સરૂપ ધ્રુવ |
| 27.વિજ્ઞાન અને આધુનિકતા | ગુજરાતી | ડૉ. રવિ સિંહા<br>ડૉ. ઉમાશંકર તિવારી |
| 28.મહિલાઓની સમસ્યાઓ, આંદોલનો અને આધુનિકતા | ગુજરાતી | ડૉ. સરૂપ ધ્રુવ અને હિરેન ગાંધી |
| 29.ઇશ્વર- એક હાનિકારક કપોળ કલ્પના | ગુજરાતી | પ્રા. જયંતીભાઇ પટેલ |
| 30.ગુજરાતના સાહિત્યકારોને અનુલક્ષીને એક નિબંધ 'ભક્તિ પરંપરા – એક મૂલ્યાંકન'- જેમાં ગોવર્ધનરામ ત્રિપાઠીના ઉપરોક્ત નિબંધ વિશે મિમાંસા છે. | ગુજરાતી | પ્રા. આર. એલ. રાવલ |
| 31.ગોવિંદ ગુરુ અને તેમનું ભગત-આંદોલન | ગુજરાતી | પ્રા. અરુણ વાઘેલા |





| | | |
|---|---|---|
| 32.કબીરા ખડા બાજારમેં | ગુજરાતી | શ્રી. ગુણવંત શાહ |
| 33.ગૉડસેસ ચિલ્ડ્રન | અંગ્રેજી | બિ. સુભાષ ગાતાડે |
| 34.હિન્દુ, હિંદુત્વ, હિંદુસ્તાન | હિંદી | પ્રા. સુધીર ચન્દ્ર |
| 35.લોકતાંત્રિક ભારત યા હિંદુ રાષ્ટ્ર ? | હિંદી | ડૉ. રામ પુનિયાની |
| 36.સાધનાત્રયી | ગુજરાતી | ક્ષિતિમોહન સેન |
| 37.ભક્તિ આંદોલન પ્રેરિત કલાઓ અને મધુરભાવ | ગુજરાતી | ડૉ. પૂર્ણિમા શાહ |
| 38.મારું હિંદનું દર્શન | ગુજરાતી | પં. જવાહરલાલ નહેરૂ |
| 39.સોશ્યલ મૂવમેન્ટસ એન્ડ કલ્ચરલ કરન્ટ્સ | અંગ્રેજી | ડૉ. વંદના જોષી |
| 40.ધર્માન્તરણ - જરા સી જિન્દગી કે લિયે | હિંદી | મણિમાલા |

# કેટલાંક સામયિકો, પત્રિકાઓ

(ઘણાં વર્ષોથી બુદ્ધિવાદ, ધર્મનિરપેક્ષતા અને ઇશ્વરના ઇન્કાર વગેરે વિષયો ઉપર થોડાંક સામયિકો પ્રગટ થાય છે, રસ ધરાવનારે તે અવશ્ય જોવાં)

| | | |
|---|---|---|
| 1. સત્યાન્વેષી | સૂરત | તંત્રી શ્રી. બાબુભાઇ દેસાઇ |
| 2. વૈશ્વિક માનવવાદ | મહેમદાવાદ | શ્રી. બિપીનભાઇ શ્રોફ |
| 3. વિવેકપંથી | મુંબઇ | શ્રીમતી હર્ષા બાડકર |

આ તમામ પત્રિકાઓ-મેગેઝિન્સ, ગુજરાતમાં ચાલી રહેલી જ્ઞાનપ્રકાશ, નવજાગરણ અને રેશનાલિસ્ટ પ્રવૃત્તિઓનાં મંડળો દ્વારા પ્રગટ થાય છે. જો કે તેનાં સભ્યો, લેખકો, વાંચકોની સંખ્યા ઓછી હોવા છતાં એક જીવંત કોશીશ જારી છે.

આપણી 'ખોજ'ના સંદર્ભે એટલું કહી શકાય કે 'રેશનાલિઝમ'નો કંઇક સીમિત અર્થ આ મંડળોમાં પ્રચલિત છે. બુદ્ધિવાદ કે ઇશ્વરના ઇન્કાર ઉપરાંત સ્ત્રી-પુરૂષ સમાનતા, જ્ઞાતિવાદનો વિરોધ અને લોકશાહી મૂલ્યોની સતતની હિમાયતને સાચા અર્થમાં 'રેશનાલિઝમ' કહેવાય એ અભિગમ પણ જરૂરી છે. પ્રબુદ્ધતા સર્વસમાવેશી, સર્વસ્પર્શી હોવી જોઇએ, એ કહેવાની જરૂર ખરી?!





# અમારાં પ્રકાશનો

1. **'સાબરમતી પૂછે છે'** (જનવાદી સાહિત્ય સંગ્રહ) — સંપાદન : ડૉ. સરૂપ ધ્રુવ અને હિરેન ગાંધી — રૂા. 25.00

2. **'દસ્તાવેજ'** (જનવાદી કાવ્યસંગ્રહ) — મૌન બલોલી — રૂા. 25.00

3. **'સળગતી હવાઓ'** (જનવાદી કાવ્યસંગ્રહ) — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 75.00

4. **'સર્જક ચેતના : પ્રશ્નો અને પડકારો** — ડો. સરૂપ ધ્રુવ, હિરેન ગાંધી અને મયંક ઓઝા (અપ્રાપ્ય)

5. **'લોહીલુહાણ વર્તમાનની રૂબરૂ'** (ક્રાંતિકારી પંજાબી કવિ 'પાશ'નો સંપાદિત કાવ્યસંગ્રહ) — સંપાદન અને અનુવાદ : હિરેન ગાંધી — રૂા. 150.00

6. **હસ્તક્ષેપ** (જનવાદી કાવ્યસંગ્રહ)(2003) — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 125.00

7. **સહિયારા સૂરજની ખોજમાં** (જનવાદી ગીતસંગ્રહ)(2003) — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 75.00

8. **કાળમુખો અંધાર ભેદવા** — અનુવાદ-સંપાદન : સરૂપ ધ્રુવ અને ડો. રાજકુમાર નાગર.

   (યુદ્ધ અને હિંસા વિરોધી વાર્તાસંગ્રહો અને કાવ્યસંગ્રહોનાં છ પુસ્તકો)

   1. **કારણ છે મારે જીવવાનું** — ગુજરાતી કાવ્યો (અપ્રાપ્ય)

2. **હિંસક સમયમાં** — હિંદીમાંથી અનુવાદિત કાવ્યો — રૂા. 25.00

3. **એ લોકો અને આપણે** — વિશ્વસાહિત્યનાં પસંદિત કાવ્યો — રૂા. 25.00

4. **મંઝિલ ભણી** — ગુજરાતી વાર્તાઓ (અપ્રાપ્ય)

5. **માહૌલ ખરાબ છે** — હિંદીમાંથી અનુવાદિત વાર્તાઓ — રૂા. 25.00

6. **એક સરહદી ઇચ્છા** — અન્ય ભારતીય ભાષાઓ તથા વિશ્વસાહિત્યની પસંદિત વાર્તાઓ — રૂા. 25.00

9. **ઉમ્મીદ હોગી કોઇ (2009)** — સરૂપ ધ્રુવ
(2002ના જનસંહાર પછીની સત્યઘટનાઓ)
(રાજકમલ પ્રકાશન, દિલ્હીથી મેળવી શકાય.) રૂા. 150.00

10. **કાવતરું ખરું; પણ કોનું ? (2011)** રૂા. 20.00
(તહેલકામાં પ્રકાશિત શ્રી. આશિષ ખેતાનનો અહેવાલ)

## 11. આધુનિકતાની ખોજમાં –પુસ્તક શ્રેણીનાં ૪ પુસ્તકો (2013)

1. **આધુનિકતા એટલે...** — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 75.00

2. **ભારતનું બંધારણ અને આધુનિકતા** — ગિરીશભાઇ પટેલ — રૂા. 75.00





3. **મહિલાઓના સવાલો, આંદોલનો અને આધુનિકતા** — સરૂપ ધ્રુવ અને હિરેન ગાંધી — રૂા. 75.00

4. **વિજ્ઞાન અને આધુનિકતા** — ડો. રવિ સિંહા અને ડો. ઉમાશંકર તિવારી. — રૂા. 75.00

12. **કામદારોની દુનિયા – દુનિયાનું ભવિષ્ય (2013)**
(ન્યૂ સોશ્યાલિસ્ટ ઇનિશિયેટિવનું ઘોષણાપત્ર) રૂા. 20.00

13. **શેરીનાટકનું સ્વરૂપ અને રાજનૈતિક સંસ્કૃતિ (2014)** — હિરેન ગાંધી — રૂા. 50.00
**(લેખ સંગ્રહ)**

14. **સ્ટ્રીટ થિયેટર (2014)** — હિરેન ગાંધી — રૂા. 50.00
**(અનુભવો અને સંવેદનો)**

## નાટકોની CD / DVD

1. **સુનો ! નદી ક્યા કહતી હૈ ...(2004)** — સરૂપ ધ્રુવ, હિરેન ગાંધી — રૂા. 50.00
(રિવરફ્રન્ટના મુદ્દે થયેલા વિસ્થાપનના તથ્ય ઉપર આધારિત નાટક)

2. **હમ (2008)** રૂા.100.00
(-2002ની અસરગ્રસ્ત મહિલાઓ વિશેની સત્યઘટનાઓ ઉપર આધારિત નાટક...)

3. **ઐસા ક્યોં ? (2010)** રૂા. 150.00
(સ્ત્રી અને હિંસા વિષેનાં ઐતિહાસિક ક્રમને નિરૂપતું નાટક.)

4. **ઘિરે હૈં હમ સવાલ સે (2010)**
(આદિવાસીઓના સવાલો નિરૂપતું નાટક) રૂા. 150.00

**: પ્રાપ્તિસ્થાન :**

**1. 'દર્શન'**

પહેલે માળે, 19-બી, વિશ્વનગર સોસાયટી,
વિશ્વકર્મા સોસાયટી પાસે,
જીવરાજપાર્ક ચાર રસ્તા, અમદાવાદ-380051.

**રજિ. સરનામું :**

**2. હિરેન ગાંધી**

9, રૂપેશ સોસાયટી,
વસ્ત્રાપુર રેલ્વેસ્ટેશન રોડ,
જીવરાજપાર્ક વિસ્તાર, અમદાવાદ-380051.



ધર્મ વિચાર, ભક્તિપ્રવાહ અને આધુનિકતા

***(કવર 4 થી ચાલુ)***

7. **ઉમ્મીદ હોગી કોઈ** (હિન્દી)
ગુજરાત જનસંહાર -2002ની સત્યઘટનાઓ ઉપર આધારિત કથાનક સંગ્રહ [2009]

8. **આધુનિકતા એટલે.....**
આધુનિકતાની ખોજમાં પુસ્તક શ્રેણી - 1 [2013]

9. **મહિલાઓના સવાલો, મહિલા આંદોલનો અને આધુનિકતા**
આધુનિકતાની ખોજમાં પુસ્તક શ્રેણી - 3 [2013]
સહલેખન : હિરેન ગાંધી